



# ભક્તિમાર્ગનું રહસ્ય





લેખક :

ભોગીલાલ ગિ. શેઠ

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
**શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ વતી,**
**શ્રી જે. બી. મોદી,** પ્રમુખ
૩૫, મોરબી હાઉસ,
ડૉ. સુંદરલાલ બહલ પથ,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૩૮
ફોન : ૦૨૨ - ૨૨૬૧ ૫૫૮૭

અન્ય પ્રાપ્તિસ્થાન :
**કિરીટભાઈ સંઘવી**
શ્રેયસ, ૫૦-બી, સ્થા. જૈન સોસાયટી,
નારણપુરા રેલવે ક્રોસિંગ પાસે,
વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : ૦૭૯-૨૭૫૫ ૨૭૫૭, ૦૭૯-૨૭૫૫ ૨૨૫૬

નૂતન આવૃત્તિ :
ઈ.સ. ૨૦૦૬, વિ. સં. ૨૦૬૨
પુનઃમુદ્રણ : ૨૦૬૫
પુનઃમુદ્રણ : ૨૦૬૬

**લેસર ટાઈપસેટિંગ : ફાગુન ગ્રાફિક્સ**
૪૮, પૂર્વીનગર સોસાયટી, ઘોડાસર કાંસ,
ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ
ફોન : ૦૭૯-૨૫૩૮૧૫૬૮

**મુદ્રક : કોનમ પ્રિન્ટર્સ**
ડાયના સિનેમાની ગલીમાં,
તારદેવ, મુંબઈ

# શાશ્વત ધર્મ જયવંત વર્તો !

શ્રીમત્ વીતરાગ ભગવંતોએ
નિશ્ચિતાર્થ કરેલો એવો
અચિંત્ય ચિંતામણિસ્વરૂપ,
પરમ હિતકારી,
પરમ અદ્ભુત,
સર્વ દુઃખનો નિઃસંશય
આત્યંતિક ક્ષય કરનાર,
પરમ અમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ
શાશ્વત ધર્મ જયવંત વર્તો !
ત્રિકાળ જયવંત વર્તો !

– શ્રીમદ્ રાજચંદ્ર



# નમસ્કાર

सरसशांति सुधारससागरं,
शुचितरं गुणरत्नमहाकरम् ।
भविकपंकज बोधदिवाकरं,
प्रतिदिनं प्रणमामि जिनेश्वरम् ॥

**– શ્રી ગુણરત્નસૂરી**

સરસ શાંત સુધારસના સાગર, અતિ પવિત્ર ગુણરૂપી રત્નોના મહાનિધિ તથા ભવ્ય જીવરૂપ કમળોને વિકસ્વર કરવા માટે દિવાકર (સૂર્ય) સમાન શ્રી જિનેશ્વરદેવને હું પ્રતિદિન નમસ્કાર કરું છું.

**अन्यथा शरणं नाडस्ति, त्वमेव शरणं मम ।**
**तस्मात्कारुण्यभावेन, रक्ष रक्ष जिनेश्वरम् ॥**

હે જિનેશ્વર ભગવાન ! તું જ એક મને શરણ છે, તારું સ્વરૂપ જ એક શરણ છે, તારા વિના બીજું કોઈ મારે શરણ નથી. તેથી કરુણાભાવથી મારું રક્ષણ કર, રક્ષણ કર !

# અનુક્રમણિકા


| | | | પાના નં. |
|---|---|---|---|
| શાશ્વત ધર્મ જયવંત વર્તો | .... | .... | 3 |
| નમસ્કાર | .... | .... | 4 |
| સમર્પણ | .... | .... | 6 |
| પ્રસ્તાવના | .... | .... | 7 |
| **પ્રકરણો :** | | | |
| મારા ભગવાન કેવા રૂડા છે ! | .... | .... | ૧ |
| 'ભગ' શબ્દના અર્થ | .... | .... | ૧૩ |
| ભગવાનના પ્રેમીની વિચારધારા | .... | .... | ૩૫ |
| ભગવાનની ભક્તિનું સ્વરૂપ | .... | .... | ૬૧ |
| ભક્તિનાં સાધનો અને પ્રાર્થનાક્રમ | .... | .... | ૮૧ |
| ભગવાનને ભક્તની વિનંતિ | .... | .... | ૧૨૯ |
| ભગવાનરૂપ સત્પુરુષનું માહાત્મ્ય | .... | .... | ૧૫૭ |
| ભગવાનના ભક્તનું આત્મસંબોધન | .... | .... | ૧૭૭ |
| ભક્તનાં વિચાર-પુષ્પો | .... | .... | ૧૯૩ |
| ભગવાનના ભક્તની સાધના | .... | .... | ૨૦૯ |
| સ્મરણ-મંત્રો | .... | .... | ૨૪૧ |
| **પરિશિષ્ટ :** | | | |
| શ્રીમદ્ રાજચંદ્ર : પદો | .... | .... | ૨૪૯ |

આત્મોપકારી પરમ કૃપાળુ
શ્રીમદ્ રાજચંદ્રજીનાં
પવિત્ર ચરણકમળમાં

# સમર્પણ

આપે
પરમ ઉપકાર કરી
આપનાં અમૃતતુલ્ય વચનોથી
વીતરાગધર્મમાં દૃઢ શ્રદ્ધા કરાવી,
માર્ગદર્શન આપ્યું,
સત્સંગનું અપૂર્વ માહાત્મ્ય સમજાવ્યું,
આત્મ પ્રેરણા બળનું દાન કરી
આત્મદશા વધારવાની તીવ્ર જિજ્ઞાસા જગાડી,
તે ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી.
તેથી
હું આપને
અત્યંત ભક્તિથી નમસ્કાર કરી
આ લઘુ ગ્રંથ
આપનાં પવિત્ર ચરણકમળમાં
સમર્પણ કરીને
કૃતાર્થતા અનુભવું છું.

લિ.
સંતચરણોપાસક
ભોગીલાલ ગિ. શેઠ

# પ્રસ્તાવના

આ લઘુ કૃતિના સર્જનમાં પ્રેરણા આપનાર પરમ આત્મજ્ઞાની શાંતમૂર્તિ **શ્રીમદ્ રાજચંદ્રજી**નાં વચનો તથા તેમનો આધ્યાત્મિક રહસ્યયુક્ત બોધ ખૂબ ઉપકારી થયેલ છે. તે ઉપકાર માટે આ આત્મા તેમને અત્યંત વિનયભક્તિસહ વંદન કરી સંતોષ અનુભવે છે.

આ ગ્રંથમાં ભક્તિમાર્ગનું માહાત્મ્ય બતાવવાનો અને ભક્તિનું રહસ્ય પ્રગટ કરવાનો અલ્પ પ્રયાસ કર્યો છે. તેમાં ભક્તિમાર્ગને પ્રાધાન્ય પદ આપી, જ્ઞાનમાર્ગને ગૌણતામાં રાખેલ છે. તેથી જ્ઞાનમાર્ગનો નિષેધ કરવાનો કે અપલાપ કરવાનો કોઈ જ હેતુ નથી એમ સુજ્ઞ વાંચકે યથાયોગ્ય સમજવું. મતલબ કે ભક્તિમાર્ગની યથાર્થ સાધનાથી જ્ઞાનમાર્ગ પર જિજ્ઞાસુ વિચારકે આવવાનું છે. કેમકે ભક્તિ એ જ્ઞાનનો હેતુ છે, જ્ઞાન મોક્ષનો હેતુ છે, મોક્ષમાર્ગ પામવાનો હેતુ છે.

આધ્યાત્મિક વિકાસ સાધવાની જેને સાચી જિજ્ઞાસા છે, તેણે તો પોતાની પ્રાથમિક ભૂમિકામાં સદ્ગુરુ દ્વારા ભગવાનના સ્વરૂપને ઓળખી તેમનાં લોકોત્તર ઉત્તમોત્તમ ગુણોને સમજમાં લઈ, ઓળખી, તેમાં અંતરથી પ્રેમ લાવી, શ્રદ્ધા કરી ભક્તિમાં જોડાવું અને બને તેટલું પ્રેમભક્તિનું આરાધન કરી ભગવાનનાં ઉપકારી વચનોના હાર્દને સમજી હૃદયમાં ઉતારવા. પરમ કૃપાળુ **શ્રીમદ્ રાજચંદ્રજી**એ પણ કહ્યું છે કે – 'સત્પુરુષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે પ્રીતિ-ભક્તિ થાય નહીં ત્યાં સુધી

આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી.' (પત્રાંક પ૨૨); માટે જિજ્ઞાસુ જીવે જ્ઞાનીપુરુષની પ્રીતિ-ભક્તિપૂર્વક તેમની આજ્ઞાભક્તિનું યથાર્થ આરાધન કરવું કે જેથી તે દ્વારા કોઈ ધન્ય પળે પરાભક્તિની - પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય. મુમુક્ષુ જીવનું લક્ષ તે જ હોવું જોઈએ, મતલબ કે પ્રથમ ભેદભક્તિનાં આરાધનથી અભેદભક્તિ કે જેમાં આત્મા ને પરમાત્માની એકતાનો અનુભવ છે તેની સિદ્ધિ થાય છે.

ભક્તિમાર્ગ સહેલો છે, સરળ છે, સુગમ છે. કોઈપણ ભવ્ય તેનું આનંદથી આરાધન કરી શકે છે. તેમાં ખાસ કોઈ મુશ્કેલી નથી, કઠિનતા નથી, દોષો ઉત્પન્ન થવાની સંભવિતતા નથી. ભક્તિમાર્ગનો યથાર્થ સાધક આત્મિક વિકાસ ઝડપી ગતિથી સાધી શકે છે અને પોતાની આત્મદશા જલદી ઊંચી લાવી શકે છે. તેનામાં સ્વચ્છંદાદિ દોષો શીઘ્રતાએ ટળી જઈ, નમ્રતા, લઘુતા, સરળતા, સમતા આદિ ગુણો પ્રગટ થાય છે. આત્મા કોમળ, નિર્મળ ને પવિત્ર થતો જાય છે. માત્ર ભક્તિનું રહસ્ય સમજાવું જોઈએ. એ ભક્તિ ઉત્તરોત્તર વર્ધમાન થતી થતી પરાભક્તિની છેવટની હદ સુધી પહોંચે છે અને ત્યારે આત્મા પરમાત્મરૂપ થાય છે. આત્મા અને પરમાત્માનો ભેદ મટે છે. પવિત્ર જૈનદર્શન અનુસાર આ ચોથા ગુણસ્થાનથી માંડી સાતમા ગુણસ્થાનની ભૂમિકા છે. ચોથે અલ્પ બોધનો પ્રકાશ છે, પાંચમે છઠ્ઠે તેથી વિશેષ છે, સાતમે વિશેષ વિશેષ સ્પષ્ટ પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ અનુભવ છે. અલ્પ થોડો પણ પ્રકાશ તે પ્રકાશ. અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ તેમાંથી પ્રકાશનું એક કિરણ પણ નહીં નીકળે, માટે જ કહ્યું કે, એક ચિનગારી માત્ર કર્મરૂપી

ઘાસની ગંજીને બાળી નાંખવા સમર્થ છે, તેમ અલ્પ પણ સમ્યક્ બોધ અંગે સમજવું. સમ્યગ્દર્શનનો કોઈ અપૂર્વ અલૌકિક પ્રભાવ છે, તે ભક્તિમાર્ગના યથાર્થ આરાધનથી સુગમતાએ પ્રાપ્ય છે. કેમ કે જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે. આટલું પ્રસંગોચિત.

આ સ્થળે પરમકૃપાળુ **શ્રીમદ્ રાજચંદ્રજી**ના ભક્તિમાર્ગ સંબંધી ટંકોત્કીર્ણ વચનો જોઈએ :–

"ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે." – પત્રાંક ૨૮૩

"ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે." – પત્રાંક ૨૦૧

"પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે. ગમે તો મનથી પણ સ્થિર થઈને બેસી પ્રભુભક્તિ અવશ્ય કરવી યોગ્ય છે. મનની સ્થિરતા થવાનો મુખ્ય ઉપાય હમણાં તો પ્રભુભક્તિ સમજો. આગળ પણ તે, અને તેવું જ છે." – પત્રાંક ૩૮૦

"શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ, અનંત સિદ્ધની ભક્તિથી, તેમજ સર્વદૂષણરહિત, કર્મમલહીન, મુક્ત, નિરાગી, સકળ ભયરહિત, સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે... દર્પણ હાથમાં લેતાં જેમ મુખાકૃતિનું ભાન થાય છે, તેમ સિદ્ધ કે જિનેશ્વરસ્વરૂપનાં ચિંતવનરૂપ દર્પણથી આત્મસ્વરૂપનું ભાન થાય છે... તેમના પરમ ઉપકારને લીધે

પણ તેઓની ભક્તિ અવશ્ય કરવી જોઈએ. તેઓના પુરુષાર્થનું સ્મરણ થતાં શુભ વૃત્તિઓનો ઉદય થાય છે. જેમ જેમ શ્રી જિનના સ્વરૂપમાં વૃત્તિ લય પામે છે, તેમ તેમ પરમ શાંતિ પ્રગટે છે. ઈ."

— મોક્ષમાળા શિક્ષાપાઠ ૧૩-૧૪

"ભક્તિ જ્ઞાનનો હેતુ છે, જ્ઞાન મોક્ષનો હેતુ છે."

— પત્રાંક ૫૩૦

"શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો."

"પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન."

"જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે; પરમાવગાઢ દશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગે પડવાના હેતુઓ થાય છે; અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતા નથી."

"ક્રિયા માર્ગે અસદ્અભિમાન, વ્યવહારઆગ્રહ, સિદ્ધિમોહ, પૂજાસત્કારાદિ યોગ, અને દૈહિકક્રિયામાં આત્મનિષ્ઠાદિ દોષોનો સંભવ રહ્યો છે."

કોઈક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે, અને આજ્ઞાશ્રિતપણું અથવા પરમપુરુષ સદ્ગુરુને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે."

— પત્રાંક ૬૯૩

આ બધાં વચનો અતિ સ્પષ્ટ અને સ્વયં પ્રકાશિત છે, તેથી તે સંબંધે કાંઈ વધુ કહેવાની આવશ્યકતા રહેતી નથી. આ સંસાર દુઃખનો સમુદ્ર છે, તેમાં સુખ તો શું, સુખની છાયા સરખીયે નથી, એવું જેને સત્પુરુષના અનુગ્રહે લક્ષ થયું છે, અને તેની તેનાથી છૂટવાની કામના ઉત્પન્ન થઈ છે અને પોતાના સહજ અનંત અવ્યાબાધ આત્મિક સુખવાળા આત્માની શુદ્ધ સ્વરૂપે પ્રાપ્તિ કરવાની જિજ્ઞાસા થઈ છે, તેણે તો સર્વોત્તમ ભક્તિમાર્ગનો આશ્રય કરવો ઘટે છે. ભક્તિ એ જ્ઞાનનો હેતુ છે એટલે ભક્તિના પ્રભાવથી શાસ્ત્રમાં નથી, સાંભળવામાં નથી એવું રહસ્યભૂત જ્ઞાન પ્રગટ થાય છે, તેના બળથી ભેદના ભેદ ખુલ્લાં થતા જઈ સમજાતા જાય છે.

તેથી તો પરમ શાસ્ત્રજ્ઞ, અનેક ઉત્તમ ગ્રંથોના પ્રણેતા પૂજ્ય ઉપાધ્યાય **શ્રી યશોવિજયજી મહારાજ** પોતાની એક કૃતિમાં પ્રકાશે છે કે :–

सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।
भक्तिभागवती बीजं परमानंदसंपदाम् ।।

મેં શ્રુતસાગરનું અવગાહન કર્યું તો તેમાંથી મને એટલો જ સાર મળ્યો કે, ભગવાનની ભક્તિ એ જ પરમાનંદ સંપદાઓનું બીજ છે.

'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી' ...ઈ.

– શ્રી ઋ. જિન સ્તવન, ઉ. શ્રી યશોવિજય

આ ઉપરથી ભક્તિમાર્ગનું માહાત્મ્ય સમજી શકાય તેમ છે.

ભક્તિ એ મુખ્યપણે આજ્ઞાના આરાધનની અપેક્ષા રાખે છે ને 'આજ્ઞાનું આરાધન એ જ ધર્મ, આજ્ઞાનું આરાધન એ જ તપ.'

'आणाए धम्मो आणाए तवो' એ **શાસ્ત્રવચન** છે.

આત્મજ્ઞાની **શ્રીમદ્ રાજચંદ્રજી** પણ એ જ હેતુને જણાવતાં સમસ્ત દ્વાદશાંગીનાં સારભૂત વચનો પ્રકાશે છે કે –

"સર્વ દુ:ખથી મુક્ત થવાનો અભિપ્રાય જેને થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમ-નિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો; તેમ જ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુ:ખથી મુક્ત થાય છે."

પત્રાંક ૪૯૧ - (દ્વાદશાંગીનું સળંગ સૂત્ર)

"સ્વરૂપલક્ષે જિન આજ્ઞા આધીન જો."

સ્વસ્વરૂપના લક્ષપૂર્વક ભ૦ જિનની આજ્ઞાનું આરાધન અથવા જ્ઞાની પુરુષની આજ્ઞાનું આરાધન એ જ ધર્મ ને એ જ તપ. 'આણાએ ધમ્મો'નું રહસ્ય એ જ છે તથા ભક્તિમાર્ગનું

રહસ્ય પણ એ જ છે. એમાં યમ નિયમાદિક સર્વ સાધનો સમાવેશ પામી જાય છે.

ઉપરોક્ત ભાવ બતાવવા માટે યોગાદિ વિષયો પર અનેક ગ્રંથો રચનાર બહુશ્રુત ગુપ્તરહસ્યના દર્શક **મહર્ષિ હરિભદ્રાચાર્યજી** સ્વરચિત **'અષ્ટક'** ગ્રંથમાં જણાવે છે કે –

'यस्य चाराधनोपायः सदाज्ञानाभ्यास एव हि ।
यथाशक्ति विधानेन नियमात्स फलप्रदः ॥
अहिंसासत्यमस्तेयं ब्रह्मचर्यमसंगता ।
गुरुभक्तिस्तपो ज्ञानं सत्पुष्पाणि चचक्षते ॥'

**અર્થાત્** – પ્રભુની આરાધનાનો શ્રેષ્ઠ ઉપાય તેની આજ્ઞાનું આરાધન નિત્ય કરવું એ જ છે. આરાધન યથાશક્તિ વિધાનથી નિશ્ચયે ફળદાયી થાય છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગતા, સદ્ગુરુભક્તિ, તપ, જ્ઞાન એ રૂપી સત્પુષ્પોથી તે મુમુક્ષુ ભગવાનની પૂજા કરે છે.

વળી એ જ આશય પ્રદર્શિત કરનાર **શ્રીમદ્ રાજચંદ્રજી**નાં વચનો આ સ્થળે ઉતારીએ છીએ. તેઓશ્રી પત્રાંક ૮૮૫માં જણાવે છે કે :–

"પરમ પુરુષની મુખ્ય ભક્તિ, ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય એવા સદ્વર્તનથી પ્રાપ્ત થાય છે. ચરણપ્રતિપત્તિ (શુદ્ધ આચરણની ઉપાસના) રૂપ સદ્વર્તન જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે, જે આજ્ઞા પરમ પુરુષની મુખ્ય ભક્તિ છે."

અત્રે 'શુદ્ધ' શબ્દનો પ્રયોગ થયો હોવાથી સમ્યગ્દર્શનપૂર્વક અહિંસાદિ સદ્વર્તન સમજવા યોગ્ય. 'ચરણપ્રતિપત્તિ'ની સિદ્ધિ ત્યારે જ થાય છે. **મહર્ષિ હરિભદ્રાચાર્યજી**નાં વચનોમાં 'જ્ઞાન' અને 'અસંગતા' શબ્દથી પણ એ જ આશય નીકળે છે. યથા 'द्रव्यस्य सिद्धे चरणस्य सिद्धि' આત્મદ્રવ્યની સિદ્ધિ થયે ચારિત્રની સિદ્ધિ - ચારિત્રની સમ્યક્તા.

આ ઉપરથી ભક્તિનું માહાત્મ્ય અને રહસ્ય, તેનો ઉત્તરોત્તર વિકાસક્રમ સમજાશે. ભક્તિનું ફળ બતાવવા શાસ્ત્રોમાં કહ્યું છે કે –

तद्वत्तीर्थंकरान्ये त्रिभुवनभावप्रभावकान् भक्त्या।
समुपाश्रिता जनास्ते भवशीतमपास्य यान्ति शिवम्॥

અર્થાત્ – 'તેની જેમ ત્રણે ભુવનના ભાવોને પ્રગટ કરનાર શ્રી તીર્થંકરોનો જેઓ ભક્તિપૂર્વક આશ્રય કરે છે, તેઓ ભવરૂપી શીતને દૂર કરી મોક્ષને પામે છે.'

'શીત' શબ્દ અંત્રે 'તાપ' અર્થમાં સમજાય છે. 'ભવરૂપી તાપ'

'भतीए जिणवराणां खिज्जति पुव्यसंचिय कम्मा।
गुणपगरिसबहुमाणो कम्मणदवाणलो जेण ॥

**અર્થાત્ :–** 'શ્રી જિનેશ્વરોની ભક્તિથી પૂર્વે ઉપાર્જન કરેલા કર્મો નાશ પામે છે કારણ કે ગુણપ્રકર્ષનું બહુમાન એ કર્મરૂપી વનને બાળવા માટે દાવાનળ સમાન છે.'

અસ્તુ.

ગ્રંથ છાપવાનું કામ ભાવનગર, સાધના મુદ્રણાલયવાળા શ્રી ગીરધરભાઈ ફુલચંદ શાહે ખૂબ કાળજીપૂર્વક અને ઉલ્લસિત ભાવથી કરેલ છે તે માટે તેમનો પણ આભાર માનવાનું ઉચિત સમજીએ છીએ.

મુદ્રણ અંગે કોઈ ભૂલ રહી જવા પામેલ હોય તો સુજ્ઞ વાંચકે સુધારી લઈ વાંચવા વિનંતી છે.

'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'

સંતચરણોપાસક
**ભોગીલાલ ગિ. શેઠ**

૩૪, મોરબી હાઉસ
ગોવા સ્ટ્રીટ, મુંબઈ-૧
તા. ૧૧-૭-૧૯૭૬



# જિનભક્તિ પ્રયોજન

**"જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ."**

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

શ્રી જિન ભગવાનનું જેવું શુદ્ધ આત્મસ્વરૂપ છે, તેવું જ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ આ આત્માનું મૂળ સ્વરૂપ છે. માત્ર કર્મ-ઉપાધિકૃત-ઔપાધિક ભેદ છે, પણ મૂળ સ્વરૂપદૃષ્ટિથી તે બન્નેમાં કંઈ પણ ભેદ નથી. જેવું 'અનંત સુખ સ્વરૂપ' તે જિનપદ છે તેવું જ 'મૂળ શુદ્ધ તે આત્મપદ' છે આ જિનપદ અને નિજપદની એકતા છે, એ લક્ષ થવાને માટે જ સુખદાયક એવા સર્વ શાસ્ત્રનું નિરૂપણ છે અને એ જ આ ભક્તિનું પ્રયોજન છે.

**"ઈચ્છે છે જે જોગીજન, અનંત સુખસ્વરૂપ;**
**મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ."**

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

# મારા ભગવાન

# કેવા રૂડા છે !

**અહો આશ્ચર્ય ! પરમ આશ્ચર્ય !**



## હે પ્રભુ ! આપનો ઉપકાર અનંત છે, એ ઉપકારનો બદલો કેમ વાળી શકાય ? ઉપકાર માટે ફરી ફરી વારંવાર વંદન કરું છું.

દુઃખાર્ત અને શોકાર્ત એવા આ સંસારના સ્વરૂપનું સત્ય સ્વરૂપે દર્શન કરી, સંસારમાં રહીને સંસારરોગ મટાડવાની અદ્વિતીય અને અમોઘ ઔષધિની શોધ કરી સંસારનો છેદ કર્યો તથા જીવના કલ્યાણ અર્થે પરમ ઉદારતાથી પરમ ઔષધિ પ્રકાશિત કરી, શાશ્વત સુખનો શાશ્વત માર્ગ સર્વકાળને માટે ખુલ્લો મૂકતા ગયા, એવા ધીર વીર તીર્થંકર વીતરાગ પ્રભુજીને અત્યંત ભક્તિથી ત્રિકાળ વંદન હો ! સમય સમયના વંદન હો !





# મારા ભગવાન કેવા રૂડા છે !

## અહો આશ્ચર્ય ! પરમ આશ્ચર્ય !

હે પ્રભુ, આપ...

પરમ શુદ્ધ છો, પરમ બુદ્ધ છો,
પરમ જ્ઞાની છો, પરમ દર્શી છો;
પરમ સુખી છો, પરમ આનંદી છો.

પરમ શાંત છો, પરમ કાંત છો,
પરમ શીતળ છો, પરમ વિમળ છો;
પરમ સૌમ્ય છો, પરમ શીત છો.

પરમ ધીર છો, પરમ વીર છો,
પરમ ગંભીર છો, પરમ ઉદાર છો;
પરમ ગુરુ છો, પરમ વૈદ્ય છો.

પરમ નિરાગી છો, પરમ નિર્મોહી છો,
પરમ નિરીહ છો, પરમ નિર્મમ છો;
પરમ નિર્માની છો, પરમ નિર્માયી છો,
પરમ નિર્લોભી છો, પરમ નિર્વિકારી છો.

પરમ ક્ષમાવંત છો, પરમ વિનમ્ર છો,
પરમ સરળ છો, પરમ સંતોષી છો;
પરમ નિઃસ્પૃહ છો, પરમ નિર્ભય છો.

પરમ પિતા છો, પરમ ભ્રાતા છો,
પરમ ત્રાતા છો, પરમ રક્ષાકર્તા છો;
પરમ મિત્ર છો, પરમ સખા છો,
પરમ બંધવ છો, પરમ સ્નેહી છો.

**પરમ ધૈર્યવંત છો, પરમ વીર્યવંત છો;**
**પરમ વૈરાગી છો, પરમ શુક્લધ્યાની છો.**

## એવા....

## જિજ્ઞાસુ જીવોના

પરમ પૂજ્ય, પરમ સેવ્ય,
પરમ ઉપાસ્ય, પરમ આરાધ્ય,

## પરમ ધ્યેયરૂપ

પરમ ઈષ્ટ, પરમ મિષ્ટ,
પરમ વલ્લભ, પરમ વાલેસરી;
પરમ મોહન, પરમ સોહન,
પરમ નાથ, પરમ સાથ;
પરમ નંદન, પરમ વંદન.

**એવા....**

મોક્ષમાર્ગના નેતા,
કર્મદળના ભેત્તા;
તત્ત્વોના જ્ઞાતા,
કેવળસુખના દાતા;
અભયદાન દાતા.

કર્મના કાળ, કર્મના શત્રુ,
કર્મના સંહારક, કર્મના વિનાશક;
કર્મના દાહક, કર્મના મારક.

**એવા....**

ભવ્ય જીવના હૃદયના નવસરહાર,
કરુણાના સાગર, સમતાના અગર;
ક્ષમાના સમુદ્ર, શાંતિના ઉદધિ.

વાણીના પદ્મસરોવર,
જિનશાસનના શણગાર.

અમૃતના સાગર, પીયૂષના ભંડાર,
સુધારસ ભોગી, આનંદરસ ભોગી.

આત્મા રામી,
આત્મવિશ્રામી;
આત્મપરિણામી.

**એવા...**

ગુણ સમૂહના ભંડાર,
પ્રકાશના કરનાર;
દિવ્ય તેજપુંજના ધર્તા,
સર્વ તિમિરપુંજના હર્તા.

અનાથના નાથ, અસહાયના સાથ,
અશરણના શરણ, વિઘ્નોના હરણ;
તરણ તારણ, મરણ મારણ.

એવા અનંત અનંત અનુપમેય,
લોકોત્તર ગુણોના ધારક;
સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ,
વીતરાગ પરમાત્મા.

ચૈતન્યઘન પ્રભુ, જ્યોતિસ્વરૂપ વિભુ,
અનંત ઐશ્વર્યના ધણી, રત્નત્રયના મુકુટમણિ

**એવા....**

મુક્તિસુંદરીના વરરાજા, ગણધરપ્રભુના ગુરુરાજ,
ચોસઠ ઈન્દ્રોથી પૂજનિક, વંદનિક, અર્ચનિક;
શ્રી દેવાધિદેવ, દેવદેવેશ્વર નાથ !

**શ્રી તીર્થંકર મહાપ્રભુજીને**
**અત્યંત અત્યંત પૂર્ણ વિનયસહ ભક્તિથી**
**ત્રિકાળ ત્રિવિધ વંદન હો ! વંદન હો !**
**સમયાત્મક નમસ્કાર હો ! નમસ્કાર હો !**

## હે ભગવાન !

## આપના એકેક ગુણનો વિસ્તાર અનંત છે.

આપના એવા અનુપમ, અદ્‌ભુત, આશ્ચર્યકારક, વિસ્મયકારક, અચિંત્ય, કલ્પનાતીત, વચનાતીત, વચન-અગોચર, ઈન્દ્રિય-અગોચર, બુદ્ધિ-અગોચર અનંત અનંત ગુણોનું હું પામર શું વર્ણન કરી શકું ? અનંત શક્તિને હીનબુદ્ધિ કેવી રીતે ન્યાય આપી શકે ?

માત્ર સ્વલ્પ મતિથી યથાશક્તિ કહેવાના ભાવ કર્યા છે. તેમાં રહેલી ત્રુટિઓ, ક્ષતિઓ, ભૂલો, દોષોની આત્મભાવે ક્ષમા ચાહું છું.

હે પ્રભુ ! આપના એકેક ગુણનો વિસ્તાર અનંત છે, અપાર છે, અદ્‌ભુત છે.

**એ સર્વ ગુણોની પ્રાપ્તિ અર્થે,**
**આત્મદશા પરમ ઉજ્જવળ થવા માટે;**
**સ્વકલ્યાણના ઉત્કૃષ્ટ હેતુએ,**
**સર્વોત્કૃષ્ટ શુદ્ધિ અને સિદ્ધિ માટે...**

હે ભગવંત ! આપના અચિંત્ય દ્રવ્યની પૂર્ણ શુદ્ધિરૂપ

લોકોત્તર ગુણોનું સ્મરણ કરું છું, ચિંતન કરું છું, સન્માન કરું છું, સત્કાર કરું છું, બહુમાન કરું છું. આપના એકેક ગુણને પૂર્ણ પ્રેમથી, પૂર્ણ ભાવથી, પૂર્ણ સ્નેહથી, અહો અહો ભાવથી વંદન કરું છું, પ્રણામ કરું છું, નમસ્કાર કરું છું.

હૃદયના શુદ્ધ ભાવથી, અંતરના ઉલ્લાસથી, અંતઃકરણના એકાગ્ર પરિણામથી આપના પ્રત્યેક ગુણનું સ્તવન કરું છું, કીર્તન કરું છું, પૂજન કરું છું, અર્ચન કરું છું.

હે ભગવાન !

**અવિનય, આશાતના બદલ ક્ષમા ચાહું છું.**

હે પ્રભો ! આપની તથા આપના કોઈ ગુણની જાણતાં અજાણતાં, પ્રમાદપણે, અનુપયોગપણે, ઉન્મત્તપણે કે અશુભયોગે કોઈ પણ પ્રકારની આશાતના, વિરાધના કરી અવિનય આદિ અપરાધ, દોષ કર્યા હોય, કરાવ્યા હોય, કરતા પ્રત્યે અનુમોદ્યા હોય તો તે સર્વેને આપની પાસે અનંત સિદ્ધ ભગવંત ને કેવળી ભગવંતની સાક્ષીએ બે હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી અતિ વિનમ્ર ને દીનભાવે પશ્ચાતાપપૂર્વક ખમાવું છું. આપની કૃપાથી મારા તે સર્વ દોષો ક્ષય થાઓ, ક્ષય થાઓ !

હે કૃપાનિધાન !

આપની પરમ શાંત, પરમ કાંત, પરમ વીતરાગ મુખમુદ્રાનાં પવિત્ર દર્શન કરી આ અપવિત્ર નેત્રને પવિત્ર કરું છું.

આપના ઉત્તમોત્તમ સર્વોત્કૃષ્ટ ગુણોનું શ્રવણ કરી આ અપવિત્ર કર્ણને પવિત્ર કરું છું.

આપના અચિંત્ય, નિર્મળ ગુણોની અનુપમ સુવાસથી આ અપવિત્ર નાસિકાને પવિત્ર કરું છું.

આપના વચનાતીત સર્વોત્તમ ગુણોનું સ્તવન કરી, પરમાર્થરસનો આસ્વાદ લઈ આ અપવિત્ર જીભને પવિત્ર કરું છું.

આપના વચન-અગોચર ગુણોની શીતળતાથી આ અપવિત્ર ત્વચાને પવિત્ર કરું છું.

તે સર્વ વડે અશાંત, મલિન અને સમયે સમયે પરભાવમાં કુદકા મારતા અપવિત્ર મનને શાંત અને પવિત્ર કરું છું.

**અને તેથી કરીને આ આખા અપવિત્ર અને દુર્ગંધ મારતા ભયંકર અશુચિમય મલિન દેહને પવિત્ર કરું છું અને આપના અદ્‌ભુત ગુણોનું સ્મરણ કરી, દેહાત્મભાવથી પર થવાને ઉદ્યમી થઈ મારા આત્માને ઉજમાળ કરું છું.**

અને...

## હે કરુણાના અખૂટ ભંડાર !

તેમ કરવામાં પણ આપ શ્રીમદ્ ભગવંતની બેહદ કૃપા જ કારણભૂત છે, આપની કરુણામય દૃષ્ટિ જ સહાયભૂત છે. તે અનુપમ કૃપાના કારણે હું, આપનું નાનું બાળક, આપનો અત્યંત અત્યંત ઉપકાર માનું છું, આભાર માનું છું અને,

આપને

પ્રણામ કરું છું.

વંદન કરું છું.

નમન કરું છું.



# પૂરક વચનામૃત

## આત્મજાગ્રતિપૂર્વક સામ્યભાવની પરાકાષ્ટા

"સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.

★ ★ ★

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.

★ ★ ★

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે, તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગ્રત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અકલેશ સમાધિને પામે છે.

પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર."

**શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૮૩૩)**

# 'ભગ' શબ્દના અર્થ



# પૂરક વચનામૃત

## સંસારની અશરણતા

'સમસ્ત સંસાર મૃત્યુ આદિ ભયે અશરણ છે તે શરણનો હેતુ થાય એવું કલ્પવું તે મૃગજળ જેવું છે. વિચારી વિચારીને શ્રી તીર્થંકર જેવાએ પણ તેથી નિવર્તવું, છૂટવું એ જ ઉપાય શોધ્યો છે. તે સંસારના મુખ્ય કારણ પ્રેમબંધન તથા દ્વેષબંધન સર્વ જ્ઞાનીએ સ્વીકાર્યાં છે. તેની મૂંઝવણે જીવને નિજવિચાર કરવાનો અવકાશ પ્રાપ્ત થતો નથી, અથવા થાય એવા યોગે તે બંધનના કારણથી આત્મવીર્ય પ્રવર્તી શકતું નથી, અને તે સૌ પ્રમાદનો હેતુ છે, અને તેવા પ્રમાદે લેશમાત્ર સમયકાળ પણ નિર્ભય રહેવું કે અજાગૃત રહેવું તે આ જીવનું અતિશય નિર્બળપણું છે, અવિવેકતા છે, ભ્રાંતિ છે, અને ટાળતાં અત્યંત કઠણ એવો મોહ છે.' (પત્રાંક ૫૬૬)

★ ★ ★

'જન્મ-જરા-મરણાદિ દુઃખે કરી સમસ્ત સંસાર અશરણ છે. સર્વ પ્રકારે જેણે તે સંસારની આસ્થા તજી તે જ આત્મસ્વભાવને પામ્યા છે, અને નિર્ભય થયા છે. વિચાર વિના તે સ્થિતિ જીવને પ્રાપ્ત થઈ શકતી નથી, અને સંગના મોહે પરાધીન એવા આ જીવને વિચાર★ પ્રાપ્ત થવો દુર્લભ છે.' (પત્રાંક ૫૭૩)

**- શ્રીમદ્ રાજચંદ્ર**

**★ વિચાર = સ્વપરનો વિવેક, જડ-ચેતનનું ભેદજ્ઞાન.**

# 'ભગ' શબ્દના અર્થ

ભગવાન અથવા ભગવંત એટલે 'ભગ'વાળા. ત્યાં ભગ શબ્દના ઘણા અર્થ થાય છે.

"भगोऽर्कज्ञान माहात्म्य यशो वैराग्य मुक्तिषु।
रुपवीर्य प्रयत्नेच्छा श्री धर्मेश्चर्य योनिषु ॥"

આ ગાથાથી ભગ શબ્દના અર્થ (૧) અર્ક (૨) જ્ઞાન (૩) માહાત્મ્ય (૪) યશ (૫) વૈરાગ્ય (૬) મુક્તિ (૭) રૂપ (૮) વીર્ય (૯) પ્રયત્ન (૧૦) ઇચ્છા (૧૧) શ્રી (૧૨) ધર્મ (૧૩) ઐશ્વર્ય અને (૧૪) યોનિ થાય છે; તેમાંથી પહેલો અને છેલ્લો (અર્ક તથા યોનિ) અર્થ છોડી બાકીનાં અર્થ જેમના સંબંધમાં રહ્યા છે તે **ભગવાન** કહેવાય છે.

**જ્ઞાન**

હે શ્રી તીર્થંકર પ્રભુ ! આપને ગર્ભાવાસથી જ ત્રણ નિર્મળ જ્ઞાન-મતિ, શ્રુત, અવધિ હોય છે, તે આપનો અતિશય છે. આપ દીક્ષા અંગીકાર કરો છો ત્યારે ચોથું મન:પર્યવજ્ઞાન પ્રગટે છે અને આપ ચાર જ્ઞાનના ધર્તા

થાઓ છો એ આશ્ચર્યકારક ઘટના છે. અને ત્યાર પછી આપ ચાર ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરો છો, ત્યારે અનંત પદાર્થો અને તેના પર્યાયોને એક જ સમયમાં જાણવા દેખવાવાળું કેવળજ્ઞાન પ્રગટાવો છો તેથી આપનું સર્વજ્ઞ સર્વદર્શીપણું સિદ્ધ થાય છે. એ આપ ભગવંતનું જ્ઞાન અમારું બહુમાન આકર્ષે છે.

**માહાત્મ્ય**

હે પ્રભુ ! આપના માહાત્મ્યનું શું વર્ણન કરું ? તે તો વર્ણનાતીત છે, છતાં થોડું પણ બતાવી - તે કહીને આત્મસંતોષ લઈ કૃતાર્થ થઉં છું.

પ્રભુ ! આપના બધા કલ્યાણકો - ગર્ભમાં આવવું, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને સિદ્ધત્વ - પ્રભાવના અતિશયવાળા હોઈ તે સમયે સમસ્ત નારકી અને સ્થાવર જીવોને પણ એક સમયની શાતા ઉપજે છે. ઘોર અંધકારથી સદા વ્યાપ્ત એવા નરકમાં પણ એક સમય માટે પ્રકાશ પથરાય છે. એ આપનો અતિશય બુદ્ધિગમ્ય કેમ થાય?

હે પ્રભુ ! આપ ગર્ભમાં આવતા પહેલાનાં છ માસે ક્ષાયિક સમકિતી એવા માતાપિતાની યશકીર્તિ ચોતરફ ફેલાય છે અને સમૃદ્ધિની વૃદ્ધિ થાય છે. ગર્ભમાં પ્રવેશ કરો છો ત્યારથી તો આપના અત્યુત્તમ ઉચ્ચ કુળમાં જાણે ધન, વૈભવ, યશ આદિની વૃષ્ટિ થતી હોય તેમ

જણાય છે અને સાથે સાથે મારી, મહામારી, ઉપદ્રવ, વિપ્લવ આદિનો નાશ થઈ સુખનો સૂર્ય ઊગી દેદીપ્યમાન થાય છે. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ આપના આત્મતેજ સામે મુખ પણ બતાવી શકતા નથી. આપના પ્રભાવથી ઈન્દ્રોનાં આસનો ચલાયમાન થાય છે ત્યારે ઇંદ્ર અવધિજ્ઞાનથી આપના કલ્યાણકો જાણી, આપના વંદનને માટે હર્ષિત થઈ આવ-જા કરે છે અને મહોત્સવ ઉજવે છે.

હે પ્રભુ ! આપનું માહાત્મ્ય અચિંત્ય છે. આપને અમારા સમય સમયના વંદન હો ! વંદન હો !

**યશ**

હે પ્રભુ ! ગર્ભમાં આવતાં જ આપનો યશ-સૂર્ય પ્રકાશ આપવાનું શરૂ કરે છે અને આપની કીર્તિ ત્રણે લોકમાં પ્રસરે છે. દેવલોકના દેવ-દેવીઓ અને ઈંદ્રો તથા પાતાળલોકમાં નાગકન્યાઓ આપની નિરંતર સ્તુતિ કરી આપના યશ ઉપર કળશ ચડાવે છે. અનેક પરિષહો અને ઉપસર્ગોને તથા રાગદ્વેષને સંપૂર્ણપણે જીતો છો, ત્યારથી આપનો યશ સદાકાળને માટે પ્રતિષ્ઠિત થાય છે. હે પ્રભુ ! આપના યશનો અવશેષ બાકી ન રહેવાથી આપ ત્રિકાળ તપો છો છતાં એ સુયશના અંશની પણ નિરીહ એવા આપને કદી ઇચ્છા નથી એવા આપને ત્રિકાળ નમસ્કાર હો !

## વૈરાગ્ય

હે પ્રભુ ! જન્મથી જ ક્ષાયિક સમકિતી અને ત્રણ જ્ઞાનના ધર્તા હોઈ ગર્ભાવાસમાં પણ આપનો વૈરાગ્ય ઝળકે છે. પૂર્વભવમાં દેવલોકના ઉત્તમ સુખ અને શાંતિ મળવા છતાં કેવળ ઉદાસીનભાવે રહ્યા, ત્યાર પછી મનુષ્યભવમાં ઉત્તમ કુળ, સુખસામગ્રીની વિપુલતા, શ્રેષ્ઠ રાજ્યનાં શ્રેષ્ઠ સુખ અને વૈભવ પ્રાપ્ત છતાં આપનો વૈરાગ્ય દૃઢતર કાયમ રહે છે તે જોઈ આશ્ચર્ય થાય છે. હે પ્રભુ ! સાંસારિક સુખનાં બંધન, રાજ્યના બંધન, લોકસંબંધી બંધન, માતપિતા, સ્વજનાદિ સંબંધી બંધન, દેહાદિ સંબંધી બંધન એ આદિ સર્વે બંધનોને છેદી ભેદી સર્વસંગપરિત્યાગ કરી પ્રવ્રજ્યા સ્વીકારી ત્યારે આપનો વૈરાગ્ય કેવો હશે ! તેની કલ્પના કરવી કઠિન છે. અને જ્યારે સર્વ ઘનઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી સર્વજ્ઞ થયા ત્યારે આપની ઉદાસીનતા અને આપનો વૈરાગ્ય કેવો ઉજ્જવળ, ઉત્કૃષ્ટ અને અપૂર્વ હશે તે તો કલ્પનાતીત છે. અહો ! અપૂર્વ વૈરાગ્ય કેવું અપૂર્વ સદ્ભાગ્ય સર્જે છે ! એ અપૂર્વ વૈરાગ્યને અમારા અગણિત નમન હો ! નમન હો !

## મુક્તિ

હે પ્રભુ ! આપે પ્રથમ સમકિત લીધું ત્યારથી જ મુક્તિ સાથે સગપણ સંબંધથી જોડાયા છો. આપનું વચન

છે કે સમકિત થયું ત્યારથી મુક્તપણું છે. ત્યાર પછી આપ કર્મોની જાળમાંથી છૂટવા યુક્તિ કરી સફળતાને વરતા ગયા, તેમ તેમ આપ મુક્તિસુંદરીની સમીપ અને સમીપ જતા ગયા. અને પછી તો એવો જબ્બર પુરુષાર્થ ઉપાડ્યો ને તેને એવો વેગ આપ્યો કે શેષ રહેલાં કર્મો બિચારા રાંકડા બની ગયા, અને આપના ઉગ્ર વેગ આગળ અને શુક્લધ્યાનના અપૂર્વ બળ આગળ ટકી ન શકવાથી ભયભીત થઈ નાસવા માંડ્યા. પરિણામે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય કર્મને આપના અદ્ભુત સામર્થ્યના યોગે ભસ્મીભૂત કરી આપે મુક્તિસુંદરી સાથે લગ્ન કર્યા. અને અપૂર્વ અવ્યાબાધ શાશ્વત સુખ ને આનંદના ભોક્તા થયા. એ મુક્તિસુખની વ્યાખ્યા કરવાની કોઈની શક્તિ નથી.

હે પ્રભુ ! મુક્તિને વરવા માટેની આપની અદ્ભુત યુક્તિ, અનુપમ સ્વરૂપ ભક્તિ અને અદ્વિતીય શક્તિ જોઈ અમને આશ્ચર્ય સાથે આનંદ થાય છે. એ મુક્તિસુંદરીની વરમાળા પોતાની ગ્રીવામાં શોભાવવા કોણ ન ઈચ્છે ? હે પ્રભુ ! અમે આપનાં શરણનો આશ્રય કરીએ છીએ. આપના જેવી યુક્તિ, ભક્તિ અને શક્તિનું દાન કરો જેથી અમે મુક્તિ પામીએ.

**૩૫**

હે પ્રભુ ! ભુવનભૂષણ ! આપના આત્મઐશ્વર્યથી આપનું શરીર જગતનાં ઉત્તમમાં ઉત્તમ પુદ્ગલોનું બનેલું

હોવાથી તેજ, કાંતિ, સૌંદર્યતા, શીતળતા, સ્પર્શ, ગંધ, રસાદિની બાબતમાં પણ તે અદ્‌ભુત છે. અમને આશ્ચર્ય થાય છે કે આત્મિક ગુણો જડ જેવા જડ પદાર્થોને પણ કેવા બદલી નાંખે છે !

હે પ્રભુ ! આપનું રૂપ કેવું તેજોમય, લાવણ્યમય અને શોભામય છે ! આપના દેહના લોહી તથા માંસ કેવા ધવળ, દૂધ જેવા સફેદ અને ઉજળા અને સુરભિયુક્ત છે ! એવી આશ્ચર્યકારક દેહની કાંતિ અને રૂપ આપે કેવી રીતે પ્રાપ્ત કર્યા ? કેમ કે એવું રૂપ દેવ-મનુષ્યોમાં ક્યાંય જોવામાં આવતું નથી.

હે પ્રભુ ! આપની શાંત કર્પૂરમય વીતરાગી મુદ્રાનું દર્શન કરવા માત્રથી ભવોભવના પાપનો નાશ થાય છે અને વંદન સ્તવન કરવાથી ઇચ્છિત ફળને આપનાર થાય છે. ખરેખર પ્રભુ ! આપ સાક્ષાત્ કલ્પવૃક્ષ છો.

હે પ્રભુ ! આપનું રૂપ અનૂપ છે; આપનું દર્શન એ જ સુદર્શન છે. આપના ચરણકમળમાં ભ્રમરની જેમ મારો આત્મા પરમ લયપણાને પામો એ જ માગું છું.

## વીર્ય

હે પ્રભુ ! આપનું વીર્ય વચનથી કહી શકાય તેવું નથી. એટલે એ બળનું વ્યવહારિક માપ કાઢવા માટે મહર્ષિઓએ નીચે પ્રમાણે કહ્યું છે, તેનો આધાર લઈ થોડું કહું છું :–

૧૨ યોદ્ધાનું બળ એક ગોધામાં, ૧૦ ગોધાનું બળ એક ઘોડામાં, ૧૨ ઘોડાનું બળ એક પાડામાં, ૧૫ પાડાનું બળ એક હાથીમાં, ૫૦૦ હાથીનું બળ એક સિંહમાં, ૨૦૦૦ સિંહનું બળ એક અષ્ટાપદમાં, ૧૦ લાખ અષ્ટાપદનું બળ એક બળદેવમાં, ૨ બળદેવનું બળ એક વાસુદેવમાં, ૨ વાસુદેવનું બળ એક ચક્રવર્તીમાં, ૧૦ લાખ ચક્રવર્તીનું બળ એક નાગેન્દ્રમાં, ૧ કરોડ નાગેન્દ્રનું બળ એક ઈન્દ્રમાં અને અનંત ઈન્દ્રોનું બળ શ્રી તીર્થંકર પ્રભુની ટચલી આગળીમાં હોય છે. અહો ! પ્રભુનું વીર્યબળ તો જુઓ !

શાસ્ત્રમાં વાત છે કે શ્રી મહાવીર પ્રભુનો જન્મ થયો ત્યારે ઈન્દ્રો આવી ભગવાનને સ્નાત્રપૂજા માટે અડોલ મેરુ પર્વતના શિખર પર લઈ ગયા. ઈન્દ્રને શંકા ઉત્પન્ન થઈ કે આ બાળ ભગવાન સહસ્ત્ર કળશોનો ભાર કેમ સહી શકશે ? અવધિજ્ઞાનથી ભગવાને તે જાણ્યું અને ઈન્દ્રની શંકા દૂર કરવા અર્થે ડાબા પગના અંગૂઠાથી પર્વતને સહેજ ધક્કો માર્યો, ત્યાં તો પર્વતમાંથી શિલાઓ ગબડવા માંડી; મેરુ પર્વત કંપાયમાન થયો. ઈન્દ્રે અવધિજ્ઞાનથી થયેલી હકીકત જાણી. ઈન્દ્રે પ્રભુને આશાતના બદલ ક્ષમાવ્યા. સાર એ છે કે પ્રભુનું અનંત અદ્ભુત આત્મઐશ્વર્યથી સહજ નિષ્પન્ન બળ કેવું અદ્ભુત છે !

આ તો થઈ શરીરબળની વાત. પરંતુ તેથીયે અતિ આશ્ચર્યકારક પ્રભુનું આત્મબળ હોય છે, જે આત્મવીર્યના

બળથી ભગવાન પરમ પરાક્રમ ફોરવીને અનંત કર્મોનો ધ્વંસ કરે છે, અને પોતાના અનંત સ્વાભાવિક ગુણો પ્રગટાવે છે.

હે પ્રભુ ! આપનું વીર્ય અનંત છે, આપનું બળ અનંત છે. તે વીર્ય સંબંધી કોઈ દોષ થયો હોય તો તે માટે ક્ષમાપના ચાહું છું.

## પ્રયત્ન

હે પ્રભુ ! આપનું અચિંત્ય વીર્યબળ જન્મથી જ કેવું છે તે જોતાં જો આશ્ચર્ય ઉપજાવે છે તો તે વીર્યને કામે લગાડી કર્મક્ષય માટે પ્રયત્ન કરો છો અને અદ્ભુત ચમત્કૃતિઓ સર્જો છો તે જોતાં આશ્ચર્યની અવધિ કેમ હોય ! અડોલ આસન, રાત્રીની મહાપ્રતિમા, સમુદ્‌ઘાત, ઉપસર્ગો સામે જબ્બર પુરુષાર્થ, શૈલેશી અવસ્થા એ વગેરે વિસ્મયજનક છે.

હે પ્રભુ ! આપના પુરુષાર્થની પ્રગટતા અને પ્રયત્નની પ્રબળતા અમાપ અને અગાધ છે. એ પુરુષાર્થને અમારા વારંવાર ભક્તિ સહિતના નમસ્કાર હો !

## ઇચ્છા

હે પ્રભુ ! આપે ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું ત્યારે આપે કેવી વિશ્વવ્યાપક પ્રબળ ભાવના ભાવી

હશે તે પૂર્ણપણે અમે સમજી શકવા અશક્ત છીએ. આપની લોકકલ્યાણની વિશ્વવ્યાપક અનુકંપાયુક્ત ઇચ્છા કેવી બળવાન હશે, કેવી નિરંતર પ્રવહતી હશે, તે કાર્ય આપ કેવા પ્રકારે કરી શક્યા હશો એ આદિ પ્રશ્નો સમાધાન પામી શકતા નથી.

અહો ! આપે પૂર્વભવમાં ભગવાન ગુરુજીને આધીન રહી ઇચ્છાને એવો વેગ આપ્યો કે હે નાથ ! આ દુઃખમાં સબડતા અને પીડાથી પીડિત સમસ્ત સંસારના જીવોને જિનશાસનના રસિક બનાવી, શક્તિ આપી દુઃખથી મુક્ત કરું, તેઓનું દુઃખ નજરથી જોઈ શકાતું નથી, તેમને જન્મ મરણના દુઃખથી છોડાવવાની શક્તિ આપ. આવી વિશ્વવ્યાપક સહજસ્ફુરિત લોકોત્તર કરુણાભાવનાથી આપે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. બાકી આપ જેવા પરમ જ્ઞાનીપુરુષને તીર્થંકર થવાની ઇચ્છા કદાપિ હોતી નથી. જો આપ જેવા જ્ઞાનીપુરુષને પણ તેવી અભિલાષા ઇચ્છા થાય તો જ્ઞાન પર આવરણ આવી જાય, પરંતુ આપને રાગનો રાગ હોતો નથી; પૂર્વ-પ્રારબ્ધજનિત સહજ છે, તેના આપ સાક્ષી માત્ર છો તેવી આપની વીતરાગી ઇચ્છા, વીતરાગી કરુણાભાવ હોય છે અને તે આપ જેવા સ્વરૂપાનુભવી, સ્વરૂપગુપ્ત પરમ વૈરાગી એવા આપ જેવાને જ ઘટે છે.

વ્યવહારદૃષ્ટિએ ગુરુજીએ શિષ્યની પ્રાર્થના સાંભળી અને જેટલા જિનશાસનને શરણે આવે તેટલાને શક્તિ

આપવાનું વચન આપ્યું અર્થાત્ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. બાકી તો આપ જેવા જ્ઞાનીપુરુષને પૂ. ઉ. યશોવિજયજી મહારાજના કથનાનુસાર "તુંહી ગુરુ તુંહી ચેલો, ચેતન અબ મોહે દર્શન દીજે", જ્ઞાનીપુરુષનો આત્મા એ જ તેનો ગુરુ અને એ જ તેનો ચેલો (સામાન્ય બધા જીવોને માટે આ વસ્તુ ન સમજવી.) એ રીતે આપે આત્મામાંથી સહજસ્ફુરિત અનુકંપાપૂર્વક પ્રાર્થના કરી હશે, પણ આવી ગુપ્ત રહસ્યભૂત વાત સામાન્ય જીવથી કેમ સમજાય ? આપની વીતરાગી કરુણા કેટલી બળવાન હશે તેનું રહસ્ય સમજવું એ પણ એક કોયડારૂપ છે.

દેવગતિના ત્યાર પછીના ભવમાં પણ તત્પ્રકારની ભાવના કાયમ રહી અને મનુષ્યગતિમાં આવી સર્વજ્ઞ થતાં તીર્થંકર નામકર્મ ઉદયમાં આવ્યું ને લાખ્ખો ભવ્ય જીવોને બોધ આપી તાર્યા એથી આપ તરણતારણ કહેવાઓ છો.

અહો ! ભગવંતની વીતરાગી ઇચ્છાનું આત્મસામર્થ્ય કેટલું ? વિશેષ આશ્ચર્ય તો એ છે કે સ્વરૂપાનુભવી એવા આપે સ્વરૂપે નિરીચ્છક વિશ્વવ્યાપક કરુણાભાવથી પ્રથમ (ત્રીજા ભવે) તીવ્ર ઇચ્છા કરી, પછી તેનો ઉદય નિવૃત્ત થતાં સર્વથા નિરીચ્છાનો આશ્રય કર્યો છતાં ઇચ્છાનું ફળ નિષ્ફળ ન થયું. અર્થાત્ ભવ્ય જીવોને તારવાને પરમ ઉત્કૃષ્ટ લોકોત્તર પુણ્યજન્ય સર્વોત્કૃષ્ટ તીર્થંકર નામકર્મના ભોગવટાનો વિપાકઉદય થયો, એવા આપ તીર્થંકર

ભગવંતને વિનયસહિત પરમ ભક્તિએ નમસ્કાર હો, નમસ્કાર હો !

## શ્રી

શ્રી એટલે લક્ષ્મી, સંપત્તિ, સંપદા.

હે પ્રભુ ! કષાયોરૂપ ચોર ડાકુઓ આપની આત્મસંપત્તિની લૂંટાલૂંટ કરી રહ્યા હતા, તેમની સામે પરમ પરાક્રમ ફોરવીને ડાકુઓને જીતી તેમનો કેવળ ક્ષય કરી આપે આત્મલક્ષ્મી પૂર્ણ શુદ્ધસ્વરૂપે પ્રાપ્ત કરી એ સુપ્રસિદ્ધ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંત સમતા, અનંત શાંતિ, અનંત ધીરજ, અનંત વીરતા, અનંત સ્થિરતા એ આદિ આપની સંપદાઓ અનેક પ્રકારની વિપદાઓ અને ભય ટાળીને કેવળજ્ઞાન સ્વરૂપે સર્વકાળને માટે સંપ્રાપ્ત કરી અને લબ્ધિ-રિદ્ધિ-સિદ્ધિઓના સ્વામી થયા છતાં તેની સામું પણ જોયું નહીં; એવા આપ શ્રીમદ્ ભગવંતને અત્યંત ભક્તિથી કોટિ કોટિ વંદન કરું છું. હે પ્રભુ ! આપની સંપદાઓના વર્ણન સંબંધી કોઈ દોષ થયો હોય તે માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું. આપ કૃપા કરી ક્ષમા આપશો એ માંગુ છું.

હે નાથ ! આપ 'શ્રી'ને વરીને સર્વશ્રી પણ થયા છો. આપની 'શ્રી'નું તો મોટા મોટા ઈન્દ્રો, નરેન્દ્રો,

ચક્રવર્તીઓ પણ બહુમાન કરે છે, આપના ચરણમાં રહી શરણ ઇચ્છે છે અને આપના જેવા સમર્થ થવા ભાવના ભાવે છે.

## ધર્મ

હે પ્રભુ ! આપ જ સર્વોત્કૃષ્ટ મંગળ ધર્મના પ્રવર્તક છો, ધર્મનો ઉપદેશ કરનાર છો, ધર્મના નાયક છો અને ધર્મના સારથિ છો. ધર્મ વિના કોઈને ક્યારે પણ સુખ મળી શકતું નથી. તે ધર્મ-આત્મધર્મ આપે પરમ કૃપા કરી બતાવ્યો અને શાશ્વત સુખનો માર્ગ ખુલ્લો કરી આપ્યો તે આપ ભગવંતનો અનંત ઉપકાર છે.

હે પ્રભુ ! આપે સંસારમાં રહી સંસારનાં ભીષણ દુ:ખો જન્મ, જરા, મરણનાં દુ:ખો સંપૂર્ણપણે છેદવાની અજબ ઔષધિ શોધી, તે ઔષધિનું સેવન કરી, આરાધન કરીને અનંત અવ્યાબાધ આત્મિકસુખને પ્રાપ્ત કર્યું અને પછી તે ઔષધિનું જીવના કલ્યાણાર્થે દાન કરી પ્રકાશન કર્યું. એ કોઈ અપૂર્વ અદ્‌ભુત છે. એવા અનાશ્રવરૂપ, મહાયોગાત્મક, પરમ નિર્જરાના કારણરૂપ અને અતિ કલ્યાણકર ધર્મ પ્રવર્તાવ્યો અને ઉપદેશ્યો તેથી આપ જ સાચા ધર્મના નાયક અને ધર્મના સારથિ ઠરો છો તેમાં સંદેહ શું ?

હે પ્રભુ ! સંસારરૂપી પ્રજ્વલિત અગ્નિને ઓલવવા આપે નિષ્કારણ કરુણાથી ધર્મરૂપી મેઘ વરસાવ્યો તે ધર્મ

દેશવિરતિ અને સર્વવિરતિ એમ બે પ્રકારે બતાવ્યો, તેથી ગૃહસ્થદશામાં પણ ધર્મપ્રાપ્તિનો લાભ સારી રીતે લઈ શકાય તેવું આપે બતાવી અનંત ઉપકાર કર્યો છે. જીવ ગૃહસ્થદશામાં રહીને પણ જો યથાર્થ પુરુષાર્થ કરે તો આ કાળે ને આ ક્ષેત્રે સાતના અપ્રમત્ત ગુણસ્થાન સુધી પહોંચી શકે છે, એક ભવ બાકી રહે ત્યાં સુધીનો પુરુષાર્થ કરી શકે છે, એ આપના શાસ્ત્રનિર્દિષ્ટ જાગૃતિપ્રેરક અને ઉત્સાહપ્રેરક વચનોને વારંવાર નમસ્કાર કરીએ છીએ.

"અપારવત્ સંસારસમુદ્રથી તારનાર નિષ્કારણ કરુણાથી જેણે ઉપદેશ કર્યો તે જ્ઞાની પુરુષના ઉપકારને નમસ્કાર હો!"

"પ્રાણીમાત્રનો રક્ષક, બંધવ અને હિતકારી એવો જો કોઈ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મ જ છે."

(પત્રાંક ૯૦૩)

**- શ્રીમદ્ રાજચંદ્ર**

એ રીતે આપ કેવળજ્ઞાની સર્વજ્ઞ પ્રભુના ઉપદેશધર્મનું આપના ભક્ત (પ્રભુથી વિભક્ત નહીં તે ભક્ત) જ્ઞાની-પુરુષે પાને પાને ને પદે પદે ભવ્ય જીવોને પ્રેરણા પાતું ઉત્કીર્તન કરેલું છે, તે સદ્ધર્મ આપની કૃપાથી જ્ઞાનગોચર થઈ હે પ્રભુ ! મારા હૃદયાંધકારમાં પ્રકાશ પાથરો !

અહો ! શ્રી સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતપ્રણીત ધર્મરૂપી ઉદ્યોત જગતમાં વિદ્યમાન હોવા છતાં ગાઢ મોહાંધકારથી

વ્યાપ્ત દુઃખિત અને પીડિત પ્રાણીઓ સંસારમાં પરિભ્રમણ કરે છે, તે એક આશ્ચર્ય છે. સંસારરોગના ક્ષય માટેની ઉત્તમોત્તમ ઔષધિ પ્રાપ્ત છતાં પ્રાણીઓ રોગના ભોગ બની રહેવા શા માટે ઇચ્છતા હશે એ વળી અધિક આશ્ચર્ય ઉપજાવે છે.

આત્મવિકાસના મર્મને પ્રગટ કરનાર અને કર્મનો સંહાર કરનાર ધર્મ ત્રિકાળ જયવંત વર્તો, જયવંત વર્તો ! અમૃતરૂપી ધર્મચંદ્ર સદા શીતળ પ્રકાશ પાથરો !

## ઐશ્વર્ય

હે તીર્થંકર પ્રભુ ! સમસ્ત લોકમાં સર્વથી ચઢિયાતી અવસ્થારૂપ આપના અતિશયો અત્યંત ચમત્કાર ઉત્પન્ન કરે એવું આપનું ઐશ્વર્ય સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

હે પ્રભુ ! આપને જન્મથી લોકોત્તર રૂપ અને કાંતિવાળી, દિવ્ય સુગંધથી સુવાસિત, પ્રસ્વેદ અને મલરહિત અને નિરોગી પરમ ઔદારિક કાયા હોય છે, શ્વાસોશ્વાસ પદ્મકમળથી પણ અધિક સુગંધિત હોય છે; માંસ તથા લોહી દૂધની જેમ ઉજ્જવળ અને દુર્ગંધરહિત હોય છે, આહાર અને નિહાર ચર્મચક્ષુને અગોચર હોય છે.

હે કરુણાનિધિ પ્રભુ ! આપ જ્યારે સર્વ ઘાતિ કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત કરી પૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રગટાવો છો ત્યારે બીજા અગિયાર અતિશયો

ઉત્પન્ન થાય છે, આપની દિવ્ય વાણી મનુષ્ય, તિર્યંચ અને દેવતાઓની ભાષામાં સ્વયં પરિણમી જાય છે. મસ્તકના પાછલા ભાગમાં સૂર્યને પણ ઝાંખો પાડી દે એવા મનોહર તેજનું મંડળ-ભામંડળ પ્રગટ થાય છે. બસો ગાઉથી અધિક વિસ્તારમાં રોગ, વેર, ઈતિ, મરકી, અવૃષ્ટિ, અતિવૃષ્ટિ, દુર્ભિક્ષ, સ્વરાષ્ટ્ર અને પરરાષ્ટ્રના ભય હોતાં નથી. આ સર્વ અતિશયો આપનું ઐશ્વર્ય પ્રગટ કરે છે. એવું અદ્ભુત ઐશ્વર્ય અમ જીવોને ખૂબ આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે.

હે કરુણામૂર્તિ પ્રભુ ! આપના ઐશ્વર્યની તો અવધિ જ નથી. દેવતાઓ આપનું અદ્ભુત સામર્થ્ય અને આશ્ચર્યયુક્ત સર્વોત્કૃષ્ટ ઐશ્વર્યથી પ્રભાવિત થઈ આપની ચરણસેવાનો લ્હાવો લેવા અન્ય ઓગણીસ અતિશયો ઉત્પન્ન કરી કૃતાર્થતા અનુભવે છે.

હે પ્રભુ ! તે દેવો પરમ પ્રસન્ન થઈને રત્ન, સુવર્ણ અને રૂપ્યમય ત્રણ મનોહર કિલ્લાઓથી શોભતું સમવસરણ રચે છે; તેની રચનાનું મનોરમ દૃશ્ય અદ્ભુત વિસ્મયકારક છે. રત્નજડિત પાદપીઠ પર પ્રભુજીનો ઉત્તમોત્તમ પરમાણુઓથી સુશોભિત કાંતિવાળો દેહ પીઠના વ્યાસને સ્પર્શ કર્યા વિના વિરાજે છે. પ્રભુની મુખમુદ્રા ઉપર સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ રત્નત્રયનું ભાન કરાવતાં ત્રણ છત્રો શોભે છે, પાદપીઠની પાછળ વિશાળ અશોક વૃક્ષ, સર્વના શોકને હરનાર અને આત્માનંદ

પ્રગટ કરવામાં કુશળ એવું સુરમ્ય અલૌકિક વૃક્ષ, આનંદ અને પ્રસન્નતાની છોળો ઉડાડતું મઘમઘી રહ્યું છે તથા તેની ડાળીઓ, સર્વ અંગ-ઉપાંગો પ્રભુજી અને પ્રભુજીના અનંત ચતુષ્ટય ગુણોને ભાવભક્તિથી વાંદવા પ્રભુજી તરફ ઝૂકી ધન્ય ધન્યતા અનુભવે છે.

પ્રભુજીની જમણી તથા ડાબી બાજુએ દેવેન્દ્રો ચામર ઢોળે છે તે જાણે એટલા માટે કેમ ન હોય કે પ્રભુજીના ગુણોની સુગંધ ચોતરફ સર્વત્ર પ્રસરી પર્ષદામાં ઉપસ્થિત દેવ, મનુષ્ય અને તિર્યંચ્ ગતિના ભવ્યાત્માઓ તે થકી લાભ મેળવી આત્મલાભ, આત્મકલ્યાણ અને આત્મશ્રેય ભાવદશાનું સાર પ્રાપ્ત કરે; વળી ચામરનું નીચે જવું એટલે મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગદ્વેષાદિ દોષોનું તિરોભાવે જવાનું કે ક્ષીણ થવાનું કે ક્ષય થવાનું સૂચન કરે છે, તથા ચામરનું ઊંચે જવાનું તે સમકિત પ્રાપ્ત થવાનું ને શુદ્ધ થવાનું, ગુણોનું પ્રગટવાનું ને વૃદ્ધિ પામી પૂર્ણતાએ પહોંચવાનું કહી જાય છે.

પ્રભુના આખા દેહમાંથી સુંદર અને મધુર રણકારથી નીકળતો દિવ્ય ધ્વનિ પર્ષદામાં હાજર રહેનાર સર્વ જીવોના વિધ વિધ પ્રશ્નોનું એક સાથે સમાધાન સહુ પોતપોતાની ભાષામાં સમજી શકે એ રીતે કરવા સામર્થ્ય ધરાવે છે. મહાપ્રભુજીના અતિશય પુણ્યની આ અતિશયતા છે અને વિચાર, તર્ક કે બુદ્ધિને અગમ્ય એવી વિસ્મયકારક ઘટના છે. પ્રભુજીની દિવ્યધ્વનિરૂપ વાણી, પર્વતના શિખર પરથી

પ્રવહતી નિર્મળ મીઠા પાણીની સરવાણીની જેમ, જેને જેને સ્પર્શે છે, તેને ફળદ્રુપ થઈ યોગ્યતાનુસાર મીઠું ફળ આપનાર અને ઉચ્ચ ઉચ્ચ દશાના અધિકારી બનાવનાર થાય છે. આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિનું ઉત્તમોત્તમ પવિત્ર દાન કરનાર તે અપૂર્વ, અલૌકિક દિવ્યવાણી ત્રિકાળ જયવંત વર્તો, જયવંત વર્તો.

પ્રભુજીના મુખકમળની પાછળ દિવ્ય, તેજોમય કાંતિઓથી અલંકૃત અને દેદીપ્યપણે ઓપતું પ્રભુના આત્મિક તેજપુંજના પ્રતીક સમું ભામંડળ અનેરી શોભા પ્રસરાવી જોનારનાં હૃદયને હર્ષિત કરે છે. આ તેજસ્વી ભામંડળની આશ્ચર્યતા એ છે કે તેમાં દૃષ્ટિ સ્થિર કરનાર ભવ્ય જીવો પોતપોતાની આત્મિક દશાની લાયકાત પ્રમાણે કાં તો પૂર્વ ભવ અથવા ભવો, કાં તો આગામી ભવ કે ભવો, કાં તો ગુપ્ત પ્રશ્નોનું સમાધાન અથવા રહસ્યના ઉકેલ જુએ છે; તે ઉપરાંત આત્મજ્ઞાન પિપાસુને જ્ઞાન થાય છે, ક્ષયોપશમ સમકિતી ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરે છે, છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ અપ્રમત્ત ગુણસ્થાનને સ્પર્શવાનો અદ્વિતીય લાભ મેળવે છે, ઈત્યાદિ આગળ માટે સમજવું.

હે ત્રિલોકીનાથ ! આપની આગળ આકાશમાં (સામ્રાજ્યને) ધ્વનિ કરતો દુંદુભિ આપના મહાન આત્મિક સામ્રાજ્યને બતાવી આપના ચરણશરણમાં આવનાર સર્વ જીવો આપના સમસ્ત ઐશ્વર્યને પ્રાપ્ત થશે એવી ઉદ્‌ઘોષણા

કરતો હોય તેમ જણાય છે.

હે પ્રભુ ! આવી તમારી ચમત્કારિક પ્રાતિહાર્ય લક્ષ્મીને જોઈને કયા મિથ્યાદૃષ્ટિઓ વિસ્મય ન પામે!

હે પ્રભુ ! આપ વિહાર કરો છો ત્યારે કાંટાઓ અધોમુખવાળા થઈ જાય છે અને સુખકર અનુકૂળ વાયુ થાય છે. દેવતાઓ પાદન્યાસ માટે સુવર્ણકમળોની રચના કરે છે.

હે પ્રભુ ! આપના કેશ, રોમ, કૂર્ચ, (દાઢીમૂછ) અને હાથપગના નખની વૃદ્ધિ થતી નથી.

હે પ્રભુ ! આપની રિદ્ધિ, સિદ્ધિ, અતિશયો અને ઐશ્વર્યની સ્તુતિ અમ પામર જીવો ક્યાં સુધી કરી શકે! આપના ઐશ્વર્યની કથા સાંભળીને પણ અમારી વ્યથા દૂર થઈ અમારું વીર્ય ઉલ્લસિત થાય છે એ આપ ભગવંતનો જ અનુગ્રહ છે.

હે પ્રભુ ! લોકોત્તર પુણ્યના પ્રકર્ષથી સહજ નિષ્પન્ન આપના આવા ઐશ્વર્યથી જ્ઞાનીપુરુષના વચનાનુસાર હું મુગ્ધ નથી થતો. પરંતુ ભગવાનનું બાહ્ય સ્વરૂપ પણ કેવું અલૌકિક અદ્‌ભુત છે – હોય તે બતાવી બાળ-અજ્ઞાન જીવોને આપની પ્રત્યે સાત્ત્વિક પ્રેમ ઉત્પન્ન થાય એ હેતુએ આ પામર જીવે કથન કર્યું.

**શ્રી સમંતભદ્રસૂરિજીએ** 'દેવાગમસ્તોત્ર'ની રચના કરી છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં સ્વ. શ્રી મનસુખભાઈ સાથે

થયેલ વાર્તાલાપ 'ઉપદેશ નોંધ' પા. ૬૭૨માં ઉલ્લેખિત છે, તે મહત્ત્વની હોઈ અત્રે આપવાનું ઉચિત સમજું છું.

'देवागमनभोयान चामरादि विभूतयः
मायाविष्वपि दृश्यंते, नातस्त्वमसि नो महान्'

"સ્તુતિકાર શ્રી સમંતભદ્રસૂરિને વીતરાગદેવ જાણે કહેતા હોય હે સમંતભદ્ર ! આ અમારાં અષ્ટપ્રાતિહાર્ય આદિ વિભૂતિ તું જો; અમારું મહત્ત્વ જો. ત્યારે સિંહ ગુફામાંથી ગંભીર પદે બહાર નીકળતાં ત્રાડ પાડે તેમ શ્રી સમંતભદ્રસૂરિ ત્રાડ પાડતા કહે છે :– 'દેવતાઓનું આવવું, આકાશમાં વિચરવું, ચામરાદિ વિભૂતિનું ભોગવવું, ચામરાદિ વૈભવથી વીંઝાવું, એ તો માયાવી એવા ઇંદ્રજાળિયા પણ બતાવી શકે છે. તારી પાસે દેવોનું આવવું થાય છે, વા આકાશમાં વિચરવું વા ચામર છત્ર આદિ વિભૂતિ ભોગવે છે માટે તું અમારા મનને મહાન ! ના, ના. એ માટે તું અમારા મનને મહાન નહીં. તેટલાથી તારું મહત્ત્વ નહીં. એવું મહત્ત્વ તો માયાવી ઈંદ્રજાળિયા પણ દેખાડી શકે.' ત્યારે સદ્દેવનું મહત્ત્વનું વાસ્તવિક શું ? તો કે વીતરાગપણું. એમ આગળ બતાવે છે."

– શ્રીમદ્ રાજચંદ્ર

# પૂરક વચનામૃત

## સંસારગત વહાલપ
## અસંસારગત વહાલપ

"ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે; ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે, અને સત્સંગનું માહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે. જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ખચીત કરી અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે. આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણી નિષ્કામપણે લખી છે."

**શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૩૩૧)**

# ભગવાનના પ્રેમીની વિચારધારા...



પ્રેમ એ ભગવાનની દિવ્ય પ્રસાદી છે.

પ્રેમ એ પ્રત્યેકની સ્વતંત્ર અણમોલ મૂડી છે.

પ્રેમ એ નિરંતર વહેતું અમૃતઝરણું છે.

પ્રેમ એ ગજબનું વશીકરણ છે.

પ્રેમ એ સુખ શાંતિ અર્પનાર અમોઘ મંત્ર છે.

પ્રેમ એ દુઃખક્ષય માટે અદ્વિતીય ઔષધ છે.



# ભગવાનના પ્રેમીની વિચારધારા.....

**હે ભગવાન ! આપ પરમપૂજ્ય છો,**

**હું હીન પૂજક છું.**

હે પ્રભુ, વ્યવહારધર્મે પૂર્વકાળના ઋણાનુબંધથી સંબંધમાં આવેલા ઉપકારી માતા, પિતા, ભ્રાતા, ભગિની, વડિલ આદિ તેઓ પ્રત્યેની ફરજ ચૂકવી દઈ ઋણમુક્ત થાઉં ત્યાં સુધી પૂજ્ય છે. પરંતુ પ્રભુ, પરમાર્થે પરમ પૂજ્ય તો આખા લોકમાં આપ એક જ છો. અન્ય કોઈ પણ નથી એવો નિશ્ચય વર્તે છે. તેથી આપની સાથે કેવળ એકરૂપતા થતાં સુધી ભવોભવ હું આપનો દીન પૂજક રહું તે આ દાસની હૃદયની ભાવના છે.

**હે ભગવાન ! આપ પરમ સેવ્ય છો,**

**હું પામર સેવક છું.**

હે પ્રભુ, સંસારધર્મે શેઠ, સત્તાધારી, અધિકારી, ઉપરી આદિ પૂર્વે નિબંધન કરેલાં કર્મોનો ઉદય પૂર્ણ થતાં સુધી સેવ્ય ભલે હો, પરંતુ વિશેષ ધર્મે તો પરમ સેવ્ય આખા જગતમાં આપ એકલા જ છો, અન્ય કોઈ પણ નથી

એવી દઢતા છે. તેથી 'હું' અને 'આપ' એવો ભેદ મટતાં સુધી આ અને આગામી ભવોમાં હું આપનો પામર સેવક રહું એવી અંતરની ઇચ્છા છે.

**હે ભગવાન ! આપ પરમ ઉપાસ્ય છો,**

**હું રંક ઉપાસક છું.**

હે પ્રભુ ! સંસારના કલ્પિત સુખ અર્થે વા દુઃખનિવારણ અર્થે, માનાર્થે વા પૂજાર્થે એ આદિ ભ્રાંતિગત ભાવથી કોઈ તો દેવદેવીઓ આદિને ઉપાસ્ય ગણી ઉપાસના કરે છે અને તેથી મિથ્યાત્વને દઢ કરી દીર્ઘ સંસાર વધારે છે. દેવદેવીઓ પણ પોતાના કર્મને આધીન હોઈ દુઃખનો અનુભવ કર્યા કરે છે, તો અન્યનું દુઃખ કેમ ટાળી શકે? માટે હું મિથ્યાત્વને પોષણરૂપ માન્યતાને માન આપું નહીં, તેમને સ્વહિતાર્થે ઉપાસ્ય ગણું નહીં અને તેમ છતાં તેઓ પ્રત્યે મધ્યસ્થ રહું.

હે નાથ ! નિશ્ચય ધર્મે તો સકળ લોકમાં પરમ ઉપાસ્ય આપ એક જ છો, અન્ય કોઈ પણ નથી એવી પ્રતીતિ વર્તે છે, તેથી ભેદભાવ મટી અભિન્નભાવ પ્રકાશતાં સુધી ભવોભવ હું આપ સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન પ્રભુનો રંક ઉપાસક રહું એ મારી આત્માભિલાષા છે.

**હે ભગવાન ! આપ પરમ આરાધ્ય છો,**

**હું નમ્ર આરાધક છું.**

હે પ્રભુ ! આ અશરણરૂપ અને અનિત્ય સંસારમાં

કોઈ તો દુઃખના ડરથી, ભયથી, વૈરથી, ભય પમાડવાના, વશ કરવાના, ચમત્કાર દેખાડવાના હેતુથી, ધનાદિની પ્રાપ્તિની ઇચ્છાથી, અથવા એવા અનેક પ્રકારના ભ્રાંતિવાળા વિપરીત ભાવોથી વિવિધ પ્રકારના મંત્રોને આરાધ્ય ગણી આરાધના કરે છે, કરાવે છે, કર્તાને અનુમોદે છે. તે સર્વ અકલ્યાણનું કારણ હોઈ ત્રિવિધ તાપથી બળતા એવા સંસારની વૃદ્ધિ કરે છે. માટે હું એવા કોઈ મંત્રનું આરાધન કરું નહીં, કરાવું નહીં, અને કર્તા પ્રત્યે ભલું જાણું નહીં.

પરમાર્થહેતુએ અને સ્વકલ્યાણની પ્રાપ્તિ અર્થે મારે મન તો આખા જગતમાં એક આપ પ્રભુ જ પરમ આરાધ્ય છો. આપના પવિત્ર નામસ્મરણનો મહામંત્ર, આપના પરમ ઉપકારી વચનરૂપ મંત્ર મને સર્વ પ્રકારે આરાધ્ય છે. તેથી આપના અને મારા વચ્ચેનું અંતર તૂટી જતાં સુધી પ્રત્યેક ભવે હું આપ ભગવંતનો વિનમ્ર આરાધક રહું એ જ આત્મેચ્છા છે.

**હે ભગવાન ! આપ પરમ ધ્યેયરૂપ છો,**

**હું આજ્ઞાંકિત ધ્યાતા છું.**

હે પ્રભુ ! આ સંસારમાં ભવાભિનંદી જીવો વિવિધ પ્રકારના મિથ્યા ધ્યેયથી પીડિત થઈ, અનેક કષ્ટ સહી સિદ્ધિ મેળવવા માટે દુઃખી થઈ રહ્યા છે. કોઈ તો લૌકિક મહત્તાને, કોઈ યશકીર્તિને, કોઈ ધનવૈભવાદિની

પ્રાપ્તિને, કોઈ સત્તા અધિકારને, કોઈ લોકનું મનરંજન કરવાના હેતુને, કોઈ જગતને રૂડુ દેખાડવાના હેતુને, કોઈ અનેકવિધ કુજ્ઞાનની વૃદ્ધિના હેતુને, ઉપાદેય ધ્યેય સમજી પ્રયત્ન કરે છે, તેમાં સફળતા મળવી, ન મળવી તે તો પ્રારબ્ધાધીન છે. સફળતામાં અભિમાન કરે છે; નિષ્ફળતા મળતાં ખેદ કરે છે, રડે છે, કલ્પાંત કરે છે. બંને અવસ્થા જન્મોની પરંપરા વધારનાર હોઈ, આ રત્નચિંતામણિ સમાન મનુષ્યદેહ વૃથા ગુમાવે છે અને પરિણામે ભાવિ દુઃખોને આમંત્રે છે.

હે ભગવાન ! હું આપની કૃપાપ્રસાદીથી સમજ્યો છું કે એ સર્વે દુઃખદાયક ધ્યેય છે. તેમાં કલ્યાણનો અને સુખનો અંશ પણ નથી. તેથી હું એવા કોઈ અહિતકારી ધ્યેયને ધ્યેયરૂપ સ્વીકારીશ નહીં. પૂર્વ કર્માનુસાર જેમ થવાનું હો તેમ થાઓ. હે કરુણાસાગર ! મારા ચિત્તમાં તો આપ એક જ ધ્યેયરૂપ છો. આપનું અનંત જ્ઞાનદર્શનમય, પરમ જ્યોર્તિમય, પરમ શાંત વીતરાગ સ્વરૂપ મારું ધ્યેય છે, ધ્યાન છે. તેથી મારું તેવું પૂર્ણ સ્વરૂપ પ્રગટતાં સુધી હું આપની આજ્ઞાભક્તિમાં નિશદિન વર્તી ધ્યાતા રહું એ મારી આકાંક્ષા છે.

**હે ભગવાન ! આપ પરમ પિતા છો,**
**પરમ ત્રાતા છો.**

હે પ્રભુ ! સંસારમાં કવચિત્ દુર્ભાગ્યવશાત્ કુસંસ્કારી

પિતા મળે તો રક્ષણ તો દૂર રહ્યું પરંતુ ઊલટું કુસંસ્કારનો વિષમ વારસો મળવાનો સંભવ રહે, અનિષ્ટ પાપભાવોનું સિંચન થઈ કુસંસ્કારના સમૂહને પોષણ મળે અને તે કારણે ચાર ગતિનાં ભયંકર દુઃખો ભોગવવાનો વખત આવે અને મનુષ્યદેહ એળે જાય.

અને સદ્‌ભાગ્યે સુસંસ્કારી પિતા હોય તો તે બાળકના સ્વચ્છંદને ગાળે છે, દોષોને ટાળે છે, ભૂલોની ક્ષમા આપી સુધારે છે, ગુણોનો ઉત્કર્ષ કરવામાં સાથ આપે છે, અને છેવટે પોતે ઉપાર્જન કરેલ પૌદ્‌ગલિક લક્ષ્મી, વૈભવ આદિનો વારસો આપે છે. તેથી સંસાર અપેક્ષાએ પિતા સારી રીતે રક્ષણકર્તા અને ઉપકારી છે, પરંતુ તે માત્ર એક ભવ પૂરતા જ થઈ શકે છે.

માટે, હે પ્રભુ ! મારા ચિત્તમાં તો એમ નિશ્ચય આવે છે કે એક આપ જ મારા પરમ પિતા છો, પરમ ત્રાતા છો. કેમ કે આપ આપના શરણે આવેલા બાળકને સદૈવ સદાકાળ રક્ષણ આપી, યથાર્થ માર્ગદર્શનથી, બોધથી, પ્રેરણાથી તેના નાના દોષો ટાળી, પવિત્ર પરમાર્થમાર્ગમાં પ્રવેશ કરાવી, અપૂર્વ આત્મિક ગુણો પ્રગટાવવાનું સામર્થ્ય આપી, સંસારનાં ભીષણ દુઃખોથી છોડાવી, નિર્ભય બનાવી, આપની અનંત રિદ્ધિ સિદ્ધિનો અણમોલ વારસો આપી, આપના જેવો સર્વસમર્થ, સર્વજ્ઞ, સર્વદર્શી અને પરમાનંદ સ્વરૂપ કરો છો. હે નાથ ! આપની કૃપા અસીમ અને અપરંપાર છે. જગતમાં આપના જેવા કોઈ પિતા થઈ

શકે તેમ નથી, આપ જ જગતપિતા છો અને જગબંધુ છો.

હે જગતપિતા ! આથી હું, આપનું ભૂલું પડેલું અશક્ત ને નિર્ધન બાળક, મારા પરમ પિતા એવા આપના પાવનકારી ચરણકમળમાં હું અને મારું કહેવાતું, મનાતું સર્વસ્વ આપને અર્પણ કરીને આપનું અનન્ય શરણ અંતરના નિર્મળ ભાવથી સ્વીકારું છું અને આપની કૃપા વરસો એમ ભાવું છું.

તે જ પ્રમાણે હે કૃપાળુ ! સંસારના જૂઠા સંબંધોમાં ભ્રાતા, મિત્ર, સખા, સ્નેહીઓ વ્યવહારદષ્ટિએ કોઈ પ્રકારે ઉપકારી થાય છે, પરંતુ આત્માર્થે જોતાં તો આપ જ પરમ ભ્રાતા છો, પરમ મિત્ર છો, પરમ સખા છો, પરમ સ્નેહી છો, કેમ કે આપ સાચા અનંત ઉપકારી છો, જે ઉપકારનો બદલો વાળવા હું સર્વથા અસમર્થ છું, વળી આપ કંઈપણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો, જેથી હું મન, વચન અને કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું.

**હે ભગવાન ! આપ પરમ ઈષ્ટ છો, પરમ મિષ્ટ છો.**

હે પ્રભુ ! ત્રણ લોક અને ત્રણ કાળમાં પ્રાપ્ત કરવા યોગ્ય સર્વોત્કૃષ્ટ પદાર્થ તો અનંત ચતુષ્ટયુક્ત એવો એક શુદ્ધ આત્મા છે. એ સર્વોચ્ચપદની પ્રાપ્તિ તો આપના અનુગ્રહથી થાય છે, કેમ કે આપ નિષ્કારણ કરુણા કરી

આપના શરણાગતને આપની સર્વ સમૃદ્ધિ, શક્તિ અને સામર્થ્ય અર્પીને નવાજો છો અને આપના જેવા કરો છો. આપની એવી સનાતન પદ્ધતિને કારણે હું એવા દૃઢ નિશ્ચય પર સ્થિર થાઉં છું કે આપ એકલા જ પરમ ઇષ્ટ છો, પરમ મિષ્ટ છો, આપ જ પરમ વાલેસરી છો, પરમ હિતસ્વી છો, પરમ વલ્લભ છો, પરમ દુર્લભ છતાં પરમ સુલભ છો. આ લોકમાં આપ વિના અન્ય કોઈ એ પદની યોગ્યતા ધરાવતું નથી. માટે અન્ય કોઈનું શરણ મને ઇષ્ટ નથી, પ્રિય નથી. એક આપનું જ શરણ અને રક્ષણ મને ઇષ્ટ છે અને તે અમારી પરિપૂર્ણ જ્ઞાનાનંદ દશા થતાં સુધી રહો એ ઉત્કૃષ્ટ ભાવના છે.

હે પ્રભુ ! જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું, તેમ તેમ આપના તત્ત્વના ચમત્કારો, અપૂર્વ ગુણો દૃષ્ટિગોચર થાય છે. તે અનંત ગુણો મતિથી અગ્રાહ્ય છે, વર્ણનથી અતીત છે. કેમ કે આપ ગુણરત્નોના સાગર છો, સર્વોત્કૃષ્ટ કલ્યાણ ભાવનાના ભંડાર છો, સમસ્ત અપૂર્વ શક્તિઓના મહોદધિ છો, પરમ ઉત્કૃષ્ટ સિદ્ધિઓના નિધિ છો. તેથી આપ જ પરમ ઇષ્ટ, પરમ મિષ્ટ છો.

## હે ભગવાન ! આપ પરમ શુદ્ધ છો, પરમ બુદ્ધ છો.

અહો ! પરમ આશ્ચર્યકારક પરાક્રમ વડે આત્મવીર્ય

ફેરવી રાગ, દ્વેષ, અજ્ઞાનને સંપૂર્ણપણે ટાળી આપ શુદ્ધ થયા છો; ક્ષુધા, તૃષા, પ્રસ્વેદ આદિ અઢાર દોષ રહિત થઈ શુદ્ધતાને વર્યા છો; પરપરિણતિરૂપ વિકારના અંશનો પણ વિધ્વંસ કરી, વિભાવભાવનો અત્યંત અભાવ કરી શુદ્ધોપયોગી થયા છો; જ્ઞાનાવરણાદિ ઘનઘાતી કર્મોનાં પુદ્ગલ રજકણોને વીણી વીણીને ભસ્મ કરી પરમ શુદ્ધતાને પામ્યા છો અને શેષ અઘાતી કર્મપ્રકૃતિને બળેલી સીંદરીની આકૃતિવત્ કરી છે, એવા આપના નિર્મળ ઝળહળતા પ્રકાશરૂપ શુદ્ધ ચૈતન્ય જ્યોતિને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું.

વળી હે પ્રભુ ! લોક અને લોકનું સ્વરૂપ, કર્મ અને કર્મનું સ્વરૂપ, સંસાર અને સંસારનું સ્વરૂપ, જડ અને ચેતન દ્રવ્યો, તેના સૂક્ષ્માતિસૂક્ષ્મ ભેદો, ચેતનનું સહજ સ્વરૂપ, ચેતનની મહા ઐશ્વર્યરૂપ ગુપ્ત, નિગૂઢ મહાન ચમત્કૃતિઓ આદિ જે જાણવા યોગ્ય હતું તે જાણી લીધું છે, છાંડવા યોગ્ય હતું તે છાંડી દીધું છે અને આદરવા યોગ્ય હતું તે આદરી લીધું છે. તેથી હવે લોકાલોકના જ્ઞાયક એવા આપને કંઈ વિશેષ જાણવાનું, છોડવાનું, આદરવાનું શેષ ન રહેતાં આપ પરમ બુદ્ધ છો.

હે પ્રભુ ! હું આપના એ પરમ ગુણનો આદર કરું છું. એ ઉત્તમ ગુણો મને બહુ ઇષ્ટ છે, મિષ્ટ છે તેથી ઉપાદેય અને ઉપાસ્ય સમજું છું. હું આપનો નમ્ર બાળક એ આપની સ્વરૂપશુદ્ધતાને વિચારું, ધ્યાવું, શુદ્ધતામાં કેલિ

કરું અને સ્થિર રહું એ અભિલાષા છે. હે પ્રભુ ! હું આપનો દીનઉપાસક આપની કૃપાથી પરાક્રમને ફોરવી, ઉપયોગની અશુદ્ધતા ટાળવા પુરુષાર્થી થઈ શુદ્ધતાનો પૂર્ણ ઉઘાડ થતાં સુધી આપની આજ્ઞાભક્તિમાં રહું અને ઉપાસક એ નામ સાર્થક કરું એવી ભાવના છે.

## હે ભગવાન ! આપ પરમ જ્ઞાની છો,

## પરમ દર્શી છો.

હે પ્રભુ ! અચિંત્ય સામર્થ્યયોગે મોહનીયાદિ ચાર ઘાતીકર્મોનો નિઃશેષ સંહાર કરી આપે પૂર્ણ જ્ઞાનજ્યોતિ પ્રગટાવી છે તે અમોને પરમ આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે. પરમ જ્ઞાન અને પરમ દર્શન પરિપૂર્ણ પ્રગટ કરી આપ પરમ જ્ઞાની ને પરમ દર્શી થયા છો.

હે પ્રભો ! પરમ જ્ઞાન અથવા કેવળજ્ઞાનનું યથાતથ્ય સ્વરૂપ સમજવું તે પણ સામાન્ય જીવ માટે અતિ અતિ દુર્ઘટ છે. અહો ! આપ તો જેટલા જ્ઞેય પદાર્થો છે, તેના જેટલા ગુણો છે અને તેના જેટલા ત્રણે કાળના પર્યાયો છે, તે બધાને એકી સાથે એક સપાટે, એક જ સમયમાં યુગપત્ જાણો છો, દેખો છો, એ આપની આશ્ચર્ય ઉપજાવનાર અનંત જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ માટે અહો ! અહો ! સિવાય શું કહી શકાય !! હે પ્રભુ !

જીવ આદિ અરૂપી દ્રવ્યના એકેક પ્રદેશને, રૂપી પુદ્‌ગલના એક એક પરમાણુને અને કાળના અવિભાજ્ય ભાગરૂપ સમયને આપની અદ્‌ભુત જ્ઞાનશક્તિ પ્રકાશિત કરે છે ત્યાં આશ્ચર્યની અવધિ કેમ હોય ?

હે પ્રભુ ! આપ પરમ જ્ઞાની છો, પરમ દર્શી છો, આપ સમય સમયની વાત જાણી દેખી રહ્યા છો, ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છો. આપનાથી કાંઈ અજાણ્યું નથી, કાંઈ છાનું નથી, કાંઈ ગુપ્ત નથી. હે સર્વજ્ઞદેવ ભગવાન ! આપનો જ્ઞાનપ્રકાશ તો પ્રગટ કે ગુપ્ત, સ્થૂળ કે સૂક્ષ્મ, સૂક્ષ્મ કે અતિસૂક્ષ્મ, પૂર્વકાળના, આ કાળના કે આગામી કાળના દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયમાં જાણે છે, દેખે છે. તેથી આપનું જ્ઞાન અનંત ઠરે છે.

હે જ્ઞાનશક્તિના મહોદધિ, જ્ઞાનપ્રકાશના પુંજ, સર્વજ્ઞદેવ ! આપના જ્ઞાનનો મહિમા અચિંત્ય છે, અપરંપાર છે, અનંત છે. એ સર્વોત્કૃષ્ટ જ્ઞાનનો વિચાર કરતાં મને અત્યંત અહોભાવ આવે છે, પરમ આદર થાય છે. આપનો એ સર્વોત્તમ ગુણ મને બહુ બહુ પ્રિય છે. તેની પ્રાપ્તિ અર્થે આ બાળક આપ પરમ પિતાનો આશ્રય કરી, આપને આધીન વર્તી, આપની આજ્ઞાનું શુદ્ધ ભાવે આરાધન કરી, આપનો અનુગ્રહ મેળવી આપની અતુલ સિદ્ધિનો વારસદાર થવા પૂર્ણપણે આકાંક્ષિત છે. તે ઇચ્છાપૂર્ણ કરવા આપને ખૂબ ખૂબ પ્રાર્થના કરે છે.

**હે ભગવાન ! આપ પરમ સુખી છો, પરમ આનંદી છો.**

હે પ્રભુ ! આપ ભગવંતે જગતના મોહી જીવોને બોધ આપ્યો કે સુખ અંતરમાં છે, બાહ્યમાં નથી. સંસારમાં સુખ તો શું સુખની છાયા સરખી પણ નથી. છતાં જેમ કસ્તુરીઓ મૃગ પોતામાંથી નીકળતી સુગંધને જાણતો નથી અને તેની શોધ માટે બહાર દોડે છે, ખુવાર થાય છે, થાકે છે અને ખેદ પામે છે તેમ વિષયોથી જેની ઈન્દ્રિયો આર્ત છે, પીડિત છે એવા સંસારના કલ્પિત સુખના રાગી જીવો સુખની શોધ માટે બહાર દોડે છે, ખુવાર થાય છે, થાકે છે અને ખેદ પામે છે.

"મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે અને મેળવવામાં સુખ માને છે", તે ભૂલી જાય છે કે "જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે." **(શ્રીમદ્ રાજચંદ્ર)**

વળી આપે કરુણા લાવી ઉપદેશ કર્યો કે સુખનો ઉપાય પણ પોતાની પાસે છે, પોતાના જ હૃદયમાં છે. સુખનો ઉપાય હજારો કે લાખો ગાઉ દૂર નથી, સ્વર્ગમાં કે પાતાળમાં નથી, હિમાલય આદિ પર્વતની ગુફામાં કે દંડકારણ્યની ઝાડીમાં નથી, ઘરમાં કે વનમાં નથી. તે માત્ર પોતાના અંતરમાં છે, પોતાના આત્મામાં છે.

હે પ્રભુ ! આપે તો સંસારના સ્વરૂપનું સત્ય સ્વરૂપે દર્શન કરી, સંસારની વિષમતાને છેદી-ભેદીને સર્વ જીવો પ્રતિ ઉત્તમ ક્ષમાભાવ રાખી, સર્વસંગપરિત્યાગ કરીને, રાગદ્વેષ, અજ્ઞાનનો નિઃશેષ ક્ષય કરી, તે ક્ષય કરવામાં વિસ્મયજનક આત્મવીર્ય પ્રગટાવી, સહજ, સ્વાધીન, નિરાલંબી, અનંત અવ્યાબાધ, સદાકાળ ટકે એવું, સર્વોત્તમ, અવર્ણનીય, વચનાતીત આત્મિક સુખ પ્રગટ કર્યું છે, તેથી આપ પરમ સુખી છો, પરમ આનંદી છો, પરમ સંતોષી છો, અનંત ચતુષ્ટયુક્ત, અનંત ઐશ્વર્યના ધણી એવા આપ શુદ્ધ ચૈતન્ય સ્વામી છો. એ શુદ્ધ ચિદ્રૂપના એકેક પ્રદેશથી નિરંતર નિર્વહતી સુખામૃતની અખંડ રસધારાનો અને આનંદરસના અખૂટ પ્રવાહનો આપ સમયે સમયે અનુભવ કરો છો. આપના એક સમયના સુખની પાસે ત્રણે કાળના દેવદેવીઓના સુખનો સમૂહ અલ્પમાં અલ્પ છે.

હે સુખના મહોદધિ, સુખના સાગર! આપ જ સાચા અમૃતના સાગર છો, પીયૂષના ભંડાર છો, સુધારસના ભોગી છો, આનંદરસના ભોગી છો, આત્મારામી, આત્મપરિણામી છો. હું આપનો દીનહીન બાળક આપના એ સમ્રાટ આત્મિક સુખ અને આનંદ ગુણને અત્યંત અહોભાવથી સત્કારું છું. એ ગુણ મને બહુ બહુ પ્રિય છે, ઈષ્ટ છે. તે ગુણ મારામાં પ્રગટાવવા આપનું શરણ ગ્રહું છું. પરમ કૃપા કરીને આપ પ્રેરણા આપો, માર્ગદર્શન

આપો, શક્તિ આપો અને તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થને યોગ્ય બનાવો એ જ આપની પાસે માંગુ છું તે સફળ કરશો. કૃપા કરીને મારી ભાવના પૂર્ણ કરશો, પૂર્ણ કરશો.

## હે ભગવાન ! આપ પરમ નીરાગી છો, પરમ નિર્મોહી છો.

હે પ્રભુ ! રાગ અને દ્વેષનાં બળતાં પ્રબળ નિમિત્તોના ઘેરાવાની વચ્ચે રહીને આપ નીરાગી અને નિર્મોહી કેમ કરીને થઈ શક્યા ? તે બુદ્ધિમાં ઉતરતું નથી. ખરેખર, આપનું સામર્થ્ય અદ્‌ભુત છે, અકળ છે.

સંસારના સમસ્ત ભૌતિક પદાર્થો અને સગપણના વિવિધ સંબંધો આપને જરા સરખી પણ અસર કરવા સમર્થ ન થયા અને આપે તે સર્વેને જીતી અજિત થઈ, વિજયધ્વજ ફરકાવ્યો તે અમોને આશ્ચર્ય પમાડે છે. એક સમય પણ અસંગપણાથી રહેવું એ અતિ અતિ વિકટ કાર્ય છે, તેવું અસંગપણું, નિર્મોહીપણું, નિર્વિકારીપણું, નીરાગીપણું સર્વકાળને માટે આપે પ્રગટ કર્યું તે જોઈ પરમાશ્ચર્ય પામી અમે આપને કોટિ કોટિ વંદન કરીએ છીએ.

હે પ્રભુ ! આપે ક્રોધ સામે ક્રોધ કરીને ક્રોધને જીત્યો તેમ છતાં અક્રોધી ઠર્યા. માન સામે દીનપણાના માનથી માનને જમીનદોસ્ત કર્યો તે છતાં નિર્માની કહેવાયા. માયા સામે સાક્ષીભાવની માયા કરી તેની

છાયા સરખી પણ ન રહેવા દીધી તેમ છતાં નિર્માયી પદ મેળવ્યું અને લોભ સામે શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવાનો લોભ કરી લોભને ભસ્મીભૂત કર્યો તેમ છતાં નિર્લોભી (વીતરાગ)નું ઉત્તમ બિરુદ પ્રાપ્ત કર્યું તે અમને સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

અહો ! એટલું કરવાથી અનેકાનેક ગુણો આપના પવિત્ર ચરણારવિંદમાં આવીને પડ્યા અને આપ પરમ ક્ષમાવંત, પરમ વિનમ્ર, પરમ સરળ, પરમ સંતોષી, પરમ નિઃસ્પૃહ અને પરમ નિર્ભય ગુણોના ધારક બન્યા. વળી હે પ્રભુ ! સમસ્ત પ્રકારની લબ્ધિઓ, સિદ્ધિઓ અને શક્તિઓ આપની દાસીઓ થઈને આપના ચરણકમળમાં આવીને સેવા માટે હાજર થઈ ગઈ, છતાં તેની સામું પણ જોયું નહીં.

હે પ્રભુ ! આવા આપના ઉત્તમોત્તમ ગુણો મને બહુ બહુ પ્રિય છે, મને આકર્ષે છે અને મીઠી મૌનતાના ઈશારાથી મને જાણે કેમ બોલાવતા ન હોય તેવો આભાસ થાય છે. તેથી હે પ્રભુ ! હું પણ આપના ગુણોથી આકર્ષાઈ મારું સર્વસ્વ અર્પણ કરી આપના ચરણકમળમાં સેવા માટે હાજર થઈ સ્થિર રહું એવી ભાવના રહે છે. આપની સંપૂર્ણ આત્મદશાને પ્રાપ્ત ન થાઉં ત્યાં સુધી આપની આજ્ઞામાં રહી સાચો ઉપાસક થઈ ઉપાસક નામ સાર્થક કરું.

## હે ભગવાન ! આપ તો ગુણગુણના ભંડાર છો.

હે પ્રભુ ! આપના સમસ્ત અપૂર્વ ગુણોનું યથાર્થ વર્ણન મહાન લબ્ધિઓને વરેલા મહાન યોગીશ્વરો કે દેવતાઓના ઈન્દ્રો ક્યારેય પણ કરી શક્યા નથી; જેમ પ્રલયકાળને લીધે સમુદ્રનું પાણી ખસી જાય અને પેટાળમાં રહેલો અમૂલ્ય તેજસ્વી રત્નોનો સમૂહ જે ખુલ્લો થાય, તે કોઈથી માપી શકાતો નથી તેમ હે નાથ ! આપના સદાય દેદીપ્યમાન ગુણોના ભંડારને માપવાને કોઈ જ સમર્થ નથી. કેમ કે આપ તો ઉત્તમ ગુણરત્નોના સમુદ્ર છો, તે સમુદ્રનો પાર કોણ પામી શકે ?

શાંત ચૈતન્યમૂર્તિ પરમકૃપાળુ **શ્રીમદ્ રાજચંદ્રજી** પોતાના "અપૂર્વ અવસર" નામની અમરકૃતિની ૨૦મી ગાથામાં અમૃતવચનો પ્રકાશે છે કે :–

**'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.'**

જે અચિંત્ય જ્ઞાનાદિ અનંત ગુણોના સમૂહથી શોભતું પરમપદ, પરમાત્મસ્વરૂપ શ્રી સર્વજ્ઞ ભગવંતે પોતાના કેવળજ્ઞાનમાં દીઠું, તે પદનું વર્ણન અપૂર્વ વચનયોગના ધારક એવા ખુદ સર્વજ્ઞ શ્રી તીર્થંકર પ્રભુ પણ પૂર્ણપણે કહી શક્યા નહીં, તો તેવા ચિંતનાતીત, વચનાતીત,

ગુપ્ત ચમત્કારરૂપ સ્વરૂપને બીજા કોઈ છદ્મસ્થની વાણી કેમ વર્ણવી શકે ? કેમ કે તે સર્વોત્તમ પદનું સંપૂર્ણ જ્ઞાન માત્ર અનુભવગોચર છે.

તો હે પ્રભુ ! હું અલ્પજ્ઞ, મંદમતિ આપના અદ્‌ભુત ગુણોનો પાર કેમ પામી શકું ? હે ગુણના સમુદ્ર, ગુણ ગુણના ભંડાર, દિવ્ય તેજસ્વી ગુણોના ધર્તા ! મને આપના પ્રગટ ગુણો જોઈને બહુમાન થાય છે. તે સર્વ ગુણો મને અત્યંત અત્યંત પ્રિય છે, ઈષ્ટ છે. હે કૃપાળુ ! પરમ કૃપા કરી, ઉપકાર કરી આપના અપૂર્વ, દિવ્ય, અલૌકિક અને અદ્‌ભુત ગુણોનું સિંચન આ આત્મામાં કરતા જશો એવી આ દીન પામરની વિનંતિ છે.

વળી હે પ્રભુ ! આત્મપ્રભુની સહજ અપૂર્વશાંતિ અને શીતળતા પુદ્‌ગલના પરમાણુઓને પણ કેવા પલટાવે છે તે જ્ઞાન પણ આપ પ્રભુએ અનુગ્રહ કરી કરાવ્યું છે. એક તો તે કર્મોનો સંહાર કરે છે, નાશ કરે છે. બીજું તેના બળથી દેહનાં અશુભ પરમાણુઓનો નાશ થઈ, પરમ શુભ, ઉત્તમોત્તમ, પરમ શ્રેષ્ઠ, પરમ તેજોમય, પરમ કાંતિમય પરમાણુઓ ગ્રહાય છે, આ કારણે હે પ્રભુ, આપ પરમ કાંત છો.

હે નાથ ! આપનો આ ઉત્તમ ગુણ મને બહુ બહુ પ્રિય છે, ઇષ્ટ છે. આપનું આ બાળક તે ગુણનો ઇચ્છુક છે. આપની કૃપાથી તેની પ્રાપ્તિ જલદી જલદી થાય એવી ભાવના છે તે આપના અનુગ્રહથી સિદ્ધ થાઓ એ જ માંગુ છું.

**હે ભગવાન ! આપ પરમ ધીર છો, પરમ વીર છો.**

હે પ્રભુ ! આપના ધીરજ અને વીરતાના ગુણોનું હું શું કીર્તન કરું ? આપે સંસારમાં રહીને સંસારને છેદ્યો તે એક મોટું આશ્ચર્ય છે.

સંસારના વિષમમાં વિષમ ઉદયકાળો અને પરિબળો સામે આપ એકલા હાથે વીરતાથી ઝઝુમ્યા અને સફળતાને વર્યા એ તો વળી વિશેષ આશ્ચર્ય ઉત્પન્ન કરે છે.

આપે મનુષ્ય, દેવ, તીર્યંચકૃત ભીષણ ઉપસર્ગો અને ડાંસ, મચ્છર, ક્ષુધા, તૃષા આદિ ભયંકર પરિષહોને અદ્ભુત ધૈર્ય અને સમતાથી વેદી તેમને કેવળ નિઃસત્ત્વ કર્યા, ક્યાંય પણ અધીરજ કે અસમતા, ખેદ કે ગ્લાનિનો અંશ પણ રહેવા ન દીધો એ આપ ભગવંતનું અદ્વિતીય પરાક્રમ અને નિર્ભયપણું મારા હૃદયમાં સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

સામાન્ય જીવો તો કર્મોના સામાન્ય ઉદય સમયે પણ ક્ષોભ પામી સ્થિરતા રાખી શકતા નથી, જ્યારે આપે વિકટમાં વિકટ સંજોગો વચ્ચે પરમ ધૈર્યવંત અને વીર્યવંત રહીને આત્મસ્થિરતા, આત્મશાંતિ અને આત્મસમાધિના દુર્ગની એક કાંકરી સરખી પણ ખરવા ન દીધી એ કાંઈ ઓછું વિસ્મયજનક નથી.

હે પ્રભુ ! એવી રીતે આપે કર્મદળના ભેત્તા થઈ,

કર્મશત્રુઓના કાળ બનીને કાળને જ કિંકર કર્યો, પરમ વૈરાગી અને પરમ શુક્લધ્યાની થઈને, કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ સુખ અને કેવળ વીર્ય સંપૂર્ણપણે પ્રગટ કરીને, પૂર્ણ વીતરાગ થઈ, શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી મુક્તિસુંદરીને વર્યા. અહો આશ્ચર્ય ! અહો આશ્ચર્ય !!

હે કૃપાળુ નાથ ! આપના એ સર્વોત્તમ ગુણો મને બહુ બહુ પ્રિય છે, ઇષ્ટ છે. હું તે ગુણોનું સાચા મનથી સન્માન કરું છું. હે નાથ ! આ જીવ તો જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય કર્મોની જાળમાં સપડાયો છે અને ખૂબ પામર, દીનહીન અને નિર્વીર્ય થયો છે. તે હવે તેનાથી છૂટવા આપ પ્રભુજીના શરણે આવ્યો છે તો પરમકૃપા કરી, સાથ આપી, આપના ધૈર્ય અને વીરતાના ગુણોનું દાન કરી આ પામરને જલદી જલદી છોડાવશો એ જ આ રંકની વિનંતિ છે. હે પ્રભુ, આ રંક સેવકની એ વિનંતિ માન્ય રાખશો.

**હે ભગવાન ! આપ પરમ શાંત છો,**

**પરમ કાંત છો.**

હે પ્રભુ ! શાંતિને સમતાને આપનાર આપનો અદ્ભુત બોધ સ્મરણમાં આવે છે. આપે સંસારસુખના અભિલાષી જીવોને બોધ કર્યો કે "હે જીવો, સમજો. રાગદ્વેષની પરિણતિથી વિરામ પામો, વિરામ પામો. પ્રમાદ

છોડી જાગ્રત થાઓ, જાગ્રત થાઓ !" સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષના પરિણામો આત્માની સહજ શાંતિને હરી લે છે. કષાયભાવો સ્વભાવથી ઉષ્ણ હોઈ તે આત્માના સહજ શીતળ સ્વભાવને ઉષ્ણ કરે છે. આત્માને અશાંતિ ઉપજાવી અકળાવે છે, મુંઝવે છે, અને વીતરાગતા શાંત સ્વભાવ પ્રગટ કરી પરમ શાંતિનો નિરંતર અનુભવ કરાવે છે. માટે એ વિભાવ પરિણામને ભાવસંયમ પ્રાપ્ત કરાવી શાંત કરો, શાંત કરો અને બરફની પાટ પાસે બેઠા હોઈએ અને શીતળતા અનુભવીએ એવી આત્માની સહજ સ્વાભાવિક શીતળતાનો અનુભવ કરાવો, અનુભવ કરાવો.

પરંતુ પ્રભુ ! મેં આપનાં અમૂલ્ય વચનોને લક્ષમાં લીધા નહીં, આપના ચીંધેલા માર્ગને ઓળખ્યો નહીં અને હું ભ્રાંતિથી અશાંતિને જ શાંતિ માની વર્ત્યા કર્યો છું તે હવે આપની કૃપાથી સમજાય છે. હવે બરાબર સમજાય છે કે સંકલ્પ-વિકલ્પ એ જ આકુળતા વ્યાકુળતા છે અને આકુળતા એ જ અશાંતિ છે.

હે પ્રભુ ! આપે તો પરમ આશ્ચર્યકારક આત્મવીર્ય પ્રગટાવી, વિષમ ઉદય કાળો સામે પડી, કર્મોને બાળી પ્રજાળી, રાગદ્વેષની શ્રૃંખલાને તોડી ફોડી, પરપરિણતિને ભસ્મ કરી આત્માની અપૂર્વશાંતિ, અપૂર્વ શીતળતા પ્રગટ કરી છે. આપનું એ અદ્‌ભુત પરાક્રમ પરમ આશ્ચર્ય ઉપજાવે છે.

## હે ભગવાન ! આપ પરમ ગંભીર છો, પરમ ઉદાર છો.

હે પ્રભુ ! આપ અનંત લબ્ધિઓના ધર્તા છો, અનંત સિદ્ધિઓના સ્વામી છો, અનંત શક્તિઓના ધારણહાર છો. આપનું અનંતુ જ્ઞાન છે, અનંતુ દર્શન છે, અનંતુ સુખ છે, અનંતુ વીર્ય છે. એવી રીતે આપ અનંત અનંત ગુણોના નિધિ છો તેમ છતાં આપ કેવા સાગર જેવા ગંભીર છો તે જોઈ અમને પરમ આશ્ચર્ય થાય છે. આટલા બધા સર્વોત્કૃષ્ટ ગુણોને આપે અંતરમાં કેવા સમાવી દીધા છે કે કોઈ કળી પણ ન શકે !

આપ પ્રત્યેક જીવ સંબંધી સમયે સમયે શું બન્યું, શું બને છે અને શું બનશે એવી ત્રણ કાળની વાત જાણી દેખી રહ્યા છો. કોણ ભવ્ય છે, કોણ અભવ્ય છે, કોણ ક્યારે મોક્ષને પ્રાપ્ત થશે, કોણ કેટલા ભવો કરશે અને કેટલા દુ:ખ પામશે એ આદિ સમસ્ત પ્રકારનું સંપૂર્ણ જ્ઞાન આપ ભગવંત ધરાવો છો છતાં એ સર્વને અત્યંત ગુપ્તપણે અંતરમાં ગોપવી રહ્યા છો એ આપની કેવી અદ્‌ભુત ગંભીરતા છે !

હે પ્રભુ ! કોઈ ભવ્ય જીવ આપનામાં પ્રેમ લાવી, શ્રદ્ધા કરી, આપને શરણે આવી, આપની આજ્ઞાનું આરાધન કરી આપની રિદ્ધિસિદ્ધિની માંગણી ન કરે ત્યાં સુધી આપ પરમ ઉદાર અને દાનેશ્વરી હોવા છતાં લેશ પણ

દાન કરતા નથી અને પરમ ગંભીર રહો છો એ એક અદ્‌ભુત રહસ્ય છે. આપે તો અબાધિત સિદ્ધાંત આપ્યો છે કે ભગવાનમાં પ્રેમ કરો, શ્રદ્ધા કરો, ભગવાનની આજ્ઞા આરાધો પછી પ્રાર્થનામાં જે માગશો તે મળશે.

હે પ્રભુ ! આપ કેવા ઉદાર છો ? આપે આપના અમૂલ્ય ગુણરત્નોનો અખૂટ ભંડાર સદા ખુલ્લો જ રાખ્યો છે. જે કોઈ યોગ્યતા મેળવી આપની પાસે માગે છે, તેને આપ તેની યોગ્યતાનુસાર દાન કર્યા જ કરો છો, ક્યારે પણ અટકતા નથી, થાકતા નથી અને તે એટલે સુધી કે આપ આપના સર્વે અદ્‌ભુત ગુણોનું દાન કરો છો અને લેનારને આપના જેવો જ સમૃદ્ધ બનાવો છો. દાન લેનાર અનેકાઅનેક હોવા છતાં આપનો ભંડાર કદી ખાલી થતો નથી પણ સદાય ભરપૂર જ રહે છે. આ પણ એક ન સમજાય તેવું આશ્ચર્ય છે.

હે પ્રભુ ! આપ તો ખરેખર કલ્પવૃક્ષ છો. "અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું (પરમાત્મરૂપ) સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૯૩૬)

હે પ્રભુ ! આપનું વચન છે કે જગતમાં સ્વભાવથી સિદ્ધ સમાન એવા બિચારા અભવ્ય જીવો પણ ઘણા ઘણા છે જેઓ કદી આ દુઃખથી પીડિત અને ભયાકુળ

સંસારનો અંત લાવી મોક્ષને પ્રાપ્ત થવાના નથી અને અનંતકાળ સુધી ચારે ગતિઓમાં ભટકવાના છે. તો પછી શું એમ હશે કે તેઓ ક્યારેય પણ આપ ભગવંતમાં સાચો પ્રેમ અને સાચી શ્રદ્ધા કરી શકતા નથી અને સાચા મનથી આપનું અનન્ય શરણ સ્વીકારી શકતા નથી તેથી તેઓ અભવ્ય રહે છે ? હે પ્રભુ ! આપના જ્ઞાનમાં દેખાતું હોય તે સત્ય છે.

હે સર્વજ્ઞદેવ ! આપની કૃપાથી આપના ધૈર્ય, ગંભીરતા અને ઉદારતા એ ત્રણે ગુણો અને તેનું રહસ્ય મને સમજાયું છે, કે કોઈપણ જીવ આપની અને આપના પવિત્ર ધર્મની સત્ય સ્વરૂપે શ્રદ્ધા કરી આપને શરણે ન આવે ત્યાં સુધી મૌનપણે ગંભીર રહી ધીરજ રાખો છો. ગમે તેટલો વિલંબ થાય અને કાળ વ્યતીત થાય તો પણ અખૂટ ધીરજનો લેશ પણ ન્યૂન થતો નથી. આપનું શરણ સ્વીકાર્યા પછી આપ આપના ભક્તનું રક્ષણ કરો છો ને તેની સર્વ માગણીઓને સંતોષો છો. છેવટે આપનું સર્વસ્વ આપી દઈ તેને આપના સમાન સમર્થ કરો છો.

હે પ્રભુ ! આ આપના રહસ્યયુક્ત ગુણોનું સાચું જ્ઞાન આપે કરાવ્યું તેથી હું આપનો ખરા અંતઃકરણપૂર્વક ખૂબ ઉપકાર માનું છું અને આપને અત્યંત ભક્તિભાવથી કોટિ કોટિ વંદન કરું છું. તે અદ્‌ભુત જ્ઞાનનો સંપૂર્ણ લાભ મારે લેવો જ છે અને તે માટે હું પ્રમાદનો ત્યાગ કરું છું, આપનું શરણ અને રક્ષણ મેળવી, આપની કૃપા

અને અનુગ્રહને પામીને હું પુરુષાર્થી થઉં.

હે પ્રભુ ! સાથ આપી મારા પુરુષાર્થને એવો વેગ અપાવજો કે જેથી હું આત્મવિકાસની સીડી જલદીથી ચઢી શકું અને પરમ પવિત્ર અને પરમ પાવનકારી આપના ચરણકમળ સમીપ રહી આપની સેવાનો ઉત્તમ લાભ મેળવી શકું.

હે પ્રભુ ! આપ તો પરમ ગુરુ છો તો સમયે સમયે જ્ઞાનદાન કરતા રહેશો, ભૂલ થતી હોય ત્યાં ચેતાવી બચાવશો. વળી હે પ્રભુ ! આપ પરમ વૈદ્ય છો. તો મારા રાગ, દ્વેષ ને અજ્ઞાનરૂપ ત્રિદોષને અનુપાન સહિતના ઔષધથી નિવારશો ને મને વીતરોગ બનાવી વીતરાગ કરશો. એ જ મારી ભાવના છે, અભિલાષા છે, માગણી છે, કૃપા કરીને તે પૂર્ણ કરશો.



## પૂરક વચનામૃત

# જ્ઞાનીના આશ્રયે મનુષ્યદેહની સાર્થકતા

"દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો. જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષના આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મ-જરા-મરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મ-જરા-મરણાદિનો નાશ કરી શકે, કેમ કે તે યથાસંભવ ઉપાય છે. સંયોગસંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે, કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૬૯૨)

# ભગવાનની ભક્તિનું સ્વરૂપ...





"ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે."

(પત્રાંક ૨૦૧)

★

"કોઈક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે, અને આજ્ઞાશ્રિતપણું અથવા પરમપુરુષ સદ્‌ગુરુને વિષે સર્વાર્પણ શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે."

(પત્રાંક : ૬૯૩)

★

"ભક્તિ જ્ઞાનનો હેતુ છે, જ્ઞાન મોક્ષનો હેતુ છે."

(પત્રાંક ૫૩૦)

**શ્રીમદ્‌ રાજચંદ્ર**

★

ભક્તિનું બળ સંસારનાં વિપરીત પરિબળોને નિર્બળ કરે છે; આત્માને ઉજ્જવળ કરી નિર્મળ કરે છે.

**ભક્તિની શક્તિ અનુપમ છે.**

**તે શક્તિની સીમા અમર્યાદ છે.**

**અમર્યાદ શક્તિ મુક્તિનું દાન દે છે.**

# ભગવાનની ભક્તિનું સ્વરૂપ...

શ્રવણ, કીર્તન, પૂજન, અર્ચન આદિ નવધા ભક્તિના નામે ઓળખાતા નવ પ્રકાર પ્રસિદ્ધ છે. તેની પાછળ તેના હાર્દમાં રહેલ અંતર્ગત ભાવોનું મૂલ્ય અમૂલ્ય છે અને સર્વ સિદ્ધિને આપનાર છે. ભક્તિનું સ્વરૂપ સદ્ગુરુ - ગમે સમજવા યોગ્ય છે. એ જ્ઞાની ભગવંતના વિધાનના મૂળમાં જે રહસ્ય વાત છુપાયેલી છે તે માત્ર અંતર્ગત ભાવો અને તેના આરાધન સંબંધે છે. તે જણાવી તેની વ્યાખ્યા કરતાં પહેલાં, જેને સ્વાત્મકલ્યાણની પ્રાપ્તિ અર્થે સાધના કરવાની તીવ્ર જિજ્ઞાસા વર્તે છે, તેણે શું કરવું, કયા ક્રમથી ચાલવું તે બતાવનાર શ્રેણિ પરમ કૃપાળુ આત્મજ્ઞ **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પત્રાંક ૧૨૮માં અદ્ભુત શૈલીથી માગણીરૂપ વચનો દ્વારા પ્રકાશિત કરી છે, તે માર્ગદર્શકરૂપ અપૂર્વ બોધવચનો આ રહ્યાં :–

"ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું;

તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી."

સહજ વિચારથી સમજાશે કે સૌથી પ્રથમ ઉત્તમ વસ્તુની જિજ્ઞાસા બતાવી, અને તેના અભાવમાં તેની પ્રાપ્તિ થવા અર્થે અતિ ઉપકારી ભાવદશાની ઇચ્છા વ્યક્ત કરી છે; એમ ઉત્તરોત્તર કરવામાં આવ્યું છે. મોક્ષાભિલાષીએ ઠેઠ નીચેના પગથિએથી શરૂ કરી ઉપર ચઢતા જઈ અંતિમ શ્રેષ્ઠ ધ્યેય સુધી પહોંચવાનું છે એવો નિર્દેશ કર્યો.

પ્રથમ કહ્યું કે ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી, અર્થાત્ સહજ સ્થિર સ્વભાવરૂપ અથવા ક્ષાયકભાવવાળી આત્મદશા જોઈએ છે. તે ક્યારે આવે ? તે જણાવવા માટે ત્યાર પછીનાં વચનો કહે છે, કે જ્યારે અમુક કાળ સુધી દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, મન, વચન, વિકલ્પ આદિથી પર એવી સ્વભાવ સ્થિરતારૂપ આત્મદશા અથવા સ્વાનુભૂતિ સ્વરૂપ શૂન્યાવસ્થા સંપ્રાપ્ત થાય ત્યારે ઉત્કૃષ્ટ ધ્યેય સુધી અંતમાં પહોંચી શકાય છે. તે સ્વાનુભવરૂપ સમ્યક્દર્શનની પ્રાપ્તિનો અપૂર્વ લાભ સંત કે સત્પુરુષના સમાગમના નિમિત્તથી મળે છે, તે કારણે તેવી માગણી કરી. સંતની સાચી ઓળખાણ

સત્સંગના આરાધનથી થાય છે અને આત્મકલ્યાણના હેતુની સિદ્ધિનું રહસ્ય પણ સત્સંગના યોગે પ્રાપ્ત થાય છે, તેથી સત્સંગ માટેની માગણી કરી. પાપથી નિવર્તવારૂપ સદાચારના સેવન વિના સત્સંગ ફળવાન થતો નથી, તેથી આર્યાચરણ માટે ઇચ્છારૂપ માગણી કહી; અને સદાચારનું સેવન જિનભક્તિ એટલે જિનભગવંત અને તેમને પ્રકાશેલાં ધર્મવચનોમાં પ્રેમ અને શ્રદ્ધા આવ્યા વિના થઈ શકતું નથી, તેથી જિનભક્તિમાં શુદ્ધ ભાવ રાખી લીન થવાની માગણી કરી.

જે જિજ્ઞાસુ જીવને મહત્ પુણ્યનો ઉદય હોય, તેને પોતાના પૂર્વના શુભ ઋણાનુબંધી સંતપુરુષ કે સત્પુરુષનો સમાગમયોગ સુલભપણે આવીને મળે છે, તેમની ઓળખાણ તથા પ્રતીતિ સહજતાએ થાય છે અને તેના શુભ પરિણામે તેમની ભક્તિને પ્રાપ્ત થવાથી તે ભાગ્યવંત જીવનું પરમાર્થ માર્ગમાં પ્રવેશવું અને પ્રયાણ કરવું જલદીથી થાય છે.

હવે જે ભક્તિ જ્ઞાનનો હેતુ છે અને જ્ઞાન મોક્ષનો હેતુ છે, તે ભક્તિનું સત્ય સ્વરૂપ સમજીએ; અને તે સ્વરૂપ સમજવાથી સાથે સાથે પરમ કૃપાળુ **શ્રીમદ્ રાજચંદ્રજી**નાં "મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે" (પત્રાંક ૩૮૦) એ વચનો પ્રતીતરૂપ થશે.

જેનો પરંપરાએ રૂઢીગત અર્થ જીવના જાણવામાં છે એવા રૂડા "ભક્તિ" શબ્દમાં પરમ હિતકારી ત્રણ ભાવો

અંતર્ગત રહ્યા છે : (૧) પ્રેમ (૨) શ્રદ્ધા અને (૩) અર્પણતા. આ ત્રણે આત્માના અલૌકિક ગુણો છે. જીવ એ ત્રણેનો અશુદ્ધ ઉપયોગ તેના સંસારી જીવનવ્યવહારમાં કરતો આવ્યો છે ને કરે છે, તે ઉપયોગને શુદ્ધતા પ્રત્યે વાળવાથી પરમાર્થલાભની પ્રાપ્તિ થાય છે.

પ્રેમ એ જીવનો સહજ ગુણ છે, ઈશ્વરી બક્ષિસ છે, સત્‌ના અનુગ્રહની દિવ્ય પ્રસાદી છે. તેનું ઉત્પત્તિ ક્ષેત્ર પવિત્ર હૃદય છે અને તેના આવિર્ભાવનું સ્થાન નેત્ર છે, નેત્રમાંથી નીતરતો અમીરસ તે જ શુદ્ધ પ્રેમનું પ્રતીક છે.

શ્રદ્ધા એ પણ જીવનો સ્વાભાવિક ગુણ છે, પ્રભુએ બક્ષેલી દિવ્ય શક્તિ છે, તળેટીથી પર્વતના શિખર સુધી સુગમતાએ પહોંચાડનાર પ્રકાશ જ્યોતિ છે, નિર્બળને બળ આપનાર સબળ પદાર્થ છે.

જ્યાં પ્રેમ છે ત્યાં શ્રદ્ધા છે; શ્રદ્ધા છે ત્યાં પ્રેમ છે. પ્રેમને ટકાવનાર, ઉજ્જવળ રાખનાર અને સાથેને સાથે રહેનાર જે પદાર્થ છે, તે શ્રદ્ધા છે. પ્રેમ અને શ્રદ્ધા એક જ સિક્કાની બે બાજુઓ છે.

**શ્રી હેમચંદ્રાચાર્યકૃત "પ્રાકૃત વ્યાકરણ"માં** ભક્તિને શ્રદ્ધા કહી છે. આચાર્ય સમંતભદ્રે "સમીચીન ધર્મશાસ્ત્ર"માં ભક્તિ અને શ્રદ્ધા એકાર્થ વાચક કહ્યા છે. અરહંત, આચાર્ય, શ્રીગુરુ અને પ્રવચનમાં ભાવવિશુદ્ધિયુક્ત અનુરાગ એટલે પ્રેમ એ જ ભક્તિ છે, એમ શ્રી પૂજ્યપાદસ્વામી

કહે છે; તેઓ તો એટલે સુધી ઉપદેશ વચન પ્રકાશે છે કે શ્રી જિનદેવની મુખમુદ્રાના દર્શન માત્રથી જીવ આત્મજ્ઞાન પામી મુક્તિરૂપી લક્ષ્મી મેળવે છે.

**શ્રી કુંદકુંદાચાર્ય "મોક્ષપ્રાભૃત"** ગાથા **૫૨**માં કહે છે કે "દેવ અને ગુરુની ભક્તિ કરનાર સાધર્મીઓ પ્રત્યે તથા સંયમી જ્ઞાનીપુરુષ પ્રત્યે પ્રેમ રાખનારા તથા સમ્યક્ત્વને ધારણ કરનારા યોગી ધ્યાનમાં લીન થાય છે."

આચાર્યદેવોનાં ઉપરોક્ત વચનોથી સ્પષ્ટ થશે કે ભક્તિ શબ્દમાં પ્રેમ અને શ્રદ્ધાના ભાવો અપેક્ષિત છે જ. શ્રદ્ધા વિનાનો પ્રેમ પાંગળો છે અને પ્રેમ વિનાની શ્રદ્ધા આંધળી છે, માટે જ કહ્યું કે સાચો પ્રેમ અને સાચી શ્રદ્ધા સાથે રહેવાના સ્વભાવવાળા અને પરસ્પર બળ આપી સહાયભૂત થનારા ઉત્તમ ગુણો છે. જ્યારે પ્રેમ પાંગરે છે, ત્યારે શ્રદ્ધા પણ વિકસે છે; જેમ જેમ શ્રદ્ધા ઉચ્ચતર સ્તરને પ્રાપ્ત થતી જાય છે, તેમ તેમ પ્રેમામૃતનું શાંતિદાયક ઝરણ નિરાવરણપણે વેગથી વહે છે અને બંને સંપથી સાથે મળી જંપ વિના આવરણ-અંતરાયોને તોડે છે.

પ્રેમ અને શ્રદ્ધાનું શુદ્ધ અને સત્ય સ્વરૂપ આગળ કહેવામાં આવશે; દરમ્યાન અહીં પ્રેમ અને રાગના અર્થોમાં શું તફાવત છે તે અવલોકી જવાનું ઉચિત જણાશે.

પ્રેમ એ પરમ મિત્ર છે. રાગ વા સ્નેહ એ ગુપ્ત શત્રુ છે. પ્રેમ અનાસક્તિનો દ્યોતક છે; રાગ આસક્તિનો

પોષક છે. પ્રેમ નિઃસ્વાર્થ અને નિસ્પૃહ છે; રાગ સ્વાર્થી અને સ્પૃહાવાળો છે. પ્રેમ કર્મબંધનથી છોડાવે છે; રાગ કર્મબંધને આકર્ષે છે. પ્રેમ ભવકટ્ટી કરવામાં કુશળ છે; રાગ ભવવૃદ્ધિ કરવામાં સફળ છે. પ્રેમ ચારિત્રનું ઘડતર કરે છે; રાગ ચારિત્રને નડતર કરે છે. પ્રેમ પરનો ભોગ આપવા નિરંતર તત્પર છે; રાગ પરનો ઉપભોગ કરવા સતત અનુરક્ત રહે છે. પ્રેમ અમૃતસ્વરૂપ છે; રાગ વિષસ્વરૂપ છે. પ્રેમ સ્થિર સ્વભાવી છે; રાગ અસ્થિર સ્વભાવી છે.

ભક્તિમાં સમાવેશ પામતા પ્રેમ અને શ્રદ્ધાના ભાવો જોયા પછી અંતર્ગત "અર્પણતા"ના ત્રીજા ભાવ પ્રતિ વળીએ. પ્રેમ અને શ્રદ્ધાનું પ્રાપ્ત ફળ તે અર્પણતા. વ્યવહાર દૃષ્ટાંતે પણ વિચારથી સમજાશે કે જ્યાં પ્રેમ (રાગ) અને શ્રદ્ધા છે ત્યાં અર્પણતાનો જન્મ સહજ થાય છે; પતિ-પત્નીના સંબંધે જુઓ કે પિતા-પુત્રના સંબંધે જુઓ, ધનોપાર્જન વેળાની સ્થિતિ સંબંધે જુઓ કે આપત્તિની કસોટી વેળાએ બચાવી શકે એવી વ્યક્તિ પ્રત્યેના પોતાના ભાવો સંબંધે જુઓ તો દરેક સ્થળે પ્રેમ (રાગ)-શ્રદ્ધા-અર્પણતા જ જોવા મળશે. વ્યવહારમાં આ સ્થિતિ હોવાને લીધે તેને "સંસાર ભક્તિ" કહેવામાં આવે છે.

જેમ જેમ પ્રેમ અને શ્રદ્ધા વધે છે એટલે નિર્મળ થઈ શુદ્ધતા તરફ જાય છે, તેમ તેમ અર્પણતા વિકસે છે, ખીલે છે અને તેની ઉપકારિતા પ્રગટતાએ અનુભવાય છે.

અર્પણતા એટલે આજ્ઞારાધન, આજ્ઞાંકિતપણું, સ્વેચ્છાનો ત્યાગ અથવા ઇચ્છાની સોંપણી. અર્પણતા એટલે મન, વચન, કાયા અને તેમની પ્રવૃત્તિઓ પરત્વે અહંતા મમતાનો ત્યાગ. અર્પણતા એટલે પોતાના બાહ્ય સ્વરૂપી વ્યક્તિત્વનો હ્રાસ.

આ રીતે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા એ ત્રણની ત્રિપુટી એટલે ભક્તિ, એ ત્રણની એકતા એટલે ભક્તિ અને પરમાર્થે એ ત્રણ શુદ્ધ ગુણોનો ત્રિવેણી સંગમ એટલે અગમ અને અગોચર એવા સનાતન સત્યસ્વરૂપનો, દિવ્ય જ્યોતિથી સદા પ્રકાશિત અલૌકિક પદાર્થનો અનુભવ. આ પરથી ભક્તિ એ મોક્ષનો હેતુ છે એ પણ સ્પષ્ટ થશે.

અધ્યાત્મ પ્રેમીની પ્રાથમિક ભૂમિકામાં તે ભક્તિ એટલે પ્રેમ-શ્રદ્ધા-અર્પણતા શ્રી જિનેશ્વર ભગવંત પ્રત્યે કરવાના હોય છે અને જે વિશુદ્ધ ભાવે કરવાથી યોગ્યતા આપે છે. સાચા મુમુક્ષુએ આ નીચેનાં વચનો દઢતાપૂર્વક વિચારી અવધારવા યોગ્ય છે.

"પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીઓ જો કે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં; એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં; પરંતુ હાલ જે પ્રત્યક્ષજ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે. જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં, પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે." (પત્રાંક ૪૬૬)

"પૂર્વે થઈ ગયેલા મોટા પુરુષનું ચિંતન કલ્યાણકારક છે; તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી; કારણ કે જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી સમજાતું. પ્રત્યક્ષજોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ, અને તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષ ચિંતનનું ફળ મોક્ષ હોય છે. કારણ કે **મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.** મોક્ષે ગયા છે એવા (અર્હંતાદિક) પુરુષનું ચિંતન ઘણા કાળે ભાવાનુસાર મોક્ષાદિક ફળદાતા હોય છે. સમ્યક્ત્વ પામ્યા છે એવા પુરુષનો નિશ્ચય થયે અને જોગ્યતાના કારણે જીવ સમ્યક્ત્વ પામે છે." (પત્રાંક ૨૪૯)

"પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે. એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે. પરમમહાત્મ્યા ગોપાંગનાઓ મહાત્મા વાસુદેવની ભક્તિમાં એ જ પ્રકારે રહી હતી; પરમાત્માને નિરંજન અને નિર્દેહરૂપે ચિંતવ્યે એ લય આવવી વિકટ છે, એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાની પુરુષનાં સર્વ ચરિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્માનો ઐક્યભાવ હોય છે; અને એ જ પરાભક્તિ છે. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો

પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્યમૂર્તિ – જ્ઞાનીરૂપ પરમાત્માની – ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે. આ વિષે શ્રીમદ્‌ભાગવતમાં, ભગવદ્‌ગીતામાં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ પ્રશંસ્યો છે; અધિક શું કહેવું ? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠી મંત્રમાં "નમો અરિહંતાણં" પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે; એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે."

(પત્રાંક ૨૨૩)

**શ્રીમદ્‌ રાજચંદ્ર**

જે શ્રી જિનદેવની અને તેમનાં વચનોની શ્રદ્ધાયુક્ત ભક્તિથી શમ, સંવેગ, સરળતા, નમ્રતાદિ ગુણો પ્રગટાવી આત્મજ્ઞાનની પ્રાપ્તિનો સાચો જિજ્ઞાસુ થયો છે, તેને ઉપરનાં વચનોનો ગંભીર, કલ્યાણકારક આશય યથાર્થતાએ લક્ષગત થઈ સમજાય છે. તેના આત્મામાં જ્ઞાનીપુરુષના પરમોપકારી સમાગમયોગની તીવ્રેચ્છા રહ્યા કરે છે; અને તેની ઝંખના અને લય પ્રબળતાએ પહોંચે છે ત્યારે

પૂર્વના પરમાર્થ પુણ્યનો ઉદય સંપ્રાપ્ત થતાં કોઈ ધન્ય કાળે અને ધન્ય ક્ષેત્રે પોતાના પૂર્વના શુભ ઋણાનુબંધી જ્ઞાનીપુરુષ કે સત્પુરુષના સમાગમનો સુયોગ થાય છે. તે જીવ તે પુરુષને ગુણ લક્ષણથી ઓળખી લે છે, તેમના પવિત્ર ચરણકમળનો આશ્રય સ્વીકારે છે અને તન-મનથી આત્મભાવે તેમની પ્રેમ-શ્રદ્ધા-અર્પણતાવાળી ભક્તિમાં જોડાઈ કલ્યાણ પ્રાપ્ત થઈ વીતરાગ માર્ગમાં આગળ વધે છે; અને પછી તો શ્રી ગુરુદેવની સર્વ ઋદ્ધિસિદ્ધિ મેળવવી જ છે એવો અંતરંગ દૃઢ નિશ્ચય પ્રકાશતો હોવાથી આત્મિક બળવીર્યને પ્રબળપણે પ્રગટાવી, ગુરુઆજ્ઞામાં રહી પુરુષાર્થી થાય છે અને ગુરુકૃપા થકી તેમની ઉચ્ચ આત્મદશાને મેળવી ભાગ્યશાળી થાય છે.

આ રીતે ભક્તિમાર્ગ સરળ અને સુગમ છે, સ્વચ્છ અને સુમધુર છે, અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે ફળ દેનાર છે. અબુધ અને અશક્ત પણ તેનો ઉત્તમ લાભ મેળવી શકે છે. આ માર્ગના આરાધકોમાં ક્રિયામાર્ગીઓના અસદ્ અભિમાનને સ્થાને સત્સ્વરૂપી શ્રી સદ્ગુરુ પ્રત્યે નમ્રતાપૂર્વકનું બહુમાન હોય છે, વ્યવહારક્રિયાના આગ્રહને બદલે પ્રેમ-શ્રદ્ધા-અર્પણતા વધારવાનો ઉત્સાહયુક્ત આગ્રહ હોય છે અને સિદ્ધિમોહને સ્થાને આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિ માટેનો ઉમળકાભર્યો મોહ હોય છે. વળી આ આરાધકો જ્ઞાનમાર્ગીઓની જેમ સંદેહશલ્યથી પીડાતા નથી, વિકલ્પોના વંટોળમાં અટવાતા નથી, સ્વચ્છંદાદિ

દોષમાં સપડાતા નથી તેમ પ્રાણને જ હરી લે એવા અતિ પરિણામીપણામાં કદી પરિણમતા નથી, કેમ કે તેમના માથા પર સ્વરૂપનિષ્ઠ સત્પુરુષ સમાન ધીંગધણી વિરાજમાન છે; અને આથી જ "કોઈક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે, અને આજ્ઞાશ્રિતપણું અથવા પરમપુરુષ સદ્‌ગુરુને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૬૯૩)

જ્ઞાન અને ભક્તિ બંનેનું લક્ષ્ય એક જ છે, સ્વાત્મોપલબ્ધિ વા આત્મસિદ્ધિ કરવાનું એટલે મોક્ષનું. જ્ઞાનમાર્ગમાં તર્ક, બુદ્ધિ અને અનુમાન શક્તિની બહુલતા હોય છે; ભક્તિમાર્ગમાં હૃદયમાંથી નિર્ઝરતી પ્રેમ, કરુણા, આર્દ્રતા અને ઉપકારભૂત ભાવભીની લાગણીઓની પ્રબળતા હોય છે. જ્ઞાનમાર્ગ શુષ્ક, કઠણ અને દુરારાધ્ય હોવાથી બહુ થોડા મનુષ્યો તેનો લાભ લઈ શકે છે; ભક્તિમાર્ગ સ–રસ, સહેલો અને ઓછા પરિશ્રમે સાધ્ય થતો હોવાથી ઘણા ઘણા મનુષ્યો તેના આશ્રયથી મોટો લાભ ઉઠાવી શકે છે. જ્ઞાનમાર્ગમાં પોતાને ચાર ઘાતી કર્મોની બેડીઓથી જકડાયેલ પોતાના આત્માનું જ આલંબન લેવાનું હોય છે તેથી કાર્યસિદ્ધિ કઠિનતાથી થાય છે; ભક્તિમાર્ગમાં ભક્તને ચાર ઘાતીકર્મોના બળવાન ક્ષયોપશમથી ઉત્પન્ન બળવતી શક્તિઓના ધારક પરમકૃપાળુ જ્ઞાનીપુરુષ કે સત્પુરુષની

પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ સહાય હોવાથી તેમનો સાથ તથા સહારો છે અને તે કારણે સિદ્ધિની સફળતા સહેલાઈથી થાય છે, જ્ઞાનમાર્ગીને શાસ્ત્રજ્ઞાનની મુખ્યતા હોવાથી શાસ્ત્રાધ્યયનનું મુખ્યપણું હોય છે; ભગવાનરૂપ સત્પુરુષના ભક્તને તેમની અપૂર્વ, એકાંત હિતકારી અને પૂર્વાપર અવિરોધ વાણી એ જ મુખ્યતાએ શાસ્ત્ર સ્વરૂપ છે અને તેથી આજ્ઞા ન મળી હોય ત્યાં સુધી શાસ્ત્રાધ્યયનનું અત્યંત ગૌણપણું છે. જ્ઞાનમાર્ગીને સમાધિના શીતળ સુખ માટે એકાગ્રતા અને ધ્યાનના કઠિન પ્રયોગો કરવા પડે છે; આ પ્રયોગ વેળાએ વિક્ષિપ્ત ચિત્ત વારંવાર અંતરાયો નાંખી હેરાન પરેશાન કરે છે અને અતિ પરિશ્રમ બાદ સફળતા મળે છે; ત્યારે ભક્તને તેવા કોઈ લીનતા થવા માટેના પ્રયોગની જરૂર પડતી નથી; તે "સત્પુરુષની મુખાકૃતિનું હૃદયથી અવલોકન" કરતો હોવાથી તથા "તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્ભુત રહસ્યો" નિહાળતો હોવાથી તેમના ઉત્તમ ગુણો – શાંતિ, સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતા, નમ્રતા, પ્રેમ, વીતરાગતા, કરુણા આદિ-દૃષ્ટિગોચર થતાં અને તે પર વિચાર કરતાં સત્પુરુષ પ્રત્યેનો અત્યંત બળવાન અહોભાવ તેના આત્મામાં ઊઠતાં, વિકસતાં તે સહસા સહજ જ પ્રેમસમાધિમાં આવે છે અને પછી તો તેના ફળરૂપે આત્મસમાધિનો અપૂર્વ લાભ તેને સંપ્રાપ્ત થાય છે. આ પ્રકારે ભક્તિમાર્ગ સરળ અને સહેલો છે. જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ધ્યેય, લક્ષ્ય, પ્રયોજનભૂત હેતુ અને ફળજન્ય અનુભવના અમૃતસ્વાદની અપેક્ષાએ સમાન છે.

અહીં કોઈને વિકલ્પ આવે કે શ્રી જિનેશ્વરદેવ પ્રણીત પવિત્ર જૈનદર્શનમાં સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, ત્યારે પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ, "ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે" એમ જે પ્રતિપાદન કર્યું ત્યાં વિરોધાભાસ નથી ? તેનું સમાધાન આ રીતે વિચારવાથી થઈ જશે.

હવે આપણે જાણીએ છીએ કે ભક્તિ શબ્દમાં પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાના ભાવો અંતર્ગત રહ્યા છે.

વિદ્યમાન સજીવનમૂર્તિ સત્પુરુષમાં પ્રેમ એટલે તેના દેહમાં, પૌદ્ગલિક આકૃતિમાં પ્રેમ નહીં પરંતુ દેહથી ભિન્ન છતાં દેહસ્થિત, લોકોત્તર ઐશ્વર્ય, વૈભવ અને ગુણોથી સુશોભિત, જ્યોતિ સ્વરૂપ, સ્વપર પ્રકાશક આત્મા પ્રત્યે, સનાતન સત્ પ્રત્યે, સત્યસ્વરૂપ પ્રત્યે પ્રેમ અને આદર. આથી જડ અને ચેતન વચ્ચેની વહેંચણી, દેહ અને આત્મા વચ્ચેની સાચી અને યથાર્થ ખતવણી સત્પુરુષમાં પ્રેમ કરવાથી સહજ થાય છે અને તેને જ સાચું જ્ઞાન કહે છે. વળી સત્પુરુષ ઉપદેશવચનથી તે જ વાત જણાવે છે ત્યારે તે સત્યજ્ઞાનની દઢતા થાય છે. આને વ્યવહારથી સમ્યક્જ્ઞાન કહ્યું છે. સત્પુરુષનાં સ્વરૂપ અને વચનોમાં વિશ્વાસ તે શ્રદ્ધા; આ "સાચા પુરુષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે... તેમ જ મોક્ષમાર્ગ હોય..." તેવી આત્મામાં પ્રતીતિ થતાં તેને વ્યવહાર સમ્યક્દર્શન કહે છે.

જ્યારે પ્રેમ અને શ્રદ્ધાની પવિત્ર જોડી બહારની બંધનકારક આસક્તિને ક્રમપૂર્વક તોડીને શુદ્ધતા પ્રત્યે જાય છે અથવા બીજા શબ્દોમાં જ્યારે પ્રેમ ઉજ્જવળ તથા નિર્મળ થતો જાય છે તથા શ્રદ્ધા તેની સાથે સાથે રહી, બળ આપી એકાગ્રપણે પ્રવર્તે છે, ત્યારે "પ્રેમસમાધિ" આવે છે, "પ્રેમસમાધિ" એટલે ભગવાનરૂપ સત્પુરુષના અથવા બોધસ્વરૂપ શ્રીગુરુના સતત સુખમય સ્મરણથી ઉત્પન્ન થતી એકાગ્રતા અને ધ્યાનાવસ્થા પછી એકાગ્ર સ્મરણરૂપ તે ધ્યાનાવસ્થા ટકી રહે તો તેના ફળરૂપે આનંદપ્રદ શૂન્યતા જન્મ પામે છે; આ અનુભવ અદ્‌ભુતતા સર્જવા સમર્થ થાય છે, એટલે કોઈ અતિ શુભ, સુભગ અને ધન્ય પળે સ્વાત્માનુભૂતિ અર્થાત્ નિશ્ચય સમક્તિ અથવા સમ્યક્‌દર્શન થાય છે. ત્યારે આ સમ્યક્‌દર્શનના પ્રભાવથી વ્યવહારથી ગણાતું સમ્યક્‌જ્ઞાન નિશ્ચય સમ્યક્‌જ્ઞાન થઈ જાય છે. બંનેની નિશ્ચયથી ઉત્પત્તિ એક જ સમયે છે. આમ પ્રેમ અને શ્રદ્ધા સમ્યક્ જ્ઞાન-દર્શનની સાથે સંબંધિત છે એટલે તેમની વચ્ચે સામ્યતા છે એ આથી સ્પષ્ટ સમજાશે.

હવે સમજવાનું રહ્યું તે ભક્તિમાં સમાવેશ પામતો ત્રીજો ભાવ અર્પણતા છે. સત્પુરુષમાં પ્રેમ અને શ્રદ્ધા ઉપજી વિકસ્યા પછી તેમના પ્રત્યે ભક્તનો અર્પણ ભાવ જન્મ લે છે, જે કંઈ પોતાનું માનવામાં આવતું હતું, તે સર્વસ્વ શ્રી ગુરુદેવના પવિત્ર ખોળામાં સમર્પણ કરવાનું આત્મભાવે થતું કાર્ય શરૂ થઈ પૂર્ણતા તરફ જાય છે.

જેમ જેમ સત્પુરુષ પ્રત્યેના ભક્તના ભાવો પ્રેમ અને શ્રદ્ધારૂપી ગુફાની ઊંડાણમાં જાય છે અને અર્પણતાનો પ્રકાશ તેને અજવાળી સહાયભૂત થાય છે, તેમ તેમ તે બંને ગુણોની વિશુદ્ધતા વધે છે, દોષોનું જવું અને ગુણોનું પ્રગટવું થાય છે, સૂક્ષ્મ દોષો દેખાવા શરૂ થાય છે, તેના ક્ષય માટેનો પુરુષાર્થ ગુરુઆજ્ઞામાં રહી થાય છે અને વૃત્તિઓ ક્ષીણ થતી જાય છે. આ પ્રમાણે રાગદ્વેષના પરિણામોનું મંદ થવું, ઈચ્છાઓનું ક્ષીણ થવું અને તેનો સંયમ થવો તે વ્યવહાર સમ્યક્ ચારિત્ર છે, આત્મવીર્યની વિશાળતા અને પ્રબળતા પ્રગટ થતાં ભક્ત જ્યારે તે જ પ્રેમ ગુફાની વધુને વધુ ઊંડાણમાં ઉતરે છે, ત્યારે તેનો પવિત્ર અને નિર્મળ આત્મા પોતાના સત્સ્વરૂપના અનન્ય ચિંતન પ્રત્યે સહજ જ વળે છે અને ગુરુઆજ્ઞાના આરાધનના ફળરૂપે તેમની કૃપાથી પોતાના શુદ્ધ સ્વરૂપી ચૈતન્યાત્માનો શુદ્ધ અનુભવ કરવા પરમ ભાગ્યવંત બને છે. આ નિશ્ચય સમ્યક્ ચારિત્ર છે; પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાની એકતારૂપ પરાભક્તિનું પૂર્ણપણે પ્રકાશવું છે; આત્માનું પરમાત્મારૂપ થવું છે; જ્યાં જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા તથા ધ્યાન, ધ્યેય અને ધ્યાતા એકપણે પરિણમે છે, અને અંતમાં આત્મા પરમપદ કે કૈવલ્યપદને પ્રાપ્ત થઈ અનંત અવ્યાબાધ સુખસ્વરૂપ સ્થિતિમાં સર્વકાળને માટે રહે છે.

આથી સિદ્ધ થશે કે ભક્તિ એટલે પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા તથા શ્રી જિનદેવના સિદ્ધાંતમાં પ્રરૂપેલ સમ્યક્-

જ્ઞાન-દર્શન-ચારિત્ર વચ્ચે કોઈ ભેદ નથી, વિષમતા નથી; શબ્દો જુદા જુદા પણ ભાવો એક સરખા સમાન છે.

આગળ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનો જણાવ્યાં તેમ "જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી" અથવા શ્રી સદ્ગુરુ અને પરમાત્મામાં ભેદ નથી; અર્થાત્ જ્ઞાનીપુરુષ એટલે આત્મા, પરમાત્મા, ઈશ્વર. આથી તેમના પ્રત્યે પ્રેમ તે પરમાર્થે સ્વાત્મા પ્રત્યેનો પ્રેમ છે; તેમના પ્રત્યે શ્રદ્ધા તે પરમાર્થે સ્વાત્માની શ્રદ્ધા છે; અને તેમના પ્રત્યે અર્પણતા તે પરમાર્થે સ્વાત્મા પ્રત્યેની અર્પણતા છે, એટલે અહંકાર – મમકાર રહિત તથા કર્તા ભોક્તાના સ્વામીત્વપણા રહિત થઈને અનાસક્તભાવે ઉદયાધીનપણે વર્તવારૂપ અર્પણતા છે.

ઉપરની વાત આકૃતિ દ્વારા જોઈએ.



અહીં જ્ઞાન, દર્શનાદિ આઠ આત્માના ગુણો છે.

 = પ્રત્યક્ષ સત્પુરુષ કે જ્ઞાનીપુરુષ અને તેમાં વચ્ચે બિંદુ છે તે તેમના આત્માના ચિહ્નરૂપે છે.

પ્રેમને જ્ઞાન વચ્ચે બિંદુમાંથી પસાર થતી લીટી દોરો. શ્રદ્ધા ને દર્શન વચ્ચે બિંદુમાંથી પસાર થતી લીટી દોરો. અર્પણતા ને ચારિત્ર વચ્ચે બિંદુમાંથી પસાર થતી લીટી દોરો.

ભક્તનું આત્મવીર્ય સ્ફુરાયમાન થઈ સત્પુરુષમાં પ્રેમ કરવા પ્રત્યે વળે છે, ત્યારે પ્રેમની માત્રા અનુસાર ભક્તના આત્માનો ઉપયોગ સંત્પુંરુષના પવિત્ર આત્મા સાથે ગુપ્તતાએ અનુસંધાન કરે છે, તેમના થકી બળ મેળવે છે અને વિવેકપૂર્વકના સત્યજ્ઞાનનો લાભ પ્રાપ્ત કરે છે. આવી રહસ્યમય ગુપ્ત પ્રક્રિયા થવા પાછળ જે વૈજ્ઞાનિક નિયમ છે, તે જેના જ્ઞાનંમાં હશે, તેને આ પ્રક્રિયા સમજવાનું સુગમ થશે.

તે જ પ્રમાણે ભક્તનું આત્મવીર્ય સત્પુરુષમાં શ્રદ્ધા કરવા તરફ કાર્યશીલ થાય છે, ત્યારે શ્રદ્ધાના બળ અનુસાર તેવી જ ગુપ્ત પ્રક્રિયાથી ઉત્પન્ન થતું ફળ પ્રાપ્ત થાય છે, એટલે સત્યદર્શન થાય છે.

એ જ રીતે ભક્તનું આત્મવીર્ય સત્પુરુષનાં પવિત્ર ચરણોમાં પોતાનું માનેલું સર્વસ્વ અર્પણ કરવા તત્પર થાય છે, ત્યારે અર્પણભાવની સ્થિતિ અનુસાર તે જ

પ્રક્રિયાજનિત ઉત્તમ ફળ મળે છે અર્થાત્ સત્ય ચારિત્રનો લાભ થાય છે. ઘણા ઊંચા પ્રકારની લબ્ધિઓ ને સિદ્ધિઓ અહીં પ્રગટ થાય છે.

સર્વ વીર્ય જ્યારે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાની એકત્રતા અને પૂર્ણતા માટે કામે લાગી જાય છે, ત્યારે અનંત અવ્યાબાધ સુખમાં સ્થિતિ થાય છે.

•

## પૂરક વચનામૃત

## મનુષ્યદેહની દુર્લભતા

"ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો!" (પત્રાંક ૯૩૫)

"હે જીવ ! આ કલેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે."

(પત્રાંક ૫૦૫)

**શ્રીમદ્ રાજચંદ્ર**

# ભક્તિનાં સાધનો અને પ્રાર્થનાક્રમ





પ્રાર્થના એ અલૌકિક તત્ત્વ પામવાનું ઉત્તમ સાધન છે. તેનું ફળ અદ્‌ભુત અને અચૂક છે. પાપી પણ તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે. જેમ જેમ હૃદયપૂર્વકના ભાવ વધતા જાય છે તેમ તેમ પ્રાર્થનાનું બળ વધે ને ભગવાન પાસે આગળ આગળની દશા માટે શું માંગવું તે સમજાતુ જાય છે.

જેમ બાળક બોલતાં શીખવાનુ શરૂ કરે છે ત્યારે પ્રથમ અસ્પષ્ટ અને અસંબંધિત શબ્દો ઉચ્ચારે છે, પરંતુ ધીમે ધીમે બોલતાં બોલતાં જ સ્પષ્ટ બોલવાનું શીખે છે, તેમ પ્રાર્થનાના પ્રથમ અભ્યાસી પ્રાર્થના કરતાં કરતાં સાચી હૃદયપૂર્વકની ગહન ને ગંભીર પ્રાર્થના કરવાનું આપોઆપ શીખે છે.

# ભક્તિનાં સાધનો અને પ્રાર્થનાક્રમ

## ભગવાન અને ભક્ત

હે ભગવાન !

| | | | | |
|---|---|---|---|---|
| આપ વીતરાગી | છો | હું | રાગી | છું |
| આપ ક્ષમાવંત | છો | હું | ક્રોધથી ભરપૂર | છું |
| આપ દયાવંત | છો | હું | દયાહીન | છું |
| આપ વીર્યવંત | છો | હું | નિર્વીર્ય | છું |
| આપ અકષાયી | છો | હું | સકષાયી | છું |
| આપ નિર્મોહી | છો | હું | મોહથી મુંઝાયેલો | છું |
| આપ નિષ્પાપ | છો | હું | સપાપ | છું |
| આપ પવિત્ર | છો | હું | અપવિત્ર | છું |
| આપ અપ્રમાદી | છો | હું | પ્રમાદી | છું |
| આપ સર્વજ્ઞ | છો | હું | અલ્પજ્ઞ | છું |
| આપ નિર્ભય | છો | હું | ભયવાળો | છું |
| આપ અજરામર | છો | હું | મરણશરણ | છું |
| આપ આત્માનંદી | છો | હું | પુદ્ગલાનંદી | છું |
| આપ આત્મરસભોગી | છો | હું | વિષયરસભોગી | છું |
| આપ અમૃતરસના કુંભ | છો | હું | કટુરસનો કુંભ | છું |

આપ સમતાના સાગર છો હું વિષમતાનો અગર છું
આપ શાંતિના સરોવર છો હું અશાંતિથી ભરપૂર. છું
આપ ગુણગુણના ભંડાર છો હું અનંતદોષથી સભર છું

હે પ્રભુ ! ગમે તેવો પાપી, અનંતદોષથી ભરેલો, એક પણ ગુણરહિત, રાગી અને મોહી જીવ પણ જો આપનામાં પ્રેમ રાગ કરી આપને શરણે આવે છે તો તેને આપ પૂર્ણ પ્રેમથી સ્વીકારો છો, તેના પાપદોષ જોઈ તિરસ્કાર કરતા નથી એ આપની નિષ્કારણ કરુણા આશ્ચર્ય ઉપજાવે છે. અહો ! આપને આપના સમસ્ત બાળકો પ્રતિ કેવો અનન્ય અનુપમ લોકોત્તર પ્રેમ છે ! અને વળી જે બાળક આપના જેવા અનંત, અવ્યાબાધ, સહજ, આત્મિક સુખની ઇચ્છા કરે છે, તેને તો આપ ઉત્તરોત્તર યોગ્યતાનુસાર વિશેષ વિશેષ સાથ આપી સનાથ કરો છો અને તેની આત્મદશા ઊંચે ને ઊંચે લઈ જાઓ છો.

## પ્રેમનું સ્વરૂપ અને ભક્તનો પ્રેમ તથા તેની ભાવના

હે પ્રભુ ! પ્રેમ એ તો આપની દિવ્ય પ્રસાદી છે. એ પ્રસાદી આપ ભગવંતે દરેક જીવને કરુણા કરીને આપી છે. પરંતુ જીવને તેનો સાચો ઉપયોગ કરતાં ક્યારેય આવડ્યું નથી, જો આવડ્યું હોત તો તે ક્યારનો વિષમ દુઃખથી પીડિત એવા આ અનિત્ય અને અશરણરૂપ સંસારથી છૂટી જઈ, પોતાના પરમાનંદસ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય-

સ્વરૂપને સંપ્રાપ્ત થયો હોત. તેણે તો એ અમૃતઝરણાના દાતા, દુઃખક્ષય માટે અદ્વિતીય ઔષધિના દેનાર, અને સુખશાંતિ માટે અમોઘ મંત્રના આપનાર એવા આપને કેવળ ભૂલી જઈ એ સાત્ત્વિક પવિત્ર પ્રેમને વૈષયિક રાગમાં પલટાવી સંસારના પૌદ્‌ગલિક વિષયો ને સંસારના જૂઠા સગપણથી જોડાયેલા સંબંધીઓમાં પ્રેમ (રાગ) કર્યો અને સંસાર પરિભ્રમણ વધાર્યું.

હે ભગવાન ! એ ભ્રાંતિથી ભ્રમિત થઈ કેવળ બહુ ભૂલી ગયો કે ઈશ્વર એ જ પ્રેમ છે, પ્રેમ એ ઈશ્વર છે. જે કોઈ બીજું બધું ભૂલી જઈ, જાણેલું વિસ્મરણ કરી ભગવાનના પ્રેમમાં સ્થિર થઈ રહે છે, તેની ભગવાન સાથે એકરૂપતા થાય છે અને ભગવાનની તેની સાથે એકતા થાય છે. આવું અલૌકિક, અદ્‌ભુત, પરમ આશ્ચર્યકારી પ્રેમનું સ્વરૂપ છે, પ્રેમનું સામર્થ્ય છે.

પ્રેમ શાહી ખમીર માગી લે છે, અજબ પુરુષાર્થની અપેક્ષા રાખે છે, સર્વત્ર જ્યાં ત્યાં વેરાયેલી પ્રેમમાત્રાઓને એકત્ર કરી એક ભગવાનમાં સ્થિર કરવાનું જ્ઞાનીઓ સૂચવે છે.

પ્રેમ છે ત્યાં ભેદાભેદ નથી, પક્ષાપક્ષ નથી.
પ્રેમ છે ત્યાં દ્વેષ નથી, ઈર્ષ્યા નથી, વેર નથી.
પ્રેમ છે ત્યાં સ્વાર્થ નથી, માન નથી, ભય નથી.
પ્રેમ ક્રોધને આધીન થતો નથી પણ ક્ષમાવંત છે.
માનને વશ થતો નથી પણ વિનમ્ર છે.

માયાથી લેપાતો નથી પણ સરળ છે.

લોભથી લોભાતો નથી પણ સંતોષી છે.

પ્રેમ સત્‌નો ચાહક છે, મલિનભાવનો મારક છે.

શાંતિનો કારક છે, અશાંતિનો દાહક છે.

સુખનો પોષક છે, દુઃખનો સંહારક છે.

પ્રેમ પરની માગણી કરતો નથી, પરનો ભોગ આપે છે.

પ્રેમ સ્વાર્થવૃત્તિનો ત્યાગી છે, પરમાર્થવૃત્તિનો ભોગી છે.

પ્રેમ કાંઈ સહી શકતો નથી, છતાં બધું સહે છે.

આવું છે શુદ્ધ પ્રેમનું શુદ્ધ સ્વરૂપ, પ્રેમનું અલૌકિક સામર્થ્ય ! તેની વિસ્મયજનક અદ્‌ભુત શક્તિ. અહો ! આશ્ચર્ય !

હે પ્રભુ ! આપે અનુગ્રહ કરી પ્રેમની દિવ્ય પ્રસાદી આપી છે. તો હવે એટલી બધી શક્તિ આપશો કે જેથી હું પ્રેમની પરાકાષ્ટાએ પહોંચી પરાભક્તિને પામી આપની સાથે એકરૂપ થઉં.

હે પ્રેમમૂર્તિ, પ્રેમ શક્તિના દાતા ! આપ આ બાળકને શક્તિનું એવું દાન કરો કે તે આપને પૂર્ણ પ્રેમથી ચાહી શકે, મન, વચન અને કાયાની એકાગ્રતાથી ચાહી શકે, તેના લોહીના અણુએ અણુમાં પરમ પવિત્ર અને કલ્યાણકારી પ્રેમરસ પ્રવહે, તેના હૃદયના એકેએક ગુપ્ત અને ગહન ખૂણે ખૂણાના પ્રદેશથી શીતળ પ્રેમજ્યોતિ

જલતી રહે, અને આત્માના એકેક પ્રદેશથી પ્રેમનો સુમધુર મીઠો ધ્વનિ નીકળ્યા જ કરે.

હે પ્રેમસાગર વિભો ! મારાં હૃદયને અને મનને આપનામાં સ્થિર કરી. એક કરો. મારી તો એવી ભાવના છે કે મારે આપના પ્રેમસરોવરમાં ડૂબકી મારી ખોવાઈ જવું છે, સર્વ ભાન ભૂલી જઈ આપનામાં લીન થવું છે અને એ દિવ્ય આનંદરસના, સુધારસના, આત્મરસના કેવળ ભોક્તા બનવું છે. સર્વ દુઃખ અને કલેશથી મુક્ત થઈ એક પરમશાંત રસમાં સર્વકાળને માટે ઝૂલવું છે. ડૂબકી મારવી છે. હે કરુણાના ભંડાર ! પરમ કરુણા લાવી આ આપના પ્રેમીભક્તની ભાવના પૂરી કરશો.

## શ્રદ્ધાનું સ્વરૂપ અને
## ભગવાનના ભક્તની શ્રદ્ધા, ભાવના

હે પ્રભુ ! આપનો ઉપકાર અપરંપાર છે. આપ કેટકેટલી શક્તિઓના અંશો પ્રત્યેક જીવને તેના સ્વાત્મકલ્યાણાર્થે આપો છો. જીવ જો સમજે અને તેનો યથાર્થ લાભ લેવાનો નિર્ણય કરે તો આત્મવિકાસ સાધી આત્મશ્રેય સુલભતાએ પ્રાપ્ત કરી શકે.

શ્રદ્ધા આત્માનો ત્રિકાળી ગુણ છે, શ્રદ્ધા એ જીવનનું અમૃત છે, હૃદયમાંથી વહેતું પરમ માધુર્ય છે, સત્પુરુષના અનુગ્રહની ઉત્તમ પ્રસાદી છે, પરમપદપ્રાપ્તિનું કલ્યાણકારી બીજ છે, સિદ્ધિનું પ્રથમ અને અંતિમ સોપાન છે. શ્રદ્ધા

એ પ્રેરણા છે, પ્રકાશ છે. મોહની જડતામાં ચેતનની સરવાણી એટલે શ્રદ્ધા. શ્રદ્ધા એ જ સાચું વાસ્તવિક જીવન છે. શ્રદ્ધાથી જીવવું એટલે ભગવાન અર્થે જીવવું.

ભગવાનનાં અમૃતમય વચનના આશયનો સ્વીકાર, તે પ્રત્યે ચિત્તનું એકાગ્ર વલણ અને તેમાં તલ્લીનતા તે શ્રદ્ધા. સર્વ પદાર્થોમાં શું આદરવા યોગ્ય છે, પ્રાપ્ત કરવા યોગ્ય છે તેનો વિવેક કરાવવા ઉપરાંત જે અદૃશ્ય પદાર્થ અને તેના રહસ્યો છે તેની ખાતરી - નિશ્ચય કરાવનાર જે તત્ત્વ તે શ્રદ્ધા. જે જે દૃશ્ય છે તે સર્વ ક્ષણિક અને વિનાશી છે તથા જે અદૃશ્ય છે, તે શાશ્વત અને અવિનાશી છે એવું ભાન કરાવે તે શ્રદ્ધા.

આ શ્રદ્ધારૂપી ચક્ષુ દ્વારા ગુપ્ત રહેલા કરુણાસાગર આત્મપ્રભુ અને અદૃશ્ય જગતની વાસ્તવિક ચમત્કૃતિઓનું પ્રથમ અપ્રત્યક્ષ અને અંતે પ્રત્યક્ષ દર્શન થાય છે.

જે શ્રદ્ધાથી જીવે છે તે તત્ત્વને પામે છે. તેનું બાહ્ય જીવન ગમે તેટલું ઉપાધિમય, કે દુઃખમય ભલે હો તો પણ તેનાં આંતરજીવનમાં તે અક્ષોભપણે રહી પરમ તત્ત્વના લક્ષમાં, ભગવાનના ધ્યાનમાં અધિકતાએ સ્થિર થાય છે. એક માત્ર શ્રદ્ધાના બળથી ભગવાન પ્રગટ થઈ સાક્ષાત્ દર્શન આપે છે. અહો આશ્ચર્ય ! પરમ આશ્ચર્ય !

ત્રિકાળી શુદ્ધ સ્વરૂપજ્ઞાન અને સ્વરૂપાચરણથી પ્રસિદ્ધ એવા આધ્યાત્મિક દિવ્ય જીવનમાં ભાગીદાર થવું તે સમ્યક્દર્શન. તે ચિદાકાશમાં દિવ્ય જ્યોતિદર્શન છે. સત્ય દર્શનની કોઈ એક ચોક્કસ અનુભવની અંકિત છાપ છે.

અલૌકિક પારમાર્થિક જીવનનું અને ભગવાન સાથે એકતા થવાનું એ પવિત્ર નિર્મળ દર્શન છે. આ દર્શન ઠેઠ પ્રભુજીના પરમ પાવનકારી ચરણો સુધી લંબાઈને ત્યાં જ ચોંટી જઈ, સ્થિર થઈ એકરૂપ થાય છે. એ ભવ્ય જીવને પોતાપણાના અહંભાવનો અભાવ કરાવી ભગવાનની પ્રેમભક્તિમાં તન્મયતાવાળી દશા લાવીને દેહાત્મબુદ્ધિ અને સકલ વ્યક્તિત્વને ભૂલાવી દે છે. અહો ! એવી પરમ કલ્યાણકારી સમ્યક્ શ્રદ્ધાનું બળ તો જુઓ ! કેવું આશ્ચર્યકારક છે !

હે પ્રભુ ! આપના અનુગ્રહથી આપની અને આપના પવિત્ર વીતરાગધર્મની શ્રદ્ધા થઈ છે. કૃપા કરીને આપ એ શ્રદ્ધાને ખૂબ બળવાન અને પવિત્ર કરાવતા જશો કે જેથી ઉંઘમાં કે સ્વપ્નમાં, જાગતાં કે નિદ્રા-તંદ્રામાં એક ક્ષણ પણ તે ડગે નહીં; પૂર્વની ભૂલોના પરિણામે ગમે તેવા વિષમ ઉદયકાળો કસોટીરૂપે આવે તેમ છતાં પણ એ શ્રદ્ધાનો અંશ પણ વિદ્ધંસ ન થાય અને મને તેમાંથી જરા પણ ચલિત ન કરે. હે પ્રભુ ! મારી તો એવી ભાવના છે કે વીતરાગધર્મના પાયારૂપ એ શ્રદ્ધાને ઠેઠ મિનારા સુધી લઈ જવી છે તો આપ પરમ સહાયભૂત થશો એવી આપને વિનંતિ છે.

હે પ્રભુ ! મને આપના ઉપદેશપ્રસાદથી બરાબર સમજાય છે કે શ્રદ્ધા એ આત્માનો ત્રિકાળી ગુણ છે પણ અપરિણામી કે સ્થિર નથી; શ્રદ્ધા પરિણામ સ્વભાવવાળી

હોઈ વિકાસના સ્વભાવવાળી છે, તેથી તે ઉત્તરોત્તર વર્ધમાન થવી જોઈએ, નિર્મળ બનવી જોઈએ અને બળવતી થવી જોઈએ. નહીંતર તે ઘટે છે અને ઘટતાં ઘટતાં પતનના માર્ગે ચાલી જાય છે. તો હે પ્રભુ ! મને સતત જાગૃત રખાવશો, ભૂલ થતી હોય ત્યાં ચેતાવશો અને સાચા માર્ગે આ રંક બાળકને આગળ ધપાવશો.

વળી હે પ્રભુ ! આપનો ઉત્તમ બોધ મને સ્મરણમાં છે કે શ્રદ્ધાને પરિણામી કરવા અને કાર્યશીલ બનાવવા ચિંતન એ મુખ્ય સાધન છે. આપ ભગવંતના દિવ્ય લોકોત્તર ગુણોનું ચિંતન જેમ જેમ વધે છે, તેમ તેમ શ્રદ્ધા વધે છે, આત્મિક પ્રેમ વધે છે અને ગુણોની પ્રાપ્તિ થવા માટે જિજ્ઞાસા અને ઝંખનાનું બળ વધે છે. આ ચિંતનસાધનાના આરાધનથી દિવ્ય રહસ્યપૂર્ણ જ્ઞાન ક્રમથી પ્રગટતું જાય છે અને તે થકી પોષણ પામતી શ્રદ્ધા બળવતી અને વેગવતી થતી જાય છે. તેના પરિણામે તે ગુપ્ત રહસ્યોના ઊંડાણ સુધી પહોંચવા ક્રિયાશીલ બને છે. જેમ જેમ તેવી આત્મદશા થતી જાય છે તેમ તેમ અંતરંગ કર્મોનાં આવરણ નાશ પામી પરમ સત્‌ના અપ્રગટ ભેદોનું વિશેષ જ્ઞાન પ્રગટે છે ને પછી જ્ઞાનપ્રકાશના અદ્‌ભુત શીતળ તેજમાં સ્નાન કરી પૂર્ણ શુદ્ધ સ્વરૂપનો આલ્હાદ અનુભવાય છે, સમ્યક્ શ્રદ્ધાનું બળ કોઈ અલૌકિક છે!

હે પ્રભુ ! શ્રદ્ધાનું સ્વરૂપ કેવું આશ્ચર્યકારક છે !!

## પ્રાર્થનાનું સ્વરૂપ

### ભગવાનને પ્રાર્થના અને તેનું બળ

હે ગુપ્ત રહેલા કરુણાસાગર ! આપનો કેવો મહાન્ ઉપકાર છે ! આપે કરુણા કરી જીવના કલ્યાણ અર્થે અને તેના શાશ્વત સુખની પ્રાપ્તિ અર્થે કેવા સત્સાધનો બતાવ્યાં છે ? અને તે સાધનો પણ સાદા, સરળ અને સુગમ હોવા છતાં ફળની અપેક્ષાએ કેટલા સુંદર, ઉત્તમ અને અલૌકિક છે ! કોઈપણ જીવ ઇચ્છે તો તેનો ઉપયોગ કરી સત્ય પુરુષાર્થ જરા પણ કષ્ટ વિના કરી શકે છે અને તેથી નીપજતો ઉત્તમ પરમાર્થલાભ સહેલાઈથી પામી શકે છે.

પ્રેમ, શ્રદ્ધા અને ભાવનાને અધિક બળ આપવા માટે આપે પ્રાર્થના બતાવી છે. આપે વચન આપ્યું છે કે સાચા મનથી કરેલી પ્રાર્થનામાં જે માગશો તે મળશે. હે પ્રભુ ! આ પણ કેટલું આશ્ચર્યકારક છે !

પ્રાર્થના એ કોઈ ઉત્તમ, પરોપકારી, આત્મોપલબ્ધિ પ્રાપ્ત કરવા માટેનું સાધન છે. પ્રાર્થના એટલે ભગવાનની ઓળખાણ, ભગવાનના દિવ્ય સ્વરૂપનું સ્પષ્ટ જાણપણું. પ્રાર્થના એટલે ભગવાનના લોકોત્તર ગુણોનું દર્શન. પ્રાર્થના એટલે તે દિવ્ય સ્વરૂપ અને લોકોત્તર ગુણોમાં હૃદયથી પ્રીતિ-આસક્તિ. પ્રાર્થના એટલે તે પ્રીતિ-આસક્તિના બળના શીતળ તેજથી હૃદય ઝળહળી ઊઠી પ્રશસ્ત રાગયુક્ત

ભાવોર્મિનું ઉછળવું અને અનુપમ શબ્દો દ્વારા પ્રકાશિત થવું. પ્રાર્થના એટલે તેવી ભાવવિભોર દશામાં કોઈ વાર ચિત્ત શાંત થઈ જતાં તથા મન અંતરના ઊંડાણમાં ઊતરી વિલીન થતાં ભગવાનને અનુભવથી મળવું એટલે આત્મપ્રભુનો ભેટો થવો.

## પ્રાર્થનાની પહેલી અવસ્થા

આ પહેલી અવસ્થા ક્ષમાપના કરવારૂપ છે.

અહીં ભક્તે ભગવાનની પ્રતિમા અથવા ચિત્રપટ સન્મુખ બે કર જોડી વિનમ્રપણે શાંતિથી બેસવું અને ભગવાનનાં નયનમાં દૃષ્ટિ સ્થિર કરવી. અભ્યાસથી દૃષ્ટિ સ્થિર થતાં જે ચમત્કારિક અનુભવ થાય તે જોયા કરવું. શરૂમાં ચિત્તમાં વિકલ્પો ઊઠશે, અકળાવશે અને અભ્યાસ છોડી દેવાના વિચાર સુધી ખેંચી જશે, પરંતુ તેથી નિરાશ ન થવું, ધૈર્યનો ત્યાગ ન કરવો, વિકલ્પો જવા માટે આવે છે એમ માની શ્રદ્ધાબળ વધારી ધીરજનો આશ્રય કરવો. વિકલ્પોની નિવૃત્તિ માટે સરળમાં સરળ ઉપાય એ છે કે વિકલ્પ આવે અથવા આવે છે એવું અંતરમાં ભાન થાય ત્યારે તેની સામે રૂડો "શાંતિ" શબ્દ ઉચ્ચારવો. તેથી વિકલ્પ તત્કાળ દૂર થશે. વારંવાર 'શાંતિ' શબ્દ બોલવો પડે તો તેમ કરવું. આમ વિકલ્પોના દૃષ્ટા થવાથી તે નિરાધાર થશે અને આખરે તેનું બળ તૂટતાં જતા રહેશે. થોડા કાળના અભ્યાસથી આખરે મન શાંત થતું

જતું અનુભવાશે.

પ્રમાણમાં ચિત્તની સ્થિરતા આવ્યા પછી પોતાના પૂર્વના દોષો, પાપો, ભૂલો અને અપરાધોનું સ્મરણ કરી, પ્રગટપણે પ્રભુ સમક્ષ મુખથી બોલીને કહી જવા અને તે માટે ક્ષમાપના માગી માફ કરવા વિનંતિ કરવી. આ બધું કંઈપણ ગોપવ્યા વિના નિષ્કપટપણે અંતરના વિશુદ્ધ ભાવથી અત્યંત પ્રમાણિકપણે કરવું. આ અભ્યાસ દરરોજ બે વખત નિર્ણિત કરેલા ચોક્કસ સમયે ઉલ્લસિત ભાવથી કરવો. આ અભ્યાસથી કોઈ એક વખત આત્મપ્રદેશોને સ્પર્શીને સ્વદોષની આલોચનાનો અત્યંત બળવાન, રૂંવાડાં ઊભા કરી દે એવો નિર્મળ સત્ય પ્રાયશ્ચિતભાવ સ્વયં આવી જશે; અને એ છે પરમકૃપાળુ ભગવાનની અપ્રગટ કૃપા, કેમ કે એ અનુભવના બળથી આત્મા કર્મોના ભારથી હળવો થાય છે, મહાબંધનથી છૂટે છે અને પાવનકારી કલ્યાણને ભેટવા માટે સુઅવસર પ્રાપ્ત થાય છે.

આ અવસ્થામાં સ્વદોષદર્શન કરવાથી અને તે પ્રભુ પાસે પ્રગટ કરવાથી તથા હૃદયપૂર્વક ક્ષમા યાચવાથી, તેના આત્માની મલિનતા દૂર થાય છે; અને તે હળવો, નમ્ર અને લઘુ બને છે; તેનામાં કેટલાક અંશે અનુકંપા અને સમતા પ્રગટી, આત્મજાગૃતિ આવે છે.

**ક્ષમાપના**

"હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો.

મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં,

તમારા કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં,

તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહીં,

તમારા કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહીં.

હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.

હે પરમાત્મા !

તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું. અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.

નિરાગી પરમાત્મા !

હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

તમે નિરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો.

હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ !

હે સર્વજ્ઞ ભગવાન !

તમને હું વિશેષ શું કહું ?

તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**શ્રીમદ્ રાજચંદ્ર** (શિક્ષાપાઠ ૫૬)

## પ્રાર્થનાની બીજી અવસ્થા

આ બીજી અવસ્થામાં ભગવાન સન્મુખ બેસી તેમના ગુણોનું કીર્તન થાય છે. તેમના ઉત્તમ ગુણો પ્રત્યે અંતરમાં પ્રમોદભાવ, અહોભાવ આવે છે; શ્રી ભગવાનના ચરિત્રમાંથી અનુપમ પ્રસંગો યાદ કરી ગુણોની પ્રશંસા કરાય છે; ગુણોની ઉત્કૃષ્ટતા ધ્યાનમાં આવતાં પ્રેમભક્તિથી શિર ભગવાનનાં ચરણમાં નમી પડે છે; દયા, શાંતિ, સમતા, ક્ષમા, ધૈર્ય, નિઃસ્પૃહતા, નિરહંકારતા, નિર્મમતા, નિર્લોભતા, સંપૂર્ણ અક્ષોભતા એ આદિ ગુણોની સુવાસ પ્રસરતી અનુભવાય છે.

આથી ભક્તનો આત્મા એ પવિત્ર ગુણોના ભાવને ગ્રહણ કરે છે, પકડે છે અને તેના સુસંસ્કાર ચિત્તમાં અંકિત થાય છે. અંકિત થયેલી છાપ અંદરને અંદર ગુપ્તપણે વિકસિત થઈ, સ્પષ્ટ થઈ આગળ ઉપર સુંદર ઇચ્છિત ફળને આપવા સન્મુખ થાય છે, અર્થાત્ તે ગુણો અંશે અંશે પોતાનામાં પ્રગટતા જઈ ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે.

આ અવસ્થાની પ્રાર્થનાનું ફળ એ છે કે પ્રાર્થનાકારના આત્મામાં કંઈ વધુ જાગૃતિ આવે છે, અહંભાવ ઘટવા તરફ પ્રવર્તે છે, સ્થૂળ પાપોથી નિવર્તવાનું થાય છે, શુભ ભાવમાં રહેવા માટે વૃત્તિનો ઝુકાવ તે તરફ હોય છે, ભૂલો થાય છે છતાં પાછા વળી શકવાની શક્તિ આવે છે અને ગુણો પ્રત્યે પ્રમોદભાવ વધે છે.

ભગવાનના જે જે ગુણ સંગીત કરતાં આત્મા ઉલ્લસિત થઈ તે ભાવે પરિણમે છે ત્યારે તે ભાવ અંતરંગમાં અપ્રગટતાએ ખીલે છે. આવા દિવ્ય અલૌકિક ભાવનો એકાદ અંકુરો, અંશદૃષ્ટિ પણ અદ્ભુત ચમત્કારિક ફળને અર્પવા સમર્થ થાય છે. એ પણ અલૌકિક તત્ત્વનું અલૌકિક આશ્ચર્ય છે.

## પ્રાર્થનાની ત્રીજી અવસ્થા

આ અવસ્થામાં ભગવાનના પ્રેમી ભક્તમાં શ્રી સત્પુરુષનાં વચનામૃતના વાંચન-અભ્યાસથી વિવેક ઊગે

છે કે આ સંસાર અસાર અને અશરણરૂપ છે, દુઃખથી આર્ત્ત અને ભયાકુળ છે, દેહ નાશવંત છે અને ભોગ રોગ સમાન છે; માત્ર એક શુદ્ધ, ચૈતન્યસ્વરૂપ, અવિનાશી આત્મા જ સર્વોત્કૃષ્ટ પદાર્થ છે અને તેથી તે અચિંત્ય, અનુપમ, સ્વપર પ્રકાશક, જ્ઞાનદર્શનમય તત્ત્વ પ્રાપ્ત કરવા યોગ્ય ઉપાદેય અને આરાધવા યોગ્ય છે.

આ વિવેકપૂર્વકના વિચારથી તેનામાં ઉચિત વૈરાગ્ય અને ઉપશમ પ્રગટ થાય છે, અથવા કહો કે કલ્યાણમૂર્તિ પવિત્ર સમ્યક્ દર્શનની પ્રાપ્તિ અર્થેનાં લક્ષણો, શમ-સંવેગ-નિર્વેદ-આસ્થા-અનુકંપા, ઉદિત થઈ વર્ધમાનતાને પામતાં જાય છે. વૃત્તિઓ ને કષાયો ઉપશાંત થાય, વાળી લેવાય એવી આત્મદશા થાય તે 'શમ', આત્માની નિજ શુદ્ધતા પ્રાપ્ત કરવાની અભિલાષા તે 'સંવેગ', કલેશમય સંસારથી વિરામ પામવાના ભાવ તે 'નિર્વેદ', સત્પુરુષનાં વચનોના ભાવનો અંતરથી સ્વીકાર તે 'આસ્થા' અથવા દેહાદિથી ભિન્ન હું ચેતન છું એવી શ્રદ્ધા તે આસ્થા અને બંધાયેલા ચિદ્ ચમત્કાર માટે કરુણા આવવી તે 'અનુકંપા'.

ઉપર કહ્યા તે ગુણો પ્રગટવાથી તેનામાં તત્ત્વ પામવાની યોગ્યતા આવી છે. કોઈના સહારા વગર કાર્યની સિદ્ધિ થવી કઠણ છે એમ તેની પાત્રતાને લીધે સમજાય છે; કોઈ વિદ્યમાન પ્રત્યક્ષ સત્પુરુષ અથવા જ્ઞાનીપુરુષ, જેઓ આત્માનુભવી હોય, માર્ગને પામેલા હોય અને

માર્ગના મર્મથી સુવિદિત હોય, તેઓ જ માર્ગ પમાડી શકે એવી સુવિચારણા તેના અંતરમાં તેના સદ્‌ભાગ્ય યોગે ઊગે છે અને તેવા સુયોગની પ્રાપ્તિ માટે તેનું હૃદય ઝંખે છે. વળી તે સત્પુરુષનાં વચનના અવલંબને એ પણ જાણે છે કે કોઈ પૂર્વનો આરાધક જીવ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષની અવિદ્યમાનતા હોય તે છતાં તેમનાં વચનના આશ્રયે આત્મજ્ઞાનનો ઉત્તમ લાભ મેળવી શકે છે. પરંતુ તેના આત્મામાં જ્ઞાનીપુરુષનો પ્રત્યક્ષ સમાગમયોગ થાય તેવી ભાવના પ્રકાશિતપણે રહ્યા કરે છે અને તેથી તે ભગવાનની સન્મુખ શાંત ચિત્તથી બેસી પ્રભુને પ્રાર્થના કરે છે :—

"હે વીતરાગ પરમાત્મા, આપ અનાથના નાથ છો, અશરણના શરણ છો, આપને અત્યંત હૃદયપૂર્વકની ભક્તિથી વંદન કરું છું. ત્રણે કાળના પંચપરમેષ્ઠી ભગવંતોને પૂર્ણ વિનયસહ પ્રણામ કરું છું. આપ 'નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો' ; હું આપનું અજ્ઞાન, અબુધ અને અશક્ત પામર બાળક છું. મારા કલ્યાણને અર્થે આપના શરણે આવ્યો છું.

મારી આપને વિનંતિ છે કે આપ જ મારા નાવિક થઈ મને આત્મજ્ઞાનના માર્ગ પર ચઢાવો, વીતરાગમાર્ગમાં પ્રવેશ કરાવી આગળ આગળ વધારો, અથવા મારા પૂર્વભવના શુભ ઋણાનુબંધી જે જ્ઞાનીપુરુષ હોય તેમનો

સમાગમયોગ કરાવો જેથી હું શ્રેયને પામી શકું. હે પ્રભુ, આપ તો બધું જાણો છો. આપ સર્વની ભાવના પૂરી કરો છો, તો મારી તીવ્ર જિજ્ઞાસા પૂર્ણ કરશો, પૂર્ણ કરશો."

**ૐ અરિહંત, જય અરિહંત;**

**જય અરિહંત, ૐ અરિહંત.**

## પ્રાર્થનાની ચોથી અવસ્થા

ત્રીજી અવસ્થામાં પ્રતિદિન બે કે ત્રણ વખત નિયમિત પ્રાર્થના કરવાથી, તે સિવાયના સમયમાં રૂડા ભાવમાં ચિત્તને રોકવાથી અને શમસંવેગાદિ ગુણો આવવાથી યોગ્યતા વધવાને કારણે ભક્ત અનુપકારી તેમ ધ્યેયમાં વિઘ્નરૂપ અસત્સંગથી નિવૃત્ત થતો જાય છે અને ઉપકારી તથા આત્મભાવને પોષણરૂપ એવા રત્નચિંતામણિ સમાન અથવા કલ્પવૃક્ષ સમાન અતિ કલ્યાણકારી સત્સંગના યોગને પામે છે. સત્સંગનો મહિમા અપરંપાર અને વચનાતીત છે, તે તેને અનુભવથી સમજાય છે. સત્સંગમાં શાંતિ અને આનંદનું જે વેદન થાય છે, તથા પ્રભુ પ્રત્યેની પ્રેમ-શ્રદ્ધા વધવાનો જે અનુભવ થાય છે, તે પૂર્વે વેદેલા નહીં હોવાથી તેને અપૂર્વ લાગે છે.

તેથી ભગવાનના દિવ્ય દર્શન માટે તેના અંતરમાં તાલાવેલી લાગે છે તેમ સ્વાનુભવ માટેની ઝંખના પ્રદીપ્ત

થાય છે. સત્પાત્રતા આવતાં અને વધતાં શું નથી થતું તે કલ્પવું કઠણ છે.

આ અવસ્થામાં પ્રાર્થનાકાર, સત્પાત્રતાયુક્ત ભક્ત ભગવાનની સન્મુખ વિનયાન્વિત્ થઈને બેસી ભગવાન બોલાવે તેમ બોલવાનો નિર્ધાર કરે છે; અને પછી તેના હૃદયમાંથી નીકળતાં પ્રાર્થનાનાં ભાવોર્મિથી ભીંજાયેલાં વચનો બહાર આવે છે.

"હે પરમ કૃપાળુ ભગવંત, અપાર કરુણાના સાગર, ગુણગુણના ભંડાર, સહજાત્મસ્વરૂપ ચૈતન્યપ્રભુ,

હું, આપનું અનાથ પામર બાળક સનાથ થવા આપના શરણે આવ્યો છું. મારું સર્વસ્વ, મારાં મન, વચન, કાયા સહિત બધું આપના પવિત્ર ચરણે ધરું છું. મારું કંઈ નથી. હવે આપને વિનંતિ છે કે અનુગ્રહ કરી આપના દર્શનનો અમુલ્ય લ્હાવો આપી આ જીવને આનંદિત કરશો. તે શુભ અવસર આવશે ત્યારે આ જીવના આનંદની અવધિ ક્યાંથી હશે ? તે મંગળ પ્રસંગની અતીવ ઉત્કંઠાથી પ્રતીક્ષા કરું છું, જલદીથી આવે એવી ભાવના ભાવું છું.

હે પ્રભુ, અત્યારે હું આપના ચિત્રપટ સામે બેસી આપની મુખાકૃતિનું પ્રેમપૂર્વક હૃદયથી અવલોકન કરું છું તેમાં પણ કેટલો આનંદ વેદાય છે!

અહો, શી આપની અનુપમ શાંત મુખમુદ્રા,
અહો, કેવી આપની મધુર, દિવ્ય મુખકાંતિ,

અહો, કેવું આપનું તેજોમય લલાટ,
અહો, કેવાં આપનાં પ્રકાશમય નયનો
ને તેમાંથી નીતરતાં અમીરસઝરણો !!!
હે અસહાયના સાથ,

આપની વીતરાગ સ્વરૂપ મુખાકૃતિનાં દર્શન કરી હું પાવન થાઉં છું. આપનાં દર્શન કર્યા જ કરું એમ આત્માથી ભાવ રહે છે."

એ પ્રકારે ભક્તના પ્રેમના ભાવો હૃદય ગુફામાંથી બહાર આવે છે ત્યારે ભક્તનો આત્મા પ્રેમસભર થતાં હળવો થાય છે તેમ કોમળ થાય છે. વાંરવારની આ પ્રેમ-ભક્તિથી તેને સુભાગ્યના શુભ ઉદયે ભગવાનનાં દર્શન થાય છે અને તેનો આત્મા પ્રફુલ્લિત થઈ આનંદરસનો અપૂર્વ આસ્વાદ કરે છે. આ ભગવાન અન્ય કોઈ નથી પણ જે ભગવાનરૂપ સત્પુરુષનો તે સત્સંગ કરે છે, તે જ છે. આ દર્શનનું ઉત્તમ ફળ સમ્યક્ દર્શનની, આત્મજ્ઞાનની પ્રાપ્તિ છે, અને તેમ થશે તેવી ખાત્રી આપે છે.

હવે સત્સંગનું આરાધન તે પ્રેમીભક્તને વિશેષ વિશેષ ઉપકારી થતું જાય છે. સત્પુરુષ પ્રત્યેનો તેનો પ્રેમ-શ્રદ્ધાભાવ ઊર્ધ્વ થતો જાય છે. ભાવની સ્થિરતા વેળાએ ચૈતન્ય સ્વરૂપનાં ભિન્ન ભિન્ન પ્રતીકો, ભિન્ન ભિન્ન સમયે તેને દૃષ્ટિગોચર થાય છે. તે પ્રતીકો છે - ઊગતો

સૂર્ય, બીજનો ચંદ્ર, તારો અથવા તારાઓનું ઝુમખું, વિદ્યુત જેવો પ્રકાશિત ઝબકારો, હીરો, હીરાકણીઓ, હીરાનો હાર, ઝાંખો કે તેજસ્વી પ્રકાશ, દીવી, જ્યોત ઇત્યાદિ. યાદ રાખવું આવશ્યક છે. આ બધા પ્રતીકો માત્ર બાહ્ય છે અને ઉત્સાહ વધારવા માટે, સ્વાત્માની ઉજ્જવળતા થવા અર્થે નિમિત્ત માત્ર છે. તે આત્મા નથી; તે પ્રતીકને જોનાર આત્મા છે. ક્યારેક મેઘધનુષ અથવા તેના જુદા જુદા રંગોમાંથી એક અથવા વધારે રંગ જોવામાં આવે છે અને દરેક રંગનો પરમાર્થ તેમ માહાત્મય છે; તો વળી ક્યારેક જિનમંદિર, જિનપ્રતિમા, સાધુસંત દર્શનરૂપ થાય છે; અથવા મીઠી સુગંધ અનુભવાય છે.

## પ્રાર્થનાની પાંચમી અવસ્થા

ઉપકારી ચોથી અવસ્થાના અંતમાં થયેલા અનુભવોને કારણે ભગવાનના પ્રેમીભક્તના અંતરમાં પ્રતીતિ આવે છે કે તેનો સંસાર કિનારો હવે દૂર નથી એટલે આત્મજ્ઞાનની પ્રાપ્તિ સમીપમાં છે. તે પોતાના હૃદયથી સ્વીકારેલા શ્રી ગુરુદેવ પાસે જઈ વિનયપૂર્વક વંદન કરી, નહીં દૂર તેમ નહીં સમીપ, બેસે છે. શ્રી ગુરુની શાંત મુખમુદ્રાના દર્શનથી હર્ષિત થાય છે, શાંત થાય છે; અને પછી પોતાના આત્મકલ્યાણ માટે માર્ગદર્શન આપવા ભક્તિસહ વિનવે છે, તે કહે છે :–

"હે પ્રભુ, અનાથના નાથ, આપ સર્વ સમર્થ છો.

આપના પવિત્ર અને કલ્યાણકારી સત્સમાગમથી આ જીવને સંસાર, દેહ અને ભોગનું સત્યસ્વરૂપ સમજાયું છે અને તેનાથી સર્વથા છૂટવાની અને અવ્યાબાધ સુખસ્વરૂપ નિજાત્માની પ્રાપ્તિ કરવાની જિજ્ઞાસા થઈ છે. આપના શુદ્ધ જ્ઞાનમાં આ પામર જીવની સત્પાત્રતા જણાતી હોય તો આપને યોગ્ય લાગે તેમ આજ્ઞા આપી વીતરાગમાર્ગ પર આરૂઢ કરવા વિનવું છું. કૃપા કરી આજ્ઞા આપો અને કૃતાર્થ કરો."

શ્રી સદ્‌ગુરુદેવને ભક્તની સત્પાત્રતા જોઈને અને સાચો છૂટવાનો કામી છે એમ જાણીને પ્રમોદભાવ ઉપસી આવે છે અને તેનો નિષ્કારણ કરુણાથી સત્પથદર્શન કરાવે છે, ભક્તિનું રહસ્યમય સત્યસ્વરૂપ સમજાવે છે અને અત્યંત પાવનકારી આરાધનમંત્રનું દાન કરે છે. ભક્ત હર્ષ અને પ્રેમના અતિરેકથી પુલકિત થઈ ઊઠીને પરમ ઉપકાર માને છે ત્યારે શ્રીગુરુ મૂક આશિષ આપી તેને નવાજે છે.

શ્રી સદ્‌ગુરુના સાનિધ્યમાં કોઈ બાહ્ય કારણ વિનાની શાંતિનો સુંદર અનુભવ, સુગંધની લહેરનો અનુભવ, રાગદ્વેષની પરિણતિનો ઉપશમ, અંદરની શીતળતા, પ્રેમનું વહેતું નિર્મળ ઝરણ, શ્રદ્ધાના તેજનું પ્રકાશિતપણું, જરૂર મુક્ત થવાશે એ ભાવની સ્વયં ઉદ્‌ભવ પામતી પ્રતીતિ એ આદિ કારણોથી ભક્તના હર્ષનો કોઈ પાર નથી, આનંદની કોઈ અવધિ નથી, ઉલ્લાસ અને ઉમંગની કોઈ

સીમા નથી. તેના દિલના દરિયાના ઊંડાણમાં એક જ ભાવ ગુંજે છે, "આજ્ઞાનું આરાધન એ જ ધર્મ; આજ્ઞાનું આરાધન એ જ તપ."

ભક્તિના ભારથી નમેલા પ્રેમીભક્તનાં આ વચનો સહસા સરી પડે છે :–

"હે પરમકૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંતકૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ"

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૪૧૭)

હવે તે સાધક ભક્ત અપૂર્વ હિતને સાધનાર આજ્ઞામંત્રની પ્રાપ્તિથી ઉલ્લસિત થઈ ઇષ્ટ ધ્યેયની સિદ્ધિ માટે પુરુષાર્થી થાય છે. ભગવાનરૂપ સદ્ગુરુદેવમાં પ્રેમ અને શ્રદ્ધાનો ઝરો નિર્મળ કરતો અને આરાધનમંત્રની સાધના કરતો તે દિન પ્રતિદિન આગળ વધે છે અને ભાવનું બળ પ્રબળ કરતો જાય છે. શ્રી ગુરુદેવનાં ચરણે

સર્વ સમર્પણ કરવાની તેની તીવ્રેચ્છા પ્રગટ થાય છે. પ્રેમ, શ્રદ્ધા અને અર્પણભાવેચ્છાનાં બળથી તેનો આત્મોપયોગ સ્થિર થતો જાય છે. ઉપયોગ જેમ જેમ સ્થિરતા પકડે છે તેમ તેમ જ્ઞાનનો ઉદય સમીપ આવે છે અને પછી એક વખત શ્રી ગુરુદેવની અનુપમ કૃપાથી પ્રેમસમાધિ બાદ ઉપયોગ એકદમ સ્થિર થઈ સહજતાએ શાંત થાય છે. એવી શાંત દશા અમુક સમય સુધી રહે છે અને એ અપૂર્વ શાંતિના અનુભવમાંથી બહાર નીકળતાં અલૌકિક અને પરના અવલંબન વિનાના આનંદનું વેદન થાય છે. આ જ ગ્રંથિભેદ છે, આત્મજ્ઞાન છે, સ્વસંવેદન છે, આત્માનુભૂતિ છે.

ભક્ત આ અનુભવ શ્રીગુરુ સમક્ષ વર્ણવી બતાવે છે, ત્યારે શ્રીગુરુ તેની તથ્યતાનો સ્વીકાર કરે છે અને તેને સમકિત થયાની મ્હોર મારે છે અને આશિષ આપી આગળ વધવા પ્રેરણા આપે છે.

ચૈતન્ય પ્રભુનો દિવ્ય અનુભવ થયાનું શ્રી સદ્ગુરુદેવ પાસેથી જાણતાં ભક્તનું હૃદય આનંદથી ઉભરાય છે અને તેમની અસીમ કૃપા બદલ હર્ષથી ઘેલો થઈ વારંવાર વંદન નમસ્કાર કરે છે અને ઉપકાર માને છે. યથાર્થપણે ઉપકાર માનવા જેટલા શબ્દો જડતા નથી; વળી હર્ષોર્મિ એટલી વેગવાળી છે કે અંતરમાં પ્રગટેલા ભાવો પૂરા બહાર આવી શકતા નથી. તેનાથી આટલું જ બોલાય છે :–

"અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સહુ હીન,
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન."

**શ્રીમદ્ રાજચંદ્ર**

## પ્રાર્થનાની છઠ્ઠી અવસ્થા

ઉપરની ભૂમિકામાં ભવ્ય પ્રાર્થનાકાર ભક્તને દેહ અને આત્માના ભિન્ન ભિન્ન સ્વરૂપની પ્રતીતિ થતાં સ્વાત્માનુભવરૂપ સમ્યક્ દર્શન-જ્ઞાનની અપૂર્વ પ્રાપ્તિ થઈ.

"તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી, અનંત સંસાર નથી, સોળ ભવ નથી, અભ્યંતર દુઃખ નથી, શંકાનું નિમિત્ત નથી, અંતરંગ મોહિની નથી, સત્ સત્ નિરુપમ, સર્વોત્તમ, શુક્લ, શીતળ, અમૃતમય દર્શનજ્ઞાન; સમ્યક્ જ્યોતિર્મય, ચિરકાળ આનંદની પ્રાપ્તિ, અદ્ભુત સત્સ્વરૂપદર્શિતાની બલિહારી છે ! જ્યાં મતભેદ નથી; જ્યાં શંકા, કંખા, વિતિગિચ્છા, મૂઢ દૃષ્ટિ એમાંનું કાંઈ નથી, છે તે કલમ લખી શકતી નથી, કથન કહી શકતું નથી, મન જેને મનન કરી શકતું નથી."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૯૧)

આત્માની આત્મામાં સમયક્ પ્રતીતિ આવતાં પૂર્વના અને ઉત્તરના પરિણામોમાં જે અગત્યના ફેરફાર થાય છે તે સમકિતી ભક્તને અનુભવમાં આવે છે. શમ, સંવેગ, નિર્વેદ, દયા, શાંતિ, ક્ષમા અને સમતા એ આદિ ગુણો વર્ધમાન થતા જાય છે. તેનું ફળ આ પ્રમાણે જોવા મળે છે :—

૧. પ્રકૃષ્ટ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા પોતાની શાંત અને સ્થિર સ્થિતિમાં રહી પરિણમે એવી વૃત્તિ રહે છે.

૨. આત્મવિકાસની સુરુચિ વધે છે અને સમયાનુકુળ પ્રયત્ન થાય છે.

૩. સત્પુરુષ અને તેના વચનોમાં અભિરૂચિ, પ્રેમ અને શ્રદ્ધા વિશેષ બળવાન થાય છે.

૪. વ્યાધિ ઉપાધિના માઠા પ્રસંગે આત્મવીર્ય સહજ પ્રગટતાં પૂર્વની અપેક્ષાએ વધુ શાંતિ વેદાય છે.

૫. સંસારના ખેદરૂપ, શોકરૂપ પ્રસંગો જોઈ આત્મામાં વૈરાગ્ય અને ઉદાસીનતાનું ગ્રહણ વધારે થાય છે.

૬. પોતાને અહિતરૂપ અને હાનિકર્તા નિમિત્તો મળે છે ત્યારે પર દોષ જોવાની વૃત્તિ અટકી જાય છે અને પૂર્વની પોતાની ભૂલનું પરિણામ છે એમ નિજ દોષ તરફ દૃષ્ટિ રહે છે.

૭. પૂર્વના કોઈ વૈરીનું પોતા પ્રત્યે અસદ્ અશુભ વર્તન હોય, તે છતાં મૌન સેવી, શાંતિને અવગાહી પ્રભુ પાસે તેના હિતની માગણી કરે છે. દ્વેષ બુદ્ધિનો અંકુરો પણ ન રહે તેવી તેની આત્મેચ્છા, આત્મજાગૃતિ અને આત્મપુરુષાર્થ હોય છે.

૮. પરિચયમાં આવતા જનોને ધર્મમાર્ગ માટે ઈચ્છા ઉત્પન્ન કરાવવાની વૃત્તિ થાય છે; તેઓની વિમુખતા જણાય તો મધ્યસ્થ રહે છે.

૯. મુમુક્ષુની વૃત્તિ સંસારનાં તીવ્ર દુઃખના નિમિત્તે ઉતરતી જણાય ત્યારે ધર્મમાં સ્થિર કરવાનું કાર્ય કર્તવ્યરૂપ લાગે છે અને કરે છે:

૧૦. ધર્મભાવની વૃદ્ધિ જેમ થાય તેવા નિમિત્તો મેળવવામાં આનંદ માને છે ને તે કારણોને સેવે છે.

૧૧. ગૃહસ્થ જીવનનો ઉદય હોય તો ત્યાં વ્યવહારશુદ્ધિ જાળવી વ્યવહારધર્મ, ફરજ પાર પાડી નિવૃત્ત થવાની ભાવના સેવે છે.

૧૨. ટૂંકામાં આત્મ ઉજ્જવળતા, આત્મ પવિત્રતા, આત્મ નિર્મળતા અને આત્મ શુદ્ધતા પ્રત્યે ઉપયોગ પ્રેરાય છે, જેથી ક્રમે ક્રમે સફળતા પ્રાપ્ત થતી જાય છે.

અહીં જેટલી સફળતા તેટલી આત્મદશા ઊર્ધ્વગામી થાય છે. હવે ભક્તની પ્રબળ અંતરેચ્છા એવી રહે છે કે રાગદ્વેષની પરિણતિનો ક્ષય અને શુદ્ધાત્માનો

આવિર્ભાવ થાય. તેને સમજાય છે કે રાગદ્વેષની પરિણતિને સંયમમાં લેવા માટે સદ્‌ગુરુદેવ પ્રત્યે સમર્પણ ભાવની અત્યંત આવશ્યકતા છે અને તે માટે હૃદયપૂર્વકનો પુરુષાર્થ ઉપાડે છે.

સમર્પણભાવ એક એવી અદ્‌ભુત અજબ શક્તિ છે કે જે સર્વ શક્તિમાન ભગવાનને પણ સુતરના કાચા તાંતણાથી બાંધી લે છે અને તેમાંથી તેઓ છૂટી શકતા નથી, છૂટવા ઈચ્છતા પણ નથી. અર્પણતા ભગવાનમાં પ્રેમ-શ્રદ્ધા વધ્યા વિના આવી શકતી નથી; એટલે જ કહ્યું છે કે પ્રેમ-શ્રદ્ધા-અર્પણતાના ત્રિવેણીસંગમરૂપ ભક્તિ કરનાર ભક્તને ભગવાન આધીન છે. બદલામાં ભગવાન તેનું ગુપ્તતાએ રક્ષણ કરે છે અને તેની સર્વ ભાવના પાર પાડી સંતોષે છે, તે એટલે સુધી કે મન અને હૃદયથી ખરેખર રંગાયેલો ભક્ત ઈચ્છે ત્યારે ભગવાનને પ્રત્યક્ષ હાજર થવું પડે છે અને આત્મપ્રભુ ઉજ્જવળ, પવિત્ર અને નિર્મળ થાય છે. જેટલા અંશે સમર્પણભાવ તેટલા અંશે ભગવાનનું રક્ષણ.

બીજી રીતે જોઈએ તો ભગવાનરૂપ સત્પુરુષ પ્રત્યે જેટલે અંશે સમર્પણભાવ તેટલે અંશે અહંકાર-મમકારનો ત્યાગ. જેટલા પ્રમાણમાં અહંનો અભાવ તેટલા પ્રમાણમાં આત્મવિશુદ્ધિનો આવિર્ભાવ; અને જેટલે અંશે આત્મવિશુદ્ધિનો પ્રગટ પ્રભાવ તેટલે અંશે આત્માના નિર્મલત્વ, હળવાશ, પ્રસન્નતા અને આનંદનો ઉઘાડ.

ભક્તના હૃદયમાં અર્પણતાનું માહાત્મ્ય અને તેથી ઉત્પન્ન થતી શક્તિઓ, લબ્ધિઓ અને સિદ્ધિઓનું યથાર્થ જ્ઞાન વર્તે છે; જો કે સિદ્ધિ આદિ માટે તેના અંતરમાં કિંચિત્ માત્ર મોહ નથી અને ત્યાજયરૂપ ગણે છે, તો પણ તે શક્તિઓ આત્માની અનંત શક્તિનું સ્પષ્ટ ભાન અને જ્ઞાન કરાવનાર છે એમ સમજે છે અને તેથી આત્મા પ્રત્યેનો વિશુદ્ધ ભાવ શુદ્ધતા તરફ જાય છે અને તે કલ્યાણની વૃદ્ધિ કરે છે. તે કારણે ભક્ત ભગવાનને પ્રાર્થે છે :-

"હે પરમકૃપાળુ ભગવંત ! આપની કૃપાથી આ બાળકે પ્રેમશ્રદ્ધાના સંયોગી બળથી સ્વરૂપ પ્રતીતિ મેળવી છે અને કોઈ પ્રકારે આ રત્નચિંતામણિ સમાન મનુષ્યદેહની સાર્થકતા સાધ્ય કરી છે. પરંતુ તેથી અટકવાની તેની કોઈ વૃત્તિ નથી. તેને તો આપના અનુગ્રહથી ઊંચી ઊંચી પાયરી પર આરૂઢ થઈ ઠેઠ પૂર્ણતાની ટોચ પર પહોંચવું છે. અનાથમાંથી સનાથ થવું છે.

તેથી હું આપના પવિત્ર ખોળામાં માથું મૂકી, મારું મનાતું સર્વસ્વ, મન, વચન અને કાયા અને તેની સમસ્ત પ્રવૃત્તિ આપને અર્પણ કરું છું; તે સર્વ પ્રવૃત્તિ આપની આજ્ઞાનુસાર થાઓ અને મારા આત્મામાં અહંમમના ભાવો ઊંડાણમાં પણ રહ્યા હોય તે નિવૃત્ત થાઓ, એ આપની પાસે માંગું છું તે સફળ થાઓ.

હે દયાનિધિ, મારે તો આપના જેવા પરમ શુદ્ધ,

નિર્મોહી, અસંગ થવું છે તો મારી પાસે તેવો પુરુષાર્થ કરાવશો, પ્રેરણા આપશો તથા બળ આપશો."

પ્રેમ શ્રદ્ધાપૂર્વકની વિનંતિ અને અર્પણતાના અંશે અંશે વધતા ભાવોનું ઇષ્ટ ફળ એ છે કે વિનંતિકારના ભાવો કોમળ, દયામય, સમતામય અને શાંતિમય અધિક અધિક થતા જાય છે. ચિત્તમાં પ્રસન્નતાનું બળ વધે છે, વિઘ્નો દૂર થતાં જાય છે, દુશ્મનો દ્વેષભાવ છોડી દઈ મિત્રો બનતા જાય છે, પુણ્યનો સંચય અને ઉદય પ્રાપ્ત રસ વધતાં અનુકૂળ નિમિત્તો અને સંજોગો સંપ્રાપ્ત થાય છે. જો બરાબર ધ્યાનપૂર્વક તપાસવામાં આવે તો જણાશે કે કાર્યે કાર્યે, પ્રસંગે પ્રસંગે ભગવાનની અનુપમ કૃપા કામ કરી રહી છે. કોઈ ચમત્કારિક રીતે પોતાનું રક્ષણ થાય છે. ભૂલો અથવા દોષો વિના પ્રયત્ને અટકતા જાય છે. આવું છે સાચા પ્રેમ-શ્રદ્ધા-અર્પણતાનું રહસ્ય અને તેનું ફળ. આ આશ્ચર્યકારક ફળનું ક્યાં સુધી વર્ણન કરવું ? અનુભવથી વિશેષ સમજાય તેમ છે.

ભગવાનની કૃપારૂપ અમીદૃષ્ટિથી ભીંજાયેલ ભક્તના હૃદયમાંથી આનંદસભર વચનો સહસા સરી પડે છે :–

"હે પ્રભુ, સંસારમાં રહીને સંસાર છેદવાની જડીબુટ્ટીઓ શોધી, પ્રકાશિત કરી અમને સમજણ આપી તે માટે અમે આપનો ખૂબ ખૂબ ઉપકાર માનીએ છીએ. સંસાર રોગ મટાડવા માટે પ્રેમ-શ્રદ્ધા-અર્પણતા અને ભાવના

પ્રાર્થનારૂપ અદ્વિતીય અમોઘ ઔષધિઓ આપી જે ઉપકાર કર્યો છે, તેનો બદલો અમો કોઈ રીતે વાળી શકવા સમર્થ નથી. તેથી અમારાં મન, વચન અને કાયા આપના ખોળામાં આત્મભાવે અર્પણ કરી સંતોષ માનીએ છીએ."

## પ્રાર્થનાની સાતમી અવસ્થા

પ્રાર્થનાકાર ભક્ત હવે વિશેષ સુવિચારવાન થયો છે, તેનામાં સુવિવેકની પણ વૃદ્ધિ થઈ છે. શ્રી તીર્થંકર મહાપ્રભુના વિચારમાં, ગુણોમાં તલ્લીન થતાં કેટલાક સુખદ, આશ્ચર્યકારક અને આનંદદાયક વિરોધાભાસ તેની વિશાળ બુદ્ધિમાં આવે છે અને માર્મિક રીતે અંતરમાં ખુશી થાય છે; સાથે સાથે તેનો પ્રભુ પ્રત્યેનો અહોભાવ એકદમ વધી જાય છે.

તે અંતરમાં જ કહે છે કે :–

હે પ્રભુ,

આપ અંતરંગ શત્રુઓને હણનારા છતાં ક્ષમાવંત છો.
રાગાદિ પ્રત્યે નિર્દય છતાં પરમ દયાળુ છો.
વીતરાગ છતાં મુક્તિસુંદરીને ભોગવનાર છો.
કોઈની સાથે સંબંધ વિના સહુના બંધવ છો.
કોઈના પિતા નથી છતાં જગતપિતા છો.
કેવળ અસંગ છતાં લોકના નાથ છો.

કેવળ મધ્યસ્થ છતાં ત્રિજગતના રક્ષક છો.

કેવળ ઉદાસીન છતાં પરમ ઉપકારી છો.

કેવળ મમતારહિત છો છતાં સર્વ પર કૃપા કરો છો.

રત્નાદિકનો ત્યાગ કર્યો છે છતાં રત્નત્રયના ધારક છો.

શાંત સ્વરૂપી થયા છો છતાં ચિરકાળ તપો છો.

અદીપ્ત છો છતાં આત્મતેજથી દીપ્ત છો.

તારક છો છતાં અભવીને તારતા નથી.

આટલું મનોમન કહેતાં એકાએક તેને પોતાના ઉપકારી સદ્‌ગુરુદેવના પવિત્ર સમાગમની સ્મૃતિ આવે છે, તેમની શાંત મુખમુદ્રા નજર સમક્ષ તાદૃશ્ય થાય છે અને તેમનાં "મન, વચન, કાયાની ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો" પ્રલયકાળે સમુદ્રનું પાણી ખસી જાય અને પેટાળમાં રહેલ રત્નસમૂહ ખુલ્લો થાય તેમ પ્રગટ થાય છે, સમજાય છે અને તેમની અપૂર્વ આત્મદશાની આશ્ચર્યયુક્ત સ્થિતિ જોઈ અત્યંત અહોભાવ આવે છે. તે પવિત્ર સ્મૃતિ અને આનંદદાયક સ્મરણમાં ગરકાવ થતાં તે બહારના વાતાવરણની અસરથી મુક્ત થાય છે, ઈન્દ્રિયો પોતપોતાનું કાર્ય અટકાવે છે તેથી તેનાથી પણ છૂટે છે, દેહનું ભાન ભૂલે છે અને મન શાંત થઈ ઊંડે ઊંડે ઉતરતું હોય તેમ અનુભવે છે. અંદરની જાગૃત અવસ્થા જેવી ને તેવી ઉજ્વળ, સુખસ્વરૂપ અને શાંતિવાળી વેદાય છે. જ્ઞાન લેતી વેળાએ જે અનુભવ થયો હતો તે પ્રકારનો આ અનુભવ ફરીથી પ્રકાશિત

થયો; ફરક માત્ર એટલો જ કે આ અનુભવ ઘેરો, વિશેષ ઊંડાણવાળો અને વર્ણવી ન શકાય તેવી મગ્નતાવાળો હતો. આ અનુભવની મીઠાશથી તેના આનંદનો કોઈ પાર નથી, કેમ કે તે અનુભવ પછી તેને પ્રભુનાં દર્શન, શ્રી ગુરુદેવનાં દર્શન ઇત્યાદિ તથા અપૂર્વ શાંતિનું વેદન થયું છે.

આ અનુભવની જાણ કરવા નમ્ર ભક્ત શ્રી ગુરુદેવ પાસે ધીમે પગલે, અંદરમાં મુદિત થતો, શાંતભાવે જઈ પોતાની વાત વિનયસહ વિદિત કરે છે અને મૌન થાય છે. થોડી જ વારના મૌન પછી શ્રી ગુરુ હર્ષસહિત નિવેદન કરે છે અને સંતોષપૂર્વક પ્રકાશે છે કે :–

"હે શિષ્ય ! વીતરાગ ભગવંતની અમીમયકૃપા દૃષ્ટિથી તું પરમ ભાગ્યવંત થયો છે. તારી આત્મદશા ઉચ્ચગામિની થઈ છે. અનંત સંસારમાં રખડાવનાર, રગદોડનાર, અનંત કલ્પનાતીત દુઃખોનું વેદન કરાવનાર અને સ્વભાવથી નિરાગી, નિર્વિકારી પ્રકૃષ્ટ શુદ્ધ આત્માને રાગદ્વેષની પ્રબળ જાળમાં સપડાવી આધિ, વ્યાધિ અને ઉપાધિના પ્રસંગોમાં આત્મસ્થિરતાથી ચ્યુત કરનાર અનાદિના શત્રુઓ મિથ્યાત્વ અને અનંતાનુંબંધી કષાયની ચાંડાલ ચોકડીનો તથા સિદ્ધિમોહ, ચમત્કારમોહ આદિનો નાશ કરવા તું સંપૂર્ણ સફળ થયો છે.

હે કૃપાપાત્ર, "નિજ સ્વભાવજ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજ સ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે

તે કેવળજ્ઞાન છે." (શ્રીમદ્ રાજચંદ્ર - ઉપદેશછાયા) તેની તથારૂપ પ્રતીતિ નિરંતર વર્ત્યા કરે તેવા શુદ્ધ સમકિતની ઊર્ધ્વ દશા તને પ્રાપ્ત થઈ છે તે માટે અભિનંદન આપું છું અને આગળની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ મેળવ એ આશીર્વાદ છે."

શ્રી ગુરુદેવમાં પ્રેમ-શ્રદ્ધા-અર્પણતા એટલે જ શ્રી ગુરુની કૃપા. પોતાપણું છોડી ગુરુને આધીને થઈ વર્તવું એ જ કૃપા મેળવવાની ચાવી છે. એ કૃપાથી જેના અંતરમાં આત્માનું અજવાળું પ્રકાશિત થયું છે તે ભક્ત શ્રી ગુરુદેવનાં ઉપરોક્ત વચનોથી આનંદમગ્ન થયો થકો તેમનાં પવિત્રચરણ કમળને નમસ્કાર કરે છે અને ઉપકાર માને છે.

પછી તો ઉત્કૃષ્ટ ત્રણ ભવ (કોઈ અપેક્ષાએ ચાર) બાકી રહે એવી આત્મદશાસૂચક પરમકૃપાળુ દેવનાં વચનામૃતના પાનથી ઉલ્લસિત થતા ભક્તને અંદરમાં આશ્ચર્ય થાય છે અને વિચાર સ્વયં સ્ફુરી આવે છે કે પોતે એવો કયો મોટો પુરુષાર્થ કર્યો છે કે તેનું આવડું મોટું ફળ મળ્યું ? જગતમાં ઘણાં જીવો ખૂબ ઊંડા ઉતરી શાસ્ત્રાભ્યાસ કરે છે, ઝીણું ઝીણું કાંતે છે, તર્કબુદ્ધિ ચલાવી શંકાઓનું સમાધાન મેળવવા તનતોડ મહેનત કરે છે, કેટલાક યમ, નિયમ, પ્રાણાયામ આદિ સાધનોની સિદ્ધિ માટે તીવ્ર પરિશ્રમ કરે છે, તો વળી કેટલાક દેહને કષ્ટ આપીને કષ્ટસાધ્ય તપાચરણ સેવે છે, તેમાંનું કંઈ પોતે

તો કર્યું નથી, તો પછી આવા ઉત્તમ ફળની પ્રાપ્તિ કેમ થઈ હશે ? એ પ્રશ્ન તેના માટે કોયડારૂપ બની રહ્યો છે. સમાધાન જાણવાના હેતુએ પરમ જિજ્ઞાસા સંયુક્ત ઉહાપોહ તેના અંતરમાં કેટલાક સમય સુધી એમને એમ જીવંત રહ્યા કરે છે ને ગુરુદેવને તેના આનંદપ્રદ ઉકેલ માટે ભીના હૃદયથી વિનંતિ કરે છે.

સાચા મનથી અને પ્રેમપૂર્વકના દિલથી કરેલી પ્રાર્થનામાં પ્રભુજી પાસે જે કંઈ માગણી કરાય છે, તે આવીને મળે છે એવો જે સિદ્ધાંત છે તે ભક્તના સંબંધમાં સત્ય થાય છે. ભાવનાની ભવ્યતાથી પરમાર્થ પુણ્યનો ઉદય ખેંચાઈને ઉદિત થાય છે અને શ્રીગુરુના પરમ પ્રેમી ભક્તને એક સુભગ પળે પૂર્વ ભવોના કેટલાક આકર્ષક અને હૈયું ઠરી જાય એવા પ્રસંગો સ્મૃતિમાં આવે છે; અને તેની અજબ, ચિરકાળ ટકે એવી અને ઉત્સાહપ્રેરક ઘેરી છાપ તેના આત્મામાં અમાપપણે અંકિત થાય છે. તેનો હર્ષ અંદરમાં સમાતો નથી અને ઉછળી ઉછળીને બહાર આવી રૂંવાડા ઉભા કરે છે.

પૂર્વ ભવોમાં શ્રી ગુરુદેવ સાથેના પોતાના સંસારસગપણના સંબંધો, તેથી બંધાયેલ શુભ ઋણાનુબંધો, લોકોપયોગી સત્કાર્યો, લોક પ્રત્યયી સેવા, પ્રભુભક્તિ તથા ધર્મારાધન એ સર્વનું તાદૃશ્ય ચિત્રભાસમાં જોયું હતું તેનું શ્રી ગુરુ પાસે નિવેદન કર્યું ત્યારે તેઓએ સહજભાવે તેની સત્યતાની ખાત્રી આપી અને તેના આત્મામાં વધુ

બળનો અને પ્રેરણાનો સંચાર થાય તેવાં વચનો પ્રકાશી શાબાશી આપી. વિનમ્ર અને વિનયી ભક્તનાં નયનો હર્ષાશ્રુનાં બિંદુઓથી ભીંજાયા; પ્રકાશિત મોતી જેવાં સ્વચ્છ બિંદુઓની ધારા ગાલ પ્રદેશ પર વહેવા લાગી, જાણે કેમ પ્રેમસમુદ્રનાં નીર વીરતાથી ઉછળીને કિનારાથી દૂર દૂર ફેંકાતા ન હોય ! અથવા આંખની ક્યારીમાંથી શ્રી ગુરુની કૃપારૂપ અમીરસ ધારા વહેતી ન હોય !

શ્રી ગુરુએ ઉપકાર કરી સિદ્ધાંતિક રીતે બોધથી સમજાવ્યું હતું કે આ કળિયુગ કે પંચમકાળમાં પૂર્વના શુભકાળની અપેક્ષાએ જ્ઞાનની પ્રાપ્તિ તથા આત્મદશાનો વિકાસ સુલભતાએ અને અલ્પકાળે સાધ્ય થાય છે અને ભવ્ય જીવ કોઈ વિદ્યમાન સત્પુરુષ કે જ્ઞાની ભગવંતમાં પ્રેમ-શ્રદ્ધા-અર્પણતા લાવી લાભ લેવાનો નિર્ણય કરે તો અલ્પ પ્રયાસે શ્રેયને સાધી શકે છે. તે સિદ્ધાંતમાં ભક્તની અડોલ શ્રદ્ધા હતી અને પુરુષાર્થ પણ તદ્નુસાર હતો, તેથી તો ટૂંકા સમયના ગાળામાં તેને ગુરુકૃપાથી અદ્ભુત ચમત્કારિક સામર્થ્યવાળું, ઝડપથી કેવળજ્ઞાન પ્રતિ લઈ જનાર અતુલ બળવાળું અને ગુપ્ત ભેદોનાં દ્વારોને ખોલવામાં કુશળ એવા પ્રભુત્વવાળું શુદ્ધ સમકિત પ્રાપ્ત થયું. વારંવાર વંદન હો એ પરમ શાંતિ અને શીતળતાને અર્પનાર પરમ કલ્યાણમૂર્તિ શુદ્ધ સમ્યક્ દર્શનને અને સમ્યક્ જ્ઞાનને ! ત્રિકાળ જયવંત વર્તો "શ્રી સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !"

## પ્રાર્થનાની આઠમી અવસ્થા :

આત્મદશા ત્વરિત ગતિએ વધવામાં ઉત્તમ નિમિત્તરૂપ શ્રી સદ્‌ગુરુદેવની અદ્વિતીય કૃપાથી પ્રમુદિત થતા ભક્તના હૃદયમાં પ્રેમની શ્વેત નિર્મળ છોળો ઊંચેને ઊંચે ઉડી રહી છે ને શ્રદ્ધાનો પ્રકાશ વિશેષ વિશેષ ક્ષેત્રમાં પથરાતો જાય છે. આથી તેનાં મન, વચન, કાયાની પ્રવૃત્તિની અને ઈચ્છાની સોંપણી શ્રી ગુરુનાં ચરણકમળમાં આત્મભાવે કરવાના ભાવ દૃઢીભૂત થયા છે અને તેવો પુરુષાર્થ હૃદયપૂર્વક ઉપાડે છે, તેમ કરવા માટે તેનો આત્મા તલસે છે. કાર્ય દેખીતી રીતે કઠણ છે પરંતુ જ્યાં પ્રેમ અને શ્રદ્ધા બળવાનપણે ઉદયમાં હોય ત્યાં તે બંનેના પરમ મિત્ર અર્પણતાને હાજર થવું પડે છે; સાથ અને સહારો આપવા હાજર થાય છે. અહો ! પ્રભુ આજ્ઞામાં રહી પ્રભુકૃપા થકી પ્રાપ્ત પ્રેમ-શ્રદ્ધા-અર્પણતા કયું કાર્ય સાધી ન શકે! એ ત્રિપુટીની વિદ્યમાનતાએ આત્મ વિકાસ અને આત્મ શુદ્ધતારૂપ પર્વતના ઉન્નત શિખર પર પહોંચી નિવાસ કરવાની સમર્થતા કેમ ન આવે ? અર્થાત્ જે જેનું ફળ હોય તે સફળ થઈ સંપ્રાપ્ત થાય એ અબાધિત નિયમ છે. ભક્તના અંતરમાં આ અટલ સિદ્ધાંત ઊંડો કોતરાઈને પ્રકાશિતપણે રહ્યો છે અને જ્યારે અર્પણતાની કેડી પર ચાલવાની પગદંડી અટકી જાય છે, ત્યારે સિદ્ધાંત પ્રકાશી ઊઠી તેના આત્માને અજવાળે છે, તે વેળાએ શ્રી સદ્‌ગુરુની કૃપાનું માહાત્મ્ય તેને વિશેષતાએ સમજાય

છે અને તે થકી બળ મળતાં પુરુષાર્થમાં આગળ વધે છે.

એક વેળા નીરવ શાંતિ હતી ત્યારે પ્રેમીભક્ત શ્રી ગુરુદેવના ઉપદેશ પ્રસાદમાંથી સદ્ધર્મની અભિરુચિના પ્રારંભથી વધતા આત્મિક વિકાસનાં કારણો પર વિચાર કરીને તેની તારવણી કરવામાં ગુંથાય છે. તેના વિવેકી વિચારમાં આટલા કારણો દૃષ્ટિ ગોચર થાય છે. પ્રભુભક્તિ, શાસ્ત્ર શ્રવણ અને અધ્યયન, સદ્‌વિચાર, સામાન્ય સત્સંગ, સદાચાર, સત્સમાગમ, પ્રત્યક્ષ વિદ્યમાન સત્પુરુષ કે જ્ઞાની ભગવંતની ભક્તિ એટલે તેમનામાં પ્રેમ-શ્રદ્ધા-અર્પણતાના ભાવ અને તેવા તથારૂપ પુરુષ સાથે પોતાના પૂર્વના ઘણા ભવોનો શુભ ઋણાનુબંધનો સંચય અને ઉદય; અને આ કારણોમાંના છેલ્લા બે ઝડપી ગતિએ વિકાસ સાધવા માટે અત્યંત ઉપકારી થાય છે; તે બે કારણોનો સુયોગ થાય ત્યારે ભક્ત અલ્પ કાળે અને અલ્પ પ્રયાસે, દેહને તપાદિથી કષ્ટ દીધા વિના કે માનસિક પરિષહ વેદ્યા વિના પરમાર્થ માર્ગના સ્વચ્છ, સુંદર અને ધોરી રસ્તા પર વેગથી દોડી ઈષ્ટ સ્થાને આનંદ અને સંતોષથી પહોંચી જાય છે. વચ્ચે દેખા દેતી કંટકરૂપ મુશ્કેલી શ્રી ગુરુના માર્ગદર્શન અને અનુગ્રહથી દૂર થવામાં વિલંબ થતો નથી તેમ ખેદ અને નિરાશા પાસે આવી શકતા નથી. આમ મોક્ષની સરળ વાટ હોવા છતાં તથારૂપ પુરુષનો યોગ પ્રાપ્ત થવો દુર્લભ છે, અતિ દુર્લભ છે.

આ વિચારશ્રેણિનાં અંતમાં ભક્ત પોતાને તે સુયોગની

પ્રાપ્તિ થઈ હોવાથી પરમ ભાગ્યવંત સમજે છે અને જરાપણ પ્રમાદ ન સેવવાનો અને સત્પુરુષાર્થનો વેગ વધારવાનો નિર્ધાર કરે છે. એક ક્ષણનો પણ પ્રમાદ કરવાથી મળેલી અમૂલ્ય તક ખોઈ બેસવાનો વખત આવે છે, તેવી સાચી સમજણ તેનામાં આવી ગઈ છે. પ્રાપ્ત અવસર અફળ જાય અને નવેસરથી કાર્ય કરવું પડે એનો તેના આત્મામાં પ્રબળ નકાર વર્તે છે.

આત્મદશાના ઝડપી વિકાસનો આકાંક્ષી ભક્ત એકાએક ભાવસભર પ્રાર્થના કરવા પ્રેરાય છે અને ભગવાનની આજ્ઞાથી જે વચનો બોલાય તે જ બોલવાના નિર્ધારથી શરૂ કરે છે.

"હે પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુ ભગવંત,

આપે મને આટલી ઊંચી દશા સુધી લઈ જઈ મહાન ઉપકાર કર્યો છે; પરંતુ મારી આત્મેચ્છા લેશ પણ અટકવાની નથી, મારી તમન્ના તો આપ પ્રભુની સર્વ રિદ્ધિસિદ્ધિ મેળવાની છે. તે માટે બળ આપી યોગ્ય પુરુષાર્થ કરાવશો.

આપનાં ટંકોત્કીર્ણ ઉપદેશ વચનો મારા હૃદયમાં કોતરાઈ ગયા છે કે સર્વ ભાવની અર્પણતા એ જ સિદ્ધિનું રહસ્ય છે. તેમ થવા માટે અહંતા-મમતાનો ત્યાગ, મન, વચન અને કાયાની સોંપણી તથા સ્વેચ્છાની નિવૃત્તિ અત્યંત આવશ્યક છે; અને તે સર્વ આપ પ્રભુજીનાં ચરણકમળમાં સમર્પણ કરવા ઘટે છે.

તો આ ક્ષણથી મારું કહેવાતું સર્વસ્વ આત્મભાવથી

આપને ચરણે ધરું છું અને તેના બંધનથી મુક્ત થઉં છું. આપ કૃપા કરી તે સ્વીકારશો અને મને સનાથ કરશો. સનાથ થયો છું તેવા મંગલ વચનો પ્રકાશી આનંદિત કરશો. હે પ્રભુ ! મને આપના ઉપદેશથી બરાબર સમજાયું છે કે મન, વચન, કાયાને અર્પણ કરવાનું કાર્ય કેટલું કઠણ છે; અર્પણતા કરી છે એમ લાગે અને મનાય, તો પણ આત્માના ઊંડાણમાં રહેલું અહં રહી જવાનો સંપૂર્ણ સંભવ છે અને તે અહંવૃત્તિના સદ્ભાવમાં અર્પણતાની કચાશ ગણાય તેવી કોઈ ન્યૂનતા આ આત્મામાં ન રહે તેવી આશિષ આપી બળનું દાન કરશો, અને તેને ઊંચી પાયરી પર ચઢાવશો.

હે કરુણાસાગર, હું આપને વિશેષ શું કહું ? આપ બધું જાણો છો. મારે તો આપ પ્રભુની આજ્ઞાને આધીન થઈ વર્તવું છે; આપની ઇચ્છાનુસાર જ ચાલવું છે. આપ ભાવ કરાવો તેમ ભાવ કરવા છે, બોલાવો તેમ બોલવું છે અને કાર્ય કરાવો તેમ કાર્ય કરવું છે. એક સમયથી માંડીને અખંડપણે આજ્ઞારાધનમાં રહું એ જ માત્ર અભિલાષા છે. એ મારી ભાવના કૃપા કરી પૂર્ણ કરશો."

ભક્તના આત્મામાંથી નીકળેલી આ સ્વહિત સાધક પ્રાર્થના શ્રી ગુરુદેવ પાસે પહોંચી ગઈ અને તેનો સ્વીકાર થયો. શ્રી ગુરુદેવના સુખદાયક સમાગમ વેળાએ ભક્તે આ વાત શ્રીમુખેથી સાંભળી ત્યારે ઉપકારના ભારથી અને હર્ષોર્મિના આવેશથી તેનો કંઠ ગદ્ગદિત થઈ જતાં

વચનો બહાર આવી શક્યાં નહીં, પરંતુ એકદમ
રણોમાં તે ઢળી પડ્યો. ચરણના શીતળ સ્પર્શથી
ત્મપ્રદેશોએ જે અપૂર્વ શાંતિનું વેદન કર્યું તે
હતું; અને તેમાંય જ્યારે શ્રી ગુરુદેવે આશિષ
ેના મસ્તક અને પીઠ પર જમણો હાથ ફેરવ્યો
ભક્તના અંતરાનંદની કોઈ અવધિ ન રહી; તે
વિકલ્પથી રહિત, કેવળ શાંત પ્રેમસમાધિમાં
ગયો. તે સમાધિ સુખમાંથી બહાર આવતાં જ
પ્રભુજીનો ખૂબ ખૂબ ઉપકાર માન્યો. ધન્ય છે
અનુભવને, ધન્ય છે તે પવિત્ર ક્ષેત્રને અને
તે સુભગ કાળને ! ભક્તની ભાવના આ રીતે
સદ્‌ગુરુદેવની ભક્તિનું ફળ અજોડ છે તેની
શેષ પ્રતીતિ કઈ હોઈ શકે ?

## નવમી અવસ્થા

ના આત્મિક વીર્યની વર્ધમાન પામતી પ્રગટતાથી
ભાવ ઊંડો ઉતરી સૂક્ષ્મતા તરફ દિનપ્રતિદિન
ધે છે અને તેની પૂર્ણતાના લક્ષે તેનો પુરુષાર્થ
જાય છે. સદ્‌ગુરુદેવની કૃપાથી અને આશિષથી
બળ બળનો સંચાર થયો છે અને પૂર્ણ સમર્પણને
બળની સામે પડવા અને તેને હરાવવા શક્તિવંત
આ પ્રકારનું અંતરયુદ્ધ ચાલી રહ્યું છે તેમાં

જય મેળવવાની કામનાવાળો ભક્ત જંપ્યા વિના સદ્‌ગુરુદેવને માથે રાખીને જંગ ખેલી રહ્યો છે. ક્યારેક હાર તો ક્યારેક જીત એવી અવસ્થા પ્રારંભ કાળે રહ્યા પછી 'હાર' હાર ખાતી જાય છે અને 'જય' વિજયની ઊજળી દિશા તરફ જાય છે. ભક્ત જયનાં પાદચિન્હો પારખી શકે છે તેમ અનુભવી શકે છે. તે ચિન્હો આ પ્રમાણે છે.

ભક્તને શ્રી ગુરુદેવની અને તેમના વીતરાગ શાંતસ્વરૂપ આત્માની સ્મૃતિ અને દરેક પ્રવૃત્તિ કરતી વખતે તેમણે આપેલ આજ્ઞાનું સ્મરણ તેના પોતાના પ્રગટ ખ્યાલ વિના આશ્ચર્યકારક રીતે સહજ રહ્યાં કરતાં હોય એમ લાગે છે. કર્તાપણાના ભાવનો અભાવ જણાય છે. "હું"નું સ્વામિત્વપણું સ્વરૂપમાં ભળી જઈ પરિવર્તન પામ્યું હોય એવી કોઈ દશા અનુભવગમ્ય દેખાય છે. ચિત્ત સૌમ્ય અને શાંત થયું છે અને ચારિત્રમોહના ઉદયથી તેમાં ઊઠતા પરિણામ પોતાના નહીં એવા પારકા લાગે છે, અને તે પણ ઘટતી જતી સ્થિતિવાળા હોય એમ દૃષ્ટિમાં સ્પષ્ટ ભાસે છે. મોહનીયના વિશેષ ક્ષયોપશમની સાથે સાથે આવરણો અને અંતરાયો તૂટતાં હોય એમ અનુભવ થાય છે; કેમ કે આત્માની સ્થિર અને શાંત દશામાં નિર્મળ જ્ઞાનનો ઉઘાડ થતાં ગુપ્ત ભેદો સમજાતા જાય છે; શાસ્ત્રમાં નથી એવા રહસ્ય જ્ઞાનનું પ્રગટપણું થતું જાય છે; જાતિસ્મૃતિજ્ઞાન વિશેષતાએ પ્રભાવ બતાવે

છે; અને જ્યારે શ્રી ગુરુદેવનો પરમ પ્રેમી ભક્ત આ સર્વ અનુભવની સુંદર કહાણી તેમની પાસે વિનમ્રતાથી નિવેદિત કરે છે અને શ્રી ગુરુ સંતોષપૂર્વક તેની તથ્યતાનો સ્વીકાર કરવા ઉપરાંત રહસ્યો અને ભેદોને વિશેષ સમજાવતી જ્ઞાનવાણી પ્રકાશે છે ત્યારે ભક્ત આનંદવિભોર બની જાય છે. પવિત્ર વીતરાગ ધર્મનું અચિંત્ય માહાત્મ્ય તથા નિર્મળ આત્માનું અદ્ભુત સામર્થ્ય જોઈ તેનો અહોભાવ અત્યંત વર્ધમાન થાય છે અને હવે તો આત્મા પરમ શુદ્ધતા જલદીથી પામે તેવી તાલાવેલી ઉત્કૃષ્ટતાએ વર્તે છે.

તેવામાં શ્રી સદ્ગુરુદેવ ભક્તને પ્રેમ-શ્રદ્ધા-અર્પણતાની નિષ્ઠાપૂર્વક એક લય લગાડી તેની એકતારૂપ પરિણમવાનો ઉપકારી ઉપદેશ અને આદેશ આપે છે. કેમ કે તે ત્રણ ગુણોનું એકત્રતારૂપ પરિણમન તે આત્માનું શુદ્ધ ચારિત્ર જ છે, અર્થાત્ ત્યાં ભેદરૂપ અવસ્થા વિલીન થતાં શુદ્ધ આત્માનો શુદ્ધ અનુભવ પ્રકાશિત થાય છે, આત્મા પરમાત્મારૂપ થાય છે; પરાભક્તિની છેવટની હદ આ છે. ભક્ત આ વિકાસ સાધક ઉપદેશથી અત્યંત પ્રસન્ન થાય છે અને આદેશને શિરસાવંદ્ય ગણી તે પુરુષાર્થ ઉપાડી તેમાં લીન થવાનો દૃઢ નિશ્ચય કરે છે. આવા અદ્ભુત માર્ગદર્શન અને પ્રેરણાબળ પ્રદાન કરવા માટે શ્રી સદ્ગુરુદેવનો ખૂબ આભાર માને છે.

ભક્ત શાંતભાવથી શ્રી ગુરુને પ્રાર્થે છે :–

"હે કરુણાસાગર, પૂર્ણ નિર્ભયતાનું દાન કરનાર, સર્વોત્કૃષ્ટ આત્મસિદ્ધિની પ્રાપ્તિના માર્ગદર્શક તથા ઉત્તમોત્તમ પ્રેરણાના દાતા શ્રી ગુરુ ભગવંત,

આપે અનંત કરુણા કરી આપના આ ભક્તને ગુણના ઊંચા ઊંચા સ્થાન પર આરૂઢ કરવાનો જે મહાન ઉપકાર કર્યો છે અને કરતા રહો છો તેથી તે આપનાં પવિત્ર ચરણોમાં પડી ભાવપૂર્વક નમન કરે છે; આપ દયાળુદેવને સમય સમયના વંદન કરે છે. તે વંદનનો આપનો સ્વીકાર તે આના સદ્ભાગ્યના પરમ પુણ્યના ઉદયરૂપ પ્રકાર છે એમ તેને સમજાય છે.

આપે શુદ્ધતાની ઉત્તમ શ્રેણિ પર ચઢવા પથદર્શન કરાવી આદેશ આપ્યો, તો આપની આજ્ઞાથી અને આપની કૃપા થકી તે પવિત્ર આદેશનું આરાધન એકનિષ્ઠાએ કરવાનું ચૂકીશ નહીં અને મને નિઃશંક ખાત્રી છે કે તેમ કરવાથી સર્વ પરભાવ વિદેશ જઈ આપે બતાવેલ ઉદ્દેશની સિદ્ધિ થશે.

હે શાંતમૂર્તિ, જ્ઞાનમૂર્તિ, ચૈતન્યમૂર્તિ પરમાત્મા,

મને આપ સમાન જલદી જલદી કરો એ જ મારી અંતિમ ઇચ્છા છે, ભાવના છે અને પ્રાર્થના છે, તે ઉપકાર કરીને પૂર્ણ કરશો."

ઉલ્લાસથી ભક્તનું આત્મવીર્ય સર્વ પ્રદેશે ઈષ્ટની સિદ્ધિ માટે ઊછળી રહ્યું છે. તેના રોમ રોમમાં એ એક જ લગની થનગની રહી છે. તેનું ચિત્ત કોઈ અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી; તેનું મન કોઈ અન્ય વિષયનું મનન કરી શકતું નથી.

એવી દશામાં એક ધન્ય દિવસે ભક્ત શ્રી સદ્ગુરુદેવના ચૈતન્યસ્વરૂપ પ્રત્યેના (પરમાર્થથી પોતાના સ્વરૂપ પ્રત્યેના) પ્રેમ શ્રદ્ધાના પૂરમાં તરતો તરતો અર્પણતારૂપ હલેસાં મારતો મારતો, વેગની ગતિ વધારતો આગળ ને આગળ જઈ પંથ કાપે છે. પંથનો છેડો નજીક જ છે અને ત્યાં પહોંચતાં ગુરુકૃપાના બળથી અને આજ્ઞાના અદ્વિતીય આરાધનથી પ્રેમ-શ્રદ્ધા-અર્પણતા એકરૂપ થાય છે; ભેદનો ભંગ થઈ સ્વાત્માની અસંગ દશા, શુદ્ધ દશા, અતિ અતિ પવિત્ર અને નિર્મળ દશા ભક્તને અનુભવગમ્ય થાય છે. ભક્ત તેમાંથી બહાર નીકળે છે ત્યારે તેના અપૂર્વ આનંદનો કોઈ પાર નથી. અત્યાર પર્યંત આટલી ઊંડાણવાળો તેમ નિમગ્નતા સહિતનો આત્માનુભવ તેને થયો નહોતો.

પરમકૃપાળુ શ્રી ગુરુ પાસે જઈ, દર્શનથી હર્ષિત થઈ, ભક્ત અનુભવની વાતનું નિવેદન કરે છે, ત્યારે ગુરુદેવ પ્રસન્નતાથી તેના આત્માની અપ્રમત્ત સંયમવાળી દશાની પ્રાપ્તિ થયા બદલ શાબાશી આપે છે અને આશિષ આપી આગળ વધવા માટે પ્રેરણા આપે છે. આત્માની

પરમ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ સ્થિતિ પામવી હવે સાવ સમીપ છે તે જાણી ગુરુદેવનો અથાગ ઉપકાર માને છે. હવે તેને ક્ષપક શ્રેણિમાં આરૂઢ થઈ ચારે ઘાતીકર્મોનો ક્ષય કરી નિજ શુદ્ધતા પૂર્ણપણે પ્રગટ કરવાનું કાર્ય શેષ રહ્યું છે અને તે સુલભ છે.

પરમોત્તમ આત્મકલ્યાણને સાધનાર પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાના ભાવો ત્રિકાળ જયવંત વર્તો! તે ભાવોની પ્રાપ્તિ માટેના "સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્ સમાગમ" રૂપ નિમિત્ત કારણો પણ ત્રિકાળ જયવંત વર્તો, જયવંત વર્તો !



## પૂરક વચનામૃત

# આર્ય મુમુક્ષુજનોને સંબોધન

"દેહથી ભિન્ન સ્વ-પરપ્રકાશક પરમ જ્યોતિ સ્વરૂપ એવો આ આત્મા તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો ! અંતર્મુખ થઈ સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો. x x x વિષયથી જેની ઇન્દ્રિયો આર્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે? x x x 'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.'

હે આર્યજનો ! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો."

શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૮૩૨)

# ભગવાનને ભક્તની
# વિનંતિ...





પ્રાર્થના અને વિનંતિ બંને દિવ્ય ઈશ્વરી બક્ષિસ ને પ્રસાદી છે. બંનેના બળ અત્યંત પ્રબળ છે.

બન્નેનું અંતિમ ધ્યેય પ્રભુને મળવાનું અને ભેટવાનું છે. બન્ને હૃદયના વિશુદ્ધ પ્રેમના સ્વયં સ્ફુરણથી બાહ્ય અથવા અંતર્ વાચાના માધ્યમ દ્વારા બહાર આવે છે. બન્નેમાં વચનોની સરળતા, સરસતા, નમ્રતા અને મૃદુતા હોય છે. બન્ને ચિત્તની વિશુદ્ધિ લાવી અંતર્ ચક્ષુના ઉઘાડ માટે સહાયભૂત થાય છે.

મુખ્યપણે ફરક માત્ર એટલો છે કે પ્રાર્થનામાં પ્રભુનું પ્રભુત્વ સંગીત થાય છે; વિનંતિમાં જીવનું દોષત્વ પ્રગટ થાય છે. પ્રાર્થનામાં પ્રભુ અથવા ભગવાનરૂપ સત્પુરુષના ઉલ્લસિત પ્રમોદભાવથી ગુણોનું કીર્તન થાય છે અને આત્મદશાના વિકાસ અર્થે તે ગુણોની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના થાય છે. વિનંતિમાં પ્રભુ પાસે સ્વદોષો જણાવી તેની નિવૃત્તિ માટે ક્ષમાપના માગી આત્મકલ્યાણના માર્ગે જવા માટે માર્ગદર્શન, પ્રેરણા તથા બળ આપવા વિનંતિ કરાય છે.

# ભગવાનને ભક્તની વિનંતિ

## (૧)

હે પ્રભુ ! આ જીવ અનાદિકાળથી આ સંસાર અટવીમાં અજ્ઞાનદશામાં મૂઢ થઈ રઝળ્યા કરે છે, આથડ્યા કરે છે. તે દેવ, નરક, મનુષ્ય અને તિર્યંચ ગતિઓમાં ભમ્યો છે. બીજાઓને દુઃખી કર્યા છે અને પોતે દુઃખી થયો છે. અનંત પરિભ્રમણકાળમાં ઈર્ષ્યા, વેર, અવગણના, અવજ્ઞા, અસૂયા, મદ, મત્સર, તૃષ્ણા, ક્રોધ આદિ તીવ્ર માઠા પરિણામ કરીને તેને વશ માઠાં કૃત્યો કરી પાપકર્મના ભારથી બંધાયો છે, તે સર્વથી મુક્ત થવા ઇચ્છે છે.

હે પ્રભુ ! આ જીવે ભૂલો કરવામાં કંઈ જ બાકી રાખેલ નથી. અજ્ઞાનવશ, પ્રમાદવશ, નિર્બળતાવશ તેણે આ અનાદિ સંસારમાં સર્વ પ્રકારના ભાવો અને સર્વ પ્રકારનાં કૃત્યો કર્યાં છે, તે સર્વ દોષથી આપની કૃપાએ છૂટવા ઇચ્છે છે.

હે પ્રભુ ! આ જીવે મનથી, વચનથી, કાયાથી, જાણતાં-અજાણતાં, ઉપયોગપણે કે અનુપયોગપણે, આપના સંબંધી, આપના જ્ઞાન-દર્શન-ચારિત્ર સંબંધી, પંચ પરમેષ્ઠી ભગવંત સંબંધી, જ્ઞાન અને જ્ઞાની સંબંધી, દર્શન અને

દર્શની સંબંધી, સદ્ગુરુ સંબંધી, મુમુક્ષુ ને જિજ્ઞાસુ સંબંધી, સાધર્મી અને પરધર્મી ભાઈ-બેન સંબંધી, માતા-પિતા સંબંધી, પતિ (પત્ની) સંબંધી, સગા-પિત્રાઈ ભાઈ-બેન સંબંધી, કુટુંબ સંબંધી, સંસારના સમસ્ત જીવો સંબંધી અવિનય, અશાતના, વિરાધના આદિ કોઈ પણ દોષ કર્યા હોય, કરાવ્યા હોય, કર્તા પ્રત્યે અનુમોદ્યા હોય તે આપની પાસે અનંત સિદ્ધ ભગવંત અને કેવળી ભગવંતની સાક્ષીએ પશ્ચાતાપપૂર્વક ક્ષમાવું છું. હે પ્રભુ ! તે મારા સર્વ દોષો ભસ્મ કરશો એ વિનંતિ છે.

હે નાથ ! પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, રતિ-અરતિ, માયામૃષાવાદ અને મિથ્યાદર્શનશલ્ય એ અઢાર પાપસ્થાનકમાંથી કોઈપણ સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતા પ્રત્યે અનુમોદ્યા હોય તે સર્વ દોષોની આપની પાસે સિદ્ધ પ્રભુ અને અરિહંત પ્રભુની સાક્ષીએ બે હાથ જોડી, માન મોડી ક્ષમાવું છું. હે પ્રભુ ! મારા તે સર્વ દોષો મિથ્યા થાઓ, મિથ્યા થાઓ એ વિનંતિ છે.

હે પ્રભુ ! ઉદયકાળ પ્રમાણે વર્તતા રાગદ્વેષ આદિ કર્યા હોય તે માટે માફી માંગું છું. કૃપા કરીને મારા અપરાધો નિષ્ફળ કરી ક્ષમા કરો એ વિનંતિ છે.

હે પ્રભુ ! મને સદાય આપનું સ્મરણ અને શરણ રહો એ વિનંતિ છે.

(૨)

**હે પ્રભુ ! કરુણાના ભંડાર,**

**નિષ્કારણ દયાના સાગર !**

હું આપનું અજ્ઞાન, અબુધ અને અશક્ત પામર બાળક છું. પરમ દીનતાથી મારા આત્મકલ્યાણના અર્થે આપના શરણે આવ્યો છું. અનાથમાંથી સનાથ થવા આપના નિષ્પાપ, નિર્દોષ ચરણકમળમાં રહેવાની જિજ્ઞાસા થઈ છે.

હે અનાથના નાથ, અસહાયના સાથ ! મને કંઈ આવડતું નથી. પ્રાર્થના કેમ કરવી તથા આપની પાસે શું માગવું તેનું પણ જ્ઞાન નથી. મારી તો એટલી જ બુદ્ધિ ચાલે છે કે આપ ભગવંતના આશ્રયે મારું કલ્યાણ છે. તે સિવાયનું બધું આપ કૃપા કરીને શીખવશો.

હે કેવળ સુખના દાતા ! હું આપના પાવનકારી ખોળામાં માથું મૂકું છું. આપ મારી સંભાળ લેશો એ માગું છું. મારી તો એવી ઇચ્છા રહે છે કે હું આપની આજ્ઞાભક્તિમાં સદા રહું, આપની ઇચ્છાને અનુસરું અને આપની કૃપાદૃષ્ટિનો અધિકારી થઉં.

હે ગુણગુણના ભંડાર, ચૈતન્યપ્રભુ સ્વામી ! આપ નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, અનંતજ્ઞાની, અનંતદર્શી છો. એ આપના ઉત્તમ ગુણો વારંવાર સ્મરણમાં આવે છે. આપની કૃપાથી એ સર્વ ગુણો મારામાં પ્રગટ અને હું આપના જેવો થાઉં એ મારી જિજ્ઞાસા છે, તો તે સફળ કરશો એવી આપના આ દીનહીન બાળકની નમ્ર વિનંતિ છે.

બાકી તો હે પ્રભુ ! આ જીવને કંઈ બોલતાંય આવડતું નથી અને કરતાંય આવડતું નથી, તે આપ સર્વજ્ઞદેવથી ક્યાં અજાણ્યું છે ? આપને આશ્રયે છું તો તેની જવાબદારી આપની જ છે. હવે આપને યોગ્ય લાગે તેમ કરશો અને મારી પાસે કરાવશો. હું અજ્ઞાન છું તેને જ્ઞાની કરવો, અબુધ છું તેને બુદ્ધ કરવો અને અશક્ત-હીનપુરુષાર્થી છું તેને સશક્ત-પુરુષાર્થી કરવો તે આપને આધીન છે તો તે સર્વ કૃપા કરીને કરાવશો એ આપને પ્રાર્થના છે.

હે પ્રભુ ! અપરાધી એવા આ રંકની નીચેની વિનંતિ અવધારી મને મારી પ્રભુતા પમાડી આત્મિક સુખના ભોક્તા બનાવશો.

## (ઝુલણા છંદ)

"તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે;
દાસ અવગુણભર્યો જાણી પોતાતણો,
દયાનિધિ દીન પર દયા કીજે. ૧

રાગદ્વેષે ભર્યો મોહ વૈરી નડ્યો,
લોકની રીતિમાં ઘણુંય રાતો;
ક્રોધવશ ધમધમ્યો શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહી હું વિષય માતો. ૨

આદર્યું આચરણ લોકઉપચારથી,
શાસ્ત્રઅભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વલી આત્મ અવલંબવિનું,
તેહવો કાર્ય તિણે કો ન સીધો. ૩

સ્વામી દરિસણ સમો નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમતણો,
સ્વામી સેવા સહી નિકટ લાશે. ૪

સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિશણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ ઝીપી વસે મુક્તિ ધામે ૫
જગત વત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી બિરુદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો. ૬
વિનતિ માનજો શક્તિ એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધકદશા સિદ્ધતા અનુભવી,
**દેવચંદ્ર** વિમલ પ્રભુતા પ્રકાશે." ૭

પૂજ્ય શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ સાહેબ રચિત આ શ્રી મહાવીરજિન સ્તવન પર વિવેચન પણ પોતે જ કર્યું છે તે અહીં આપીએ છીએ.

(૧) કોઈક અવસરે શ્રી જિનાગમના અભ્યાસે કરીને સંસારભ્રમણ જ્ઞાનવરણાદિ આવરણે આવૃત્ત પોતાની આત્મશક્તિ જાણીને અનાદિ પરભાવાનુષંગતા દોષને દુઃખે ઉદ્વિગ્ન આત્મા તે પોતાની સાધકતા શક્તિ અણદેખતો પરમ નિર્યામક સમાન ચોવીસમા શ્રી વીરનાથના ચરણ શરણ નિર્ધારીને, શ્રી વીરપ્રભુની આગળ પ્રાર્થના સહિત, વિનંતિ કરે છે.

હે નાથ! હે દીનદયાળ! હે પ્રભુજી! મુજ સરીખો જે તત્ત્વસાધન તથા આજ્ઞાનિર્વાહમાં અસમર્થ, તેને માત્ર નામથી સેવક જાણી તાર, તાર !! એ ગુણરોધકરૂપ દુઃખથી નિસ્તાર !! તુજ સરીખા પ્રભુ વિના બીજા કોને કહું ? જગતમાં એટલું સુજશ લીજે, યદ્યપિ પ્રભુ તો જશના કામી નથી, પરંતુ ઉપચારે, ભક્તિ આતુરતાએ કહે છે, જે મુજ સરીખો દાસ તે યદ્યપિ રાગ, દ્વેષ, અસંયમ, અનુષ્ઠાનાશંસાદિ દોષ, એકાંતાદિ દોષ, અનાદરાદિ દોષરૂપ અવગુણે ભર્યો છે, તો પણ તાહરો કહેવાય છે. તે માટે હે દયાનિધિ ! કેતાં ભાવકરુણાના નિદાન ! દીન જે હું રંક, અશરણ, દુઃખિત, તત્ત્વશૂન્ય, જ્ઞાનાદિ સંપદારહિત, ભાવદરિદ્રી, માર્ગનો વિરાધક, અસંયમ સંચારી, મહાવિકારી, તમારી આજ્ઞાથી વિમુખ, અનાદિનો ઉદ્ધત, એવા મુજ ઉપર દયા કરજે. તાહરી કૃપા તેહી જ ત્રાણ (શરણ) થશે. યદ્યપિ અરિહંત તો કૃપાવંત જ છે, તો કૃપા શી કરવી છે ? તો પણ અર્થી વિચારે નહીં માટે અર્થીનું એ વચન છે, જે દયાવંતને જ એમ કહેવાય છે, જે હે દેવ ! તમે દયાના ભંડાર છો, તમને જ અવલંબે તરીશ, એ જ સત્ય છે.

(૨) દાસ કેવો છે, રાગદ્વેષે ભર્યો, જગતમાં પડ્યો, ગુણીથી ઈર્ષ્યા કરે છે, મોહ જે મુંજિતપણું તે તત્ત્વની અજાણતા વિપર્યાસતા, હેતુએ મોહવેરી નડ્યો તેથી દબાણો છે, તથા લોકની જે રીત કેતાં ચાલ તે માંહે ઘણો જ

માતો છે, લોકની ચાલ માંહે મગ્ન છે, લોકરંજનનો અર્થી છે, ક્રોધ જે તાતા ચંડપરિણામ તેહને વિષે ધમધમી રહ્યો છે, જેમ ધમણ ધમતાં અગ્નિ તપે, તેમ તપી રહ્યો છે, શુદ્ધ ગુણ જે સમ્યગ્ દર્શન, સમ્યક્ જ્ઞાન, શુદ્ધ ચારિત્ર, ક્ષમા, માર્દવ, આર્જવાદિ આત્મગુણ તેને વિષે રમ્યો નહીં, તન્મયી ન થયો, તે રૂપ ન ગ્રહ્યું. વળી ભમ્યો ચતુર્ગતિરૂપ ભવચક્રમાંહે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ સંસાર તેને વિષે હું વિષય જે પંચેન્દ્રિયના સ્વાદ, તે માંહે માતો કેતાં મગ્ન થયો, વિષયગ્રસ્ત થયો થકો, એમ સંસારચક્ર અનુભવ્યું તે હવે મુજને તાર તાર હે નાથ ! દીનબંધુ ! નિઃકારણ દયાળ ! મુજને તાર ભવદુઃખથી ઉગાર.

(૩) કદાચિત્ કોઈ કહેશે જે આવશ્યકરણાદિક આચરણ આદર્યું અંગીકાર કર્યું, પરંતુ તે સર્વ લોકોપચારથી એટલે વિષ તથા ગરલ તથા અન્યોન્યાનુષ્ઠાનથી ભાવના ધર્મ વિના ઉપચારે અંગીકાર કર્યું. તથા કોઈ કહેશે ઉચ્ચ ગોત્ર, યશાદિક કર્મના વિપાકે જ્ઞાનાવરણીય ક્ષયોપશમ-યોગે શાસ્ત્રનો અભ્યાસ પણ કીધો, શાસ્ત્ર ભણ્યા, શાસ્ત્રના યથાર્થ અર્થ પણ જાણ્યા તથા અધ્યાત્મ ભાવનાએ સ્પર્શ-જ્ઞાનાનુભવ વિના શ્રુતાભ્યાસ કીધો, પરંતુ શુદ્ધ યથાર્થ સ્યાદ્વાદોપેત ભાવધર્મ તે વિના શેષ ભાવધર્મની રૂચિએ જે પ્રવર્તન દાન દયાદિક કરીએ તે સર્વ કારણ સમજવાં, પરંતુ મૂળ ધર્મ નહીં. ધર્મ તે વસ્તુની સત્તા આત્માને

વિષે સ્વરૂપપણે પરિણામિકતાએ રહ્યો છે. તે માંહે જે પ્રગટ્યો તે ધર્મ એવું શુદ્ધ શ્રદ્ધાન, શુદ્ધ પ્રતીતિ તથા વળી આત્માની સ્વરૂપ પ્રગટ કરવારૂપ રૂચિ તથા આત્માના સ્વગુણને આલંબન વિના જે આચરણ તે આચરણે તથા શ્રુતાભ્યાસે તેવું કાર્ય જે કાર્યથી આત્માનું સાધન થાય, તે કોઈ નીપન્યું નહીં, જે થકી આત્મગુણ કોઈ પ્રગટે તે થયું નહીં, તે માટે અહો પરમેશ્વર ! તાહરી જ કૃપા પાર ઉતારે, નિસ્તારે, તે માટે તાર તાર !

(૪) સ્વામી શ્રી વીતરાગ જે પરકાર્યના અકર્તા, પરભાવાદિના અભોક્તા, ઈચ્છા, લીલા, ચપળતા રહિત છે એટલે જે ઈચ્છા તે તો ઊણતાવંતને છે અને જે પરમેશ્વર તે તો પૂર્ણ સુખી છે, તે માટે ઈચ્છારહિત, વળી લીલા પણ સુખની લાલચવાળાને હોય અને લાલચીપણું નથી એહવા સ્વામીના દર્શન સમાન નિર્મળ નિમિત્ત લહી કેતાં પામીને જો એ આત્માનું ઉપાદાન મૂળ પરિણતિ તે શુચિ કેતાં પવિત્ર નહીં થાશે તો જાણીએ છીએ જે વસ્તુ, જે જીવ તેહનો જ દોષ કેતાં અવગુણ છે, એટલે રખે એ જીવનો દલ અયોગ્ય હોય? એ જીવની સત્તા કેવી રીતની છે ? અથવા પોતાના ઉદ્યમની ખામી છે ? કેમ કે આકરે પ્રયત્ને ઉદ્યમ કરી આત્માને સમારવો જોઈએ, તે એ જીવ પોતાની ઊણાશે આત્માને સમારતો નથી, તે માટે હવે શું કરવું ? જે

બીજો ઉપાય કોઈ નથી, તો શ્રી અરિહંતની સેવા તેહીજ નિશ્ચે નિકટ કેતાં નજીકતા લાસે કેતાં પમાડશે એટલે એ આત્મા દુષ્ટ છે, પરંતુ શ્રી જિનરાજની સેવનાથી દુષ્ટતા તજશે.

(૫) સ્વામી જે શ્રી અરિહંત, તેના ગુણને ઓળખીને જે પ્રાણી શ્રી અરિહંતને ભજે કેતાં સેવે તે દર્શન કેતાં સમકિતરૂપ ગુણ પામે, જ્ઞાનદર્શનની નિર્મળતા પામે. જ્ઞાન તે યથાર્થ ભાસન, ચારિત્ર તે સ્વરૂપરમણ, તપ તે તત્ત્વ એકાગ્રતા, વીર્ય તે આત્મસામર્થ્ય, તેના ઉલ્લાસથી કેતાં ઉલ્લસવેથી જ્ઞાનાવરણાદિ કર્મને ઝીપીને વસે કેતાં રહે; મુક્તિ કેતાં મોક્ષ નિરાવરણ સંપૂર્ણ સિદ્ધતારૂપ ધામે કેતાં થાનકે વસે.

(૬) જગત્રય વત્સલ કેતાં જગત્રયના ધર્મહિતકારી, એવા મહાવીર શ્રી ચોવીશમા જિનવર, તેહને સુણી કેતાં સાંભળીને ચિત્ત કેતાં મન તે પ્રભુને ચરણને શરણે વાસ્યો કેતાં વસાવ્યો. તે માટે હે પ્રભુ પરમેશ્વર ! મારો આત્મા તો પલટીને સર્વ સાધન કરે એવી શક્તિ દેખાતી નથી, માટે ભદ્રક ભક્તિએ કહું છું જે હે તાત ! હે દીનબંધો ! મુજ દાસને તુમે તારજો, તમારું તારકતાનું બિરુદ રાખવા માટે દાસ જે સેવક તેની સેવના ભક્તિ સામું જોશો નહીં, પણ તમારે સંયોગે તરીએ, એહી જ નિયમા આધાર છે.

(૭) માહરી એટલી વિનંતિ માનજો, એ પણ ભદ્રકપણાથી ભક્તિનું વચન છે, જે શક્તિ સામર્થ્ય એવી આપજો, તે કહે છે. જે ભાવ કેતાં વસ્તુધર્મ તે સ્યાદ્‌વાદ રીતે નિત્ય અનિત્ય, એક અનેક, અસ્તિ નાસ્તિ, ભેદ અભેદપણે છ દ્રવ્યના અનંતા ધર્મ શુદ્ધ, શંકાદિક દૂષણ રહિત ભાસે કેતાં જાણપણામધ્યે આવે, સાધી કેતાં નીપજાવીને સાધકદશા તે ભેદરત્નત્રયી સિદ્ધતા, નિષ્પન્નતા અનુભવે કેતાં ભોગવે, સર્વ દેવમાંહે ચંદ્રમા સમાન સિદ્ધ ભગવાન તેહની વિમળ કેતાં નિર્મળ જે પ્રભુતા તે પ્રકાશે કેતાં પ્રગટ કરે, એટલે સ્યાદ્‌વાદ જ્ઞાને સાધકતા પ્રગટે, સાધકતાથી સિદ્ધતા પ્રગટે, એહી જ સાર પદ્ધતિ છે.

(૩)

**અનન્ય શરણના આપનાર, સહજાત્મ સ્વરૂપ, દીનના બેલી, અનાથના નાથ, કેવળ કરુણામૂર્તિ એવા આપશ્રી ભગવંતને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું.**

હે પ્રભુ ! આપનાં પરમ શાંતરસમય અમૃત વચનો શ્રવણ કરી, વાંચી, વિચારવાથી મને પ્રતીતરૂપ જણાયાં છે. સંસાર, દેહ અને ભોગનું સ્વરૂપ ક્ષણિક, વિનાશી અને દુ:ખદાયક જેમ આપ ભગવંતે કહ્યું છે તેમ જ છે, એવું ભાન આપના અનુગ્રહથી થયું છે. અનાદિકાળની

કલ્પિત સુખની ભ્રાંતિ લક્ષમાં આવી છે અને સ્વાધીન, અખંડ સુખવાળા નિજાત્માની પ્રતીતિ થઈ છે, તે આપની કૃપા માટે અતિ ઉપકાર માનું છું. હવે આ દેહાદિના બંધનથી છૂટવાની જિજ્ઞાસા છે તે આપ પ્રભુ પાર પાડો એવી વિનંતી છે.

હે પ્રભુ ! આ જીવન અનંતકાળથી સંસારની ચારે ગતિમાં રઝળ્યો છે અને દુઃખી થયો છે. હવે તે સંસાર-સાગર તરી જવાની ઈચ્છાવાળો થયો છે. આપ ભગવંતના સાથ વગર તેમ થવું અસંભવિત છે, તેથી તે આપના પવિત્ર ખોળામાં તેનાં મન, વચન, કાયા અને તેનું પોતાનું કહેવાતું સર્વસ્વ આત્મભાવે અર્પણ કરે છે અને આપનું શરણ સ્વીકારે છે. આપ તેને પ્રેરણા આપશો, માર્ગદર્શન આપશો, પુરુષાર્થ કરાવશો અને પુરુષાર્થ કરવાની જોઈતી શક્તિ પણ આપશો. હે પ્રભુ ! આપ તો બધું જ કરવા સમર્થ છો, આપનાથી કાંઈ જ અશક્ય નથી.

હે પ્રભુ ! આપ તો અનાથના નાથ છો તો આ જીવને સનાથ કરશો, પરમ પિતા છો તો આ બાળકનો હાથ ઝાલશો અને પરમ ત્રાતા છો તો આ સંસારથી ભયભીત આત્માને રક્ષણ આપશો. આ બાળકે ભૂલોની પરંપરા કરેલ છે, અનંત દોષ કર્યા છે તે સર્વની ક્ષમા આપી, માફ કરવા વિનંતિ છે. મારા તે સર્વ દોષો

ભસ્મ કરશો અને મને તેનાથી છોડાવશો.

હે પ્રભુ ! હું આપની આજ્ઞાભક્તિમાં રહું, આપની ઇચ્છાને અનુસરું, આપ રાજી રહો તેમ જ કરું એ જ જિજ્ઞાસા છે, તો આ બાળકને પ્રેરણા, બળ અને શક્તિઓ આપતા જ રહો એવી વિનંતિ છે.

હે પ્રભુ ! આપની કૃપાથી આપની અને વીતરાગ ધર્મની શ્રદ્ધા થઈ છે તો તે શ્રદ્ધાને બળ અપાવી બળવાન કરાવશો, જેથી વિષમ ઉદયકાળ વખતે પણ તેમાંથી ચલિત ન થઉં. મારે તો આપના સિવાય બીજું કોઈ શરણ નથી. આપ જ આ આત્માને ઊંચે ચડાવશો અને ઉત્તરોત્તર ઊંચી ઊંચી પાયરી પર લઈ જશો, જેથી પરિણામે હું આપના અનંત સુખવાળા જ્ઞાનદર્શનમય સ્વરૂપમાં ભળી જઈ એકરૂપ થાઉં. એ પરમ મંગળ અવસરની ખૂબ ઉત્કંઠાથી પ્રતીક્ષા કરી રહ્યો છું ને જલદી જલદી પ્રાપ્ત થાઓ એવી આપને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**હે પ્રભુ ! મને મોહના ફંદામાંથી મુક્ત કરશો.**
**રાગદ્વેષના ઝેરથી રક્ષણ કરશો.**
**વિકલ્પ-સંકલ્પની જાળથી છોડાવશો**
**અને આનંદસાગરમાં લીન કરશો.**

(૪)

**સંસારના સ્વરૂપનું સત્ય સ્વરૂપે દર્શન કરી, સંસારની વિષમતાને છેદીભેદીને, સર્વ જીવો પ્રતિ ઉત્તમ ક્ષમાભાવ રાખી શાશ્વત સુખની પ્રાપ્તિ કરી, ઉપકાર કરીને ઉત્તમ મોક્ષગતિના દ્વાર સર્વકાળને માટે સાવ ખુલ્લા મૂકી ગયા છે એવા શ્રી ધીર, વીર, ગંભીર ને ઉદાર શ્રી તીર્થંકર પ્રભુજીને અત્યંત ભક્તિથી કોટિ કોટિ વંદન કરું છું, વંદન કરું છું.**

હે પ્રભુ ! આ જીવ અનાદિકાળથી આ સંસાર અટવીમાં પોતાના સ્વચ્છંદને પોષીને રખડ્યો છે. તે ચારે ગતિઓમાં ભમ્યો છે. અણઘટતા ભાવો કરી કરીને જ્ઞાનાવરણાદિ ચાર ઘાતી કર્મોની જાળમાં ફસાયો છે. આપ સમર્થ પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કર્મોના અસહ્ય ભારથી આત્માના ઉત્તમોત્તમ ગુણોને દબાવી કચડી દીધા છે અને આપના ચીંધેલા માર્ગને ઓળખ્યા વિના મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરીને કેવળ દુઃખી થયો છે.

હે પ્રભુ ! આપનાં એકાંત ઉપકારી વચનોને લક્ષમાં લીધા નહીં. આપે અનંતી કૃપા કરી અમૃતબોધનો ધોધ વરસાવ્યો કે :–

હે જીવ ! આ સંસાર દુઃખે કરીને આર્ત અને ભયાકુળ છે, તેના થકી વિરામ પામ, વિરામ પામ !

તેમાં કયું સુખ છે એ વિચાર! સાચું અનંત અવ્યાબાધ સુખ તો તારા આત્મામાં છે. તેનું વિસ્મરણ કરી મિથ્યા સુખની વાસનાને લઈ બહારના પદાર્થો પાછળ શા માટે દોડે છે અને ખુવાર થાય છે ? હે જીવ, સમજ, કાંઈક સમજ, બુઝ, જાગૃત થા, જાગૃત થા! પ્રમાદનો ત્યાગ કર, ત્યાગ કર!

હે જીવ ! વિચાર કર. આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે અને એકલો જ પોતાના પૂર્વે બાંધેલા શુભાશુભ કર્મોનું ફળ ભોગવે છે. તેને કોઈ સગું નથી, કોઈ વહાલું નથી, બધા તેનાથી કેવળ ભિન્ન છે. માત્ર પૂર્વના ઋણાનુબંધના યોગે જીવો સંસારના જૂઠા સગપણથી સંબંધિત થાય છે, મેળો ભરાય છે અને ઋણનું ચૂકવણું પૂરું થતાં વિના વિલંબે, આદર્યાં અધૂરાં રાખી, જીવો વિદાય લેતાં જાય છે. એક સમય માત્રનો ગોટાળો કે વિલંબ તેમાં થતો નથી. જે જન્મમરણો પરવશતાએ થયા કરે છે તેમાં શરણરૂપ કોઈ થતું નથી. એવા આ અનિત્ય અને અશરણરૂપ સંસારથી વિરામ પામ, વિરામ પામ! તારું હિત સંભાળ, ડાહ્યો થઈ સમજ.

હે પ્રભુ ! આપનાં અમૂલ્ય વચનો પર શાંતિપૂર્વક ચિત્ત દઈને વિચાર સરખો કર્યો નહીં અને તેની ભારોભાર ઉપેક્ષા કરી તે ભૂલ હવે આપની કૃપાથી સમજાય છે. તે અક્ષમ્ય ભૂલ માટે આપ દયાળુ ભગવંતની ક્ષમા ચાહું છું.

હે પ્રભુ ! હવે તો એવા ભાવ રહે છે કે ગમે તે સંજોગોમાં પણ આ વિષમ સંસારથી છૂટવું જ છે ને આત્મકલ્યાણ સાધી આત્મશ્રેય કરવું જ છે. આ ભાવનાને ખૂબ વેગ અપાવશો ને ખૂબ બળવતી બનાવતા જશો.

તે માટે આપનું શરણ સિદ્ધ પ્રભુ ને અરિહંત પ્રભુની સાક્ષીએ સ્વીકારું છું. મને સદા આપનાં ચરણ સમીપ રાખશો, દોષોથી છોડાવશો, માર્ગદર્શન આપી સાચા માર્ગે આગળ વધારશો. હે પ્રભુ ! આ જીવને તો કંઈ આવડતું નથી, તે તો અત્યાર સુધી કર્મ નચાવે તેમ નાચ્યા કર્યો છે અને ભૌતિક સુખની પાછળ દારૂ પીધેલાની જેમ પાગલ બની વગર વિચાર્યે દોડ્યા જ કર્યો છે. અને હે પ્રભુ ! પરિણામે ઘાતી કર્મોના થરના થર પોતાના નિર્મળ નિઃસંગ જ્યોતિસ્વરૂપ શુદ્ધાત્માના પ્રદેશે પ્રદેશે ભેળા કર્યા છે. મારા તે સર્વ કર્મોના થરોનો ક્ષય કરાવો એ જ આપને વિનંતિ છે, જેથી આપના જેવો શુદ્ધ અને સમર્થ થઉં.

હે પ્રભુ ! આ બાળકને હવે આપની આજ્ઞાનુસાર ચાલવું છે, આપ રાખો તેમ રહેવું છે, કાર્ય કરાવો તેમ કાર્ય કરવાં છે, ભાવ કરાવો તેમ ભાવ કરવા છે અને પોતાપણું છોડવું છે. સ્વચ્છંદથી કે મતિકલ્પનાથી વર્તવાની જરાપણ ઈચ્છા નથી. તો આપના શરણે આવેલા આ બાળકનો હાથ ઝાલી, સાથ આપી આપની બાથમાં લેશો. અને આપના ઉત્તમોત્તમ ગુણોનું દાન કરીને ધન્ય કરશો, ધન્ય કરશો.

(૫)

હે દેવાધિદેવ, તીર્થંકર પ્રભુ! આપ તો અમારા પરમ પિતા છો, ને અમે તમારાં બાળકો છીએ. આપને બાળકો પ્રતિ અનન્ય પ્રેમ છે; તો આપ અમને આપનાં અનંત જ્ઞાન, દર્શન અને સુખના અખૂટ ભંડારના વારસદાર જલદીથી કરો.

અમારી ઉપાદાનની યોગ્યતા ક્ષણે ક્ષણે વધારો અને જેમ બને તેમ ત્વરાથી આપ જેવી અનંત શાંતિ અનુભવીએ અને ધીરજ તથા સમતાને અવગાહીએ એવી આપને વિનંતિ છે.

હે પ્રભુ ! વર્તમાનમાં ન કલ્પેલા ઉદયકાળો આવતાં અમે અમારી સ્વસ્થતા અને આત્મશાંતિ રાખી શકતા નથી. હે નાથ ! એટલી બધી શક્તિ આપશો કે જેથી તે ઉદયકાળ સામે વીરતાથી લડી તેને નિઃસત્ત્વ કરી શકીએ.

હે સર્વજ્ઞદેવ ! આપની છાયા નીચે કંઈ જ કરવું અશક્ય નથી. અમારે તો આપની કૃપાથી અદ્‌ભુત પુરુષાર્થ ઉપાડવો છે, ક્યાંય પણ અટકવાની વૃત્તિ નથી, દિન-પ્રતિદિન અમારી શ્રદ્ધાને વધુ બળવતી કરવી છે અને સમયે સમયે આપ પ્રભુનો સાથ પામવો છે, જેથી અમો ત્વરાથી આપનાં પવિત્ર ચરણોમાં વાસ થતાં અમારું જીવન

ધન્ય કરીએ, ને આપના જેવા થઈએ.

પરંતુ હે કૃપાનાથ ! અમારી ભૂલોની પરંપરાને લીધે અમે ભયસંજ્ઞાના ઉદયથી, અણધારેલા ઉદયકાળથી અને અશુભ નિમિત્તોથી ગભરાઈ જઈ અમારી સ્થિરતા ગુમાવીએ છીએ અને અશાંતિના વંટોળમાં આમ તેમ અટવાઈએ છીએ. આપ કૃપા કરીને તેની સામે પડવાનું ખૂબ બળ આપશો, અને નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવશો.

હે પ્રભુ ! અમારે તો અમારી એવી આત્મદશા જોઈએ છે કે કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ ન થાય, અમારી શાંતિ ન જોખમાય અને સમાધિભાવ બન્યો રહે. આ અમારી ભાવના પૂરી કરશો. અમારે તમારા સિવાય કોઈ આશરો નથી, કોઈ શરણ નથી. અમે તો આપ પ્રભુના રક્ષણ નીચે રહી સર્વ પ્રકારે નિર્ભય થવા ઈચ્છીએ છીએ.

હે નાથ ! આપ તો પરમ પિતા છો, પરમ ત્રાતા છો, અમારી શ્રદ્ધાની કચાશને લીધે અમે ભયથી ધ્રૂજીએ છીએ અને ડરથી મરીએ છીએ. કૃપા કરીને અમારી શ્રદ્ધા વધારતા જશો. અમારે પણ શ્રદ્ધાને વધારીને કેવળ નિઃશંક, નિર્ભય ને નિઃસંગ થવું છે. આપને અમારા માથા ઉપર રાખવા છે, જેથી કોઈ પ્રકારે ભયનો અંશ અમારા હૃદયમાં પ્રવેશ કરવાની હિંમત સરખી ન કરે.

અનંત શક્તિઓનો ધોધ ભક્તજનોના હૃદયમાં

વરસાવનાર, અખૂટ આત્મવીર્ય પ્રગટાવનાર, સર્વજ્ઞ, સર્વદર્શી પ્રભુજીને મારા આત્મકલ્યાણ માટે અત્યંત ભક્તિપૂર્વક કોટિ કોટિ વંદન કરું છું, વંદન કરું છું.

## (૬)

**હે પ્રભુ ! નિગોદથી માંડીને મનુષ્ય સંજ્ઞી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કરી વર્તમાનકાળ પર્યંત જે જે ભગવાનરૂપ સત્પુરુષો અને જ્ઞાનીપુરુષો આ જીવના ક્રમિક આત્મદશાના ઈષ્ટ વિકાસમાં નિષ્કારણ કરુણા કરી ઉપકારભૂત થયા છે અને આગામી કાળમાં પૂર્ણ શુદ્ધતા, નિર્વિકારતા અને વીતરાગતા પામતા સુધીમાં થશે તે સર્વ ભગવંતોને અત્યંત અત્યંત વિનયભક્તિસહ વંદન કરું છું, વંદન કરું છું.**

હે અમૃતસાગર ! કૃપાવંતપ્રભુ ! આપની અસીમ કૃપાથી, અગમ અગોચર અમીમય દિવ્ય દૃષ્ટિથી મારું હૃદય આજે પ્રભાતના ઉદયકાળથી નિર્મળ પ્રેમાનંદથી ઉભરાય છે; અંતરંગમાં ઉછરંગનાં તરંગો ઊછળી ઊછળીને શમાય છે; તરંગો શમાતાં વિશુદ્ધ પ્રેમ-શ્રદ્ધાનો પ્રેમળ ઝરો દેહમાં કોઈ ન સમજાય તેવી શીતળતા પાથરતો હોય તેવો આભાસ થાય છે અને ચિત્તપ્રસન્નતા અનુભવાય છે. આ પ્રકારનો સુરમ્ય અને આનંદપ્રેરક અનુભવ અત્યાર સુધી ક્યારે પણ થયો નહોતો, તેથી અંતરમાં એમ દૃઢ નિશ્ચય થાય છે કે આપને પ્રાર્થના સહિત કરેલી વિનંતિ

કેટલી બળવાન, એકાંત હિતકારી અને કલ્યાણકારી ફળ આપવામાં સમર્થ છે !

સૂક્ષ્મ અભ્યંતર અવલોકનથી જોતાં પ્રગટ ભાસે છે કે વિશુદ્ધતાએ કરેલી વિનંતિ મારા ચિત્તની વિકારી, વ્યભિચારી અને મલિન અવસ્થાને ટાળી વિશુદ્ધ કરવા પ્રવૃત્ત થઈ ચૂકી છે; મળ વિક્ષેપની વિશેષ ન્યૂનતાથી ઉત્પન્ન વિશુદ્ધિના કારણે એ જ હૃદયપૂર્વક કરેલી વિનંતિ નિરાગી, સહજાત્મસ્વરૂપ પરમગુરુ આપ પ્રભુની સમીપ લઈ જવામાં પ્રગટેલા દીપ સમાન પ્રકાશરૂપ બની છે અને મારી પ્રબળ ઉમેદરૂપ આશા છે, અચળ શ્રદ્ધા છે કે તે એક દિવ્ય જ્યોતિર્મય સુભગ કાળે યથાતથ્ય નિમિત્તને પામીને મારા અંતરચક્ષુની બંધ બારી પરભારી ઉઘાડવામાં પ્રતિબંધનો હ્રાસ કરી સહાયકારી થશે. મને વિશ્વાસ છે કે તેનું સુંદર ફળ એ આવશે કે મારું વિક્ષિપ્ત ચિત્ત અક્ષોભપણાને પામીને આપનાં પવિત્ર ચરણકમળમાં ચોંટી રહેશે; અને એક વખત એવો પરમાર્થ પુણ્યનો અદ્વિતીય ઉદય આવશે કે આનો નિવાસ સર્વ બંધનપાશનો નાશ કરી આપનાં ચરણ પાસે જ હશે, તે મારો દિવસ પરમ ધન્ય હશે.

હે પરમકૃપાળુ પરમાત્મા ! આપની ભક્તિનું ફળ આવડું મોટું છે તેની યથાર્થ પ્રતીતિ આ આત્મામાં નિશ્ચયે પ્રકાશિત થઈ છે. મારે તો હવે આપની કૃપાથી આપની આજ્ઞાનું આરાધન એક ચિત્તે, મન, વચન અને કાયાની એકાગ્રતાથી અને એકનિષ્ઠાએ કરવું છે; કેવળ નિઃશંક,

નિર્ભય અને નિઃસંગ થવું છે.

તે માટે હે પરમગુરુ ! આપના અનુપમ, સર્વોત્તમ સહારાની પરમ આવશ્યકતા છે; સહારાના આશરા વિના વિકાસ સાધવો તે આકાશકુસુમવત્ છે. તો હે નાથ ! મને સાથ આપી, મારી બાંહ્ય ઝાલી, સત્વર તારો, તારો, એ જ મારી હૃદયપૂર્વકની આત્મભાવે વિનંતિ છે. મારી ભાવના પૂર્ણ કરશો, પૂર્ણ કરશો.

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

(૭)

## છેલ્લી ઘડીની વિનંતિ

હે પ્રભુ, આ નશ્વર દેહના આયુષ્યની છેલ્લી ઘડી આવે તે અવસરે હું તારી પાસે આટલી માગણી કરું છું, તે તું પૂરી કરજે, પૂરી કરજે.

દેહાયુષની પૂર્ણતા એકાએક થોડી ક્ષણોમાં થાય તો પણ તારું સ્મરણ અને ધ્યાન આત્મજાગૃતિપૂર્વકની તલ્લીનતાવાળું રખાવજે. દેહ વ્યાધિગ્રસ્ત બની નિર્બળ થતો જાય અને વ્યવહારોપચારો નિષ્ફળતાને પામતા જઈ અંતિમ ક્ષણ સમીપ આવે ત્યાં સુધીના ઉપકારી કાળમાં તારું જ ચિંતન રટણ રહે એવું અવશ્ય કરાવજે.

હે પ્રભુ, દેહત્યાગની આકરામાં આકરી કસોટી વેળાએ અનંત કાળથી જીવ મુંઝાયો છે અને તે પ્રસંગે આત્મોપયોગ દેહાધિમાં રાખીને વર્ત્યો છે; પરંતુ હવે તારી અસીમ કૃપા મારા પર ઉતરી હોવાથી તેમ ફરીથી નહીં બને એવો વિશ્વાસ છે તે માન્ય રાખજે.

હે પ્રભુ, મારાથી સર્વ પ્રકારે સર્વથા ભિન્ન એવા આ નાશવંત દેહની મરણ પથારી પાસે સ્વજનો અને સગાસંબંધીઓ એકઠાં મળ્યા હોય અને આ દેહને જોતાં હોય, ત્યારે મને માયાનું એક પણ બંધન ન હો, મોહનો અંશ ન હો, અને મમતાને સ્થાને સમતા હો એ તારી પાસે માગું છું અને તેમાં સફળતા મળશે એમ તારા અનુપમ અનુગ્રહથી અંદરમાં પ્રતીતિ વર્તે છે. હે પ્રભુ, સંસારના એ સર્વ સગાસંબંધીઓ પ્રત્યે એક મીઠી નજર ફેરવી જઈ તેમની, જગતના સમસ્ત જીવોની – થયેલા સર્વ અપરાધ બદલ ક્ષમા યાચના કરું તેમ તેમનું કલ્યાણ ઇચ્છું તેમ મારી પાસે કરાવજે.

હે પ્રભુ, અશાતા વેદનીયનો કદી વિષમ ઉદયકાળ હોય અને મારાથી સહન ન થઈ શકે એવી દેહપીડા ઉપડે તો મને તારો ભક્તજન જાણી તું એકદમ દોડીને હાજર થજે અને તારી તેજસ્વી મુખમુદ્રાના દર્શનથી વેદનાને ભૂલાવી હર્ષિત કરજે.

હે પ્રભુ, પૂર્વે જ્યારે તેં મને કરુણા લાવી ભક્તિનું દાન દીધું હતું, પ્રેમપીયૂષની અંજલિ ભરીને પાઈ હતી

અને શ્રદ્ધાના તેજને પાથરી અંતરનાં દ્વાર ઉઘાડ્યાં હતાં, ત્યારે તેં મને નિર્ભયપણે રહેવાનું વચન આપ્યું હતું, તે તું પ્રીતથી અને હેતથી પાળજે અને મને આ કસોટી કાળે નિર્ભય રાખજે.

વળી હે પ્રભુ, ઉપકાર કરી આ દેહ છૂટવાના દિવસનું અને સમયનું જ્ઞાન તું મને ત્રણ દિવસ પહેલાં અગાઉથી આપજે જેથી હું તારા દિવ્ય સ્વરૂપના સ્મરણ ચિંતન અને ધ્યાનની પૂર્ણ તૈયારીમાં ઉત્સાહપૂર્ણ હોંશથી અને આનંદથી રહી શકું.

હે પરમકૃપાળુ ! તારા આ વચનો મારા હૃદયમાં સતત ગુંજ્યા કરી બળ આપે છે કે :–

"પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે, તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું, કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષનો નિશ્ચય છે."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૭૮૦)

તો હવે હે પ્રભુ, મારી છેલ્લી ઘડીની વિનંતિ છે કે મારો છેલ્લો શ્વાસ સંચરે ત્યારે તારી પ્રેમભક્તિના આરાધનથી મારી આત્મદશાની જે યોગ્યતા તારા જ્ઞાનમાં દેખાતી હોય તે અનુસાર મારા આત્માની સમતા, સ્થિરતા ને શાંતિની નિમગ્નતા રખાવજે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(૮)

## અંત સમયની ભાવના

પ્રભુ આટલું મને આપજે, આયુષ્યની છેલ્લી ઘડી;
ના રહે મને કોઈ બંધન, માયાતણું છેલ્લી ઘડી.

મરણ પથારી પાસ સ્વજનો, ને સંબંધી હો ભલે;
જોયા કરે આ દેહને પણ, ચિત્ત મારું નવ ચલે.

મારી નજર મીઠી ફરે, માગે ક્ષમા સહુ જીવની;
પ્રભુ આપજે માફી મને, નાની મોટી મુજ ભૂલની.

સહેવાય ના મારા થકી, એવી પીડા કદી ઉપડે;
તો દોડીને હાજર થજે, તું તેજસ્વરૂપી મુખડે.

છેલ્લી કસોટી આકરી, પ્રભુ મુંઝવે સહુને ઘણી;
કૃપા કરીને તારજે, મને ભક્તજન તારો ગણી.

તેં ભક્તિદાન આપી કહ્યું, રહેજે હવે નિર્ભય બની;
વચન આપ્યું છે તેં મને, તો પાળજે પ્રભુ હેતથી.

દિવસ ત્રણ બાકી રહે, ભગવાન ! ત્યારે આપજે;
દેહત્યાગના સમયનું ને, દિનનું તું જ્ઞાન મને.

જેથી મંગલ હેતુએ હું, લીન થઈને કરી શકું;
ચિંતન રૂડું ને ધ્યાન ઊંડું, દિવ્ય જ્યોતિ સ્વરૂપનું.

શરીર બહુ નિર્બળ બને ને, શ્વાસ છેલ્લો સંચરે;
વેળા એવી તું આપજે, ના હોય અગવડ કોઈને.

પ્રભુ આટલું મને આપજે તું, આયુની છેલ્લી પળે;
શાંતિ, સમતા, સ્થિરતા, મને આવીને સહેજે મળે.



## પૂરક વચનામૃત

જેને મૃત્યુની સાથે મિત્રતા હોય, અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે એમ હોય, અથવા હું નહીં જ મરું એમ જેને નિશ્ચય હોય, તે ભલે સુખે સુએ.

— શ્રી તીર્થંકર છજીવનિકાય અધ્યયન

# ભગવાનરૂપ સત્પુરુષનું માહાત્મ્ય....



આ કાળમાં સત્પુરુષનું દુર્લભપણું હોવાથી, ઘણો કાળ થયાં સત્પુરુષનો માર્ગ, માહાત્મ્ય અને વિનય ઘસાઈ ગયાં જેવાં થઈ ગયાં હોવાથી અને પૂર્વના આરાધક જીવો ઓછા હોવાથી જીવને સત્પુરુષનું ઓળખાણ તત્કાળ થતું નથી. ઘણા જીવો તો સત્પુરુષનું સ્વરૂપ પણ સમજતા નથી. કાં તો છકાયના રક્ષપાળ સાધુને, કાં તો શાસ્ત્રો ભણ્યા હોય તેને, કાં તો કોઈ ત્યાગી હોય તેને અને કાં તો ડાહ્યો હોય તેને સત્પુરુષ માને છે, પણ તે યથાર્થ નથી.

**શ્રીમદ્ રાજચંદ્ર** (ઉપદેશ છાયા ૩)

★

સત્પુરુષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.

(પત્રાંક ૨૧)

★

મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.

(પત્રાંક ૨૪૯)

શ્રીમદ્ રાજચંદ્ર



# ભગવાનરૂપ સત્પુરુષનું માહાત્મ્ય

શ્રી સત્પુરુષનું માહાત્મ્ય અચિંત્ય, અગાધ અને અપાર છે; તેનું પૂર્ણપણે વ્યાખ્યાન કરવું અસંભવિત જેવું છે કેમ કે સત્પુરુષ એટલે જ "મૂર્તિમાન મોક્ષ" અથવા શુદ્ધ આત્મા અથવા અચિંત્ય દ્રવ્ય. "જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધ ચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૮૩૩)

"આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઈચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય,

આ કાળમાં સત્પુરુષનું દુર્લભપણું હોવાથી, ઘણો કાળ થયાં સત્પુરુષનો માર્ગ, માહાત્મ્ય અને વિનય ઘસાઈ ગયાં જેવાં થઈ ગયાં હોવાથી અને પૂર્વના આરાધક જીવો ઓછા હોવાથી જીવને સત્પુરુષનું ઓળખાણ તત્કાળ થતું નથી. ઘણા જીવો તો સત્પુરુષનું સ્વરૂપ પણ સમજતા નથી. કાં તો છકાયના રક્ષપાળ સાધુને, કાં તો શાસ્ત્રો ભણ્યા હોય તેને, કાં તો કોઈ ત્યાગી હોય તેને અને કાં તો ડાહ્યો હોય તેને સત્પુરુષ માને છે, પણ તે યથાર્થ નથી.

શ્રીમદ્ રાજચંદ્ર (ઉપદેશ છાયા ૩)

★

સત્પુરુષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.

(પત્રાંક ૨૧)

★

મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.

(પત્રાંક ૨૪૯)

શ્રીમદ્ રાજચંદ્ર



# ભગવાનરૂપ સત્પુરુષનું માહાત્મ્ય

શ્રી સત્પુરુષનું માહાત્મ્ય અચિંત્ય, અગાધ અને અપાર છે; તેનું પૂર્ણપણે વ્યાખ્યાન કરવું અસંભવિત જેવું છે કેમ કે સત્પુરુષ એટલે જ "મૂર્તિમાન મોક્ષ" અથવા શુદ્ધ આત્મા અથવા અચિંત્ય દ્રવ્ય. "જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધ ચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૮૩૩)

"આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય,

વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.'

"સંસાર કેવળ અશાતામય છે. કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએં જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.'

"ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં પણ એવી કોઈ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરુષને અમે ફરી ફરી સ્તવીએ છીએ.'

"એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે; તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે, એવાં સત્પુરુષનાં અંતઃકરણ તે જોઈ, અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ.'

"હે પરમાત્મા ! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય. તેમ છતાં જૈન ગ્રંથોમાં કવચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે આ કાળમાં મોક્ષ ન હોય; તો આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ, અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષનાં જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.'

"હે પુરુષપુરાણ ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણે કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી; અને તારાથી પણ સરળ છે, માટે હવે તું કહે તેમ કરીએ !'

"હે નાથ ! તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરુષને વિશેષ સ્તવીએ છીએ; જગત આખું તને સ્તવે છે; તો પછી અમે એક તારા સામા બેઠા રહીશું તેમાં તેમને ક્યાં સ્તવનની આકાંક્ષા છે; અને

ક્યાં તને ન્યૂનપણું પણ છે ?"

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૨૧૩)

સાતમા અપ્રમત્ત સંયમ નામના ગુણસ્થાનકે અમુક ઊંચી દશાએ પહોંચતાં સત્પુરુષનું પદ પ્રાપ્ત થાય છે; ત્યાંથી શરૂ કરી કેવળીપદને પ્રાપ્ત એવા પરમ પુરુષો સુધીના સર્વ મોટા પુરુષો સત્પુરુષ કહેવાય છે; એટલે સત્પુરુષના મધ્યમ અને ઉત્કૃષ્ટ એ બે ભેદ પડે છે.

"મધ્યમ સત્પુરુષ હોય તો વખતે થોડા કાળે તેમનું ઓળખાણ થવું સંભવે, કારણ કે જીવની મરજી અનુકૂળ તે વર્તે, સહજ વાતચીત કરે અને આવકારભાવ રાખે તેથી જીવને પ્રીતિ થવાનું કારણ બને. પણ ઉત્કૃષ્ટ સત્પુરુષને તો તેવી ભાવના હોય નહીં અર્થાત્ નિસ્પૃહતા હોવાથી તેવો ભાવ રાખે નહીં, તેથી કાં તો જીવ અટકી જાય અથવા મૂંઝાય અથવા તેનું થવું હોય તે થાય."

**શ્રીમદ્ રાજચંદ્ર** (ઉપદેશછાયા ૩)

અહીં ઉપર સત્પુરુષના માહાત્મ્યનું જે વર્ણન આપ્યું છે તે ઉત્કૃષ્ટ સત્પુરુષ સંબંધનું છે. મધ્યમ સત્પુરુષની વ્યાખ્યા અને તેમનું અદ્ભુત માહાત્મ્ય દર્શાવતાં અપૂર્વ વચનો આ રહ્યાં –

"બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.'

"સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવપ્રવચન પ્રમાણિક ગણ.'

"એક સત્પુરુષને રાજી કરવામાં; તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૭૬)

સત્પુરુષની વિલક્ષણતા એ છે કે તેઓની મન, વચન અને કાયાથી જે કંઈ પ્રવૃત્તિ થતી હોય, ત્યાં પણ તેમનો અંતર્મુખ ઉપયોગ સ્ખલના પામતો નથી. આત્મજાગૃતિ એવી ને એવી તીક્ષ્ણ હોય છે; જેથી કર્મબંધ થવાનો અવકાશ ઉપસ્થિત થતો નથી. પ્રારબ્ધજનિત ઉદયગત પ્રવૃત્તિ થતી દેખાય છે તેમાં અહંતા મમતાના અભાવે કેવળ નીરસપણું હોવાથી પ્રવૃત્તિ નિવૃત્તિ માટે જ હોય છે. ક્યારેક તેમના આત્મોપયોગની તીક્ષ્ણતા મંદ હોય ત્યારે આત્મજાગૃતિની વિશેષતાથી ઉપયોગમાં ચારિત્રમોહના ઉદયથી ઉઠતા ભાવોની પાછળ આત્માના ઊંડાણમાં રહેલ રાગભાવનું જોડાણ સત્પુરુષ જાણી લે છે, પકડી પાડે છે અને આત્મવીર્ય પ્રબળતાએ પ્રગટાવી પટકી મારે છે એટલે

તેનો નાશ કરે છે. લક્ષ અને ધ્યેય એક જ છે કે નિજાત્માને પરભાવથી મુક્ત કરી શુદ્ધ કરવો અર્થાત્ ચૈતન્યાત્માનું શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ રૂપ જેવું છે તેવું પ્રગટ કરવું.

એ એક જ એકાંત ધ્યેયને વળગી રહી તેમના મન, વચન, કાયાની પ્રવૃત્તિ થતી હોય છે અને પરમાં સ્વામીત્વપણું નહીં હોવાથી તે પ્રવૃત્તિ બાધાકારક કે બંધનકારક થઈ શકતી નથી અને તે જ "તેમને આત્માનો ઉપયોગ છે" એ વચનથી જણાવ્યું.

"આત્માનો ઉપયોગ છે" એ વચનોને સમજાવવા બીજા શબ્દોમાં કહીએ તો તેઓની બધા પ્રકારની બાહ્ય પ્રવૃત્તિ આત્માના ઉપયોગપૂર્વક થતી હોય છે, એટલે બોલવું પડે, ચાલવું પડે, આહાર-વિહાર ઈત્યાદિ ક્રિયા કરવી પડે ત્યારે આજ્ઞામાં રહી ઉપયોગપૂર્વક કરતા હોય છે. આ દશાનું વર્ણન કરતાં એમ કહેવાય છે કે ખાય છે છતાં ખાતા નથી, પીએ છે છતાં પીતા નથી, બોલે છે છતાં બોલતા નથી, ચાલે છે છતાં ચાલતા નથી, ઈત્યાદિ. આ વિરોધાભાસી વચનોના સમાધાન માટે અથવા તેનું રહસ્ય સમજાવવા માટે કહ્યું છે કે તેને આસક્તિ ન હોવાથી અનાસક્તભાવે ક્રિયા થાય છે એટલે "વિચરે ઉદયપ્રયોગ"ના ભાવમાં જણાવ્યા પ્રમાણે તેમની વર્તના હોય છે, અર્થાત્ તેઓ "ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર" વર્તે છે.

સત્પુરુષની વ્યાખ્યાના બીજા બોલમાં એમ કહ્યું કે "શાસ્ત્રમાં નથી, સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે એવું જેનું કથન છે." આ વચનો ગંભીર, ગહન અને બુદ્ધિથી તત્કાળ ન સમજાય તેવાં છે. કોઈ શાસ્ત્રમાં ન હોય અને ક્યારેય સાંભળવામાં ન આવ્યું હોય એવું જે કથન સત્પુરુષ પ્રકાશે છે, તે કથન કેવું અદ્ભુત હોય તેની કલ્પના સામાન્ય જીવથી થવી દુષ્કર છે. વળી તે કથનની પરમ સત્યતા અનુભવમાં આવે તેવી હોવાથી તે સિદ્ધકથન કહી શકાય. આ કથન કેવા પ્રકારનું હોય તે સમજવા પ્રયત્ન કરીએ.

જે પુરુષ શ્રી ગુરુનો ઉપદેશબોધ શ્રવણ કરી તેમની આજ્ઞાનુસાર આત્માના ઉપયોગને સ્થિર કરવાનો આરંભ કરી પુરુષાર્થ ઉપાડે છે ત્યારથી માંડી ક્રમશઃ સ્થિરતા અને શાંતતાનાં સુખદ સોપાન ચઢતો જઈ "નિશદિન જેને આત્માનો ઉપયોગ છે"તે દશાને પ્રાપ્ત કરે છે ત્યાં સુધીમાં પરમકૃપાળુ શ્રીગુરુની કૃપાથી તેને અવનવા આશ્ચર્યકારક અદ્ભુત અનુભવો થાય છે; તે અનુભવોનો પરમાર્થ સમજાઈ હૃદયમાં ઉતરી જાય છે; શાસ્ત્રોમાં કહેલાં કથનોનો વિશેષ અર્થ દૃષ્ટિગોચર થાય છે; મનોનિગ્રહરૂપ તપના બળથી તથા બાહ્યાભ્યંતર સંયમના પ્રભાવથી ચારેય ઘાતી કર્મો-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મોનો વિશેષ વિશેષ ક્ષયોપશમ ઉત્પન્ન થતાં અનેક પ્રકારની જ્ઞાનાદિ શક્તિઓ તથા લબ્ધિઓ પ્રગટ થાય

છે; બાહ્યશૈલી ને અંતર્શૈલી જેમ છે તેમ સમજાય છે.

સમસ્ત શાસ્ત્રો બાહ્યશૈલીથી લખાયેલાં હોય છે, તે જો કે મહા ઉપકારી છે, દ્રવ્ય શ્રુતજ્ઞાન આપવામાં ઉત્તમ નિમિત્તરૂપ છે અને તે જીવને અનુભવજ્ઞાનની પ્રાપ્તિ અર્થે અધિકારીપણું આપે છે તો પણ તેની અંદર રહસ્ય કે મર્મ (જે અંતર્શૈલીનો વિષય છે) પ્રગટ ન કર્યો હોવાને લીધે સ્વરૂપસ્થિતિ થવી સંભવતી નથી; આથી જ કહ્યું છે કે "શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે પણ મર્મ કહ્યો નથી; મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે." વળી પત્રાંક ૨૦૦, 'વચનાવલી'માં **શ્રીમદ્ રાજચંદ્રજીએ** કહ્યું કે "શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે. મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ" કારણ કે સત્પુરુષને અંતર્શૈલીનું ગુપ્ત ભેદવાળું અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત હોવાથી યથાર્થ માર્ગદર્શન આપી શકે છે; જીવમાં રહેલા સ્થૂળ તેમ સૂક્ષ્મ દોષો બતાવી કઢાવી શકે છે.

આ અંતર્શૈલી અને તેમાં રહેલું ગુપ્ત જ્ઞાન ગુરુ-શિષ્યની અખંડ પરંપરા દ્વારા અખંડપણે ચાલ્યા કરે છે અને મોક્ષમાર્ગ પણ અખંડિતપણે પ્રવહ્યા કરે છે.

આ અંતર્શૈલી શી છે, કેવી છે ? તેનું જ્ઞાન જો કે ગુપ્ત છે, તો પણ તે સમજવા માટે અંગુલિનિર્દેશ કરીએ જેથી તેની ઝાંખી કરી શકાય. દેહ અને આત્મા

સંયોગી અવસ્થામાં છે તથા આત્મા દેહવ્યાપી છે. હવે જ્યારે આત્મા જ્ઞાન પામે છે (ચોથું ગુણસ્થાનક) તે વેળાએ તે બંને દ્રવ્યો વચ્ચે અને તેમના સંબંધમાં કેવા પ્રકારની ગુપ્ત પ્રક્રિયા થાય છે તેનું જ્ઞાન તે અંતર્‌શૈલીનો વિષય છે. તે જ પ્રમાણે આત્મા ગુણસ્થાનનાં સોપાન ચઢતો જાય છે ત્યારે પણ તે બે પદાર્થો વચ્ચે થતી ગૂઢ પ્રક્રિયાનું જ્ઞાન તે જ શૈલીમાં સમાય છે. શાસ્ત્રમાં આ આત્મિક વિકાસના ક્રમને કર્મોની પ્રકૃતિની બંધ અવસ્થા, ઉદય, ક્ષય, સત્તાગતસ્થિતિ આદિથી બતાવ્યો છે અને સર્વ ગુણસ્થાનકોનો ચઢતો ક્રમ મોહનીય કર્મની અપેક્ષાએ સમજાવ્યો છે પરંતુ ઉપર જણાવ્યું તે વિષય સંબંધનું જ્ઞાન જણાવેલ નથી. સર્વવિરતિ, અપ્રમત્તસંયમ નામના ગુણસ્થાનકો, ઉપશમ તથા ક્ષપક શ્રેણિઓ વગેરેનો પરમાર્થ અંતર્‌શૈલીના જ્ઞાનથી જ માત્ર સમજાય છે. આત્મદશાની વર્ધમાનતાના રહસ્યમય ગુપ્ત પ્રતીકોનું અદ્‌ભુત આશ્ચર્યકારક જ્ઞાન હોવું તે અંતર્‌શૈલીનો વિષય છે. આત્મભાવ વધતાં અને આત્માની પવિત્રતા તથા નિર્મળતા થતાં થતાં કેવા કેવા અનુભવો થાય તે બધું સત્પુરુષના અંતરાત્મામાં છૂપાઈને રહ્યું હોય છે અને તે જ અંતર્‌શૈલીનું જ્ઞાન છે. આથી જ કહ્યું કે સત્પુરુષનું શિષ્ય પ્રત્યે અનુભવમાં આવે એવું કથન હોય છે.

સત્પુરુષનું માહાત્મ્ય દર્શાવતા ત્રીજા બોલમાં એમ કહ્યું કે "અંતરંગસ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે."

આ તો અનુભવગમ્ય પ્રમાણભૂત વચન છે કે જેમ જેમ જીવનો સત્પુરુષ પ્રત્યે પ્રેમ વધતો જાય છે તથા શ્રદ્ધા ભક્તિ ઊર્ધ્વગતિને પામતી જાય છે, તેમ તેમ જીવના હૃદયમાં અનાદિથી સ્થિત સંસારગત પ્રીત તથા વહાલપ ઘટતાં જાય છે અને આગળ જતાં પ્રક્ષીણ થઈ નહીંવત્ સ્થિતિએ પહોંચે છે. સત્પુરુષ પ્રત્યેનો પ્રેમ તે સત્પુરુષના નિર્મળ, વીતરાગ સ્વરૂપ આત્મા પ્રત્યેનો પ્રેમ છે અને તે પરમાર્થે નિજાત્મા પ્રતિનો પ્રેમ છે અને તેના સુખદ પરિણામથી સંસારભાવ ન્યૂન ન્યૂન થતો જઈ આત્મભાવ વૃદ્ધિ પામતો જાય છે. આત્મભાવ વધવાથી આત્માનો ઉપયોગ સ્વસ્વરૂપ પ્રતિ વારંવાર વળવાથી ઉપયોગ શુદ્ધતાની કેડી પર આગળ વધે છે અને તે જ પુરુષાર્થના અને સંયમના બળથી તે પુરુષ પોતે જ સત્પુરુષના પવિત્ર પદને પામે છે, જ્યાં તેને "નિશદિન આત્માનો ઉપયોગ" રહે એ આદિ માહાત્મ્યવાળી અપૂર્વ દશા સંપ્રાપ્ત થાય છે, જ્યાં ભેદના ભેદ ખૂલ્લા થાય છે, ગુપ્તતાનો પડદો ખસી જાય છે અને અનેક પ્રકારની શક્તિઓ પ્રગટ થાય છે.

આવા સત્પુરુષના અંતરમાં એક જ ઉલ્લાસ છે, એક જ મંગલભાવના છે, એક જ ધ્યેય છે કે પરમોત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરવી. તેમના અંતરંગમાં એ સિવાય અન્ય કોઈ સંસારગત સ્પૃહાનો રંગ નથી, તેથી તેઓ નિસ્પૃહ થયા છે કિંતુ તેમની નિઃસ્પૃહતા બહારથી કોઈ જાણી

શકે નહીં, કળી શકે નહીં એવી તેમની અંતરંગ ગુપ્ત આચરણા હોય છે. જ્ઞાનીની કળા અને વિદ્યાના અનભિજ્ઞ જીવો તેમના અંતર્ ચારિત્રને કેમ પારખી શકે ? તેમનાં બાહ્ય અને અંતર્ ચારિત્ર વચ્ચે કોઈ એકરૂપતા હોતી નથી. ઉદયાધીન બાહ્ય ચારિત્ર કર્મોનાં બંધનથી છૂટવા માટે થતું હોય છે. સ્વવીર્યના ઉપયોગથી ઉત્પન્ન સ્વપુરુષાર્થરૂપ અંતર્ં ચારિત્ર સર્વોત્કૃષ્ટ શુદ્ધિ અને સર્વોત્કૃષ્ટ સિદ્ધિ અર્થે થતું હોય છે.

"નિજ સ્વભાવ જ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજ સ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે કેવળજ્ઞાન છે", (પત્રાંક ૭૧૦) અને તે જ સર્વોત્કૃષ્ટ સિદ્ધિ છે.

"સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબદ્ધ થઈ નિજસ્વરૂપમાં" (પત્રાંક ૮૩૩) સ્થિતિ થાય તે સર્વોત્કૃષ્ટ સિદ્ધિ છે.

**પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી** (પત્રાંક ૮૭૫)માં

શ્રી સત્પુરુષનું અદ્ભુત માહાત્મ્ય બળવાન ઉપકારી વચનોથી જણાવતાં પ્રકાશે છે :–

"અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !

સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,

પડતી વૃત્તિને સ્થિર રાખનાર,

દર્શન માત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક,

સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્તસંયમ; અને
પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત;–
છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી
અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર !
ત્રિકાળ જયવંત વર્તો ! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ"

અહીં જીવની આત્મદશાની ઊંચી ઊંચી શ્રેણિને પ્રાપ્ત થવાનાં શ્રેષ્ઠ નિમિત્ત કારણો પ્રથમની લીટીમાં સ્પષ્ટપણે જણાવ્યાં, તે સત્પુરુષનાં વચનામૃત, તેમની ગુણોથી સુશોભિત પવિત્ર મુખમુદ્રા અને અપૂર્વતાને પ્રાપ્ત કરાવનાર પરમ ઉપકારી સત્સમાગમ. તે નિમિત્તોના આશ્રય વિના જીવને માર્ગની પ્રાપ્તિ થવી અત્યંત કઠણ છે એ સિદ્ધાંત રહસ્ય પણ ગૂઢપણે નિર્દેશ કરી બતાવ્યું, ભગવાનરૂપ સત્પુરુષની મહત્તા અપક્ષપાતપણે જણાવતાં આ વચનો સ્વયંસિદ્ધ છે.

સત્પુરુષ અને તેમનાં અમૃતસ્વરૂપ, શાંતભાવને પમાડનાર વચનો, અનાદિની મોહનિંદ્રામાં સૂતેલા ચેતનને જાગ્રત કરે છે, વૃત્તિ શિથિલ થઈ નીચે ઉતરે તો ત્યારે તેને સ્થિર રાખવામાં સહાય કરે છે, માત્ર દર્શનથી જીવને પોતાના નિર્દોષ અપૂર્વ સ્વભાવ પ્રતિ વળવાની પ્રેરણા આપે છે અને તેના સુંદર ફળરૂપ સ્વરૂપ પ્રતીતિથી આત્મજ્ઞાન આત્મદર્શનની પ્રાપ્તિ કરાવે છે (૪થું ગુણસ્થાનક), તેથી પણ આગળ વધારી અપ્રમત્ત સંયમ,

જ્યાં આત્માની શુદ્ધતાનો નિર્વિકલ્પપણે અનુભવ થાય છે એવા સાતમા ગુણસ્થાનકે લઈ જાય છે, અને ત્યાર પછી પોતાનો પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવ પ્રગટ કરાવી કેવળીપદને પમાડે છે (૧૩મું ગુણસ્થાનક).

તેરમા ગુણસ્થાનકે હજુ મન, વચન અને કાયાનો યોગ પ્રવર્તમાન છે તથા ચાર અઘાતી કર્મો ભોગવવાં શેષ રહ્યાં છે. ત્યાં કેવળી પ્રભુનો આયુષ્યકાળ અંતર્મુહૂર્તનો બાકી રહે ત્યારે તે ભગવંત કેવળી સમુદ્ઘાત કરી, ચારે અઘાતી કર્મોની સ્થિતિ સમાન કરે છે. પછી તેઓ ચૌદમા ગુણસ્થાને આવી ત્રણે યોગને રૂંધે છે. સર્વ કર્મનો ક્ષય કરી, શુદ્ધ બુદ્ધ અને મુક્ત થાય છે અને એક સમયમાં ઊર્ધ્વ ગતિએ સિદ્ધાલયમાં વિરાજી અનંત અવ્યાબાધ સહજાનંદ સ્વરૂપમાં સર્વ કાળને માટે રહે છે. આયુષ્યનો છેલ્લો અંતરમુહૂર્તનો કાળ તે અયોગીકેવળી નામનું ચૌદમું ગુણસ્થાનક છે. તે અહીં "છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર" એ વચનોથી જણાવ્યું. તે પરમ ઉપકારી, પરમ કલ્યાણકારી, પરમ હિત રૂપ ત્રણે નિમિત્ત કારણો ત્રિકાળ જયવંત વર્તો જયવંત વર્તો.

**શ્રીમદ્ રાજચંદ્રજીએ** છ પદના અપૂર્વ અમૃત પત્રમાં સત્પુરુષનું માહાત્મ્ય દર્શાવતાં અન્ય વચનો તથા તેમને નમસ્કારરૂપ વચનો કહ્યાં તે અહીં ઉતારીએ છીએ.

"જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે. એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !'

"જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગિકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈપણ ઈચ્છા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !'

"જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું

નિરૂપણ કર્યું છે તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !'

"જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઈચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજમાત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !"

(પત્રાંક ૪૯૩)

એવા સત્પુરુષના પ્રત્યક્ષ દર્શનથી<br>
ગુપ્તતાએ મોહનું મર્દન થાય છે.<br>
સત્પુરુષને સદ્‌વૃત્તિએ વંદન તે<br>
આત્મામાં જાગૃતિનું સ્પંદન લાવે છે.<br>
સત્પુરુષની મુખાકૃતિનું પ્રેમથી અવલોકન<br>
તે સ્વાત્માની આવૃત્તિ માટે અવલંબનછે.<br>
સત્પુરુષનાં નેત્ર સ્થિર ને શાંત જોઈ<br>
પોતાના હૃદયક્ષેત્રમાં પ્રેમનું નીર વહે છે.<br>
સત્પુરુષની દૃષ્ટિ અમી વરસતી જોઈ<br>
પોતાની વિકારવૃષ્ટિ શમી જાય છે.<br>
સત્પુરુષનાં વચનોના શ્રવણથી<br>
અંતરમાં ઉલ્લાસનું દ્રવણ થાય છે.

સત્પુરુષનાં વચનના વિચારથી
દોષોનું વમન થઈ સદાચાર આવે છે.
સત્પુરુષનાં વચનના ચિંતનથી
વ્યવહાર ચિંતા ઘટતી જાય છે.
સત્પુરુષનાં વચનના અનુપ્રેક્ષણથી
આત્મા ઉત્તમ શિક્ષણ પામે છે.
મિથ્યાત્વ ઝેરથી રક્ષણ મળે છે.
સત્પુરુષની (તેમના આત્માની) સતત સ્મૃતિથી
જગતની વિસ્મૃતિ હોય છે.
વૃત્તિની આત્મામાં સ્થિતિ હોય છે.
સ્વદોષોની શીઘ્ર નિવૃત્તિ થાય છે.
સત્પુરુષનાં ચરણ જેવું શરણ બીજું કોઈ નથી,
તે મરણનું મરણ કરાવે છે.
સત્પુરુષનાં ચરણ સમીપ નિવાસ
જેવો વાસ અન્ય કોઈ નથી.
તે વાસને લીધે
કોઈ ત્રાસ વેઠવો પડતો નથી.
સર્વ પાશ નિરાશ થઈ છૂટી જાય છે.
કર્મોનો વ્યાસ સંકળાઈ નાશ પામે છે.
અને
સર્વોત્કૃષ્ટ સિદ્ધિ થાય છે.

# ભગવાનના ભક્તનું આત્મસંબોધન....





ચિંતન એ પ્રકાશ છે. પ્રકાશ પ્રેરણા આપે છે.

ચિંતનથી સ્મરણશક્તિ વધે છે.

ચિંતનથી પ્રતિભાશક્તિ ખીલે છે.

ચિંતનથી જ્ઞાનાવરણ તૂટે છે.

જ્ઞાનાવરણ તૂટવાથી જ્ઞાનનો ઉઘાડ થાય છે.

જ્ઞાનના ઉઘાડથી મોહનીય કર્મ દબાય છે.

મોહનીય કર્મ દબાવાથી વૈરાગ્ય વર્ધમાન થાય છે.

વૈરાગ્ય વધતાં ફરીથી જ્ઞાન વધે છે.

આવો અદ્‌ભુત જ્ઞાન-વૈરાગ્યનો સંબંધ છે.

તેનું પૂર્ણપણું એટલે સંપૂર્ણ જ્ઞાન ને વીતરાગતા.

સંપૂર્ણ જ્ઞાન ને વીતરાગતા એ જ પૂર્ણાનંદ, એ જ બ્રહ્માનંદ.



# ભગવાનના ભક્તનું આત્મસંબોધન

## (૧)

રાગદ્વેષ ને અજ્ઞાન જેના સંપૂર્ણપણે ટળી ગયા છે,
જેમણે અનંત ઐશ્વર્યયુક્ત સ્વસ્વરૂપ પ્રગટ કર્યું છે,
જેઓ અઢાર દોષરહિત થઈ શુદ્ધ ને બુદ્ધ થયા છે,
જેઓ શાંતરસમાં ઝુલી અમૃતસાગર થયા છે,
જેઓ કૃતકૃત્ય થઈ અરિહંત કેવળીપદને પામ્યા છે,
તે ભગવાનને અત્યંત ભક્તિથી કોટિ કોટિ વંદન હો !
સમય સમયના વંદન હો ! પરમ પ્રેમે વંદન હો !
મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ અર્થે ત્રિકાળ નમસ્કાર હો !

હે આત્મન્ !
એ પરમ પુરુષનાં એકેક વચનમાં શ્રદ્ધા કર, શ્રદ્ધા કર.
એ વચનમાં ક્યારે પણ સંદેહ કરીશ નહીં.
એમની એકેય આજ્ઞાનું વિરાધન કરીશ નહીં.
તેમના એકેક વચનમાં અનંત આગમ ભર્યા પડ્યા છે.

તેમના એક વચનના આશ્રયે નિર્વાણમાર્ગ પમાય છે.
તેમનું એક એક વચન અમૃતફળનું દેનાર છે.
ન સમજાય તો પણ કદી શંકા લાવીશ નહીં.
આ યથાર્થ છે, સત્ય છે, એમ ભાવથી કહેજે.

હે આત્મન્ !

એ અમૃતમય વચનોનું અવલંબન લઈ,
અમૃતરસનો અનુભવ કર, અનુભવ કર;
અને પોતાને પવિત્ર કર, પવિત્ર કર.

## (૨)

**હે આત્મન્ !**

તમે પોતે જ પરમાનંદ સ્વરૂપ છો, શાંતસ્વરૂપ છો.
આનંદાનુભવ શાંતિ મળતાં થાય છે.
શાંતિ સંકલ્પ-વિકલ્પ દૂર થતાં વેદાય છે.
માટે આનંદ એ જ શાંતિ. શાંતિ એ જ આનંદ.

આનંદ વેદતાં થાક ન હોય. થાક હોય તો આનંદ કેમ કહેવાય ? સંસારનું ગમે તેટલું સુખ હોય, તો પણ થાક આપે છે અને થાકની નિવૃત્તિ માટે નિદ્રા જોઈએ છે.

મન, વચન અને કાયાની પૌદ્‌ગલિક સુખ સંબંધે થતી પ્રવૃત્તિથી આનંદ કલ્પાતો હતો ત્યાં પણ થાકનો અનુભવ થતાં તે આનંદ મિથ્યા કર્યો. વળી તે આનંદ

પરના આધારે થતો હોવાથી કલ્પિત અને પરાધીન થયો અને પરાધીનતાને આનંદનું નામ તો, માત્ર અવિવેકી મૂર્ખ જ આપે, વિવેકી સજ્જન કદી ન આપે.

માટે,
નિર્વિકલ્પતા એ જ આનંદ.
નિર્વિકલ્પતા એ જ આનંદ.
નિર્વિકલ્પતા એ જ આનંદ.

તેથી હું નિર્વિકલ્પતાને ચાહું છું.
નિર્વિકલ્પ સમાધિ ઇચ્છું છું.
નિર્વિકલ્પ જ્ઞાતા-દૃષ્ટા થવા ભાવું છું.

(૩)

**હે આત્મન્ !**

અત્યંત અત્યંત વિવેક કર, વિવેક કર.
બાહ્ય રસાસ્વાદનો ત્યાગ કર, ત્યાગ કર.
પરમાર્થરસના શાંતપણામાં વૃત્તિને સ્થિર કર, સ્થિર કર.
મૌન થા, મૌન થા.
ચૈતન્યપ્રભુના ઉત્કૃષ્ટ સુવાસિત ગુણોનું સ્મરણ કર.

તે દિવ્ય ગુણોના સ્મરણરૂપ દિવ્ય ધ્વનિમાં અનુક્રમે લીન થા.
તેમાં સ્થિર થઈ અમૃતસાગરનું અવલોકન કર.
પરમ શીતળ એવા આત્માનંદનો અનુભવ કર, અનુભવ કર.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

## (૪)

**હે પ્રિયાત્મન્ !**

જડ ઇન્દ્રિયોના જડ વિષયોનું તારે શું પ્રયોજન છે ?
કશું નથી.
જગતનું આશ્ચર્ય મૂક. તેમાં કયું સુખ છે તે વિચાર કર.
બાહ્યનું માહાત્મ્ય ભૂલ. તે માહાત્મ્યનો દેનાર તું પોતે જ છો, તારું નિધાન તારી પાસે જ છે, એ ન ભૂલ.
બાહ્ય પદાર્થો કાંઈ ફરજ પાડી કહેતા નથી કે હે જીવો ! તમે અમારા માહાત્મ્યને ઇચ્છો, પ્રશંસો નહીંતર દુઃખી થશો.
બાહ્ય પદાર્થો તો જેમ છે તેમ છે.
મોહાસક્તિને લીધે તેમાં માહાત્મ્યનો આરોપ છે.
તેને તું માહાત્મ્ય દેવાનું છોડીશ તો છૂટશે.
તેથી રાગદ્વેષ રહિત થવાથી તું સુખી થશે.

હે આત્મન્ !

તું સર્વ પ્રકારે શુદ્ધ, શુદ્ધ પ્રકૃષ્ટ શુદ્ધ છો.

તું પોતે જ શુદ્ધ ચૈતન્યસ્વામી છો.

એ સ્વામીના નિરંતર શીતળ સ્પર્શ, અલૌકિક દર્શન, સ્વભાવરમણતારૂપ દિવ્ય સંગીત, પરમોત્કૃષ્ટ અનુપમ ગુણોની અનુપમ સુવાસ અને અમૃતમય આનંદરસની મધુરતાનો ગ્રાહક થા, તેમાં વૃત્તિને જોડ અને ઈચ્છાનો વાસ પણ ત્યાં જ સ્થિર કર.

પ્રભુની આજ્ઞાભક્તિથી તેમજ....

આનંદસ્વરૂપ શુદ્ધાત્મા.

આનંદસ્વરૂપ શુદ્ધાત્મા.

આનંદસ્વરૂપ શુદ્ધાત્મા.

## (૫)

સ્વભાવે છે તેવો થા.

સ્વરૂપદર્શન વિના તેમ થવું બની શકે નહીં.

સ્વરૂપદર્શન પરદ્રવ્યના ત્યાગથી ને આંતર્‌વિચારથી થાય.

પરદ્રવ્યનો ત્યાગ જિજ્ઞાસુપણુ આવ્યા વિના સંભવે નહીં.

જિજ્ઞાસુપણું પરદ્રવ્યનું માહાત્મ્ય મંદ પડવાથી અને છૂટવાથી અને સ્વદ્રવ્ય પ્રત્યે મહિમા આવી તે પ્રત્યે લક્ષ થવાથી

સમુત્પન્ન થાય છે.

ત્યારે જ નિજદોષ પ્રતિ અપક્ષપાત બુદ્ધિ થાય છે.

પર દ્રવ્યનું માહાત્મ્ય વિચારબળથી છૂટે છે.

વિચારબળ સત્સંગના સેવનથી સંપ્રાપ્ત થાય છે.

સ્વદ્રવ્ય પ્રતિ લક્ષ સત્સમાગમના યોગથી થાય છે.

પરમ દુર્લભ એવા સત્સંગ અને સત્સમાગમના યોગે સત્પાત્રતાનું જન્મવું અને વૃદ્ધિ પામવું સુલભતાથી થાય છે.

સુપાત્રતા વધતાં સ્વસ્વરૂપ યથાર્થ સમજાતું જાય છે.

સમજાયા પછી અંતર્શોધ શરૂ થાય છે.

સ્વરૂપપ્રાપ્તિ માટે ઝુરણા થાય છે, ત્યારે નિજભાવ ને પરભાવથી છૂટા પડવાનો આરંભ થાય છે, સ્વ-પરના વિવેકનો ઉદય થાય છે.

વીર્યબળ વધતાં સ્વભાવ તરફ ઉપયોગ વળે છે અને...

## (૬)

હું સર્વથી સર્વ પ્રકારે ભિન્ન છું.

હું ચૈતન્યસ્વરૂપ અવિનાશી આત્મા છું.

મારા શુદ્ધસ્વરૂપ વિના એક પરમાણુ માત્ર મારું નથી.

હું કેવળ જ્ઞાતાદૃષ્ટારૂપ છું, તેમ જ થઉં.

હું સ્વરૂપે રાગદ્વેષ રહિત છું, તેથી રાગ રહિત વીતરાગ થઉં.

કર્મના ઉદયે મન, વચન, કાયાની જે કોઈ પ્રવૃત્તિ થાય તેનો કર્તા-ભોક્તા હું નથી. તેને માત્ર જોયા કરું. જ્ઞાતાદૃષ્ટા રહું.

કર્મના ઉદયે થતી અવસ્થામાં ઉદાસીન રહું.

હર્ષ-વિવાદ કરું નહીં. ઠીક-અઠીક માનું નહીં.

સર્વ જીવો કર્માધીન છે.

કર્મના ઉદયાનુસાર તેમની પ્રવૃત્તિ છે. તે પ્રત્યે રાગદ્વેષ કરું નહીં.

વિના માગ્યે કોઈપણ જીવને સલાહ સૂચન કરું નહીં. માગ્યેથી જિનમત અનુસાર ભગવાનના સિદ્ધાંત લક્ષમાં રાખી કલ્યાણરૂપ થાય તેમ કહું. અસત્ય-માયા-કપટ સેવું નહીં.

ન સમજાય ત્યાં મૌન રહું.

બીજા કેમ મારું માનતા નથી એવા વિકલ્પ કરું નહીં. બીજા મારું માને છે તે ઠીક છે એવા ભાવ કરું નહીં.

આમ હોય તો ઠીક એવી ઇચ્છા કરું નહીં.

આમ ન હોય તો ઠીક એવી આશા કરું નહીં.

વિના કારણ બોલું નહીં, વાત કરું નહીં, વિકથામાં રસ લઉં નહીં.

બોલવાનાં પ્રસંગે સત્ય, પ્રિય ને હિતરૂપ કહું.

અસત્ય, હિંસા, ચોરી, મૈથુન ને પરિગ્રહ કરી આત્માને બંધનમાં નાંખુ નહીં.

સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય ને નિષ્કિંચનત્વને ખૂબ વખાણું, તેનો આશ્રય કરું, તેનું સેવન કરું.
ઉદય કર્મોને સમભાવે વેદી, ફરજ ચૂકવી દઈ ઋણમુક્ત થઉં.
મારું શુદ્ધ કેવળજ્ઞાન સ્વરૂપ પ્રગટ કરું.
મારા અખંડ અવ્યાબાધ સુખનો ભોક્તા થઉં.

આનંદ.

આનંદ.

આનંદ.

## (૭)

**હે આત્મન્ !**

આ વચનો તારા કલ્યાણ માટે ખૂબ લક્ષમાં લેવા જેવાં છે. તેમ થવા માટે ખૂબ પુરુષાર્થ ઉપાડ. સિદ્ધિ મળશે.

સરળ અને નમ્ર સુભાગી છે, કારણ તેઓ ભગવાનના ઉત્તમ ગુણોના પ્રેમી વારસદાર થાય છે.

સદ્ધર્મ પ્રેમી, જિજ્ઞાસુ અને પિપાસુ ભાગ્યવંત છે, કેમ કે તેઓ સંતોષ અને શાંતિના અધિકારી બને છે.

દયા, શાંતિ અને ક્ષમાના ધારક પવિત્રતાને વરે છે, અને પવિત્ર હૃદયી ભાગ્યશાળી છે, કારણ કે તેઓ ભગવાનનાં દર્શન કરે છે, અને કૃતાર્થ થાય છે.

લોક નિંદે, અપમાન કરે, ધિક્કારે અથવા વિવિધ પ્રકારે કષ્ટ આપે તે છતાં જે ભગવાનની આજ્ઞાને આધીન રહી સમતાભાવે વેદી સહન કરે છે તે પરમ ભાગ્યવંત છે કારણ કે કરુણાસાગર ભગવાન તેનો અત્યુત્તમ બદલો આપી તેને પરમ આનંદિત કરે છે.

વિનમ્ર થઈ મૃત્યુ પર્યંત ભગવાનની આજ્ઞાનું એકધારું આરાધન કરનાર નિશ્ચયે આત્મદશાની ઉંચી પાયરી પર આરોહણ કરે છે અને સુખી થાય છે.

## (૮)

**હે આત્મન્ !**

તમે શાંતસ્વરૂપ છો. શાંત થાઓ, શાંત થાઓ.
તમે શીતળસ્વરૂપ છો. શીતળ થાઓ, શીતળ થાઓ.
તમારા સહજ શાંત શીતળ સ્વભાવનો અનુભવ કરો.
તેથી કેવળ પરમાનંદ અનુભવશો.
કેમ કે તમે સ્વભાવે પરમાનંદરૂપ છો.
બાહ્ય શાંતિનું તમારે શું પ્રયોજન છે? સહજ શાંતિ ઈચ્છો.
બાહ્ય શીતળતાને તમારે શું કરવી છે? સહજ શીતળતા ઈચ્છો.
બાહ્ય આનંદનું તમારે શું કામ છે? સહજ આનંદ ઈચ્છો.
તેમ થવા માટે ભગવાનની કૃપા મેળવો.
તે મેળવવા માટે ભગવાનને રાજી કરો.

તેથી તમે સત્યને ઓળખશો.
સત્‌ની ઓળખાણ મુક્તિ અપાવશે.
તમે ભક્તમાંથી ભગવાન બનશો.

★ ★ ★

ભગવાનનું વચન સદાય જીવંત અને શક્તિવંત છે. બેધારી તીક્ષ્ણ તરવાર કરતાં અતિ તીક્ષ્ણ છે, દુર્ગમ્ય છે. સદ્‌ગુરુના અવલંબને તે સમજાય છે અને સ્વપરનો ભેદ સુલભતાથી થાય છે.
એવો એકેય ભાવ નથી જે તેમાં પ્રકાશિત ન થાય. આરાધન બળથી સમસ્ત પદાર્થો, પદાર્થોના સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવો ને ગુપ્ત ભેદો પ્રગટ થાય છે.
આ છે ભગવાનની કૃપાનું ફળ, ભગવાનની શાંતસ્વરૂપ વાણીનું માહાત્મ્ય અને ભગવાનની નિષ્કામ ભક્તિનું પ્રભુત્વ.

## (૧૦)

**હે આત્મા !**

જ્ઞાની ભગવંતોએ અનુભવ કરી આ વચનો કહ્યાં છે, તે પર વિચાર કરી અંતરમાં ઉતારો.
ભગવાનમાં પૂર્ણ પ્રેમથી શ્રદ્ધા કરો.
સમ્યક્ પ્રતીતિ બળવાન તેટલી વેદવાની શક્તિ બળવાન.
સંકલ્પ-વિકલ્પ કર્યા વિના ઉદયાનુસાર વર્તવાની ટેવ પાડો.
ઉદયને સમતાથી વેદે તેને નવા કર્મનું બંધન નથી.
રાગદ્વેષનાં બંધન એ જ ઋણાનુબંધ છે.

તેથી તમે સત્યને ઓળખશો.
સત્‌ની ઓળખાણ મુક્તિ અપાવશે.
તમે ભક્તમાંથી ભગવાન બનશો.

★ ★ ★

ભગવાનનું વચન સદાય જીવંત અને શક્તિવંત છે.
બેધારી તીક્ષ્ણ તરવાર કરતાં અતિ તીક્ષ્ણ છે, દુર્ગમ્ય છે.
સદ્‌ગુરુના અવલંબને તે સમજાય છે અને સ્વપરનો ભેદ સુલભતાથી થાય છે.
એવો એકેય ભાવ નથી જે તેમાં પ્રકાશિત ન થાય.
આરાધન બળથી સમસ્ત પદાર્થો, પદાર્થોના સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવો ને ગુપ્ત ભેદો પ્રગટ થાય છે.
આ છે ભગવાનની કૃપાનું ફળ, ભગવાનની શાંતસ્વરૂપ વાણીનું માહાત્મ્ય અને ભગવાનની નિષ્કામ ભક્તિનું પ્રભુત્વ.

## (૧૦)

**હે આત્મા !**

જ્ઞાની ભગવંતોએ અનુભવ કરી આ વચનો કહ્યાં છે, તે પર વિચાર કરી અંતરમાં ઉતારો.
ભગવાનમાં પૂર્ણ પ્રેમથી શ્રદ્ધા કરો.
સમ્યક્ પ્રતીતિ બળવાન તેટલી વેદવાની શક્તિ બળવાન.
સંકલ્પ-વિકલ્પ કર્યા વિના ઉદયાનુસાર વર્તવાની ટેવ પાડો.
ઉદયને સમતાથી વેદે તેને નવા કર્મનું બંધન નથી.
રાગદ્વેષનાં બંધન એ જ ઋણાનુબંધ છે.

ઋણાનુબંધ ચૂકવ્યા વિના મુક્તિ નથી.
અને મુક્તિ વિના સુખ પણ નથી.

★ ★ ★

સદ્‌ચિંતન માટે એકાંતવાસને વખાણો.
જે જેનું ધ્યાન કરે તે તેવો થઈ જાય છે.
માટે જેવું ઇચ્છો છો તેવું વિચારો. મળશે.

★ ★ ★

બીજાનું તારે શું કામ ?
તું તારું સંભાળ.
તારે થવું છે પૂર્ણ નિષ્કામ,
તારું પદ અજવાળ.

(૧૧)

**હે આત્મન્ !**

ભગવાનની કૃપાનું ફળ તો જો. કેવું આશ્ચર્યકારક છે !
થોડો પણ પ્રેમ આપતાં પ્રેમીને ઉપર ખેંચે છે. કેવડું મોટું ફળ
ભગવાન કેવા વત્સલપૂર્ણ છે
રાઈ જેટલી શ્રદ્ધા કરતાં તેને વિશાળ વૃક્ષમાં ફેરવી નાંખે છે.
ભગવાન કેવા શક્તિશાળી છે
સ્વલ્પ અર્પણતા કરતાં અધિક લાભથી નવાજે છે.
ભગવાન કેવા ઉદાર છે
પ્રાર્થના કરી માગતાં ભગવાન બધું આપે છે.
ભગવાન કેવા રૂડા છે
ભગવાનનું શરણ કષ્ટ, દુઃખ ને મરણનો નાશ કરે છે.
ભગવાન કેવા મરણમારણ છે

ભગવાનનો સાથ ભવસમુદ્રથી તારી ઉત્કૃષ્ટ સિદ્ધિ આપે છે.
ભગવાન કેવા તરણતારણ છે !
ભગવાનના ભક્ત મુક્ત થઈ ભગવાન થાય છે.
અહો ! ભગવાનની કેવી અસીમ કૃપા !
માટે હે કૃપાનાથ !
હું આપની તૃષમાનતા જ ઇચ્છું છું.
મારી આત્મેચ્છાનો વાસ પણ ત્યાં જ હો.
મારે જગતની તુષમાનતાને શું કરવી છે ?
જગત અનિત્ય અને અશરણ હોઈ
તેની તુષમાનતા પણ અનિત્ય અશરણરૂપ છે.
આપ નિત્ય સનાતનં છો,
તેથી આપની તુષમાનતા પણ નિત્ય ને સનાતન છે.

## (૧૨)

## આત્મપ્રકાશ

દ્રવ્યકર્મથી ભિન્ન હું આત્મ સ્વરૂપ
ભાવકર્મથી ભિન્ન હું આત્મ સ્વરૂપ
નોકર્મથી ભિન્ન હું આત્મ સ્વરૂપ
સર્વ જીવોથી પર હું શુદ્ધ ચિદ્રૂપ
જડ દ્રવ્યોથી પર હું શુદ્ધ ચિદ્રૂપ
સર્વ ભાવોથી પર હું શુદ્ધ ચિદ્રૂપ
હું છું ચેતન શુદ્ધ સ્વરૂપ
ત્રિકાળી નિર્મળ બુદ્ધ સ્વરૂપ
ચૈતન્યઘન હું સુખ સ્વરૂપ

અખંડ કેવળ જ્ઞાન સ્વરૂપ
શુદ્ધ નિરંજન જ્યોતિ સ્વરૂપ
અમલ અરૂપી મોક્ષ સ્વરૂપ
અવિનાશી હું જ્ઞાન સ્વરૂપ
અજરામર હું જ્ઞાન સ્વરૂપ
સહજાનંદ હું જ્ઞાયક ભાવ
પરમાનંદ હું જ્ઞાયક ભાવ

શાંત સ્વરૂપ હું ચેતન ભાવ
શીત સ્વરૂપ હું ચેતન ભાવ
સમતા રૂપ હું ચેતન ભાવ

ચેતન ભાવ હું ચેતન ભાવ
જ્ઞાયક ભાવ હું જ્ઞાયક ભાવ

પરભાવથી મુક્ત હું આત્મ સ્વરૂપ
કેવળ અસંગ હું આત્મ સ્વરૂપ
અસંખ્ય પ્રદેશી હું આત્મ સ્વરૂપ
નિજ અવગાહના પ્રમાણ સ્વરૂપ

અજરામર ધ્રુવ શુદ્ધ સ્વરૂપ
સ્વપર્યાય પરિણામી સમયાત્મક રૂપ
શુદ્ધ ચૈતન્ય હું આત્મ સ્વરૂપ
નિર્વિકલ્પ દૃષ્ટા હું સ્વ સ્વરૂપ.

---

# ભક્તનાં વિચાર-પુષ્પો...



ભક્ત જ્યારે ચિંતનની ઊંડી ગુફામાં પ્રવેશ કરે છે ત્યારે ચિંતનની ચિનગારીઓ પ્રકાશ પાથરી હૃદય ગુફાને અજવાળે છે. તે તેના હૃદયાકાશને પ્રકાશિત કરી ઉજવળ ને ધવળ પવિત્રતાથી દેદીપ્યમાન કરે છે.

ભક્ત જ્યારે વિચારસાગરમાં ડૂબકી મારી ઊંડો ઉતરે છે ત્યારે રંગબેરંગી, આકર્ષક, રમણીય વિચારમોતી ભગવાનની કૃપાથી મેળવવા સમર્થ થાય છે, અને તે તેના આત્માને ઉપકારી થાય છે.

ભક્ત જ્યારે સુંદર વિચારબગીચામાં પગલાં માંડી ડગ ભરે છે, ત્યારે તેની દૃષ્ટિ વિવિધ રંગોથી સુશોભિત અને અનુપમ સુગંધથી સુવાસિત પુષ્પો પર પડે છે અને તેને લલચાઈને ચૂંટે છે. તે પુષ્પો પરનો મોહ તેના જીવનનું વહેણ બદલાવે છે.

# ભક્તનાં વિચાર-પુષ્પો

★ લાખેણી ક્ષણ ક્ષણ જાય છે, તેનો સદુપયોગ કરો.

★ કાળ વણથોભ્યો ચાલ્યો જાય છે, એક ક્ષણ પણ પાછી આવતી નથી. પાછળથી પસ્તાવું ન પડે એવું કરો.

★ સમજુ સમજ્યા પછી જરાય પ્રમાદ કરતા નથી. અણસમજુ પ્રમાદનું સ્વરૂપ સમજતા નથી. પ્રમાદના છેદનું ઉત્તમ કારણ સત્સમાગમ છે.

★ પરભાવ, રાગદ્વેષ એ જ ગતિ-આગતિનો હેતુ છે. આત્મલક્ષે જેટલા રાગદ્વેષ ઘટ્યા તેટલે અંશે પ્રભુકૃપા.

★ જીવના અનાદિના ગુપ્ત શત્રુઓ બે, રાગ અને દ્વેષ. તે બંનેનો વિસ્તાર અનંત છે.

તે અતિ સૂક્ષ્મ અને ગહન છે. તેનાં મૂળ ખૂબ ઊંડાં છે.

★ રાગદ્વેષના સદ્ભાવમાં આત્મા પોતાના ચંદ્રથી પણ અનંતગણા અધિક શીતળ પ્રકાશનો ઉઘાડ કરી

શકતો નથી. તેના ઉપશાંત થવાથી, ક્ષય થવાથી આત્મા પ્રકાશિત થતો જાય છે ને પોતાની દશાની પ્રતીતિ આપતો જાય છે.

★ જ્ઞાની ભગવંતોએ રાગ અને દ્વેષને મહા વિષધર સર્પ, ધાડપાડુ ડાકુ, ચોર અને ડરપોક વૈરીની ઉપમા આપી છે તે ઠીક જ છે, એવા શત્રુઓને કેમ સાંખી લેવાય ? સંસાર–વ્યવહારમાં એવા જીવોનો ત્રાસ કોણ સહે છે ? કોઈ નહીં. તો પરમાર્થે આ ગુપ્ત રિપુઓને નાશ કરવો અવશ્ય ઘટે છે.

★ અંતરંગ શત્રુના નાશથી બાહ્ય શત્રુઓ જલદી જીતાય છે અને શરણે આવે છે.

★ હે આત્મા !

તું મોહ ન કર, રાગ ન કર, દ્વેષ ન કર;
મોહ ન કર, રાગ ન કર, દ્વેષ ન કર.

★ પરના દોષ જોવા નહીં, પરના દોષ જોવાથી તે દોષો પોતામાં આવે છે. તેથી આત્મા મલિન થાય છે. ભગવાનના પ્રેમીએ કોઈની નિંદા કરવી નહીં. નિંદા એ વિષ્ટા સમાન છે. નિંદા કરનાર વિષ્ટાની દુર્ગંધનો અનુભવ કરે છે.

★ પોતાના દોષને ઓળખીને તેને ટાળવા. ઓળખવા માટે અપક્ષપાતપણે વિશાળ બુદ્ધિ રાખવી, હૃદયની કોમળતા-સરળતા રાખવી જેથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ જોઈ તેને દૂર કરી શકાય. સ્વદોષ કદી

ઢાંકવા નહીં. ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, અહંકાર આદિ દોષો અગ્નિની જ્વાળા જેવા છે, તે આત્માને તપ્તાયમાન કરે છે. તેનાથી બચવું.

★ ભગવાનરૂપ સત્પુરુષોના ગુણોનું સ્મરણ કરવું. સ્મરણ, ચિંતન કરવાથી તે ગુણો પોતામાં આવે છે. તેથી આત્મા વિશુદ્ધ થઈ પવિત્ર થાય છે. ગુણો પ્રાપ્ત કરનાર પવિત્રાત્મા દિવ્ય સુગંધનો અનુભવ કરે છે. ભગવાનરૂપ 'પ્રશસ્ત' પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો, તેનું ગુણચિંતન કરો.

★ સર્વે ગુણો એક સમ્રાટ શાંત ગુણમાં સમાય છે.

"શાંતપણું પ્રાપ્ત કરવાથી જ્ઞાન વધે છે."

"આત્મસિદ્ધિ માટે દ્વાદશાંગીનું જ્ઞાન જાણતાં ઘણો વખત જાય, જ્યારે એક માત્ર શાંતપણું સેવ્યાથી તરત પ્રાપ્ત થાય છે."

"જીવ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શાંતપણામાં વિચરે તો અંતર્મુહૂર્તમાં મુક્ત થાય છે."

"જ્ઞાનીઓ જો કે વાણિયા જેવા હિસાબી (સૂક્ષ્મપણે શોધન કરી તત્ત્વો સ્વીકારનારા) છે, તો પણ છેવટે લોક જેવા લોક (એક સારભૂત વાત પકડી રાખનાર) થાય છે. અર્થાત્ છેવટે ગમે તેમ થાય તો પણ એક શાંતપણાને ચૂકતા નથી, અને આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે."

**– આત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજી**

અહો, કેવો અદ્ભુત છે શાંતિ ગુણનો મહિમા !

★ શૃંગાર, વીર, કરુણા, હાસ્ય, રૌદ્ર, બિભત્સ, ભય, અદ્ભુત અને શાંત એ નવે રસમાં શાંતરસ ઉત્તમ છે. શાંતરસ એ અમૃતરસ છે, અનંત આનંદ મેળવવાનું સાધન છે; શાંતરસ સહજ છે, સુગમ છે, સ્વચ્છ છે, નિર્મળ છે; સર્વ રસોનો સાર છે અને તેથી રસાધિરાજ છે. તે મેળવવામાં શરીરને કષ્ટ પડતું નથી, મનને ચિંતામાં નાંખવું પડતું નથી, અને અન્ય સાધનોની જરૂર પડતી નથી.

"સર્વ મંગલ નિધૌ દ્રધિ યસ્મિન્,

સંગતે નિરુપમં સુખમેતિ;

મુક્તિ શર્મ ચ વશીભવતિ દ્રાક્,

તં બુધા ભજત શાંતરસેન્દ્રમ્."

અર્થાત્ સર્વ મંગલનો નિધાન એવો શાંતરસ જેના હૃદયમાં પ્રાપ્ત થાય તે નિરુપમ સુખને પામે છે અને મુક્તિનું સુખ એકદમ તેના કબજામાં આવી જાય છે. માટે હે વિબુધજનો, એવા શાંતરસેશ્વરને તમે ભજો, તેને જ સેવો, તેને જ આરાધો, તેને જ ભાવો.

★ **ભાવના તેવી સિદ્ધિ**

રૂડા પુરુષોએ નિષ્કારણ કરુણા કરી જીવના કલ્યાણાર્થે એક સાદો, સરળ અને સુગમ ઉપાય

પ્રબોધ્યો છે કે – જેવી ભાવના તેવી સિદ્ધિ. આ સિદ્ધાંત અખંડ, અબાધિત અફર છે. તેના સેવનથી સહુ કોઈ ઇષ્ટ મેળવી શકે છે.

★ ભગવાને વિચારની અચિંત્ય શક્તિ દીઠી છે અને તેમ કહી બતાવ્યું છે. આ વાત સહુને અનુભવગમ્ય પણ છે. માટે પરમાર્થને જો ઇચ્છતા હો તો તેના વિચારમાં અપ્રમત્ત રહેવું, તે જ સ્વ-પરના વિવેકવિચારના ભાવમાં રમવું, ખંત, ધીરજ અને ઉત્સાહથી પ્રવર્તવું. કોઈ ધન્ય પળે એક સમય એવો આવી જશે જ્યારે આત્મા તે ભાવે પરિણમશે, આત્મા આત્મભાવે પરિણમશે, આ જ સિદ્ધિનો મંગળ પ્રારંભ. આત્મજ્ઞાન પણ તેવા જ ક્રમે થાય છે. આગળની દશા તે જ શક્તિથી વધે છે. એટલે કે સ્વ-પર વિવેકરૂપ ભેદજ્ઞાનના વિચારથી વધે છે.

★ સત્‌ના સતત વિચાર સત્‌ પ્રત્યે લઈ જાય છે
શાંતિના સતત વિચાર શાંતિનો અનુભવ કરાવે છે.
અખંડ દિવ્ય જીવન માટેના વિચાર શાશ્વત જીવન આપે છે.
શાશ્વત સુખપ્રાપ્તિના વિચાર શાશ્વત સુખ અર્પે છે.

★ સંસારના સતત વિચાર સંસાર આપે છે.
ક્રોધના નિરંતરના વિચાર ક્રોધ કરાવે છે.
તે પ્રમાણે માન, માયા, લોભના વિચારનું ફળ મળે છે.

સંસારથી છૂટવાના વિચાર સંસારથી છોડાવે છે.

★ જેટલે અંશે રાગનું મંદપણું તેટલે અંશે શાંતપણું. જેટલે અંશે રાગનું તીવ્રપણું તેટલે અંશે શાંતિનું ભંગપણું.

માટે શાંતિના ચાહકે રાગના ત્યાગનો ક્રમ સેવવો. રાગ (પ્રેમ) કરવો તો સત્પુરુષ પ્રત્યે કરવો અને અંતે રાગને વીતરાગભાવમાં પલટાવવો.

★ ચૈતન્યસ્વરૂપ શાંત ને વીતરાગભાવના સ્વભાવવાળું છે.

તે સ્વરૂપનું ઉપયોગપણે ધ્યાન કરવું.

તેથી આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિ પમાય છે.

સર્વ જ્ઞાનીઓએ તેમ જ કર્યું છે.

★ કારણ-કાર્યભાવને ખૂબ સૂક્ષ્મતાએ ને ઉપયોગની તીક્ષ્ણતાએ વિચારવાથી ઘણા ભેદો ખુલ્લા થતા જાય છે. રહસ્યો સમજાય છે ને જ્ઞાનની વૃદ્ધિ અને નિર્મળતા થાય છે.

★ આત્માર્થના ઇચ્છુકે માનાર્થ તજવો જોઈએ.

માનાર્થના ઇચ્છુકે આત્માર્થની અપેક્ષા ન રાખવી.

★ અહો ! આશ્ચર્ય છે કે એક તણખલાના બે ટુકડા કરવાની શક્તિ જેનામાં નથી એવો આ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા અનંત શક્તિનો ધણી છે. એક વખત જો તે જાગૃત થાય અને પોતાના સ્વરૂપને, ભગવાનને યથાર્થપણે તન્મય ઉપયોગપણે ધ્યાવે તો બે ઘડીમાં મોક્ષ પામે.

★ અંતર્ધાન થયેલા આત્માને પ્રગટ કરો.
વિસારી મૂકેલાનું સ્મરણ કરો.
બિચારા કેદમાં પુરાયેલા દુઃખીને છોડાવો.
ત્રિવિધ તાપાગ્નિથી બળતાને શીતળ કરો.
દુઃખથી કચડાયેલાને સુખી કરો.
રાગદ્વેષથી પ્રજ્વલિત અગ્નિને શાંત કરો.

★ તેમ કરવા માટે ભગવાનને શરણે જાઓ.
તેમની પાસે પ્રેરણા માગો, માર્ગદર્શન માગો, શક્તિઓ માગો ને પુરુષાર્થ કરો.
તેમની આજ્ઞાનું એક નિષ્ઠાએ આરાધન કરો.

★ મહત્ પુણ્યોદય હોય ત્યારે જ ભગવાનરૂપ સત્પુરુષની પ્રત્યક્ષ આજ્ઞા મળે છે.
પ્રત્યક્ષ આજ્ઞાની પ્રાપ્તિ તે સત્પુરુષની કૃપાદૃષ્ટિ.
કૃપાદૃષ્ટિ એ જ કલ્યાણનો હેતુ.

★ સમ્યક્ શ્રદ્ધા એ મોક્ષનો પાયો છે.
અને એ જ કેવળજ્ઞાન સુધીનો મિનારો છે.
માટે શ્રદ્ધા એ વાસ્તવિક જીવન છે.
જેણે શ્રદ્ધારૂપ અમૃતરસનું પાન નથી કર્યું તેનું જીવન નિષ્ફળ છે.

★ શ્રદ્ધા એ જીવન છે, શંકા મૃત્યુ છે.
શ્રદ્ધા એ પ્રકાશ છે, શંકા અંધકાર છે.

શ્રદ્ધા એ પ્રેમ છે, શંકા દ્વેષ છે.

શ્રદ્ધા એ સુબુદ્ધિ છે, શંકા દુર્બુદ્ધિ છે.

★ જેમ જેમ પરિણામ શુદ્ધ થતા જાય છે, તેમ તેમ સૂક્ષ્મ રીતે શ્રદ્ધા વધતી જાય છે.

★ ભગવાન તો એમ કહે છે કે જો તમે રાઈના દાણા જેટલી પણ શ્રદ્ધા રાખશો તો તમારે માટે કોઈ વસ્તુ અશક્ય નથી. નાનો એવો અગ્નિનો તણખો મોટી ઘાસની ગંજીને બાળે છે, તેમ તણખારૂપ શ્રદ્ધા કર્મનાં પુંજને બાળવા સમર્થ થાય છે.

આ શ્રદ્ધા, સ્વરૂપ શ્રદ્ધા, સ્વરૂપપ્રતીતિ, સ્વ-સ્વરૂપનો નિશ્ચય કરાવી પૂર્ણ શુદ્ધ સ્વરૂપ પમાડે છે, આવું સમ્યક્ શ્રદ્ધાનું બળ છે.

★ ભગવાન કહે છે કે જો તમે શ્રદ્ધા રાખી મારા સ્વરૂપમાં વાસ કરશો અને મારા વચનો તમારામાં વાસ કરશે, તો જે કાંઈ તમે ઈચ્છશો તે અવશ્ય મળશે.

★ સત્ય તો એ છે કે, આપણે કલ્પીએ તેનાં કરતાંય ભગવાન રૂડા છે.

ભગવાન અતિ અતિ રૂડા છે.

★ જો એવા રૂડા ભગવાનના સ્વરૂપમાં સાચો પ્રેમ હોય, સાચી શ્રદ્ધા હોય, સાચો અર્પણભાવ હોય,

તો આપણી ઇચ્છા કરતાં અનેકગણું તેઓ આપવા ઇચ્છે છે. અને તેથી ઉત્તરોત્તર આત્મવિકાસ વર્ધમાન પામે છે.

★ ભગવાન તો અમૃતસાગર છે, જે રસ જગતનું જીવન છે, તે તેનો નિરંતર વહેતો ઝરો છે. જે કોઈ તે રસનું પાન કરે છે તે શાશ્વત સુખને વરે છે.

★ ભગવાન ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી. પરંતુ જે કોઈ પ્રેમથી ભગવાનની ભક્તિ કરે છે, પ્રાર્થના કરે છે, તેને ભગવાન પ્રત્યક્ષ દર્શન આપી કૃતાર્થ કરે છે. ભગવાનના દિવ્ય, અલૌકિક, મહા તેજસ્વી સ્વરૂપના દર્શન કરવાં હોય તેણે હૃદયને ભગવાનના સતત વિચારથી ભાવિત કરવું, તે ભાવમાં અપ્રમત્ત રહેવું, અન્ય ભાવો ભગવાનને અર્પણ કરવા. તેમ કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે ને કૃપા વરસાવે છે.

★ પરમાર્થમાર્ગની એક અજબ વિચિત્રતા છે, અને તે વ્યવહારમાર્ગથી સ્પષ્ટ ભિન્ન પડે છે. આ માર્ગમાં પોતાની કલ્પના-બુદ્ધિના ત્યાગી થઈ, બધું ભગવાનને આશ્રયે છોડી બુદ્ધુ થાય છે, તેને ભગવાન શુદ્ધબુદ્ધ બનાવે છે, ભગવાનના જ્ઞાનમાં જગતનું ડહાપણ મૂર્ખાઈ દેખાય છે.

★ ભગવાનની તો એવી લીલા છે કે જે લઘુ થાય છે તેને ભગવાન ગુરુ કરે છે. જે ગુરુ થાય છે તેને ભગવાન લઘુ કરે છે.

★ જે લઘુ, નમ્ર, અભિમાન રહિત થતો જાય છે, તેને ભગવાન પોતાના વૈભવના ગુપ્ત અખૂટ ભંડારમાંથી રત્નો આપે છે ને શાંતિ અર્પે છે.

★ જે ગુરુ, મોટો, અભિમાની થતો જાય છે તેને ભગવાન સંસારમાં રખડાવી તેનાં કર્મોનું ફળ ભોગવાવી, લઘુ કરે છે.

★ ભગવાન સર્વશક્તિમાન છે.

તેઓ બધું કરવા સર્વ સમર્થ છે.

તેમની કૃપા તેમના જેટલી જ બળવાન છે.

તેમણે પ્રરૂપેલો ધર્મ સર્વોત્કૃષ્ટ મંગળ છે.

★ જેને ત્યાં કલ્પવૃક્ષો ચાકર છે, ચિંતામણી દાસ છે, કામધેનુ દાસી છે એવા...

હે કલ્યાણમૂર્તિ ધર્મ !

તું તારા આશ્રિતને કયું સુખ ન આપી શકે ?

સ્વર્ગ ને ઠેઠ મોક્ષ સુધીનું સુખ આપવા તું સમર્થ છે.

માટે હે શાંતસ્વરૂપ ધર્મ !

હું તને નમસ્કાર કરું છું, વંદન કરું છું.

એ પરમ ધર્મને પ્રકાશનાર, વીતરાગ ભગવંત, સહજાત્મસ્વરૂપ પરમગુરુ શ્રી દેવાધિદેવને પણ અત્યંત ભક્તિથી કોટિ કોટિ વંદન કરું છું.

★ હે પરમ ઉપકારી સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત ધર્મ !

કયા શબ્દોથી તારા ગુણગ્રામ કરું !

તું સુખનો મહા હર્મ્ય (મહેલ) છે. ધર્મ વિના સુખ નથી.

તું વેદનાના અવસરે શાંતિ આપનાર છે.

તું સુખના સમયે સુખની વૃદ્ધિ કરનાર છે.

હે વીતરાગ ધર્મ ! મને તમારો સદાય આશ્રય રહો !

★ હે મંગળમય ધર્મ ! તારો પ્રભાવ અદ્‌ભુત છે.

તારો પ્રભાવ બાહ્ય ને અભ્યંતર રીતે અનુભવાય છે.

મુખ શાંત ભાવની રેખાઓથી ચળકે છે.

કપાળે તેજસ્વીતાનો પ્રકાશ પથરાય છે.

ચક્ષુ અમીરસથી ભીના થઈ નિર્દોષતાથી ચમકે છે.

વાણીમાં મીઠાશ અને માધુર્ય ઉભરાય છે.

યોગ્ય ભાવ યોગ્ય રીતે વચન દ્વારા બહાર આવે છે.

ભાવનો સહજ સંયમ વર્ધમાન થતો જાય છે.

ચિત્ત સ્થિર, સ્વસ્થ અને શાંત થાય છે.

વિષમ નિમિત્તો અસર કરવા સમર્થ થતાં નથી.

હૃદય પવિત્રતાના વાસથી કોમળ, સરળ અને પ્રેમાળ બને છે.

★ ભગવાનના દ્રોહી થઈ તેને નારાજ કરવા કરતાં આખું જગત દુશ્મન બની વિમુખતાએ વર્તે તે

વધુ પસંદ કરવા યોગ્ય છે.

★ ભગવાન એક તેજસ્વરૂપ સાચા ભોમિયા અને સર્વદા સહાયક સાથી છે, તો પછી તેના આશ્રિતને કોનો ભય હોઈ શકે?

★ ભગવાનનું વચન છે કે તમે નમ્ર અને શાંતિપ્રિય થશો તો હું તમારી સાથે જ રહીશ અને જો તમે મારી ભક્તિમાં લીન થઈ શાંત થશો તો હું તમારા હૃદયકમળમાં વાસ કરીશ.

★ ભગવાનનો પ્રજ્ઞાવંત પ્રેમીભક્ત ભગવાન તરફથી પ્રાપ્ત અધ્યાત્મ વિભૂતિ કરતાં દાનને દેનાર એવા ભગવાનની કૃપાને અધિકાધિક મૂલ્યવતી ગણે છે.

★ ભગવાનનો સાચો ભક્ત ને ધર્માનુરાગી તે એક પણ કાર્ય પોતાની બુદ્ધિથી કરતો નથી.
ભગવાનની આજ્ઞાનુસાર જ વર્તે છે.
બધું ભગવાનને પૂછી પૂછીને કરે છે.

★ જ્યારે ભગવાનમાં પ્રેમ વધે છે, શ્રદ્ધા વિકસે છે, ભાવના વેગવતી થાય છે, વિનંતિનું બળ વધે છે. દયા, શાંતિ અને સમતાના ગુણો સારી રીતે ઉઘડી ભક્તનું હૃદય પવિત્રતાને પામે છે ત્યારે....

★ ભગવાન કૃપા કરીને ભક્ત સાથે વાતો કરે છે. તેને પૂર્વ ભવોનું સ્મરણ કરાવી બોધ આપે છે. ભાવિમાં બનવાના પ્રસંગોનું જ્ઞાન કરાવે છે.

જ્ઞાનમાં ગુપ્ત રહસ્યો પ્રગટ કરી ધન્ય કરે છે.

★ અહો ! ભગવાનની કૃપા અદ્ભુત ને અપાર છે. તે કૃપાનો અપૂર્વ લાભ લેવા સત્ય પુરુષાર્થી થવું.

★ અસત્સંગ ને અસત્પ્રસંગ આત્મલક્ષે છોડતા જવું. જગતની તુષમાનતા સંબંધે ઉદાસીનતાનો ક્રમ સેવવો. ભગવાનમાં ને તેમના ગુણોમાં ચિત્તને સ્થિર કરવું. સાચા ભક્તો સાથે સત્સંગનું આરાધન કરવું.

★ તેથી ભગવાન પ્રસન્ન થઈ સિદ્ધિઓનું દાન કરે છે. અનંત અવ્યાબાધ સુખ અને શાંતિ અર્પે છે. ભક્ત ભગવાન થાય છે, જીવ શિવ થાય છે.

★ વીર પુરુષોના વીર્યની ગતિ સંસારમાર્ગમાં કે પરમાર્થમાર્ગમાં સરખી હોય છે. વીર પુરુષો બાંધવામાં તેમ છોડવામાં શૂરવીર હોય છે. વીર પુરુષો મિત્ર અને શત્રુ બંનેની સામે પડે છે. વીર પુરુષો સિફારસ કે લાગવગ વાપરતા નથી; સ્વબળ એ તેમનું સફળ શસ્ત્ર છે. વીર પુરુષો કહેતા નથી, કરી બતાવે છે. વીર પુરુષો યાચક મટી અયાચક થાય છે.

★ સત્પુરુષની સંગતિ ગતિ-આગતિનો નાશ કરે છે. સત્પુરુષનો સંગ આત્મરંગ જગાવી, અસંગ થવા માટે કર્મોની સામે અભંગપણે જંગ ખેલાવે છે. સત્પુરુષની ચરણ સેવા કર્મનાં દેવા ટાળે છે.

સત્પુરુષની પ્રેમભક્તિ કલ્પવૃક્ષની જેમ ફળે છે, અને શક્તિનું દાન દઈ મુક્તિને આપે છે.
સત્પુરુષનાં અંતકાળ પર્વરૂપે થાય છે.
સત્પુરુષના અંતકાળે હાજરી સદ્ભાગ્ય સૂચવે છે.
સદ્ભાગ્યની તરતમતા ભાવાનુસાર હોય છે.

★ સર્વભાષા "ઓમ્" શબ્દમાં સમાય છે. સર્વ મંત્ર ઓમ્ શબ્દમાં વિલીન થાય છે. "ઓ" અક્ષર બે હોઠ ઉઘાડવાથી અને "મ્" અક્ષર બે હોઠ બીડવાથી બોલાય છે, ત્યાં ઉઘાડ-બંધનો રહસ્યયુક્ત પરમાર્થ ઉત્તમ છે.

★ હે પરમકૃપાળુ,
આપે આ પૃથ્વી પર રૂપી દેહ ધર્યો ન હોત તો અમારાં નયન આપનાં પવિત્ર દર્શન ક્યાંથી કરી શકત?
દર્શન વિના આપની દિવ્યતાની ઓળખાણ ક્યાંથી થાત ?
ઓળખાણ વિના અમારા હૃદયમાં શ્રદ્ધા અને પ્રેમ કેમ જન્મત ? પ્રેમ વિના અમારા ચિત્તમાં હર્ષનો ઉદ્ભવ ક્યાંથી થાત ? હર્ષ થયા વિના આપનો સમાગમ વારંવાર કેમ ઈચ્છત?
સમાગમ વિના આપનું વીતરાગ સ્વરૂપ કેવી રીતે જાણી શકત ? સ્વરૂપ જાણ્યા વિના આપના ગુણોને કેમ ઓળખી શકત ? ગુણો જાણ્યા વિના તેની પ્રાપ્તિ માટેનો અમારો ઉત્સાહ કેમ વધત ? ઉત્સાહ

વિના અમારો આત્મા વિકાસ કેમ સાધત ? વિકાસ થયા વિના અમારા આત્માની વિશુદ્ધિ ક્યાંથી થાત?

વળી હે પ્રભુ,

સમાગમ વિના આપનાં વચનામૃતનું પાન કેમ કરી શકત ?

તે અમૃતપાન વિના અમારી જાગૃતિ કેવી રીતે વર્ધમાન થાત ? જાગૃતિ વધ્યા વિના અમારા દોષોની નિવૃત્તિ શાથી થાત ? દોષોની નિવૃત્તિ વિના અધ્યાત્મભાવની વિશુદ્ધિ ક્યાંથી થાત ?

માટે હે પ્રભુ,
અમે એમ જ માનીએ છીએ કે આપના પરમોપકારી પ્રત્યક્ષ સમાગમ વિના અને આપનાં એકાંત હિતકારી વચનામૃતના અવલંબન વિના ધ્યાનદશા, આત્મશાંતિ અને શાંતસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. આપની ભક્તિ વિના ભક્તની મુક્તિ થતી નથી.

★ સાધનાની સફળતા માટે :–
જે કંઈ થાય છે એ યોગ્ય છે એમ માનવું.
પોતાનાં કર્મોનું ફળ ધીરજ, શાંતિ, સમતાથી વેદવું.
ક્યારે પણ બીજાના દોષ જોવા નહીં.
પરના દોષ સંબંધે ક્ષમા આપવી.
નિંદા, બુરું, કરનારનું કરુણા લાવી કલ્યાણ ઇચ્છવું.
પોતાના દોષોની ક્ષમાયાચના કરવી.

સ્વદોષ સૂક્ષ્મતાએ ઓળખીને ટાળવા.
જગતની મોહિની ને કલેશિત ભાવોથી લેપાવું નહીં.
મન, વચન, કાયાથી કોઈ જીવને દુભવવો નહીં.
સર્વ જીવોને આત્મારૂપ માનવા.
પોતા થકી સમસ્ત જીવો શાંતિ પામે એમ વર્તવું.
ભગવાનમાં પ્રેમ અને શ્રદ્ધા ખૂબ જ વધારવા.
ભગવાનને આત્મભાવે સર્વ અર્પણ કરતા જવું.
ભગવાનનું સ્મરણ સમય માત્ર ન ભૂલવું.
ભગવાનનું શરણ અવિરતપણે સ્વીકારવું.
બધી પ્રવૃત્તિ તેમની આજ્ઞાનુસાર કરવી,
સ્વચ્છંદથી કંઈ પણ કરવું નહીં.
ભગવાનની ભક્તિમાં પ્રેમથી લીનતા કરવી.
મન, વચન, કાયા, સ્થિર શાંતભાવે રાખવાં.
ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવું.
ભગવાનરૂપ ન થવાય ત્યાં સુધી જંપવું નહીં.

# ભગવાનના ભક્તની સાધના...

સાધના એ પુરુષાર્થ છે.

પુરુષાર્થ પુરુષ ને અર્થ એ બે શબ્દોનો સમાસ છે.

પુરુષ એટલે આત્મા અને અર્થ એટલે ભાવ, લક્ષ્મી વગેરે.

આત્મા પોતાનો સ્વભાવભાવ પામે તે હેતુએ જે પ્રયત્ન થાય વા આત્મારૂપ ઉત્તમ લક્ષ્મીની પ્રાપ્તિના ધ્યેયથી જે કરવામાં આવે તે પુરુષાર્થ અથવા સાધના.

સાધના (પુરુષાર્થ) વગર કોઈ પણ સિદ્ધિ સુધી પહોંચી શકે નહીં.

ભગવાનનો ભક્ત સાધનાના બળથી જ અંતિમ ધ્યેય સુધી પહોંચી મનુષ્ય દેહને સાર્થક કરે છે ને કૃતકૃત્ય થાય છે.

# ભગવાનના ભક્તની સાધના

ભગવાનરૂપ સત્પુરુષના શ્રીમુખેથી નીકળેલાં અમૃતસ્વરૂપ બોધવચનોના શ્રવણથી ઉલ્લસિત થયેલ ભક્ત તે રહસ્યમય નિર્વાણપથદર્શક વચનોને હૃદયમાં પ્રેમથી અંકિત કરે છે, આનંદિત થાય છે અને તેમની આજ્ઞાનુસાર સાધનાની કેડી પર ચાલવા પરમ ઉત્સાહી બને છે.

આ રહ્યાં તે અપૂર્વ વચનો :–

૧. "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો,

૨. સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું;

૩. સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું;

૪. સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું;

૫. સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું,

૬. તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં;

૭. તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૧૭૨)

"ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષનાં ચરણકમળ છે."

"ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો; પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો; અને તે જ અભિલાષા રાખ્યા રહેજો."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૩૭)

"ઉપયોગ એ જ સાધના છે" એ પરમ જ્ઞાનીના વચનનો અર્થ એ છે કે સતત જાગૃતિ રાખી આત્મોપયોગની શુદ્ધતા કરવાનો પુરુષાર્થ એ સાધના છે, આત્મા જ્ઞાનદર્શનમય છે એટલે જાણવા દેખવાવાળો પદાર્થ છે. જેથી વસ્તુનો બોધ થાય ને અનુભવ થાય તે ઉપયોગ બે પ્રકારે છે. એક જ્ઞાનોપયોગ અને બીજો દર્શનોપયોગ. અસંખ્ય પ્રદેશી આત્માના એક એક પ્રદેશથી ઉપયોગ શક્તિની ધારા નિરંતર વહ્યા કરે છે અને પદાર્થનો બોધ કરે છે. તે ધારા જ્યાં સુધી પરપદાર્થોને મોહથી પકડે છે અને પરનું રાગદ્વેષથી જ્ઞાન-દર્શન કરે છે, ત્યાં સુધી ઉપયોગ અશુદ્ધ છે અને તેથી તેને શુદ્ધ કરવાનો રહે છે. ઉપયોગની શુદ્ધિ માટે ત્રણ વિભાગમાં જે સરળ ઉપાય બતાવ્યો છે તે ભગવાનના ભક્તને સારી રીતે લક્ષગત છે. તે ઉપાયનાં આદેશ વચનો જગતના સંકલ્પ-વિકલ્પ ભૂલી જવા ઇત્યાદિ છે તે ભક્ત બરાબર સમજે છે. તેના વિચારમાં એ પણ યથાતથ્ય આવે છે કે જગતના સંકલ્પ-વિકલ્પ ઊઠવાનું અને તેમાં પ્રીતિ થવાનું કારણ

સંસારની મોહાસક્તિ છે; અને તે મોહાસકિતની મંદતા તથા નિવૃત્તિ ભગવાનરૂપ સત્પુરુષના પવિત્ર સમાગમ અને તેમનાં વૈરાગ્યપ્રેરક વચનોના આશ્રયે શીઘ્રતાથી થાય છે.

આ વિચિત્ર સંસારમાં પૂર્વ ભવોમાં થયેલી માતા, બેન, ભાભી, કાકીને આજે પત્ની તરીકે ભોગવાય છે અને પિતા, ભાઈ, બનેવીને આજે પતિ તરીકે સ્વીકારાય છે, ઈત્યાદિ અનેક પ્રકારે કર્મની વિચિત્રતા દર્શાવનાર શ્રી ગુરુનાં વચનોથી ભક્તનું હૃદય વૈરાગ્યથી સભર રહ્યા કરે છે અને એ જ વૈરાગ્યના શીતળ જળથી તેની વૃત્તિઓ ઉપશાંત થાય છે; જગતની મોહિની અને કલેશિત પરિણામોની ધારા મંદ પડતી જાય છે અને મોક્ષાભિલાષી ભક્ત શ્રી ગુરુદેવના સાંનિધ્યની સુવાસથી વાસિત થઈ તથા વૈરાગ્ય-ઉપશમના બળથી પ્રેરિત બની ઉદાસીનતાના ક્રમમાં દિન પ્રતિદિન આગળ વધતો જાય છે. જગત પ્રત્યેની કોઈ રૂચિઓ કે વૃત્તિઓ ચિત્તમાં ન ઉઠે તે ઉદાસીનતા છે; સંસાર સંબંધે રાગદ્વેષની પરિણતિનો અભાવ અથવા આત્મોપયોગની સ્થિરતા તે ઉદાસીનતા છે; જેટલા અંશે પરભાવોથી પર રહેવું એટલે આત્માથી ન જોડાવું, તેટલા અંશે ઉદાસીનતા કહેવાય.

**"સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા;**

**અધ્યાત્મની જનની, તે ઉદાસીનતા"** (પત્રાંક ૭૭)

"જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો કલેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ."

શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૧૦૭)

સંસારમાં સુખ-દુઃખ, સંયોગ-વિયોગ, લાભ-અલાભ, જય-પરાજય, સંપત્તિ-વિપત્તિ, આદિના પ્રસંગોએ આકુળતા વ્યાકુળતા કે હર્ષ-શોક થવાથી આત્મા અસ્થિર પરિણામી થાય છે. તે અસ્થિર પરિણામો ઘટતા જાય અને સ્થિરતા તરફ જઈ શકાય એવા પુરુષાર્થમાં જવું તે ઉદાસીનતાના ક્રમનું સેવન છે, તે ક્રમમાં સફળતાથી આગળ વધવા માટે સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ અને પ્રસંગ આવ્યે અવલંબન લેવું ઉપકારી થાય છે, તે હવે જોઈએ.

દરેક જીવના જીવનમાં સાતા અસાતા વેદનીય કર્મનો ઉદય આવ્યા કરે છે, ક્યારેક તીવ્રપણે તો ક્યારેક મંદપણે. સાતાથી સુખનું અને અસાતાથી દુઃખનું વેદન થાય છે. તીવ્ર સાતાના ઉદયે સંસારસુખનાં ઉત્તમ સાધનો સુલભતાએ સંપ્રાપ્ત થાય છે ત્યારે તે સ્થિતિ સમપરિણામે વેદવી કે જીરવવી કઠણ પડે છે અને ગર્વ, મદ, પ્રતિષ્ઠા, મોહ, તૃષ્ણા, અવગણના, તિરસ્કાર આદિ દોષો ઉત્પન્ન થાય છે અને જીવને પછાડે છે. મુમુક્ષુ જીવને તેવા દોષનું ન્યૂનપણું હોય તે સંભવિત છે, છતાં દોષની નિવૃત્તિ હોતી નથી. તે નિવૃત્તિ થવા અર્થે સત્પુરુષોનાં ચરિત્રોનો આશ્રય લેવો અત્યંત જરૂરી બને છે; તેવા તીવ્ર કે મંદ

પરિણામવાળા દોષભાવો અંતરમાં ઉપસ્થિત થતાં જ તેને ડામવા માટે મોટા પુરુષોનાં ચરિત્રોની સ્મૃતિ લે છે. ભાવિ તીર્થંકર ભગવંતોની બાહ્ય રિદ્ધિ, વૈભવ વગેરે અનુપમપણે હોવા છતાં તથા ઉત્તમ શક્તિઓ હોવા છતાં તેઓ કેવા મનોવિજયી, શાંત, ગંભીર અને ઉદાસીન હતા, કેવા સ્વસ્થ અને સમપરિણામી હતા, તેમના આત્માની કેવી અદ્‌ભુત વીતરાગદશા હતી, તે બધો પ્રકાર અંદરમાં અપક્ષપાત બુદ્ધિએ વિચારી મોક્ષાભિલાષી અને સાધનામાં ઉત્સાહી મુમુક્ષુજન શાંતભાવને અવગાહે છે. અથવા કોઈ સમ્યક્‌દૃષ્ટિ ચક્રવર્તીને યાદ કરી, તેમને રિદ્ધિ સિદ્ધિ બહુલતાએ હોવા છતાં, છ ખંડનું સ્વામીત્વપણું હોવા છતાં અદ્વિતીય વૈભવ હોવા છતાં અને ચૌદ અદ્‌ભુત રત્નો સેવામાં હાજર હોવા છતાં, તેઓ કેવી આશ્ચર્યકારક અલિપ્તતાથી રહેતા હતા અને ગર્વ કે ગારવથી કેવા અબદ્ધ રહેતા હતા એ આદિ પ્રકારના સ્મરણથી આત્માર્થી જીવ બોધ લઈ, બળ મેળવી ઉદાસીનપણે, સમપરિણામે રહેવાનું શક્ય બનાવે છે. આ રીતે પુણ્યના ઉદયમાં સુખપ્રાપ્તિ વેળાએ આત્મસ્થિરતા ને આત્મશાંતિ જાળવવા સત્પુરુષોનાં ચરિત્રો આધારભૂત થાય છે.

વળી અસાતાના તીવ્ર ઉદયે દૈહિક વેદના, વિયોગ આદિ વખતે માનસિક વ્યથા, સ્વજનો વગેરેના મરણ પ્રસંગોએ ઉત્પન્ન થતો અકથ્ય ખેદ એ આદિ પરિસ્થિતિ હોય ત્યારે ચિત્ત સ્થિર રહેવું કે દુઃખને સમ્યક્ પ્રકારે

વેદવું ઘણું ઘણું કઠણ છે. મુમુક્ષુ જીવને પણ તેવી આકરી કસોટીના પ્રસંગોએ આત્માને સ્વસ્થ રાખવો મુશ્કેલ બને છે; પરંતુ તેવા સંયોગો પ્રાપ્ત થાય ત્યારે ધીરજ, સમતા, ક્ષમા અને વેદવાની શક્તિ મેળવવા માટે જિજ્ઞાસુ, મુમુક્ષુ કે આત્માર્થી જ્યારે સત્પુરુષોનાં ચરિત્રોની સ્મૃતિ લે છે, ત્યારે તેવા પુષ્ટ આલંબનથી સાધકનું આત્મવીર્ય પ્રગટે છે અને તે નિજ ગુણોના અંશે અંશે ઉઘાડથી સ્થિર થઈ ઉત્તરોત્તર સોપાન ચઢતો જાય છે.

સાધનામાં બળ આપનાર અને ચિત્તસ્થૈર્યને ટકાવનાર પુષ્ટ આલંબનોનાં ઉદાહરણો આ રહ્યાં.

ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચાર જ્ઞાનના ધર્તા છે. અનેક આશ્ચર્યકારક લબ્ધિ અને સિદ્ધિઓના સ્વામી છે. આત્મસ્વભાવ પૂર્ણતાએ પ્રગટાવવાના કામી છે. તેવામાં પૂર્વ જન્મોના વેરી કમઠના જીવ (જે દેવગતિમાં છે) ના અંતરમાં પૂર્વનું વેર સાંભરી આવતાં ઉલ્લસે છે, વેરના ઉદયથી અનેક પ્રકારના ભય ઉપજાવનાર, પ્રાણહાનિ થતાં વાર ન લાગે તેવા ઉપસર્ગો કરે છે, પ્રભુ કેવળ સમભાવે સ્થિર છે તે જોઈ આખરે જળવૃષ્ટિ અને ખૂબ ગાજવીજના ભયંકર કડાકા સાથે ભયાનક વરસાદ વરસાવે છે; પાણીની સપાટી ઊંચીને ઊંચી આવી ઠેઠ પ્રભુના ખભા સુધી પહોંચે છે, તે છતાં પ્રભુ સ્થિર અને અડોલ છે. તેમને ભય નથી, ખેદ નથી, ક્રોધ નથી, દ્વેષ નથી

તેમ કોઈ અન્ય ભાવ નથી. તેઓના આત્મામાં આ ભાવો છે :–

"સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું.

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૮૩૩)

તેવામાં ધરણેન્દ્રદેવનું આસન ચળે છે અને ઉપયોગ મૂકી જોતાં પૂર્વ ભવના પોતાના રક્ષણદાતા અને સન્માર્ગ બતાવનાર એવા પરમ ઉપકારી પ્રભુને ઉપસર્ગ થાય છે તે જુએ છે. વિના વિલંબે ઉપકારનો કોઈ અંશે બદલો વાળવાના હેતુએ ઉપસર્ગ દૂર કરવા એક વિરાટકાય સર્પના પુષ્ટ ભાગના ઘુંચડાથી પ્રભુનું આસન કરે છે અને વિશાળ સપ્તફણાની છત્રી બનાવી પ્રભુનું રક્ષણ કરે છે. પાણીની સપાટી ઊંચે ચડે છે, તેમ તેમ આસન પણ ઊંચી સ્થિતિએ આવે છે, ત્યારે કમઠનો જીવ થાકે છે અને તેનું જોર તૂટે છે, ત્યાં જ પ્રભુને કેવળજ્ઞાન પ્રગટે છે અને બધું શાંત થાય છે.

આ ઘોર, જીવલેણ, અત્યંત વિષમ ઉપસર્ગોની વેળાએ પ્રભુ કેવા નિરાગી અને નિર્વિકારી હતા ! કેવી પરમ

શાંત અને સમ આત્મદશા હતી ! એ વેળાએ નહોતો પ્રભુને ઉપસર્ગકર્તા પ્રત્યે કિંચિત્ દ્વેષ કે રક્ષણકર્તા પ્રત્યે કિંચિત્ રાગ. તેઓ કેવળ સમતાભાવમાં હતા, સમાધિમાં સ્થિત હતા અને શુદ્ધોપયોગની સુધારસધારામાં તરબોળ હતા.

"પાર્શ્વનાથસ્વામીનું ધ્યાન યોગીઓએ અવશ્ય સ્મરવું જોઈએ... એ નાગની છત્રછાયા વેળાનો પાર્શ્વનાથ ઓર હતો!"

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૨૧-૧૦૫)

ભયંકર ઉપસર્ગોનું બીજું દૃષ્ટાંત ચોવીશમા અંતિમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનું સુપ્રસિદ્ધ છે. સૌથી મોટો ઉપસર્ગ તેમના પૂર્વભવના મહા વેરી સંગમ દેવતા થકી થયો હતો; ઉપસર્ગના ભિન્ન ભિન્ન પ્રકારો અકથ્ય કષ્ટ આપનાર, પીડા અને ભય ઉપજાવનાર, સામાન્ય જીવના તો છાતીનાં પાટીયાં તત્કાળ બેસી જઈ પ્રાણઘાત કરે એવા દુષ્ટ અને ઘાતકી હતા, છતાં તેવા જીવલેણ ઉપસર્ગોથી આકરામાં આકરી સ્થિતિ વેળાએ પ્રભુની કેવી અદ્ભુત સૌમ્યતા હતી! કેવી વિસ્મયકારક ક્ષમાનીરની પ્રવહતી નિર્મળ ધારા હતી! જેમના દર્શનમાત્રથી સ્વરૂપસ્થિતિ પામી મુક્ત થવાય એવા પુરુષને ઉપસર્ગ પમાડી અનંત સંસારમાં રઝળાવે, રગદોળાવે એ પ્રકારના કર્મનું ઉપાર્જન અજ્ઞાન અને મૂઢતાવશ આ જીવ કરે છે તે જોઈ પ્રભુની કરુણા કેવી અનુપમ અને ઉત્કૃષ્ટ હતી!

પરમ પરમ વૈરાગ્યની કેવી પ્રભાવિત ઉજ્જવળતા હતી! પરમ આશ્ચર્યકારક ઉદાસીનતાની કેવી ઉત્તમ સ્ફુરણા હતી! કેવી ઉત્કૃષ્ટ નિર્ભયતા હતી ! નિર્લોભતાની પરમ વિમળ અમૃતધારા કેવી સુગમપણે અને સહજતાએ ઝરતી હતી! પ્રભુના પ્રભુત્વથી અસંગપણું સર્વોત્કૃષ્ટતાએ કેવું દેદીપ્યમાન હતું! એવા સર્વ પ્રકારના સુસ્મરણથી મુમુક્ષુ સાધકના અંતરમાં પ્રેરણા બળ, ઈચ્છાબળ અને નિશ્ચયબળનું આવવું સુગમ થાય છે.

એવું જ ઉત્તમ અને અનુપમ ત્રીજું દૃષ્ટાંત શ્રી કૃષ્ણ ભગવાનના નાના ભાઈ મહા યોગીશ્વર અંતઃકૃત કેવળી શ્રી ગજસુકુમારનું અતીવ પ્રસિદ્ધ છે, તે સંક્ષેપે જોઈએ.

શ્રી ગજસુકુમાર વયમાં નાના, મનોહર રૂપવાળા અને સુવિવેકી છે. તેમની સગાઈ થઈ ચૂકી છે, તેવામાં શ્રી નેમનાથ તીર્થંકર પ્રભુના સમવસરણમાં પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય આવતાં પ્રભુની પાસે દીક્ષા લે છે. શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જેના અંતરમાં ઉછરંગ સમાતો નથી અને આત્મવીર્યના કવચથી સુરક્ષિત સુકુમાર પ્રભુને શીઘ્રાતિશીઘ્ર મોક્ષ કેમ થાય તેનો ઉપાય વિનયસહ પૂછે છે. બાળયોગીની પરમ યોગ્યતા અને ભાવિમાં જે બનવાનું છે તે જોઈ પ્રભુજી ઉપાય બતાવે છે કે જે પરમ વિષમ નિમિત્તો વચ્ચે પણ સમતા ધારણ કરી નિજ આત્મદ્રવ્યમાં ઉપયોગને સબળપણે જોડી રાખે તે અતિ અલ્પકાળમાં શિવસુંદરીને વરે છે.

પ્રભુની આજ્ઞા અને આશીર્વાદ મેળવી મુનિવર ગજસુકુમાર સ્મશાનમાં જઈ આરાધના શરૂ કરે છે. કર્મના ઉદયાનુસાર તેમના પૂર્વાશ્રમના સસરા સોમિલ પોતાની પ્રિય પુત્રીનું ઉજ્જવળ ભાવિ બગાડનાર જમાઈને શોધતાં શોધતાં તે ભૂમિમાં ધ્યાનસ્થ ગજસુકુમાર પાસે આવી પહોંચે છે; તેનામાં પૂર્વના વેરનો ઉદય ઊછળે છે; અને સાનભાન ભૂલી, ક્રોધના અતિરેકથી ઉત્મત્ત બની જમાઇના માથા પર માટીની સગડી કરી તેમાં બળતા અંગારા મૂકે છે. મુનિવર સ્થિતિ પારખી લે છે અને પરમ સમતારૂપ પરમ શીતળ અમૃતજળથી આત્માને ન્હવડાવે છે, ક્ષમાનીરથી પવિત્ર અને શુદ્ધ કરે છે તથા પરમ પરમ ઉદાસીનતાની ઉત્તમોત્તમ શ્રેણિ પર આરૂઢ કરે છે. આમ બાળયોગી મુનીશ્વરનું મસ્તક ભડભડ બળવા માંડે છે અને અગ્નિ અગ્નિનું કામ કરે છે. ત્યારે મુનિશ્રી મુનિને ઉચિત ઉપરોક્ત કાર્ય કરે છે અને પછી આત્માની પરમ શીતળ અમૃતધારામાં તરબોળ થઈ, ઉપયોગને સ્વભાવમાં નિશ્ચલપણે સ્થિર કરી, ક્ષપકશ્રેણિ માંડી બે ઘડીમાં કેવળી થઈ, આયુષ્ય કર્મની પૂર્ણતા થતી હોવાને કારણે છેલ્લું અયોગી ગુણસ્થાનક પૂર્ણ કરી પરમ શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.

વિષમ ઉપસર્ગના કસોટી કાળે મુનિવરના અંતરમાં નહોતો ભય કે ક્રોધ તેમ નહોતો વેર કે વેદનાનો ભાવ. એ ભગવંત તો કેવળ સમતારસના યોગી અને આત્મરસના ભોગી હતા.

પવિત્ર સત્પુરુષોનાં આવા અદ્‌ભુત ચરિત્રોનું સ્મરણ કરવાથી સાધનામાં અનુરક્ત સાધકમાં પીડા, દુઃખ અને કસોટીના પ્રસંગે સમભાવે રહેવા માટે પ્રેરણાબળ મળે છે, સહનશીલતા વધે છે અને ઉદાસીનતા ક્રમ પર આગળ વધવાનું બની શકે છે.

આ દૃષ્ટાંતો પરથી સાધકને નીચેનાં અમૃતવચનોનો આશય તેમ પરમાર્થ વિશેષતાએ સમજાય છે અને નિજકલ્યાણાર્થે તેને ઉપયોગમાં લેવાના ક્રમિક પુરુષાર્થમાં પ્રવર્તે છે.

"શાતા અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્‌ભવતી કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૯૧૩)

વળી પોતાના "મૂર્તિમાન મોક્ષ" સ્વરૂપ શ્રી ગુરુદેવની કલ્યાણકારી પ્રેમભક્તિમાં દિન પ્રતિદિન અધિકતાએ લીન થવાના તથા તેમની પવિત્ર શાંત મુખમુદ્રાનું હૃદયથી અવલોકન કરી પોતે શાંત થવાના પુરુષાર્થ કરવા ઉપરાંત

શ્રી ગુરુનાં અમૃતતુલ્ય વચનોનો બોધ અંતરમાં પ્રેમથી અવગાહી, ચારિત્રમાં ઉતારી, તેને આત્મસાત્ કરવાનો પ્રયત્ન સાધક ઉત્સાહપૂર્વક આચરે છે, તે બોધવચનો આ પ્રમાણે છે :–

"ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી,

તે ચૈતન્યાત્મક સ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી,

જે શુભાશુભ પરિણામ ધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ,

દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલસ્વભાવરૂપ પરિણામધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી,

પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે."

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૯૧૩)

"ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વર્તે છે" એવા કૃપાનિધિ શ્રી ગુરુદેવનાં ઉપકારી બોધવચનોના બળથી ભક્ત સાધનાને બળવાન કરતો જાય છે. તેનો આત્મા કોમળ, નમ્ર, ઉપશાંત અને દયાર્દ્ર થયા પછી અને વૈરાગ્યથી સભર બન્યા પછી તે સર્વ જીવો પ્રત્યે આત્મદૃષ્ટિએ જોવાનું કરતો જાય છે. સર્વે આત્માઓ છે. તે સર્વ જીવો પોતપોતાના કર્મને આધીન થઈ વર્તે છે, તો પછી પરની દોષવાળી પર્યાયો (અવસ્થાઓ) સામે શું જોવું ? પરમાં દોષ દેખવાની બુદ્ધિથી શો લાભ ? જે જીવો પ્રત્યેથી પોતાનું અહિત થતું જણાય, પોતાના લાભને હાનિ થતી દેખાય, કોઈ પૂર્વના વેરના કારણે દૈહિક દુઃખ કે માનસિક વ્યથા ભોગવવાનો પ્રસંગ દેખાય ત્યારે સામા પ્રત્યે દોષ ન લાવતાં પોતાના પૂર્વકર્મનું આ અનિષ્ટ ફળ છે એમ સુવિવેકથી વિચારી આત્મપરિણામને સ્વસ્થ અને સ્થિર રાખવાના પ્રયત્નમાં રહે છે અને તેવા અશુભ નિમિત્તોથી દૂર રહેવાની ઈચ્છા કરે છે; પરંતુ પ્રતિકારરૂપ કંઈ પણ કરવાના ભાવ કે આત્મભાવે સામાનું અનિષ્ટ કરવાના માઠા પરિણામ તે કરતો નથી. ઊલટું તેવા સંજોગોમાં વિશાળ દિલથી અને દયા સંયુક્ત ભાવથી સામાને ક્ષમા આપે છે અને ભગવાન પાસે પ્રાર્થના કરી તેનું કલ્યાણ ઈચ્છે છે.

ભક્તના અંતરમાં ઉપયોગને શુદ્ધ કરવાની અભિલાષા રહ્યા જ કરે છે. પૂર્વે થઈ ગયેલા મહાન યોગીશ્વરોની અને પ્રત્યક્ષપણે વિદ્યમાન એવા પોતાના શ્રી ગુરુદેવની

જ્ઞાનદશા, સમદશા, અપૂર્વ સ્થિરતાવાળી આત્મદશા મેળવવાની તેની તીવ્રેચ્છા વર્ત્યા કરે છે. તે સતત ભાવના ભાવ્યા કરે છે કે હું પણ તેમના જેવો પરમ નિર્મળ, પરમ નિરાગી અને પરમ નિર્વિકારી થઉં. નિર્બળતા, રાગ અને દ્વેષનાં બધાં બંધનો તોડી નાંખુ એવી ઇચ્છા કરે છે ને વારંવાર તે ઇચ્છાને વાગોળે છે. ભક્ત સમ્યક્ પ્રકારે જાણે છે કે તે ઇચ્છાનું ફળ ભગવાનરૂપ સત્પુરુષમાં અનન્યભાવે પ્રેમ કરવાથી, અતૂટ શ્રદ્ધા રાખવાથી અને નિષ્કપટપણે તેમની આજ્ઞાનું આરાધન એકનિષ્ઠાએ કરવાથી શીઘ્ર અને સુલભતાએ સંપ્રાપ્ત થાય છે. તેમ કરવાથી આત્મકલ્યાણથી માંડી સર્વોચ્ચ પદની પ્રાપ્તિ થઈ શકે છે.

આ પ્રમાણે ઉપયોગને શુદ્ધ કરવાને માટે એટલે ઉત્કૃષ્ટ આત્મશુદ્ધિ માટે ઉપર કહ્યાં તે ત્રણ અંગથી સુવાસિત એવા ઉત્તમ ઉપાયની સાધનામાં તત્પર થઈ ભક્ત પુરુષાર્થ કરે છે; આ તેની અજબ સાધના છે; અચૂક ફળ દેનાર છે; તેમાં તેને ખેદ થતો નથી, કંટાળો આવતો નથી, ઉત્સાહ મંદ પડતો નથી. જેમ જેમ વિષમ નિમિત્તો સન્મુખ થાય છે તેમ તેમ મનઃચક્ષુ સમક્ષ શ્રી ગુરુદેવની શાંત મુખમુદ્રાના પવિત્ર દર્શનથી અથવા તેમની સ્મૃતિ લેવાથી અને તેમનાં વચનોના આશ્રયથી આત્મવીર્ય પ્રગટાવવાનું બળ મેળવે છે, તેની સામે વીરતાથી લડે છે અને યુદ્ધને અંતે જય મેળવે છે. આ પ્રકારે ભગવાનની કૃપાથી તેનો આત્મા સ્વસ્થ પરિણામી થઈ પવિત્ર થતો જાય છે, સમતાભાવ વધારતો જાય છે અને ક્રમશઃ શાંતપણાને ભજતો જાય છે.

પરમાત્મરૂપ શ્રી ગુરુદેવમાં પ્રેમ, શ્રદ્ધા અને અર્પણભાવ, એ ત્રિપુટી મોક્ષની પ્રાપ્તિ કરાવનાર સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે. તે સાધનામાં વેગ લાવવા માટે અને ચિત્ત-સ્થૈર્યની પગદંડી આગળ વધારવા માટે શ્રી ગુરુએ ઉપદેશ આપેલ સાધનાના પ્રયોગો સાધક-ભક્ત ઉત્કંઠા પૂર્વક નિયમિત કરે છે અને તેથી નિષ્પન્ન થતો લાભ પ્રાપ્ત કરે છે. આ પ્રયોગો સાવ સાદા, સીધા, સરળ, કષ્ટરહિત છે અને છતાં કલ્પનામાં ન આવે તેવા ઉત્તમ ફળને દેનાર છે. આજ્ઞાપૂર્વક કરેલું આરાધન શ્રી ગુરુદેવની ગુપ્ત કૃપાથી શીઘ્રતાએ સિદ્ધિ આપનાર થાય છે; પૂર્વ કર્મના ઉદયથી ઉત્પન્ન થતાં વિઘ્નો કોઈ અગમ્યપણે અદૃશ્ય થઈ જાય છે અને અનેક પ્રકારની સુવિધા આવીને મળે છે. આવું છે આજ્ઞારાધનનું પ્રભુત્વ. આજ્ઞારાધન, આજ્ઞાંકિતપણું અર્પણતા એ એકાર્થ વાચક શબ્દો છે. તેનું બળ જેમ જેમ વધે તેમ તેમ સિદ્ધિ સમીપપણે વર્તે છે.

## આધ્યાત્મિક પ્રયોગો :

### (૧)

શ્રી ગુરુદેવે ઉપદેશેલ નીચે જણાવેલ નવ ભાવનાઓનું સમજણપૂર્વકનું અનુપ્રેક્ષણ તેમની આજ્ઞાનુસાર કરવું. આત્મજ્ઞાનના લાભ માટે તે પૂર્વ તૈયારીરૂપ હોઈ પરમ યોગ્યતા આપે છે. જેટલા અંશે હૃદયના વિશુદ્ધ ભાવયુક્ત

પુરુષાર્થ, તેટલા અંશે શુભ ફળની ઉપલબ્ધિ. આ અભ્યાસ પ્રતિદિન નિયમિતપણે એક જ સ્થળ અને સમયે દિવસના ઓછામાં ઓછા બે વખત સવારે અને રાત્રે શાંત ચિત્તથી અને એકાગ્રતાથી પંદર મિનિટ સુધી કરવો. ઉપયોગને વચનના ભાવો સાથે જોડી દઈ તેની સાથે એકતાર થવાના પ્રયત્નમાં રહેવું. અભ્યાસથી સર્વ સિદ્ધિ છે એ સિદ્ધાંત વિસ્મરણ ન કરવો. આ પ્રયોગ એક માસ કર્યા પછી જો તે ભાવો સારી પેઠે અંતરમાં ઊતરી જાય તો બીજા મહિને છેલ્લી ૭, ૮, ૯ના આંકવાળી ભાવનાઓ તે જ રીતે ભાવવી અને એક માસ પર્યંત તેનો અભ્યાસ કરવો.

## ભાવનાઓ :

(૧) મારાં ચક્ષુથી જે જે દૃશ્ય પદાર્થો હું જોઉં છું, તે તે સર્વે પર્યાયસ્વરૂપ અને વિનાશી છે. હું તે સર્વથી સર્વથા કેવળ ભિન્ન છું. હું અવિનાશી, નિત્ય ચૈતન્યાત્મા છું.

(૨) જે જે પદાર્થો પોતે નાશવંત છે અને પોતાને સહાયરૂપ થઈ શકતા નથી, તો તે મને રક્ષણકર્તા કેવી રીતે થઈ શકે ? આથી હું તે પદાર્થો પ્રત્યેની શ્રદ્ધા અને મોહિનીનો પ્રીતિ અને આસક્તિનો આ ક્ષણથી જ ત્યાગ કરું છું અને મારા શાશ્વત, અવ્યાબાધ સુખસ્વરૂપ આત્મામાં જ પ્રેમ અને શ્રદ્ધા કરું છું.

(૩) હું દેહ નથી, લાગણીઓ નથી તેમ વિકલ્પસ્વરૂપ નથી, દેહનું અસ્તિત્વ પ્રમાણમાં ટૂંકા કાળે નાશ પામે છે, લાગણી કે વિકલ્પ અનિત્ય હોઈ ક્ષણ માત્રમાં ક્ષય થાય છે, તે સર્વનો જ્ઞાતા દૃષ્ટા એવો હું સદા નિત્ય છું.

(૪) અનાદિકાળથી ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાય અને નોકષાય ભાવો મારા અંતરંગ સાચા શત્રુઓ છે. હવે મેં તેમને તેમનાં સાચા સ્વરૂપે ઓળખી લીધા છે અને મારા બળવાન તથા અચળ નિશ્ચયબળથી તેમને જીતવા માટે કટિબદ્ધ થયો છું. અનુભવથી મને લાગે છે કે શ્રી ગુરુદેવની કૃપાથી કષાયો ઉપશાંત થતા જાય છે, આથી મારા આત્મામાં શ્રદ્ધા પ્રકાશે છે કે આખરે તેમની સતામણી દૂર થશે.

(૫) જેમ જેમ ઉપરોક્ત કષાયભાવો વધુ ને વધુ દબાતા જાય છે, તેમ તેમ મારું સત્યસ્વરૂપ અંધકારના પડદાને ચીરીને વધારે ને વધારે બહાર આવતું જાય છે.

(૬) મનની સમસ્ત કલ્પિત પ્રવૃત્તિ અટકી જઈ તે શાંત થતાં જ મારું સહજાનંદી શુદ્ધ કેવળજ્ઞાનસ્વરૂપ પ્રગટ થશે એવી આનંદપ્રેરક પ્રતીતિ અંતરમાં વર્તે છે.

(૭) આથી હવે સંકલ્પ-વિકલ્પ કે રાગદ્વેષ કરવાની મારી લેશ માત્ર ઇચ્છા નથી. શ્રી ગુરુની કૃપા થકી હું મનની સ્થિરતા અને ચિત્તની શાંતિનું સર્જન કરું છું.

(૮) હું સ્થિર અને શાંત થઉં છું.

હું જ પ્રભુ છું એમ જાણું છું.

હું જ ઈશ્વર છું એમ ચિંતન કરું છું.

(૯) હું ખૂબ સ્થિર અને શાંત થઉં છું.

હું પરમાત્મસ્વરૂપ છું એમ પ્રતીત કરું છું.

## (૨)

પ્રાથમિક ભૂમિકામાં સ્થિત તથા પરમાર્થના રૂચિવત જીવને માટે આત્મવિકાસ અર્થે શ્રી ગુરુદેવે અકારણ કરુણાથી બતાવેલ પ્રયોગ વિધિવિધાન સહિત કહેવામાં આવે છે, તેનું ફળ એકાગ્રતા અને સ્થિરતાની ક્રમશઃ પ્રાપ્તિ એ જ છે. દરરોજ નિયમિત સમયે અને સ્થળે બે વખત (અથવા વધારે વખત) સવારે અને રાત્રે ત્રીશ મિનિટથી એક કલાક સુધી પ્રયોગ કરવો, ઊઠતા વિકલ્પો પર સંયમ લાવવા માટે આ અભ્યાસ ઘણો ઉપકારી છે.

ભગવાનરૂપ સત્પુરુષ એટલે પોતાના પરમ ઉપકારી શ્રી ગુરુદેવના ચિત્રપટ સન્મુખ બેસવું. દેહની સ્થિરતા જાળવવી, એટલે હલનચલન ન થાય એવા સુખાસને બેસવું. ઈચ્છિત સમય પર્યંત સંસારના સર્વ ભાવોથી વિરામ પામી ચિત્તને પણ સ્થિર કરવું. પછી એક દીર્ઘ શ્વાસ ખેંચી છોડી દેવો.

શ્રી ગુરુદેવના ચિત્રપટ પર ચરણથી શીર્ષ સુધી ત્રણ વખત દૃષ્ટિને ધીમે ધીમે ફેરવી, અંતરના પ્રેમપૂર્વકના નિર્મળ ભાવથી મુખાકૃતિનું અવલોકન કરવું. થોડીવાર તેમ કર્યા પછી દૃષ્ટિને ગુરુદેવનાં પવિત્ર નયનમાં સ્થાપન કરી સ્થિર રાખવી. મટકું મારવાની ફરજ આવી પડે તો તેમ કરવું. એ પવિત્ર ચક્ષુમાંથી પ્રેમ અને કરુણાનો પ્રબળ અને શીતળ પ્રવાહ વહીને પોતા પ્રત્યે આવે છે અને સુખદ અનુભવ કરાવે છે એમ કલ્પનાથી માનવું. અભ્યાસથી કલ્પના સત્ય ઠરશે. પ્રયોગ વચ્ચે ચિત્તમાં વિચારો કે વિકલ્પો ઊઠે તો તેને ઉપશમ કરવા એટલે તેના પર મનન ન કરતાં તેના જ્ઞાતા કે સાક્ષી તરીકે રહેવાનો પુરુષાર્થ કરવો, તેવા પુરુષાર્થથી વિકલ્પોનું બળ તૂટશે અને તેની નિરાધાર સ્થિતિ થતાં સ્થિરતા આવશે.

સ્થિરતા આવ્યેથી આત્મામાં કોઈ પ્રકારે સમતા અથવા શાંતિ અનુભવાશે. તેની સાથે તે સ્થિરતાના કારણે કેટલાંક ચમત્કારિક પરિણામો આવશે. ચિત્રપટની ચારે કિનાર સોનેરી પીળા રંગવાળી અથવા શ્વેત રંગથી પ્રકાશિત દેખાશે. ચિત્રપટની આસપાસની ભૂમિનું ક્ષેત્ર સામાન્ય તેજવાળું અને ચિત્રપટ પ્રકાશથી ઝળહળતું દેખાશે. આ વગેરે દૃશ્યો નિહાળતાં આનંદ ઉપજશે.

બાદ આંખ બંધ થઈ જતાં, સ્થિરતા હશે તો મનઃચક્ષુ સામે રંગબેરંગી વાદળાં પસાર થતાં અથવા ઊંચે ચઢી વિખરાતા જોવામાં આવશે. કાળી છાંટથી મિશ્રિત લાલ,

પીળો, વાદળી, જાંબુડી રંગવાળાં વાદળાં હશે; પ્રત્યેક રંગનો પરમાર્થ ભિન્ન ભિન્ન છે અને તેનું જ્ઞાન દશા જાણવા માટે ઉપકારી થાય છે.

આ પ્રયોગના અભ્યાસથી ચિત્રપટની સહાયતા વિના ભાસ કે સ્વપ્નમાં શ્રી ગુરુદેવના દર્શનનો અનુપમ અને અમૂલ્ય લાભ પ્રાપ્ત થાય છે અને તેનું ફળ પરમાર્થે ઘણું મોટું છે.

**"એનું સ્વપ્ને જો દર્શન પામે રે,**
**તેનું મન ન ચઢે બીજે ભામે રે;**
**થાય કૃષ્ણનો લેશ પ્રસંગ રે,**
**તેને ન ગમે સંસારનો સંગ રે."**

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૧૬૮)

## (૩)

આધ્યાત્મિક વિકાસ માટે મનની સ્થિરતા હોવી ખૂબ જરૂરી છે. નિરંકુશ મન એ જ સર્વ સુખદુઃખનું તેમ બંધમોક્ષનું કારણ છે. આ મર્કટ જેવું મન ક્યારે પણ શાંત થઈને બેસતું નથી અને ક્ષણે ક્ષણે કૂદકા મારી દોડધામ નિરંતર કર્યા કરે છે. સંકલ્પ-વિકલ્પમાં રાચતું અસ્થિર મન કેવી રીતે સંયમમાં આવે તેના જુદા જુદા ઉપાયો જ્ઞાની પુરુષોએ ઉપદેશવચનોમાં બતાવ્યા છે અને તે અવશ્ય

કલ્યાણકારી છે, તે ઉપાયો આ પ્રમાણે છે. (૧) સત્‌શ્રુતનું વાંચન, શ્રવણ અને ચિંતન; મનન કરતાં કરતાં એકાગ્રતા અને પછી લીનતા આવે છે; (૨) શ્રી ગુરુદેવનાં વચનામૃતનું પાન ચિત્તને ભટકતું અટકાવી સ્થિરતા લાવે છે; (૩) એકાંત શાંત સ્થળમાં ઉપાધિરહિત થઈ બેસવું અને શ્વાસોશ્વાસમાં "સોહં" અથવા "ઓમ્"નો અજપાજાપ સહજતાએ ચાલે છે તેમાં ચિત્તને રોકવું, તેનાથી સ્થિરતા આવી શાંતિનો અનુભવ થાય છે; (૪) શ્રી ગુરુદેવમાં પ્રેમ અને શ્રદ્ધાની ઠીક પ્રમાણમાં વૃદ્ધિ થયા પછી તેમની સ્મૃતિ વારંવાર સ્નેહપૂર્વક લેવાથી એકાગ્રતા અને સ્થિરતા પોતાના કબજામાં એકદમ આવી જાય છે અને તેમના પ્રેમ, કરુણા, શાંતિ, સમતા, ક્ષમા, વીતરાગતા આદિ ગુણોના ચિંતવનથી લીનતા, અપૂર્વ શાંતિનું વેદન અને ચિરકાળ ટકે એવો મનોસંયમ અનુભવાય છે. તોફાની મનને શાંત કરવા માટે આ સરસ અને સરળ ઉપાય છે.

આ ઉપરાંત મનોસંયમની સાધનામાં સહાય અર્થે શ્રી ગુરુદેવ સાધક-ભક્તને એક અનોખો પ્રયોગો બતાવે છે તે આ પ્રમાણે છે :–

ભાવોનું અંતરમાં સુલભતાએ પરિણમન થવા માટે સર્વથી ઉત્તમ સમય જાગ્રત અને નિદ્રા વચ્ચેનો સંધિકાળ છે; કુદરતે આ કાળ જનહીંતાર્થે સહજતાએ આપ્યો છે. તેનો શ્રેષ્ઠ લાભ સહુ કોઈ લઈ શકે છે. ઊંઘ પહેલાના સમયે મન સ્વભાવિક રીતે વિકલ્પ રહિત અને લગભગ

શાંત હોય છે; તે જ પ્રમાણે સવારે જાગૃત થયા પછી તેવી જ સ્થિતિ હોય છે. આ અનુકૂળ સમયનો સદુપયોગ પ્રયોગથી કરવાનો છે.

રાત્રે પથારીમાં જઈ સૂતા સૂતા ઊંઘના આક્રમણ સુધી શ્રી ગુરુદેવે આશીર્વાદપૂર્વક આપેલ આત્મગુણદર્શક આજ્ઞામંત્રનું સ્મરણ કરવું; શરૂમાં ઉપયોગને તેમાં જોડી રાખવાનો યત્ન કરવો અને સ્મરણ ચલાવ્યા કરવું. આ સ્મરણ ઓછામાં ઓછું અડધી કલાક સુધી તો અવશ્ય થવું જોઈએ. તેમ થયા પછી નિદ્રાનો ઉદય આવતાં ઊંઘી જવું ને તેમાં બાધ નથી. આથી આ મંત્રનો ભાવ આત્મા પકડતો જશે, સ્થિર અને શાંત થતો જશે. અભ્યાસના થોડા કાળ પછી રાત્રિમાં કોઈ હેતુએ જાગી જવાનું બને ત્યારે જણાશે કે સ્મરણ આશ્ચર્યકારક રીતે ચાલુ છે અને એ જ આત્માએ ભાવનું પ્રેમપૂર્વક ગ્રહણ કર્યું છે અને તેનામાં ઈષ્ટ પરિણમન થયું છે તેની પ્રતીતિ છે. આની અસર બીજા આખા દિવસ દરમિયાન શાંતભાવમાં લગભગ રહેવારૂપ હશે, એટલે મનમાં ઉઠતા વિકલ્પોની વણઝાર અટકી ગયેલી અનુભવાશે; સતાવતા નકામા વિચારો પોતાની દૂર દૂર નિર્જન રણમાં નિરાધારપણે જતા રહેશે. સવારે જાગૃત થયા પછી પથારીમાંથી એકદમ ઊભા થવું નહીં પરંતુ તે વેળાએ પાંચથી દશ મિનિટ સુધી તે જ સ્મરણ કરવું અને પછી શાંતિપૂર્વક ઊઠવું. આ પ્રયોગ ચિત્તની શાંતિ તથા મનની સ્થિરતા માટે અતીવ લાભદાયી છે એટલું જ નહીં પણ તે આધ્યાત્મિક દશાની વર્ધમાનતા

માટે પરમ ઉપકારી છે. દરરોજ નિયમિતપણે કરવાથી તેની અસર દીર્ઘકાળ સુધી ટકી રહે છે.

## (૪)

આ ચોથો પ્રયોગ, પરમાર્થને અવરોધક વ્યવહાર ચિંતા કે મૂંઝવણ, પારમાર્થિક આવરણ કે અંતરાય, સ્વાત્મદશાની વર્તમાન સ્થિતિ, આત્મદશાનો ભાવિ વિકાસ એ આદિ સંબંધે કોઈપણ પ્રશ્નનો ઉત્તર શ્રી ગુરુની કૃપાથી ભગવાન આત્મા પાસેથી મેળવવા સંબંધે છે.

ભગવાનરૂપ સત્પુરુષનો ભક્ત પ્રેમ અને શ્રદ્ધાની નિર્મળતામાં અમુક હદે પહોંચ્યા પછી તથા ધીરજ, શાંતિ ને સમતા ગુણો અમુક ઈચ્છિત અંશો સુધી પ્રગટાવ્યા પછી ભગવાનની વાણી પ્રયોગદ્વારા સાંભળવા ભાગ્યવંત થાય છે, તે આત્માનો અવાજ એ નામથી સુપ્રસિદ્ધ છે, તે માટેનો આધ્યાત્મિક પ્રયોગ આ પ્રમાણે છે.

કોઈ એકાંત શાંત સ્થળમાં જઈ બેસવું અથવા સૂવું. જે કોઈ પ્રશ્નનો ઉત્તર ભગવાન આત્મા પાસેથી મેળવવો હોય તે સંબંધે ભગવાનને વિનંતી કરવી, પ્રશ્નના સમાધાન માટે બળવાનભાવપૂર્વક માંગણી કરવી, તેમની કૃપા ઈચ્છવી અને કૃપા બદલ ઉપકાર માનવો.

દેહને શબવત્ શિથિલ કરવો અને પછી મનમાં "હું શાંત થઉં છું, સ્થિર થઉં છું." એ મંત્રવચનોનું સ્મરણ

એક ચિત્તે ધ્યાનપૂર્વક કરવું, તેમ લગભગ પંદર મિનિટ સુધી કર્યા બાદ સ્મરણ બંધ કરી શાંત થવું, વચ્ચે વિકલ્પ ઊઠે તેને નહીં લંબાવતા ઉપશમ કરવા એટલે વિકલ્પની ઉપેક્ષા કરવી. તેના અભ્યાસથી વિકલ્પો ધીમે ધીમે ઓછા થતા જશે અને શાંત રહેવાશે, ધીરજ રાખવી.

મંત્રસ્મરણ બાદ શાંત થયા પછી પ્રશ્નના ઉત્તરરૂપ જે વિચાર સહજતાએ પ્રથમ આવે તે પ્રશ્નના સમાધાનરૂપે છે એમ માનવું અને શ્રદ્ધા રાખવી. પ્રશ્ન ભવિષ્યકાળ સંબંધી હોય તો તેની સત્યતાની ખાત્રી કરવી અને શ્રદ્ધા વધારીને તેને નિર્મળ કરવી. આત્માની યોગ્યતા હશે તો ઉત્તર સત્ય જ મળશે. કદાચ પ્રથમ પ્રયત્ને ઉત્તર ન મળે તો નિરાશ થવું નહીં. સર્વ કાર્યમાં પ્રથમ ભૂમિકા હંમેશ વિકટ હોય છે. એ વિકટ કાર્યને અવિકટ બનાવવા ફરી ફરી યત્ન કરવો; આખરે વિજય મળશે જ.

આત્મદશાની સ્થિરતા અને શાંતિ વધતાં ક્યારેક અથવા ઘણું કરીને ઉત્તર અંતરમાં ધ્વનિથી મળે છે. એ ધ્વનિ દિવ્ય મધુર રણકાર જેવો હોય છે; તે સાંભળતાં ચિત્ત પ્રસન્ન અને આનંદિત થાય છે. આ અનુભવ અદ્ભુત અને અલૌકિક હોય છે. ધ્વનિથી મળેલા સંદેશા ક્યારે પણ અસત્ય હોતા નથી. જેમ ધ્વનિથી કહ્યું હોય તેમ જ હતું, છે, અથવા બનશે તેનો નિઃશંક નિશ્ચય થાય છે. તેથી પણ આગળની દશા થતાં વગર પ્રયોગે અને વગર પ્રયાસે ભગવાન આત્મા અંતર્ધ્વનિથી માર્ગદર્શન આપ્યા

કરે એવી સંભવિતતા છે. અંતર્ધ્વનિ ન હોય છતાં આત્મસ્થિરતાની વેળાએ ક્યારેક અંતરમાં એકાએક અણચિંતવેલ કે અણકલ્પેલ ભાવો પ્રગટે તો તે પણ માર્ગસૂચક ગણવા યોગ્ય છે. તેવા અંતર્ પ્રેરણાથી ઉત્પન્ન સહજ ભાવોની ઉપેક્ષા ન કરવી.

(૫)

પરમકૃપાળુ શ્રી ગુરુદેવે ઉપકાર કરી બતાવેલ આ પ્રયોગ અત્યંત ઉપયોગી, લાભદાયી અને પ્રભાવશાળી છે. શ્રી ગુરુની આજ્ઞા લઈ અને આશીર્વાદ મેળવી તેની સાધના કરવાથી સિદ્ધિ જલદીથી મળે છે. આ સાધનાનું ઉત્તમ ફળ આગળ જણાવવામાં આવશે. આ સાધનાનું નામ "દશ મિનિટનું મૌન" કહેવું ઉચિત છે. પ્રયોગના પ્રારંભ પહેલાં પૂર્વ ભૂમિકાની તૈયારી પાંચ મિનિટ સુધી કરવાની છે.

**પૂર્વભૂમિકા :**

બતાવેલ સમય સુધી (અંદાજે) નિશ્ચયપૂર્વકના ભાવથી જણાવ્યા પ્રમાણે સ્વયંસૂચન કરવું.

**(૧) બે મિનિટ સુધી**

"ભગવાનની કૃપાથી હું મારા નિષ્કારણ કરુણાવંત શ્રી ગુરુદેવ પાસેથી ખૂબ બળ ખેંચું છું અને મેળવું છું. તે બળનો સુખદ પ્રવાહ મારા આખાય દેહમાં વહેતો હું અનુભવું છું."

**(૨) બે મિનિટ સુધી**

"હે કાયા, તમે અનુગ્રહ કરી સ્થિર થાઓ, સ્થિર થાઓ. હવે તે સ્થિર થાય છે અને તેમાંથી મારો ઉપયોગ છૂટી જાય છે."

"હે મન, તું મારો સન્મિત્ર થઈ મારા પરમાર્થ પુરુષાર્થમાં સહાયરૂપ થા. શાંત થા, શાંત થા અને કોઈ વિકલ્પ ન કર."

### (૩) એક મિનિટ સુધી

"હું મનને સ્થિર કરું છું. હું શાંત થઉં છું. હું શાંતિમય છું. હું શાંતસ્વરૂપ છું."

### મૂળ પ્રયોગ : દશ મિનિટનું મૌન :

પૂર્વભૂમિકા તૈયાર કર્યા પછી દશ મિનિટના મૌનનો અભ્યાસ કરવાનો છે. દશ મિનિટ પૂરી થયાની જાણ માટે કોઈ સાધનનો ઉપયોગ કરવો અથવા અંદાજે ખ્યાલ કરવો. અભ્યાસથી દશ મિનિટ પૂર્ણ થયાનું જ્ઞાન અંદરમાં નિશ્ચય કરેલો હશે તેથી સહજ થશે.

સ્થિર આસને ટટ્ટાર બેસવું અથવા સીધા ચત્તા સૂઈ જવું. આંખો બંધ રાખવી. આ અભ્યાસની શરૂઆત દશ મિનિટના મૌનથી કરવી. વિચારો અને વિકલ્પોને સંયમમાં લેવાનો પ્રયત્ન કરો. ચિત્તમાં વિકલ્પ ઉઠવાની જાણ માટે અંદાજે ત્રીસ સેકન્ડ પર્યંત કોઈ પરિશ્રમ વિનાના હળવા સહજ ધ્યાનથી અંતરમાં નિરીક્ષણ કરો. વિકલ્પ પ્રવેશ થયાનું જણાય તો તુરત અંતરમાં માત્ર "શાંતિ" શબ્દનો શાંતભાવે ઉચ્ચાર કરો અને તેમ થતાં જ તત્કાળ તે દૂર થઈ જશે. "શાંતિ" શબ્દ જ એવો રૂડો છે કે તેના ઉચ્ચાર માત્રથી અંદરમાં શાંતિ પથરાય છે અને વિઘ્નો તથા અંતરાયો નાશ થાય છે. અનુભવથી આ વાત પ્રમાણભૂત લાગશે. શાંતિ આત્માનો પરમોત્તમ ગુણ હોઈ વ્યવહાર જીવનમાં પ્રવૃત્ત રહેવા છતાં તેના નિરંતર સ્મરણના અભ્યાસથી આત્મા તે ગુણના ભાવને ગ્રહણ કરી શાંત

થતો જાય છે, શાંત થાય છે. દશ મિનિટના અભ્યાસ દરમિયાન જ્યારે જ્યારે વિકલ્પો ઊઠે કે આવવાના છે એવી આગળથી જાણ થાય ત્યારે ત્યારે "શાંતિ" શબ્દ અંદરમાં બોલી તેને હાંકી કાઢવાનું ચૂકવું નહીં.

આ આધ્યાત્મિક ને અત્યંત શ્રેયસાધક અભ્યાસની દશ મિનિટ પૂરી થયા બાદ તપાસો કે તેટલા સમય દરમિયાન અંદાજે કેટલી વાર "શાંતિ" શબ્દ ઉચ્ચારવાની ફરજ આવી પડી હતી. અભ્યાસ વેળાએ ઉચ્ચાર કર્યાની સંખ્યા ગણવા તરફ લેશ માત્ર ઉપયોગને જોડવો નહીં; તે સંખ્યાનો અંદાજ એની મેળે લક્ષમાં આવી જશે.

દશ મિનિટમાં ઉચ્ચાર કર્યાની સંખ્યા ૨૪ની હોય તો ત્રીજા વર્ગમાં, ૧૬ની હોય તો બીજા વર્ગમાં, ૮ની હોય તો પહેલા વર્ગમાં, ૮થી ઓછી હોય તો ઉત્તમ શ્રેણીમાં પાસ થયા તેમ સમજવું. અને ઉચ્ચાર ન કરવો પડ્યો હોય અને શાંત રહેવાનું બની શક્યું હોય તો ઉત્તમ સિદ્ધિ ગણવી.

સાધનાની શરૂઆતમાં વિકલ્પો ચારિત્રમોહના ઉદયથી બળપૂર્વક ઘૂસી આવે અથવા આવવાનો યત્ન કરે તો નિરાશ થવું નહીં; કેમ કે તેમ બનવું અત્યંત સહજ છે. હિંમત રાખવી અને સફળતા અવશ્ય મળશે એવી બળવતી આશાને અવગાહી પ્રયત્ન જારી રાખવો. પ્રથમ, દિવસના એક વાર એક જ સમય અને સ્થળે આઠ દિવસ સુધી અનુકૂળ શાંત વાતાવરણ હોય ત્યારે આ અભ્યાસ કરવો; ત્યાર પછી એક પખવાડિયા સુધી દિવસના બે વાર કરવો; ને ત્યાર પછી આઠ દિવસ સુધી દરરોજ ત્રણ વાર કરવો.

અભ્યાસના પરિણામે પ્રથમ વર્ગની ઉત્તમ શ્રેણીમાં

આવવાની સફળતા પ્રાપ્ત થાય તો મનનો સંયમ ઘણો વધ્યો છે તેમ જાણવું; અને હવે દશના બદલે પંદર મિનિટ સુધી મૌન રહેવાની સાધના કરવી અને તે પ્રમાણે ક્રમશઃ મિનિટો વધાર્યા જવી.

**સાધનાનું ફળ :**

આ અભ્યાસ એકાગ્ર થવાની શક્તિ વધારે છે અને તેથી મૌનની સપાટીથી વધુ ને વધુ ઊંડાણમાં જવાનું બળ સંપ્રાપ્ત થાય છે. આત્મવીર્યનો ઉઘાડ, વિકાસ, તીવ્રતા અને ગુણવિશુદ્ધિ કોઈ અગમ્યપણે વધતાં જાય છે. અંતરમાં શ્રદ્ધાનો વિસ્તરતો નિર્મળ પ્રકાશ આત્મદ્રવ્યને ઉજ્જવળ અને પવિત્ર બનાવતો જાય છે. તેના સુંદર પરિણામરૂપે મનની સ્થિરતા, ચિત્તની શાંતિ, ઇન્દ્રિયોના વિષયો પર ક્રમશઃ વિજય, અંતરંગ વૃત્તિઓનો સંયમ અને આત્માનો વિશુદ્ધિ પ્રત્યેનો અપૂર્વ વિકાસ અનુભવગમ્ય થાય છે. વિચિત્ર અને કસોટીવાળા સંજોગો અને પ્રસંગો વચ્ચે પણ સમતા, ઉદાસીનતા અને આંતરિક શાંતિ વેદાય છે. મૌન રહેવાના અભ્યાસમાં જેમ આગળ વધાય છે, તેમ તેમ બાહ્ય રૂચિ ઓસરી ઉત્કૃષ્ટ વૈરાગ્ય, પરમ ઉદાસીનતા દશ્યરૂપ થાય છે; મોહાસક્તિના કિલ્લામાં ઠેકઠેકાણે તડો પડે છે અને આગળ ઉપર રાગના કિલ્લાનાં કોઈ ભાગ કે ભાગો ભાંગી પડી જમીનદોસ્ત થાય છે; અને શ્રી ગુરુદેવની અસીમ કૃપાથી આખરે આત્મશાંતિ પૂર્ણપણે પ્રકાશિત થાય છે.

અહો, ભગવાનસ્વરૂપ શ્રી ગુરુદેવની કૃપા અનુપમ છે અને તેઓ જ અનુપમ સુખના દાતા છે એ કેમ ભૂલાય !

# સ્મરણ-મંત્રો

જ્ઞાની ભગવંતોએ શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં લીન થઈ, અમૃતસાગરનું અવલોકન કરી, અનુભવ કરીને આત્મજ્યોતિ સંબંધી જે ઉત્તમ, અનુપમ, પ્રેરણાત્મક, પરિણામ પમાડી શકે તેવા સામર્થ્યવાળાં વચનો જીવનાં કલ્યાણાર્થે પ્રકાશિત કર્યાં છે તે રૂડા પવિત્ર

**મહાત્માઓને વિનયભક્તિસહિત વારંવાર**
**નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું.**

આત્મસ્મૃતિજનક કોઈ પણ એક મંત્રનું
સર્વ અન્ય ચિંતાનો ત્યાગ કરી, હૃદયના ઉલ્લસિત સાચા ભાવથી નિરંતર સ્મરણ કરવામાં આવે તો ઉત્તમ સ્વરૂપલાભનો ધર્મલાભ મળે એ નિઃસંદેહ છે એમ જ્ઞાની પુરુષોએ કહ્યું છે, તે સત્ય છે.

## આત્મા

"દ્રવ્યથી — હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

ક્ષેત્રથી — અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહના પ્રમાણ છું.

કાળથી — અજન્મ-અજર-અમર શાશ્વત છું, સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું.

ભાવથી — શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દૃષ્ટા છું."

— શ્રીમદ્ રાજચંદ્ર



# સ્મરણ-મંત્રો

ભગવાનરૂપ સત્પુરુષોનાં આત્મગુણદર્શક તથા અન્ય ઉપકારી વચનો મંત્રસ્વરૂપ છે. તેમની વાણી તે તો અનુભવનો નિચોડ છે, અનુભવનું અમૃત છે. તે અપૂર્વ વાણીમાં અગાધ અને અમાપ શક્તિ રહેલી છે. ભવ્ય ભક્તજનના હૃદયમાં સોંસરી ઊતરી જઈ તેનામાં પરિણામ પામે એવી અદ્ભુતતા તે વચનયોગ ધરાવે છે.

અનુભવસિદ્ધિ થયા પછી નિશદિન આત્મોપયોગી, આત્મારામી અને આત્મનિષ્ઠ પુરુષની પરમ પવિત્ર ને નિર્મળ હૃદયસરિતામાંથી સહજતાએ પ્રવહતી વચનજળધારાનું સામર્થ્ય અલૌકિક કેમ ન હોય ? આત્મપ્રદેશોના બળવીર્યના સ્પર્શથી પૂરી રીતે રંગાયેલ વાણીમાં અચિંત્ય શક્તિનો સંચય કેમ ન સંભવે ?

એ મધુર અને મિષ્ટ, ઉપયોગી અને ઉપકારી વચનમંત્રનો સ્વાભાવિક પ્રભાવ જ એવો છે કે તેનું ઉત્સાહપૂર્ણ અને શ્રદ્ધાપૂર્ણ ભાવથી સ્મરણ કરનાર સાધક-

ભક્તની સ્થૂલ પ્રકૃતિનું આમૂલ પરિવર્તન થાય છે, તેની પાર્થિવ વૃત્તિ એકદમ પલટાય છે અને અનાદિકાળથી પ્રવાહરૂપે ચાલી આવતી મિથ્યાદૃષ્ટિ ટળી જઈ સમ્યક્દૃષ્ટિનો ઉદય થાય છે; અને તેના હિતકારી પરિણામે ભક્તનો આત્મ ઊર્ધ્વગતિ તરફ પ્રયાણ કરતો કરતો શુદ્ધતાને પામે છે.

અનાદિકાળથી જીવ પોતાના અનુપમ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અને તેની અચિંત્ય અનંત શક્તિને ભૂલી જઈ, "દેહ તે હું" એવી ભ્રાંતિમાં રહી આ અનિત્ય, અશરણરૂપ અને અસાર સંસારની ચારે ગતિમાં પરતંત્રતાએ મુસાફરી કર્યા કરે છે અને પ્રત્યેક વેળાએ પરમાં સુખબુદ્ધિ રાખી તેમાં જ રચ્યો પચ્યો રહી સંસારની સફર વધાર્યા કરે છે. તે ભ્રાંતિરૂપ અજ્ઞાનની નિવૃત્તિ માટે તથા વાસ્તવિક નિજ નિરૂપમ સ્વરૂપની પ્રતીતિ થવા અર્થે જ્ઞાની પુરુષોનાં સ્વરૂપદર્શક મંત્ર સ્વરૂપ વચનો ભ્રાંતિછેદક હોઈ તેનું સ્મરણ, રટણ અને ચિંતન સતત, એકમના થઈને કરવા યોગ્ય છે. સ્વરૂપ પ્રતીતિરૂપ અનુભૂતિના અપૂર્વ લાભની પ્રાપ્તિ અર્થે શ્રી ગુરુદેવની આજ્ઞાપૂર્વક તે વચન મંત્રોનું આરાધન કરવું, તેમાં ચિત્તને ઉપયોગપૂર્વક જોડવું, તેમાં રહેલ ભાવ સાથે એકતાર થવું અને લય લગાડવી. ઉત્કૃષ્ટ ફળ તેથી શીઘ્રતાએ સંપ્રાપ્ત થાય છે.

આત્મવિશુદ્ધિનાં ઉચ્ચ ઉચ્ચ શિખરો ક્રમશઃ સર કરવા માટે વિકાસની ભિન્ન ભિન્ન ભૂમિકાએ ભિન્ન ભિન્ન

વચનમંત્રોનું આરાધન કરવાનું વધુ લાભદાયી અને અતીવ ઉપકારી થાય છે એ નિ:શંક છે. તે જ પ્રમાણે ઘાતી કર્મોના અધિક ક્ષયોપશમના લાભાર્થે પણ જુદા મંત્રવચનો છે. તેનું એકચિત્તે સ્મરણ કરવાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રનું બળ વધે છે.

પ્રત્યેક આસ્તિક ધર્મમાં - જૈન, વેદાંત, બૌદ્ધ કે ઈસ્લામ-મંત્રની ઉપાસનાનું પ્રભાવશાળી માહાત્મ્ય ગાયું છે અને તે તે ધર્મમાં પોતપોતાના બીજાક્ષરો સહિતના મંત્રો છે. અહીં બીજાક્ષરોવાળા મંત્રો સહેતુ આપવામાં આવ્યા નથી. વાસ્તવમાં જોઈએ તો સર્વ ભાષા અને સર્વ મંત્રો એક ૐ શબ્દમાં સમાય છે, એટલે ૐ એ છેલ્લામાં છેલ્લો અત્યંત પ્રભાવશાળી અને અદ્‌ભુત પરમ શાંતિને આપનાર પ્રણવ મંત્ર છે. પવિત્ર જૈન દર્શનના પવિત્ર પંચપરમેષ્ઠી નમસ્કાર મંત્રના પહેલા પહેલા અક્ષરોનો સમાસ કરતાં ૐ શબ્દ બને છે અને તે જ તેનું પ્રાભાવિક માહાત્મ્ય સૂચવે છે. વળી શ્રી તીર્થંકર પ્રભુની વાણી ૐ ધ્વનિથી સતત છૂટતી હોય છે, જે ૐ નો મહિમા સિદ્ધ કરે છે. ૐ એટલે પરમ પ્રેમ, ૐ એટલે પરમ કરુણા, ૐ એટલે પરમ સમતા, ૐ એટલે પરમ ઉદાસીનતા, ૐ એટલે પરમ શાંતિ, ટૂંકામાં ૐ એટલે સર્વ ભાષા, સર્વ ભાષાના સર્વોત્તમ ગુણો અને ભાવોનો સમાસ અને આ રીતે જોતાં ૐ મંત્રનો મહિમા અપરંપાર છે.

## સ્મરણ-મંત્રો :

### મિથ્યાદર્શનના ઉપશમ-ક્ષયોપશમ થવા માટે :–

- "હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી; શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું." **શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૬૯૨)
- "સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ.... અચિંત્ય સુખસ્વરૂપ....હું છું."
- "હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય છું." **શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૮૩૩)
- "દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો" હું આત્મા છું. **શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૮૩૨)
- સહજાત્મસ્વરૂપ હું ચૈતન્યાત્મા છું.
- કેવળ હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું.
- હું પરમાનંદસ્વરૂપ છું.
- હું એક છું, શુદ્ધ છું, બુદ્ધ છું.
- હું માત્ર અસંગ, જ્ઞાતાદૃષ્ટા છું.
- હું શુદ્ધ ચિદ્રુપ છું.
- હું સિદ્ધસદશ શુદ્ધ આત્મા છું.
- હું સચ્ચિદાનંદ સ્વરૂપ ચેતન છું.

**મિથ્યાદર્શનના અભાવ માટે :–**

- હું અજર, અમર, શાશ્વત આત્મા છું.
- હું "શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન,
  સ્વયં જ્યોતિ, સુખધામ" છું.
- હું પરમ પરમ શાંત ચૈતન્યઘન છું.

**જ્ઞાનાવરણના વિશેષ ક્ષયોપશમ માટે :–**

- હું જ્ઞાનરૂપ પ્રકાશ છું, પ્રકાશથી મારું જ્ઞાનાવરણ ક્ષય થાઓ.
- હું જ્ઞાન જ્યોતિ સ્વરૂપ છું, જ્યોતિથી મારું જ્ઞાનાવરણ ક્ષય થાઓ.

**દર્શનાવરણના વિશેષ ક્ષયોપશમ માટે :–**

- દિવ્ય દૃષ્ટિના તેજથી મારું દર્શનાવરણ નાશ પામો.
- હું દિવ્ય દૃષ્ટા છું, દિવ્ય દૃષ્ટિથી મારું દર્શનાવરણ નાશ પામો.

**અંતરાય કર્મના વધુ ક્ષયોપશમ માટે :–**

- મારામાં અનંત વીર્યશક્તિ છે, તે શક્તિથી મારા અંતરાયો દૂર થાઓ, દૂર થાઓ.
- શ્રી ગુરુદેવની શુદ્ધ ભક્તિથી મારાં અંતરાયકર્મો ભસ્મીભૂત થાઓ.

- ઉપયોગની જાગૃતિથી મારા અંતરાયકર્મો શિથિલ થઈ ક્ષય થાઓ.
- હે ભગવાનસ્વરૂપ ગુરુદેવ,
  મારે છે એક શરણ તમારું
  કરજો રક્ષણ હંમેશ દયાળુ.

**આત્મસ્થિરતાના લાભ માટે :–**

- હું સ્થિર થઉં છું, હું શાંત થઉં છું.
- "હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું, તન્મય થઉં છું."

**શ્રીમદ રાજચંદ્ર** (પત્રાંક ૮૩૩)

**આત્મશાંતિના લાભ માટે :–**

- હું શાંતસ્વરૂપ આત્મા છું, હું શાંત થાઉં છું.
- ૐ શાંતિઃ
- ૐ

**પરમાર્થચિંતનના અકળાવનાર પ્રસંગે :–**

- "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે."

**શ્રીમદ રાજચંદ્ર** (પત્રાંક ૮૧૯)

માટે હું રૂડા મહંત પુરુષોનાં વાક્યોનું અવલંબન લઈ મારા આત્મામાં શૌર્ય ઉપજાવી ખેદ-ચિંતાને હઠાવું છું.

## કષાય ભાવનું પ્રબળપણું તોડવા માટે :–

- "જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે."

  શ્રીમદ રાજચંદ્ર (પત્રાંક ૩૭)

  એ કલ્યાણકારી વચનોનું પરિણમન થવા અર્થે હું તેનું સ્મરણ કરી રાગ-દ્વેષની બેડીને તોડતો જઉં છું.

- **હે આત્મન્,**

  તું મોહ ન કર, રાગ ન કર, દ્વેષ ન કર.

  તું મોહ ન કર, રાગ ન કર, દ્વેષ ન કર.

## શારીરિક વેદનાના ઉદયકાળે :–

- "શારીરિક વેદનાનો દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્ પ્રકારે અહિયાસવા યોગ્ય છે, ....અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઈ કર્મનું કારણ થતી નથી."

  - શ્રીમદ રાજચંદ્ર (પત્રાંક ૪૬૦)

  એ જ્ઞાનીપુરુષનાં વચનોને ફરી ફરી અંતરમાં ઉતારું છું તેથી વેદનાનું બળ મંદ થતું અનુભવું છું.



ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ભવ્ય જીવો ભક્તિમાર્ગના યથાર્થ સ્વરૂપને સમજી, લક્ષમાં લઈ, આ અનાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ પામી શ્રીગુરુની કૃપાથી અનંત અવ્યાબાધ શાશ્વત સુખના ભોક્તા બનો એ જ શુભેચ્છાથી આ લઘુ ગ્રંથ પૂર્ણતા પામે છે.



# પરિશિષ્ટ

## શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત

### જિનેશ્વરની વાણી

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો ! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.

(શિક્ષાપાઠ ૧૦૭)

### મૂળ માર્ગ રહસ્ય

મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ૦
નો'ય પૂજાદિની જો કામના રે,
નો'ય વ્હાલું અંતર ભવદુઃખ. મૂળ૦ ૧

કરી જો જો વચનની તુલના રે,
જો જો શોધીને જિન સિદ્ધાંત, મૂળ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ, મૂળ૦
જિન મારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુધ. મૂળ૦ ૩

લિંગ અને ભેદો જે વ્રતના રે,
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ, મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તે તો ત્રણે કાળે અભેદ. મૂળ૦૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે,
સંક્ષેપે સુણો પરમાર્થ, મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે,
સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦ ૫

છે દેહાદિથી ભિન્ન આત્મા રે,
ઉપયોગી સદા અવિનાશ, મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ ૬

જે જ્ઞાને કરીને જાણિયું રે,
તેની વર્તે છે શુદ્ધ પ્રતીત, મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકીત. મૂળ૦ ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ, મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે,
નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ૦ ૮

તે ત્રણે અભેદ પરિણામથી રે,
જ્યારે વર્તે તે આત્મારૂપ, મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ. મૂળ૦ ૯

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે,
અને જવા અનાદિ બંધ, મૂળ૦
ઉપદેશ સદ્ગુરૂનો પામવો રે,
ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂળ૦ ૧૦

એમ દેવ જિનંદે ભાખિયું રે,
મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ, મૂળ૦
ભવ્ય જનોના હિતને કારણે રે,
સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦ ૧૧

(પત્રાંક ૭૧૫)

# અમૂલ્ય તત્ત્વ વિચાર

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવ ચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો ? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !! ૨

નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પર વસ્તુમાં નહીં મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્‌દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ૫

(શિક્ષાપાઠ ૬૭)

# ભાવનાઓ

## અનિત્ય ભાવના

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ!

★

## અશરણ ભાવના

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

★

## એકત્વભાવના

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વઆત્મ પોતે,
એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,
બૂઝ્યો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમિ ભૂપતિ,
સંવાદે પણ ઈંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું.

★

## અન્યત્વભાવના

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છાંડી રાજસમાજને ભરતજી, કૈવલ્ય જ્ઞાની થયા;
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા,
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્ય ભાવે યથા.

★

## અશુચિભાવના

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

★

# નિવૃત્તિ બોધ

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા !!
ઉઘાડ ન્યાય-નેત્રને નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

૧

જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવ પાર.

૨

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.

૩

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય;
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય.

૪

જન્મ, જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગ-દ્વેષ અણહેતુ.

૫

વચનામૃત વીતરાગનાં, પરમ શાંત રસ મૂળ;
ઔષધ જે ભવ રોગનાં, કાયરને પ્રતિકૂળ.

૬

નથી ધર્યો દેહ વિષય વધારવા,
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.

# સદ્‌ગુરુ ભક્તિ-રહસ્ય

## (વીશ દોહરા)

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્‌સંગનો, નથી સત્‌સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહીં, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહીં, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહીં શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કળિથી થયો, નહીં મર્યાદાધર્મ;
તોયે નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહીં ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧

અહંભાવથી રહિત નહીં, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શું ય ? ૧૩

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહીં ગુરુ સંતને, મૂક્યું નહીં અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ને અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭

પ્રભુ, પ્રભુ, લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહીં નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય ? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦

(પત્રાંક ૨૬૪)

## જીવનું કર્તવ્ય

યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મન પૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠ જોગ પ્રયોગ સુ તાર ભયો:
જપ ભેદ જપે તપ ત્યોંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહિ સબપેં. ૨

સબ શાસ્ત્રન કે નય ધારી હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યોં ન બિચારત હેં મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે? ૪

કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્ગુરુચર્ન સુપ્રેમ બસેં. ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરસાવહિંગે,
ચતુરાંગલ હે દૃગસે મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જીવહી. ૭

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમ ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઇ દિયે. ૮

(પત્રાંક ૨૬૫)

## શ્રી સદ્‌ગુરુકૃપા માહાત્મ્ય

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્. ૧

બુઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહીં ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨

એહી નહીં હે કલ્પના, એહી નહીં વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩

નહીં દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪

જપ તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહીં સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫

પાયાકી એ બાત હૈ, નિજ છંદન કો છોડ;
પિછે લાગ સત્પુરુષ કે, તો સબ બંધન તોડ. ૬

(પત્રાંક ૨૫૮)

## સદ્‌ગુરુ સ્તુતિ

બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ,
અથવા અસદ્‌ગુરુ થકી, ઉલટો વધ્યો ઉતાપ.

પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ યોગ,
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.

નિશ્ચય એથી આવીયો, ટળશે અહીં ઉતાપ,
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.
(પત્રાંક ૧૫૪)

## મારગ સાચા મિલ ગયા

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.

સમજ, પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ;
યે મુશકીલી ક્યા કહું ? ......................

ખોજ પિંડ બ્રહ્માંડ કા, પત્તા તો લગ જાય;
યેહિ બ્રહ્માંડિ વાસના, જબ જાવે તબ....

આપ આપકું ભૂલ ગયા, ઈનસેં ક્યા અંધેર?
સમર સમર અબ હસત હૈં, નહીં ભૂલેંગે ફેર.

જહાં કલપના-જલપના, તહાં માનું દુઃખ છાંઈ,
મિટે કલપના-જલપના, તબ વસ્તુ તિન પાઈ.

કયા ઈચ્છત? ખોવત સબે, હૈ ઈચ્છા દુઃખ મૂલ,
જબ ઈચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ,

ઐસિ કહાંસે મતિ ભઈ, આપ આપ હૈ નાહિ;
આપનકું જબ ભૂલ ગયે, અવર કહાંસે લાઈ.

આપ આપ એ શોધસેં, આપ આપ મિલ જાય,
આપ મિલન નય બાપકો ..................

(હાથનોંધ ૧-૧૨)

# અપૂર્વ અવસર

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તિક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો. અપૂર્વ૦ ૧

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦ ૨

દર્શન મોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્ર મોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦ ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦ ૪

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦ ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ;
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦ ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦ ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦ ૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦ ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦ ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦ ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્ગળ એક સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦ ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦ ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ૦ ૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગળ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦ ૧૭

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦ ૧૮

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦ ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦ ૨૦

એહ પરમ પદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦ ૨૧

(પત્રાંક ૭૩૮)

# ભેદજ્ઞાનનો મહિમા

જગત વિષયના વિક્ષેપમાં સ્વરૂપવિભ્રાંતિવડે વિશ્રાંતિ પામતું નથી.

અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવું તે જ છે. એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે.

ભગવાન જિને દ્વાદશાંગી એ જ અર્થે નિરૂપણ કરી છે, અને એ જ ઉત્કૃષ્ટતાથી તે શોભે છે, જયવંત છે.

જ્ઞાનીના વાક્યના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ, ચેતન, જડને ભિન્નસ્વરૂપ યથાર્થપણે પ્રતીત કરે છે, અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે.

દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે. તત્ત્વપ્રતીતિ સમ્યક્‌પણે ઉત્પન્ન થાય છે.

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૯૦૧)

## શ્રેયસ પ્રચારક સભાનાં આધ્યાત્મિક પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧ | આત્મસિદ્ધિશાસ્ત્ર - વિવેચન | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨ | નિર્વાણમાર્ગનું રહસ્ય | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૩ | શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૪ | સમાધિમરણ | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૫ | શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જીવનગાથા | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૬ | આધ્યાત્મિક નિબંધો | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૭ | ઋણાનુબંધ | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૮ | છેલ્લી ઘડીના અવસરે | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૯ | ભક્તિમાર્ગનું રહસ્ય | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૦ | રૂડા મનુષ્યોના અંતિમ ઉદ્ગારો | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૧ | જાતિ સ્મૃતિજ્ઞાન | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૨ | પ્રેમ અને પૂર્ણતા | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૩ | શ્રીમદ્દની જીવનસિદ્ધિ | લે. સરયુ ર. મહેતા |
| ૧૪ | ભક્તામર સ્તોત્ર - વિવેચન | લે. સરયુ ર. મહેતા |
| ૧૫ | કલ્યાણમંદિર સ્તોત્ર - વિવેચન | લે. સરયુ ર. મહેતા |
| ૧૬ | શ્રીમદ્દની સિદ્ધપદભાવના | લે. સરયુ ર. મહેતા |
| ૧૭ | અપૂર્વ આરાધન | લે. સરયુ ર. મહેતા |
| ૧૮ | A Great Seer | લે. સરયુ ર. મહેતા |
| ૧૯. | કેવળી પ્રભુનો સાથ ભાગ (૧થી ૪) | લે. સરયુ ર. મહેતા |

## અન્ય પ્રકાશનો

આલોચનાદિ પદ

જ્ઞાનાંજન ભાગ-૧

જ્ઞાનાંજન ભાગ-૨